# મહાસતી ઋષિદત્તા



શ્રી બીપીનભાઈ મયાભાઇ લક્ષ્મીચંદના
સૌજન્યથી પ્રકાશિત

# મહાસતી ઋષિદત્તા

## ભાગ—૨

—: પ્રવચનકાર :—

વર્ધમાનતપોનિધિ પ. પૂ. આચાર્યદેવશ્રી
**વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

—: પ્રકાશક :—

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલવાડી,
મુંબઈ—૪૦૦૦૦૪

સંપાદક

પ.પૂ. મુનિરાજશ્રી પદ્મસેનવિજયજી મહારાજ


પ્રથમ આવૃત્તિ — મૂલ્ય

વિ. સં. ૨૦૩૯ — રૂ. ૯-૦૦


પ્રાપ્તિસ્થાન

**૧ દિવ્યદર્શન ટ્રસ્ટ**
કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલવાડી,
મુંબઈ-૪૦૦૦૦૪

**૨ ભરતકુમાર ચતુરભાઈ**
૮૬૮, કાળુશીની પોળ,
કાળુપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧.

**૩ જયેશકુમાર ચંપકલાલ ભણસાલી**
૧૧૯૪, લક્ષ્મીનારાયણ પોળ,
રાજામહેતાની પોળ, કાળુપુર,
અમદાવાદ

**૪ મયાભાઈ લક્ષ્મીચંદ**
૬૮, વસંતકુંજ,
શારદામંદીર રોડ, પાલડી,
અમદાવાદ-૭


મુદ્રક

**જગદીશચંદ્ર સી. શાહ**

પલક ટાઈપ સેંટર
નગરશેઠનો વંડો,
ઘીકાંટા રોડ,
અમદાવાદ-૧.

## કિંચિત પ્રકાશકીય

મહાસતી ઋષિદત્તા બીજા ભાગનું ટૂંકા ગાળામાં પ્રકાશન કરતાં અંતરમાં આનંદની ઊર્મિઓ ઉભરાય છે. મહાસતી ઋષિદત્તાના રોચક અને પ્રેરક જીવન પ્રસંગો ઉપર અપાયેલ તાત્વિક બોધપૂર્ણ પ્રવચનોના પ્રથમ ભાગના વાંચન પછી અધૂરો રહેલો રસાસ્વાદ આ બીજા ભાગના વાંચનથી પૂર્ણ થાય એવી અમે મંગલ કામના વ્યક્ત કરીએ છીએ. શ્રી બીપીનભાઈ મયાભાઈ લક્ષ્મીચંદ તરફથી પ્રાપ્ત થયેલ પ્રારંભિક સહાયથી પ્રકાશિત થયેલ પ્રથમ ભાગ બાદ આ બીજા ભાગમાં પણ પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર સૌના પ્રતિ અમે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. આ બીજા ભાગના વાંચન-મનનથી વાચક વર્ગ ખૂબ ખૂબ આધ્યાત્મિક શાંતિ અનુભવે અને જીવનના ઉચ્ચ મૂલ્યોને આત્મસાત્ કરે એજ શુભેચ્છા.

લિ.

**કુમારપાળ વિ. શાહ**

## વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | ઋષિદત્તા યોગિપુરુષ વેશે | ૨ |
| ૨ | રુકિમણી-લગ્નાર્થે પુનર્ગમન | ૮ |
| ૩ | ધર્મનો અચિંત્ય પ્રભાવ | ૧૩ |
| ૪ | મન પર મહાપુરુષોનાં અંજામણ | ૧૯ |
| ૫ | કુમારને એ યોગીનો ભેટો | ૨૬ |
| ૬ | હૈયે જિનશાસન ફરસ્યાનો માપદંડ | ૩૧ |
| ૭ | વેશ મુજબ વર્તાવ પર પંડિતનું દૃષ્ટાન્ત | ૪૧ |
| ૮ | દિલની હિસાબી ધાર્મિકતા | ૫૬ |
| ૯ | રાજા યોગીના દર્શને | ૬૦ |
| | રુકિમણી સાથે લગ્ન, રુકિમણી પ્રપંચ ખોલે છે | ૮૯ |

| | | |
|---|---|---|
| ૧૦ | બાહ્ય સંગ્રામ નહિ | ૧૧૮ |
| ૧૧ | કનકરથ આપઘાત-અર્થી | ૧૨૮ |
| ૧૨ | અશરણ ભાવના | ૧૩૪ |
| ૧૩ | મહાન અને ઉમદા દિલ | ૧૪૬ |
| ૧૪ | યોગિરાજ કનકરથને સમજાવે છે. | ૧૫૫ |
| ૧૫ | પંડિત યોગીનો ખુલાસો | ૧૬૧ |
| ૧૬ | સમ્યક્ત્વની નિશાની : તત્ત્વજ્ઞાનની તિજોરી | ૧૬૪ |
| ૧૭ | યોગિરાજનો ધડાકો | ૧૭૨ |
| ૧૮ | ઋષિદત્તા પ્રગટ થાય છે | ૧૭૭ |
| ૧૯ | સ્નેહીના સ્નેહ અંગે વિચારણા | ૧૮૧ |
| ૨૦ | ત્યાગમાં સુખ : મનની શાતા શ્રેષ્ઠ | ૧૯૫ |
| ૨૧ | જોગણ-રુક્મિણીની દુર્દશા | ૨૦૧ |
| ૨૨ | ઉન્નતિની ચાવી : ઉપાદેયનું જ લક્ષ | ૨૦૭ |
| ૨૩ | ઋષિદત્તાનું જીવન ગણિત અને ઉદારતા | ૨૧૧ |
| ૨૪ | જૈન જીવન જડના લાભ માટે નહિ | ૨૨૦ |
| ૨૫ | ઋષિદત્તાની અમૃતવાણી | ૨૨૬ |
| ૨૬ | કનકરથ પોતાના નગરમાં | ૨૩૧ |
| ૨૭ | સંસારવનમાં કષાયોની આગ | ૨૩૬ |
| ૨૮ | લોભની આગ | ૨૪૪ |
| ૨૯ | કનકરથ રાજા બને છે | ૨૪૯ |
| ૩૦ | કનકરથ વૈરાગ્ય | ૨૫૭ |
| ૩૧ | ઋષિદત્તાનો પૂર્વભવ | ૨૬૮ |
| ૩૨ | ગંગસેના ભૂલી : ધર્મ સૂઝ-ધર્મ જાગૃતિ | ૨૯૫ |
| ૩૩ | નિઃસંગતા | ૩૦૬ |
| ૩૪ | ઋષિદત્તાને જાતિસ્મરણ અને વૈરાગ્ય | ૩૨૫ |

# મહાસતી ઋષિદત્તા
## (ભાગ-૨)

[ગત કથા સાર :– કથકનરથ રાજકુમાર પિતાના આગ્રહથી રુક્મિણી રાજકન્યાને પરણવા નીકળ્યો. માર્ગમાં વનમાં જિન-મંદિર આવ્યું ત્યાં હરિષેણ નૃપ તાપસ મળ્યો. એણે પોતાની હકીકત કહી એમાં હરિષેણ પોતે રાજા એક વાર તપોવનમાં શાંતિ દેખી એક માસ રહ્યો ને આ જિનમંદિર બનાવરાવ્યું. કુલપતિએ વિદાય વખતે આગ્રહ પૂર્વક સર્પ વિષ નાશક મંત્ર આપ્યો. રાજધાનીમાં આવ્યા પછી સમાચાર મળતાં એક સર્પદંશથી મરવા પડેલી અન્ય રાજાની કન્યા પ્રીતિમતિને એણે ત્યાં જઈ મંત્રથી સજીવન કરી. બાપે આગ્રહથી એની સાથે જ એને પરણાવી. અવસરે હરિષેણ રાજા વિરક્ત થઈ તાપસ બને છે. આ ગર્ભિણી રાણી પણ સાથે જ ગઈ. પુત્રીનો જન્મ થયો, નામ ઋષિદત્તા. પ્રસૂતિની વેદનામાં રાણી મૃત્યુ પામી. કન્યાને પિતા તાપસ ઊછેરે છે. એમાં કનકરથ ત્યાં આવવાથી આગ્રહથી એને ઋષિદત્તા પરણાવી. પોતે વ્યાધિ-વેદનાથી ત્રાસેલો અગ્નિસ્નાન કરે છે. ઋષિદત્તા ને લઇ કનકરથ સીધો રાજ્યમાં પાછો આવ્યો. રુકિમણીને આ ખબર પડતાં એણે ઋષિદત્તાનું કાટલું કઢાવવા એક જોગણ સાધી. એ ગુપ્ત રીતે અહીં આવી અદૃશ્ય વિદ્યાથી રોજ એક પુરુષની હત્યા કરી એના માંસના ટૂકડા ઋષિદત્તાના ઓશિકા આસપાસ નાખતી અને મોં લોહીએ ખરડતી. રાજાને તપાસ કરાવતાં ૪–૫ દિવસ પત્તો ન લાગ્યો ત્યારે જોગણ રાજા

પાસે જઈ કહે છે, યોગ વિદ્યાથી મને ખબર પડી છે કે ઋષિદત્તા મૂળ જંગલની રહેનારી માંસ લુબ્ધ હોઈ રોજ નરહત્યા કરે છે. પૂરાવામાં એના ઓશિકા આગળ માંસના ટૂકડા હશે ને મોં લોહી ખરડયું હશે.' રાજાએ તપાસ કરાવતાં એમજ નીકળ્યું તેથી પુત્રની ઇચ્છા વિરુદ્ધ ઋષિદત્તાને મારી નખાવવા મારાઓને સોંપી. જંગલમાં એને લઈ જઈ જેવા છરા ઉગામ્યા કે એ દેખી ઋષિદત્તા મૂર્છિત થઈ નીચે પડી ! પેલા સમજ્યા કે આ મરી ગઈ છે તેથી એમજ જંગલમાં મૂકી જતા રહ્યા. બાદ ઠંડા પવનથી સજાગ થતાં ઋષિદત્તા વનમાં પોતાના મૂળ સ્થાને જઈ રહે છે. બીજું બધું દુઃખ કર્મ-સર્જિત સમજી ભૂલી જાય છે, પણ પોતાના શીલની રક્ષાની એને ભારે ચિંતા છે. એનો માર્ગ એ કેવો કાઢે છે, તે હવે જોઈએ.]

## ૧. ઋષિદત્તા યોગિપુરુષ વેશે

એના પર ઉપાય વિચારે છે. એમાં વિચાર કરતાં પિતાનું અદૃશ્ય થવાનું અંજન યાદ આવ્યું. જ્યાં કોઈ પુરુષ દેખાય કે તરત એથી અદૃશ્ય થવામાં જોખમ ન રહે એમ લાગ્યું; પરંતુ એ અંજન આજે ક્યાં છે ? પોતાને એ બનાવતાં આવડતું નથી, ને પિતા તો પરલોક સિધાવી ગયા છે, તો હવે શું કરવું.

વિચાર કરતાં કરતાં એને યાદ આવ્યું કે, 'હા, પિતાજીએ વિદ્યાથી મંત્રિત કરાયેલી એક વનસ્પતિ એવી દેખાડી છે કે જેનો ઉપયોગ કરવાથી એના પ્રતાપે સ્ત્રી પુરુષ જેવી દેખાય. બસ, એનો ઉપયોગ કરી હું પુરુષરૂપે રહું તો શીલ પર આપત્તિ ન આવે. એમાં વળી એક જોગી તરીકેનો વેશ રહે

એટલે વિશેષ બચાવ મળે. જોગીના વેશે રહેલા પુરુષ પર કોણુ પુરુષ મોહ પામવાનું હતું ? '

**ઋષિદત્તા પુરુષ વેશે :**

આ યાદ આવતાં એને ભારે આનંદ થયો; કેમકે શીલની અણમોલ સંપત્તિનું રક્ષણ થશે, એમ એને લાગ્યું. બસ, એટલી જ વાર, જંગલમાં ફરીને એ વનસ્પતિ મેળવી લઈને એનો ઉપયોગ કરી એ પુરુષની આકૃતિમાં ફેરવાઈ ગઈ. ઉપર જોગીનો વેશ કરી લીધો, અને હવે નિશ્ચિન્તતાથી આપત્તિકાળ પસાર કરે છે. ભગવાન ઋષભદેવનું પિતાએ બંધાવેલ મંદિર મળ્યું છે, એટલે પ્રભુની ભક્તિમાં જ ઘણો સમય વીતાવે છે. સમજે છે કે ' આપત્તિ તો મહાન આવી, પરંતુ એમાં આવો નિશ્ચિન્તતાથી પ્રભુભક્તિમાં ઘણો સમય વિતાવવાનો અવસર આ ખરેખરો મળ્યો ! ઘેર બેઠી આવો ભક્તિયોગ કયાં સધાતો હતો ? ચાલો આપત્તિનો ઉપકાર માનો કે એણે આ દેખાડયું !' પ્રભુ-ભક્તિમાં એવી ઝીલે છે કે એને તો જાણે દુઃખના દહાડા સુખમાં ફેરવાઈ ગયા !

**જીવનમાં દુઃખ આવે છે ને ? એને સુખમાં ફેરવવું છે ? તો આ કરો,–પ્રભુ-ભક્તિમાં વિશેષ લાગી જાઓ.**

**દુઃખની બળતરામાં ભક્તિ શી રીતે થાય ? :-**

પ્ર૦–દુઃખની બળતરા હોય ત્યાં મન પ્રભુભક્તિમાં શી રીતે લાગે ?

ઉ૦– મન જરૂર લાગી શકે; કેમકે મનની સ્થિતિ એવી છે કે એ નવરું પડયું ખોટા વિકલ્પો બહુ કરે. એને જો કામે લગાડી દો, તો પેલું એટલો ટાઈમ ભૂલાઈ જવાથી એના

વિકલ્પોથી બચે. બળતરા વિકલ્પોના ઘરની છે, વિચારોના ઘરની છે. દુઃખના ને એના વિષયના વિચારો બહુ કર કર કરો એટલે બળતરા બહુ થાય. પણ જો બીજા વિચારમાં ચડી ગયા તો એટલો ટાઇમ બળતરા ભૂલાશે. દા. ત. જુઓ છો ને કે છોકરો મરી ગયો છે, એનું દુઃખ બહુ છે, બળતરા ભારે છે. પરંતુ બહારનો કોઈ આવીને બીજી વાતે જો લગાડી દે છે, તો એટલો સમય પેલું દુઃખ ભૂલી જવાય છે. એના વિચાર અટકી પડે છે, બળતરા ભૂલાય છે. ધ્યાનમાં રહે,–

**બળતરા દુઃખની નથી, દુઃખના વિચારોના ઘરની છે. માટે જ એ વિચાર બંધ, કે બળતરા બંધ.**

આ અનુભવ છે ને? પુત્ર વિયોગનું દુઃખ તો ઊભું જ છે, પણ મન બીજે રોકાયું બળતરા નથી અનુભવતું. તેથી આ બળતરા–સંતાપ–ખેદ ટાળવાનો અદ્ભુત ઉપાય થયો કે મનને બીજે રોકી લેવું. પરંતુ એને એવામાં ન રોકવું કે જ્યાં પાછું ઓલામાંથી ચૂલામાં પડવાનું થાય. એટલા માટે બળતરાથી બચવા વીતરાગ અરિહંત દેવની ભક્તિ એ શ્રેષ્ઠ ઉપાય છે. એમાં મન લગાડયું તો ત્યાં નવી બળતરા ઊભી કરે એવું તત્ત્વ નથી. બલ્કે,

**મનને ઠંડક આપે, તાજગી આપે, એવાં ભારોભાર તત્ત્વો વીતરાગ પ્રભુની ભક્તિમાં ભરેલાં છે.**

વીતરાગ ભગવાનનાં દર્શને જાઓ ત્યાં દેખાય કે, 'આ મારા ભગવાન જો છતા મહા અનુકૂળ અને પ્રેમાળ સ્નેહી–સંબંધીને પડતા મૂકી નિવૃત્તિનું મસ્ત જીવન જીવ્યા, તો હું એકાદ સ્નેહી ચાલી જાય એમાં શો વિહ્વળ થાઉં છું?' આમ,

સ્નેહીના વિયોગની બળતરા મિટાવી ઠંડક કરી આપે. પ્રભુની ભક્તિ કરતી વખતે મનને એમ થાય કે; 'હું આ ભક્તિ શા માટે કરું છું? એટલા જ માટે કે આ મારા પ્રભુ કેવી સર્વોચ્ચ કોટિની ક્ષમા–નમ્રતા, નિર્વિકારતા–નિર્લોભતા, અનુપમ સમતા–સમાધિ, અનુપમ ત્યાગ, નિર્મળતા વગેરે ગુણોના ભંડાર છે! એની સક્રિય અનુમોદનાનો લાભ મળે,' 'આમ જ્યારે એ ગુણગણુનિધિ પર મારે અત્યંત અનુમોદના અર્થાત્ એની પાછળ પ્રમોદ–હરખ–આનંદ માણવાનો છે, તો પછી ખેદ–શોક–રાગ–દીનતા વગેરેને કેમ નભાવાય?' આ વિચારથી એ દોષોનું જોર ઓછું થયે ઠંડકનો અનુભવ થાય.

પ્ર૦–પણ દુન્યવી બાબતો હરખ–ખેદ કરાવી દે છે તેનું કેમ?

ઉ૦–એનું કારણ પ્રભુની ભક્તિ અને પ્રભુનાં સ્મરણ વારે વારે નથી કરતા એ છે. ઉપાય આ અદ્ભુત, કે પ્રભુભક્તિમાં પરોવાયા રહેતાં પ્રભુનાં જીવનના, પ્રભુના ગુણોના, ને પ્રભુના આત્મિક ઉપકારોના વિચારો જો ચાલ્યા કરે, તો તેથી દુન્યવી બાબતો તુચ્છ લાગી એના સંતાપ ભૂલાય. ચિત્તની બળતરા મીટે. ઋષિદત્તા હવે જંગલમાં રહી મંદિરમાં પ્રભુભક્તિમાં ઘણો સમય વ્યતીત કરે છે, તેથી પોતાની ઉપર વરસેલી મહાઆપત્તિના સંતાપ એને ઓછા પીડે છે.

આ બાજુ એનો પતિ કનકરથ એને ચંડાળોથી મરાઈ જાણી એના વિરહના દુઃખથી શોકાઈ રહ્યો રોયા કરે છે, ઉદાસ રહે છે, શરીરે દુબળો પડે છે તમે પૂછશો,

પ્ર૦– એ તો મહા ગુણિયલ અને તત્ત્વવેત્તા પુરુષ છે; તો એને વળી આવો શોક શો?

ઉ૦–પરંતુ પરિસ્થિતિનો વિચાર કરો. પત્ની સહેજ રીતે આયુષ્ય પૂર્ણ થઈ મરી હોત તો એનું એવું દુઃખ ન થાત; પરંતુ ખોટું કલંક ચડીને ચંડાળોના હાથે મારી નખાવાની એ સજા પામીને ગયાનું એને દુઃખ છે. એ સંસારસુખ નષ્ટ થયાને રુએ એવો નથી, પરંતુ ઋષિદત્તાની લાયકી વગેરે સદ્ગુણો પર આકર્ષાયેલા એને એવી પણ એની થયેલી દુર્દશાનું દુઃખ છે.

**ખેદ–ખેદમાં ફરક :-**

સારા ગુણિયલ સ્નેહીના વિયોગનું તમને ય દુઃખ હશે પણ તપાસજો કે એ દુઃખ એનો સ્વાર્થ ભંગાયાનું છે? કે તમારો સ્વાર્થ ભંગાયાનું છે?

શું મનને એ વિચાર આવીને મન દુઃખિત થાય છે કે, એ બિચારા જીવને સુંદર માનવભવ હાથથી ગયે પાપનાશ અને સુકૃત-સંચય કરવાની અણમોલ તક ગઈ! એને કર્મની કેવી કઠણાઈ?' આવા એના સ્વાર્થ-ભંગના વિચારથી તમે દુઃખી થાઓ છો?

કે તમારા સ્વાર્થ ભંગના વિચારથી દુઃખી? કે 'હાય! મારે સારો પ્રેમી ગયો! પાલક આધાર ગયો! ઓથ ગઈ! સુખ આપનાર ગયો!'

દિલના દુઃખ દુઃખમાં ફેર. કોઇના મર્યા પર દુઃખ લાગે, પણ જો એ પોતાનો સ્વાર્થ ભંગાયો માટે લાગતું હોય તો એ હલકો અધમ ખેદ છે. ત્યારે જો સ્વાર્થ સામાનો ભંગાયો એનું દુઃખ લાગે છે, એમાં ય પોતે એને મોહમાં રમાડી તારક ધર્મની તક વિસરાવ્યાનું અને એને પાપકર્મોનાં પોટલાં બંધાવ્યાનું દુઃખ થાય છે, તો એ ઉત્તમ ખેદ છે.

શીખો, શીખો,–ખેદ થાય તો ય તે શાનો થાય? કેવો થાય? **કેવા ખેદથી મન નિર્મળ?**

**પોતાના દુન્યવી સ્વાર્થભંગનો ખેદ કરવામાં મન મલિન બને છે; ત્યારે**

**બીજાનાં આત્મહિત ભંગાયાનો ખેદ કરવામાં મન નિર્મળ બને છે.**

આ ખેદ જો ખરેખરો દિલથી ઊઠે, તો (૧) પોતાનાં આત્મહિત હવે સાધી લેવાની પ્રેરણા મળે, ચાનક લાગે; તેમજ (૨) સામાના ગુણો–સુકૃતો–લાયકાતની અનુમોદના થાય. આ વસ્તુ મનને નિર્મળ કરનારી છે. પરસુકૃતની અનુમોદના અને સ્વહિતની પ્રેરણા એ નિર્મળતા છે. કનકરથ તત્ત્વવેત્તા છે, છતાં ખિન્ન? હા, સામાન્ય રીતે ખરેખરું તત્ત્વસંવેદન હોય ત્યાં ખેદ ન હોય; પરંતુ વિશેષ પ્રસંગમાં અહીં પત્નીની ગુણ-સંપન્નતા છતાં એ દુર્દશા પામી એનો ખેદ હોઈ શકે છે.

આ બાજુ એક ગુણિયલ આત્માની થયેલી દુર્દશા પર કુમારની ખેદમય સ્થિતિ છે; ત્યારે બીજી બાજુ પેલી રુકિમણી રાજકન્યા વળી જોગણીના મુખેથી ઋષિદત્તાનું કાસળ નીકળી ગયાનું સાંભળી પારાવાર હર્ષ અનુભવે છે! સંસારની વિચિત્રતા!

**માણસ બંને; પણ વિચારસરણીના ભેદે દિલ જુદા; તેથી એક ઉત્તમ કોટિમાં અને બીજો અધમ કોટિમાં મૂકાય છે.**

**ઉત્તમતા વેશ–પૈસા–વિદ્વત્તાદિ પર નથી, પરંતુ ઉત્તમ દિલ પર છે.**

## ૨. રુકિમણી-લગ્નાર્થ પુનર્ગમન

રુકિમણીનું દિલ અધમ છે, તેથી સારા વૈભવ-વેશ-હોંશિયારી હોવા છતાં એ અધમકક્ષાએ ઊભી છે. હવે એણે જોગણી પાસેથી હકીકત જાણી લાગ જોયો; તેથી એ પોતાના પિતાને સખી દ્વારા કહેવરાવે છે કે 'કનકરથ રાજપુત્ર સાથે મારાં લગ્ન કરાવી દો.'

પિતા રાજા સુંદરપાણિને કન્યા દેવી તો છે જ; તેમજ એને જોગણીના આ પ્રપંચની કશી ખબર નથી; વળી એણે પહેલાં કહેવરાવ્યું હતું, છતાં રાજકુમાર કનકરથ પરણવા અહીં આવ્યો નથી; તેથી ફરીવાર કહેવરાવવા હિસાબે કનકરથના પિતા રાજા અરિમર્દન ઉપર દૂત મોકલે છે.

**રુકિમણી માટે ફરીથી દૂત :-**

દૂત આવીને અરિમર્દનને નમીને કહે છે, 'અમારા મહારાજા સુંદરપાણિ આપને વિજ્ઞપ્તિ કરે છે કે મારી પુત્રી રુકિમણી આપના સુપુત્ર કનકરથ ઉપર અનુરાગવાળી બનેલી છે. પૂર્વે પણ આપને વિનંતિ કરેલી, પરંતુ કુમાર કાંઈ પરણવા આવ્યા નહિ, તો હવે એમને રુકિમણીને પરણવા માટે ખાસ મોકલો, તેથી આપના સુપુત્રને યોગ્ય પત્ની મળશે, અને આપણો સ્નેહ-સંબંધ દૃઢ થશે.'

રાજા અરિમર્દન આ સાંભળી લઈ દૂતને ઠહરી જવા કહે છે, અને પોતે પુત્ર કનકરથને ખાનગીમાં બોલાવી કહે છે,-

'કુમાર ! તને ભારે દુઃખ છે એ હું જોયા કરું છું. પરંતુ શા સારુ તું આટલું બધું અનહદ દુઃખ કરે ? શું તેં સાંભળ્યું નથી કે શાણા માણસે કરેલા કર્મને દોષ દેતાં બેસી નહિ રહેવું, પણ પુરુષાર્થ કરવો ?' માટે જો કે તારા દુઃખથી

અમે પણ ઘણા દુઃખી છીએ, પરંતુ એ દુઃખ હવે ભૂલી જા, અને જા, અમારા વચનથી રુકિમણીને પરણીને આવ. હવે તારે આ લગ્ન કરવા જ પડશે.'

કનકરથને ઋષિદત્તાના વિયોગનું હજી એટલું બધું હૈયે દુઃખ છે, કે એને પરણવાનો કશો રસ નથી; છતાં દાક્ષિણ્ય ગુણવાળો, તે પિતાનાં દાક્ષિણ્યથી એને પરણવા જવાનું મંજુર કરવું પડ્યું, અને સામગ્રી–સરંજામ તથા માણસોના પરિવાર સાથે એ ચાલ્યો. ચાલ્યો તો ખરો, પણ કનકરથનું દિલ બહુ ઊંચું છે, તેથી માર્ગે જતાં જુઓ એ કેવા વિચાર કરી રહેલ છે! એના મનને એમ થાય છે કે,–

## કુમારની 'બંધન' પર વિચારણા

**'અહો ! આ સંસારની કેવી વિષમતા છે કે પરણીને પસ્તાયા છતાં ફરી પરણવા જવાનું ? શું નવા લગ્ન પછી નવા ઉપદ્રવ નહિ આવે ?**

**જીવે પરના બંધન માથે લેવાં એ જ ઉપદ્રવને આવકાર છે. બંધનથી કેવા કેવા ઉપદ્રવ ?'**

કશાય બંધન વિનાના સિદ્ધ ભગવાનને ક્યાં કશો ઉપદ્રવ છે ? કર્મનાં બંધનવશ જનમનો ઉપદ્રવ; જનમના બંધનવશ કાયા સંભાળવાની મોટી લોથ, કાયાના બંધનને લીધે કેટકેટલા ખાનપાન, ધનઅર્જન, ધનરક્ષણ અને પરિવારના ઉપદ્રવ માથે આવે છે ! એ બંધનોના લીધે રોગ–ભૂખ–તરસ–અપમાન–અગવડ–ટાઢ–તડકો–ખેદ–શોક....વગેરે કેટલાય ઉપદ્રવ ઊભા થાય છે. એવું પરણીને પત્નીનું બંધન વહોરી હાથે કરીને નવા ઉપદ્રવોને જગા કરી આપવાનું થાય છે. સુખ તો મધના બિન્દુ જેટલું, પણ નાના મોટા ઉપદ્રવો પાર વિનાના !

**પરણવામાં પ્રભુતા? કુમાર એ જ વનમાં :—**

આમ છતાં જીવની મૂઢતા કેવી કે 'પરણીને પ્રભુતામાં પગલા માંડવા'નું સમજે છે.

પ્ર૦– પરણ્યા એટલે પત્નીના સ્વામી પ્રભુ ન બન્યા?

ઉ૦– તો પત્ની ય પરણી, એથી એણે પરણીને ગુલામીમાં પગલા માંડયા? ખરેખર બંધનમાં તો પ્રભુતા? કે ગુલામી? પરંતુ વિષયસુખના લંપટ જીવોએ આ પ્રભુતાનું સૂત્ર બનાવી દીધું છે. એ ખરેખર એમની મૂઢતા છે, અનભિજ્ઞતા છે, સરાસર અજ્ઞાનદશા છે.

કુમાર વિચારે છે,–'માતાપિતાનાં દાક્ષિણ્યે મારે આવા બંધનને વહોરવા જવું પડે છે, એમાં પણ પહેલું તો આ જનમનું બંધન લઈને માતાપિતાનું બંધન ઊભું કર્યું એની જ બલિહારી છે. મૂળમાં જનમનું જ બંધન ખોટું. બંધન એટલે જ ઉપદ્રવ. બિચારી પેલી ઋષિદત્તા મારી સાથેના લગ્નનાં બંધનમાં ફસાણી તો કેવા જાલિમ ઉપદ્રવ એના પર વરસ્યા! પ્રભુ! પ્રભુ! ક્યારે હું સાવ બંધનરહિત બનું!'

કુમાર વિચારણા કરતો કરતો ઉદાસીન મનથી આગળ વધ્યે જાય છે; તે એમ કરતાં કરતાં પેલા ઋષિદત્તાએ આશ્રય કરેલ વનમાં પહોંચે છે. વનને જોતાં, પૂર્વે જોયેલું હોવાથી, ને પોતે અહીં ઋષિદત્તાની સાથે રહ્યો હોવાથી. હવે પૂર્વનું બધું સ્મરણ થઈ આવતાં, અને એમાં ય ખાસ કરીને આ વને આપેલી બક્ષીસ રૂપી ઋષિદત્તાને પોતે ખોઈ નાખ્યા પર હૈયું ભરાઈ આવે છે! આંખ અશ્રુભીની બની જાય છે. મનને વિચાર આવે છે કે 'અહો! આ એ જ વન છે કે જ્યાં મને નિર્દોષ

ગુણસંપન્ન ઋષિદત્તા પરણવા મળી હતી. જે આ વન એક વાર મારે આનંદ માટે બન્યું હતું, એ જ આજે વિષાદ માટે થાય છે! કેવું આશ્ચર્ય! કેવી વિષમતા! દૈવ વિચિત્ર છે. અહીંથી પરણીને જતાં ઋષિદત્તાના કેવા કોડ! આજ એ બિચારીના બધા કોડ નિષ્ફળ થયા! ને મારા પણ કોડ એળે! ગુણકારી લાગતું આ વન આજે ખાવા ધાય છે! ક્યાં અહીં એ મહાતાપસની દિવ્ય વાતો! ને ક્યાં આજનો શૂન્યકાર!'

કુમાર કનકરથ ગુણિયલ છે; નઠોર નથી કે 'ચાલો, નવી રૂપાળી રાજકન્યા સામેથી માગતી આવતી પરણવા મળે છે માટે હવે લીલાલહેર!' ના; એવી હૃદયની નિષ્ઠુરતા નથી, પણ કોમળતા છે, ગુણસંપન્નતા છે, તેથી મહાતાપસની ધર્મસુવાસભરી વાતોનું સંસ્મરણ કરે છે, ઋષિદત્તાની નિર્દોષતા ગુણિયલતા યાદ કરે છે. એક સવાલ થાય,

**રાજકુમારને પોતાના પિતા પર દ્વેષ કેમ નહિ? :-**

પ્ર૦– અહીં એને એવી ગુણિયલ નિર્દોષ ઋષિદત્તાના બેહાલ કરનાર પોતાના પિતા ઉપર દ્વેષ કેમ નથી સ્ફૂરી આવતો?

ઉ૦– આનું સમાધાન એ છે કે (૧) સમસ્ત જીવો પ્રત્યે મૈત્રી ભાવ, (૨) દુઃખી કે પાપી જીવો પ્રત્યે નીતરતો કરુણાભાવ, કરુણાર્દ્ર દિલ, ને (૩) ગુણવાન પ્રત્યે ઈર્ષ્યા નહિ પણ પ્રમોદભાવ; તથા ક્ષમા–સમતા–ગંભીરતા, ઉદાર–ઉમદા દિલ, સત્ય, પ્રમાણિકતા વગેરે ગુણો એનામાં એવા છે કે એ ગુણોથી ભરેલા દિલમાં ગુનેગાર પ્રત્યે પણ દ્વેષ ન ઊઠે. અહીં તો કુમાર સમજે છે કે વાત સાચી કે નિર્દોષ પત્ની પ્રત્યે થયું એ ખોટું, પરંતુ પિતાજીએ જે સંયોગમાં ને જે પરિસ્થિતિ

જોઈ ઋષિદત્તાને સજા કરી એ એવા સંયોગ–પરિસ્થિતિના હિસાબે થઈ જવું સહજ છે. એમાં એમને ઋષિદત્તા પર અંગત કશો દ્વેષ નહોતો. વળી એમને પ્રજાના કલ્યાણની જ દૃષ્ટિએ પોતાને જરૂરી લાગ્યું તે કરવું પડેલું, પણ કોઈ પોતાના સ્વાર્થ ખાતર નહિ. તેથી એમના પર દ્વેષ શો કરવો ?'

અંગત દ્વેષ કે સ્વાર્થ ન હોય, પછી જો કે સત્યદર્શીની દૃષ્ટિએ ભૂલ થતી હોય, તો પણ માણસ સંયોગ–પરિસ્થિતિના હિસાબે વિચારી યોગ્ય કે જરૂરી લાગતું કરે; એથી એને સાવ અયોગ્ય નાલાયક કેમ ગણાય ? એના પર દ્વેષ કેમ કરાય ? મુનિ રસાસ્વાદ વગેરે દોષ ન ઊભો થવા દઈ, સંયોગો જોઈ તથા બરાબર પૃચ્છા કરી નિર્દોષ લાગતી ભિક્ષા લઈ આવે, એમાં કેવળજ્ઞાની દોષ લાગેલો જોતા હોય તો પણ એ ભિક્ષા લાવનાર મુનિને દોષિત નથી ઠરાવતા, કે એવી ભિક્ષાને દોષિત તરીકે જાહેર નથી કરતા. એ તો જુએ છે કે, 'અલબત્ મુનિને ભ્રમ થયો, પણ મુનિએ શ્રુતજ્ઞાનના હિસાબે સંયોગો જોઇ–વિચારી યોગ્ય લાગ્યું તે કર્યું છે ને ? પછી એને દોષિત ન ઠરાવાય.

**સામાના સંયોગ–પરિસ્થિતિ અને એના આધારે થતી ભૂલ જોશો તો તમને એના પર દ્વેષ નહિ થાય.**

કનકરથ કુમારને પિતા પર આ રીતે દ્વેષ નથી થતો, તેમ ઋષિદત્તાને પોતે નિર્દોષ માને છે, તેથી એના પ્રત્યે લાગણીહીન પણ નથી બનતો; લાગણીમાં સમજી લે છે કે, 'બિચારી ! એવાં કોઈ પોતાનાં જટિલ પૂર્વકર્મના હિસાબે ખોટું કુટાઈ! ભોગ કર્મની ગતિ ન્યારી કે, અહીં ન્યાયપંથે ચાલનારને પણ અન્યાય કરે. એવા કર્મ આગળ મારું ય શું ચાલે ? ને ઋષિદત્તાનું ય શું ચાલે ?'

## ૩. ધર્મનો અચિંત્ય પ્રભાવ

**મૈત્રી-કરુણાદિ ભાવોથી મૂળ પાયામાં ગુણિયલતા હોય, ઉદાર-ઉમદા દિલ હોય, પછી ખોટા દ્વેષ, તામસભાવ, વૈરની ગાંઠ વગેરેને સ્થાન ન આપે; વિચારસરણી સૌમ્યભાવની અને તત્ત્વવિવેકભરી રાખે !**

**ગુણિયલ બનવાની ચાવી :-**

ત્યારે, આપણી ગુણિયલતાનું આ રીતે માપ નીકળે.

આપણે ગુણિયલ છીએ ? એ તપાસ આના પર કરાય કે આપણી વિચારસરણી કેવી ચાલે છે ?

સૌમ્ય ભાવની કે ઉગ્રતા અને આવેશભરી ?

તેમજ વિચારસરણી તત્ત્વવિવેકભરી હોય છે ? કે ઉડઝુડિયા અને ઉપલક દૃષ્ટિની ? આ હિસાબે ગુણિયલ બનવાનો આ ઉપાય પણ કહેવાય કે,

**ગુણિયલ કેમ બનાય ? :—**

(૧) વિચારણા-વિચારસરણી સૌમ્યભાવની રખાય, તેમજ

(૨) તત્ત્વવિવેકભરી રખાય, વિચારસરણી એવી બનાવવા માટે

(૩) આવેશ-ઉગ્રતા-ઉપલકદૃષ્ટિ વગેરે રોકવા પડે; અને

(૪) એમાં પછી ક્ષમા ય કરવી પડે. અભિમાનને ય રોકવું પડે, ક્ષુદ્રતા-તુચ્છ સ્વભાવ પણ જતો કરવો પડે.

એમ ગુણોની કેળવણી થતી આવે. અસ્તુ.

**કુમારની જમણી આંખ ફરકે છે :-**

કનકરથ રાજકુમાર હવે ત્યાં વનમાંના જિનમંદિરમાં ભગવાનનાં દર્શન-નમન અર્થે જાય છે. એમાં અકસ્માત્ એની જમણી આંખ ફરકે છે. ત્યારે એને વિચાર આવ્યો કે, ' અહો !

અહીં મારું જમણું નેત્ર ફરકી રહ્યું છે એ તો પ્રિયાનો યોગ થવાનું સૂચવતું લાગે છે; પરંતુ દૈવે ઉપાડી લીધેલી એ હવે ક્યાં છે જ? તેથી આ નેત્ર સ્ફુરવાનું નિષ્ફળ જ સમજવું રહ્યું; પ્રિયાનો યોગ શાનો થાય? જ્ઞાનીઓ કહે છે કે,–

**ધર્મનો પ્રભાવ :**

'विना धर्मं विशुद्धं न जायते प्रियसंगमः ।
प्रायः प्रियवियोगाय प्राणिनां पापसञ्चयः ॥

અર્થાત્ જીવોને નિર્મળ ધર્મ વિના પ્રિય વસ્તુનો યોગ નથી બનતો; (તેમ) પાપ–સંચય પ્રાયઃ પ્રિયનો વિયોગ કરાવનારો બને છે.

માણસ ઉધમાત તો ઘણો ય કરે, ભારે મહેનત–પરિશ્રમ ઉઠાવે, પરંતુ નિર્મળ ધર્મનો સહારો ન હોય તો મનગમતો યોગ શે બની આવે? જગતમાં દેખાય જ છે કે જીવોના ઉદ્યમનો પાર નથી, છતાં મનગમતું કેટલાને બની આવે છે? કેમ બધા ઉદ્યમીને મનગમતાનો યોગ નહિ? કારણ આ જ, કે પૂર્વે એવા નિર્મળ ધર્મનું બળ ઊભું નથી કર્યું કે જે અહીંની મહેનતને ફળીભૂત કરે. મશીનરી ગોઠવે, સાંચાઓના મેળ મેળવે, પરંતુ મૂળ પાવરહાઉસમાંથી પાવર મળ્યા વિના એ ક્યાંથી ચાલે? કે ક્યાંથી ફળ દેખાડે? સારું સારું ખાઈ જવાની મહેનત તો કરી, પરંતુ મૂળમાં પિત્તાશય–આમાશય જ દૂષિત હોય, તેથી એમાંથી સારા પચનરસ બરાબર ન મળે, ન ભળે, તો ખાધેલાનું સારું ફળ શે આવે?

**મૂળમાં પાવરહાઉસનો પાવર મળ્યા વિના મશીનરી ન ફળે, પાચક રસ વિના ખાધેલું ન ફળે; એમ**

## ધર્મ વિના ઉદ્યમ-હોશિયારી ન ફળે.

આવા તો કેટલાય દાખલા દુનિયામાં નજરે દેખાય છે કે જ્યાં એકલી મહેનતથી કાંઇ નીપજતું નથી; પણ મૂળ પાયાની વસ્તુ પાવરહાઉસનો પાવર, આમાશય-પિત્તાશયના સુયોગ્ય રસો વગેરે અસાધારણ કારણ કામ કરે છે; ને એના જ આધાર પર ફળ નીપજે છે. વલોણાની મહેનત તો ઘણી હોય પણ મૂળ પાયામાં દહીંમાં સત્ત્વ જ ન હોય, સપરેટ દૂધનું દહીં હોય તો માખણ કેવું નીકળે? એમ, જીવની અહીં ઇષ્ટ પ્રિય વસ્તુ મેળવવાની મહેનત ગમે તેટલી હોય, પણ મૂળ પાયામાં પૂર્વના નિર્મળ ધર્મનું બળ ન હોય તો પ્રિયસમાગમ-ઈષ્ટપ્રાપ્તિ ક્યાંથી થાય?

કનકરથ આ વિચારી રહ્યો છે કે 'અહીં જમણી આંખ ગમે તેટલી ફરકતી હોય, પરંતુ જ્યાં મારે પૂર્વે નિર્મળ ધર્મની ખામી રહી હોય ત્યાં પ્રિય ઋષિદત્તાનો સંગમ કેમ મળી શકે? અરે! એનો યોગ તો રૂપાળો બની આવ્યો હતો; છતાં પણ પાછો વિયોગ કેમ થયો? કારણ આ જ કે પૂર્વે ધર્મ સાથે પાપનાં મિશ્રણ થયેલાં. એ પૂર્વનાં પાપ ઉદયમાં આવ્યા હોય, પાપના સંચય જોર કરતા હોય ત્યાં પ્રિયના સંયોગ શે ટકે? વિયોગ જ થાય.'

## દુન્યવી બાબતમાં કર્મ મુખ્ય:

**જીવોને ધર્મ ઈષ્ટસંયોગ કરાવનારો બને છે, અને પાપ ઇષ્ટવિયોગને સરજે છે. એ બેની સામે માણસની મહેનત અને હોશિયારી ફિક્કા પડી જાય છે.**

ગોખો,-મહેનત તો ઘણી ય હોય, પણ ધર્મનું બળ નથી

તો ઈષ્ટસંયોગ ન મળે. હોશિયારી ઘણી ય હોય પણ પાપના જોર ઉપર ઈષ્ટના વિયોગ થયા વિના રહે નહિ. ઋષિદત્તા વિનયી હતી, બધાનાં મન જીતી લીધા હતા, તેથી તો એના દેશનિકાલ વખતે પ્રજા રોતી હતી. એમ કનકરથ પણ મહાગુણિયલ હતો. પરંતુ એ બંનેની હોશિયારી ક્યાં કામ લાગી? બંનેનો વિયોગ આવીને ઊભો રહ્યો! કારણ? બંનેના પાપસંચયે જોર કર્યું.

આ ઉપરથી શીખવા મળે છે કે આપણી હોશિયારી ઘણી હોય અને ઈષ્ટનો સંયોગ બન્યો રહેતો હોય, છતાં એ બની રહેવા પર એ હોશિયારીનું લેશ પણ ગુમાન રાખવા જેવું નથી કે, 'અમે આવા હોશિયાર છીએ માટે અમારે મનગમતો સંયોગ બની રહે છે.' એ તો પૂર્વધર્મનું બળ પહોંચે છે ત્યાં સુધી જ ભાઈ! એ સંયોગ સલામત છે. બાકી તો જ્યાં પાપોદયની તમાચ પડી, પાપસંચયે જોર માર્યું કે હોશિયારી ય પાણીમાં, અને ગુમાન પણ પાણીમાં; ઇષ્ટનો સંયોગ ઊંચકાઈ જઈ વિયોગ આવીને ઊભો રહેવાનો.

એમ, સારી મહેનત કરીએ ને ઇષ્ટસંયોગ બની આવ્યો દેખાય, ત્યાં પૂર્વ ધર્મ જ કામ કરી રહ્યો હોય છે. તેથી મહેનતને બહુ જશ આપવા જેવો નહિ, મહેનત પર વિશ્વાસ ધરીને બેસવાનું નહિ કે,–' મહેનત કરીએ તો શું ન મળે? બધું મળે.' રહેવા દો આ અતિ વિશ્વાસને, કેમકે જ્યાં ધર્મની ખામી પડી, ત્યાં મહેનત બધી ય પાણીમાં જશે.

**દુન્યવી બાબતોમાં મહેનત અને હોશિયારી તો ગૌણ કારણ છે. બાકી ઇષ્ટના સંયોગો-વિયોગોમાં પૂર્વ ધર્મ અને પાપ જ પ્રધાન કારણ છે.**

**એટલે જીવન જીવતાં મુખ્ય લક્ષ નિર્મળ ધર્મબળ વધાર્યે જવા પર અને પાપથી બચતા રહેવા પર રાખવા જેવું છે, જેથી દીર્ઘ ભાવી સ્થિતિ સંગીન સદ્ધર બને.**

મહાન આત્માઓ એ કરી ગયા. એ દુન્યવી બાબતો માટેની મહેનત અને હોશિયારી પર મુસ્તાક ન બનતાં કે એમાં જ દટાઇ ન જતાં, નિર્મળ ધર્મ–સાધના અને પાપત્યાગ પર નિર્ભર રહ્યા ! તો જ એથી આગળ પર ઘણા ઊંચા આવ્યા. જંબૂકુમારે પૂર્વ ભવોમાં કેમ સંસારસુખો ફગાવી દીધા ? અને કેમ ધર્મમાં જ લાગ્યા ? અહીં પણ શા સારુ નવ્વાણું ક્રોડ સોનૈયાની સમૃદ્ધિ ફગાવી દીધી ? અને આઠ નવીન રૂપસુંદરીઓને કેમ વધાવી ન લીધી ? એક જ હેતુ કે,

**આવા ઊંચા માનવભવે વિશુદ્ધ ધર્મ–કમાઇ અને પાપના ત્યાગનાં જ ઉચ્ચ કર્તવ્ય બજાવવાનાં હોય.**

તો એનું ફળ પણ કેટલું અદ્‌ભુત સુંદર પામ્યા ! ‘ જંબૂ ચરમ જ કેવળી ! ’ ઠેઠ વીતરણ કેવળજ્ઞાની સર્વજ્ઞ જંબૂસ્વામી બની મોક્ષમાં સિધાવી ગયા !

**તમને પણ ખ્યાલ છે ખરો કે ભવ ઉચ્ચ કોટિનો મળ્યો છે ?**

જો ખ્યાલ હોય તો આ વિચાર આવે કે આ ભવ ઉત્તમ શા માટે ? નિર્મળ–ધર્મસાધના અને પાપત્યાગનાં ઊંચા કર્તવ્ય બજાવવા માટે જ ને ? તો એ કામ જોરદાર ચાલુ છે ને ? મનમાં ગડમથલ એની જ રહે છે ને કે, ‘કેમ અધિકાધિક નિર્મળ ધર્મ સાધતો રહું, ને શકય એટલાં પાપ છોડતો ચાલું ?’ હોશિયારી ત્યાં જ અજમાવાય છે ને ?

ના, મનમાં ગડમથલ તો દુન્યવી બાબતોની ચાલે છે, હોશિ-

ચારી એમાં જ ખરચાય છે. મહેનત પણ બહુધા દુન્યવી બાબતો માટે થાય છે. પછી આ ભવની ઉચ્ચતા ક્યાં ખ્યાલમાં રહી ?

**દુન્યવી જ ગડમથલ એટલે? મહાપુરુષોના માર્ગે ચાલવાનું મૂકી અધમ જીવોના માર્ગે ચાલવાનું.**

તમને તમારા મહાપુરુષોનું ગૌરવ નથી ? એમણે અપનાવેલો માર્ગ ખોટો લાગે છે ? એમણે શું મૂર્ખાઈ કરી હતી ? તમને શું એટલુંય નથી થતું કે,

'અહો ! હું કેવો ભાગ્યશાળી કે મને આવા મહાપુરુષો મળી ગયા ! જગતમાં કેટલાને આ મહાપુરૂષોનો યોગ મળ્યો છે ? જગતમાં ક્રોડો મનુષ્ય એવા છે કે એમને બિચારાને આ કે આવા મહાપુરુષોનું નામ પણ નથી મળ્યું, તો પછી એમનાં જીવનનું આલંબન મળવાની તો વાતે ય શી ? ત્યારે મને એ મળવા પર મારાં ભાગ્યની અવધિ નથી ! તો પછી એ મહાપુરુષો મળ્યાનું ગૌરવ અનુભવું અને એમના માર્ગે શક્ય ચાલવાની જ મનમાં ગડમથલ કર્યા કરું. તેમજ એમના માર્ગે શક્ય એટલું ચાલવાનો પુરુષાર્થ કર્યે જઉં.'

**મહાપુરુષો મળ્યાનું ગૌરવ :**

**મનમાં મહાપુરુષો મળ્યાનું ગૌરવ લાવો, તો દુનિયાના અજ્ઞાન મૂઢ અને વિષયલંપટ તથા કષાયપ્રેમી જીવોના રાહે ચાલવાનું મૂર્ખતાભર્યું લાગે; એવા અજ્ઞાન જીવોનાં જીવનથી અંજામણ ન થાય.**

**ઇતિહાસથી મહાપુરુષોનાં જીવન નજર સામે રહી એનાં અંજામણ રહ્યા કરે તો અજ્ઞાન જીવોનાં જીવનથી અંજાઈ જવાનું શાનું થાય ?**

# મન પર મહાપુરુષોનાં અંજામણ

બે વાત છે.–(૧) મહાપુરુષોનાં જીવન નજર સામે આવ્યા કરવા જોઈએ. (૨) મન પર એનાં અંજામણ જોઈએ.

હવે તપાસો ઉપાશ્રયમાં સાંભળતાં મહાપુરુષો યાદ કર્યા પછી ઘરે યાદ કરો છો ? કહો, 'હા, સવારના પ્રતિક્રમણમાં 'ભરહેસર'ની સજ્ઝાય વખતે ઘરે યાદ કરીએ છીએ;' ત્યાં પણ તપાસવા જેવું છે કે ભરહેસર બોલતી વખતે પદે પદે તે તે મહાપુરુષ એમના એમના ધર્મપરાક્રમ સાથે નજર સામે આવે છે? આવે તો કેવા આવે ? એમના જીવનનાં કોઈ ખાસ પ્રસંગમાં રહેલા તરીકે યાદ આવે ? નજર સામે આવે ? આમ યાદ જ ન આવે પછી અંજામણની વાતે ય શી ?

સૂત્રમાં મહાપુરુષનાં નામ બોલતાં એમનાં લાંબા જીવન કદાચ ન યાદ આવે, પરંતુ જીવનનો એકાદ એકાદ પ્રસંગ તો યાદ લાવવો પડે ને ?

'ના, નામ યાદ કરીએ છીએ,' એવું ભલે કહો, તો ય ત્યાં પણ તપાસવા જેવું છે કે નામ પણ ચાહીને સ્મરણમાં લાવવાનું કરાય છે ખરું ? કે એ વિના જ માત્ર અંતરથી એકવાર રટાઇ જાય એટલું જ ?

બોલો, જીવન પર સારો પ્રભાવ પાડવો છે, તો એ શી રીતે પડે ? પ્રભાવવંતા પુરુષની છાયા, એ પુરુષનું અંજામણ મન પર લેવું નથી પછી શી રીતે એનો પોતાના જીવન પર પ્રભાવ પડે? કવિ કહે છે–

**'પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશિ'**

**પ્રભુજીનું અવલંબન કરતાં ગુણના ઢગવાળી પોતાની પ્રભુતા પ્રગટ થાય; પણ દુનિયાનું આલંબન કરતાં નહિ,**

## "પ્રભુજીનું આલંબન કરવું" એટલે?

સતત કે વારંવાર પ્રભુજીના જીવનપ્રસંગ નજર સામે લાવી લાવી મન પર એનું અંજામણ રહ્યા કરે, 'પ્રભુના કેવા અદ્ભુત જીવનપ્રસંગ!' એમ વારે વારે મન એથી અંજાયા કરે; તો એથી ભગીરથ પુરુષાર્થ પ્રગટ કરાય, અને એમાંથી પોતાની પ્રભુતા પ્રગટ થાય, જે ગુણોના થોકભરી હોય. 'મનથી પ્રભુનું આલંબન લેવાનું' એટલે મન પર પ્રભુનું અંજામણ ઊભું કરવાનું. એટલે શું કરવાનું એ સમજવા માટે દુન્યવી દાખલો લો.

**મનપર પ્રભુનું અંજામણ :**

દા. ત. મન પર સારા સુખી માણસનું જો અંજામણ હોય છે, તો મનને એમ થાય છે કે,–'ઓહો? આ ભાઈ આટલા ઠાઠથી રહે છે? નાસ્તામાં દસ જાતના પ્રવાહી અને ચોવીસ ચીજો? કપડાં સાફ સફાઈવાળાં, તે ઘરનાં જુદા, બજારના જુદા, સગા–સ્નેહીને ત્યાં જવાના જુદા! ભાઈની આરામ-પદ્ધતિ, યાત્રા–પદ્ધતિ, મિજબાની પદ્ધતિ....વગેરે વગેરે બધું અવ્વલ! વાહ ભાઈ! વાહ! કેવું સુખી જીવન!' આમ મન જો સુખીનાં જીવનની વિવિધ બાબતોથી અંજાયા કરતું હોય છે, તો પછી પોતાનાં જીવન પર એનો પ્રભાવ પડે છે; પોતાની પહોંચ પ્રમાણે ખાનપાન–વસ્ત્ર–રાચરચિલું–યાત્રા–મિજબાની વગેરેમાં પેલાની છાયા ઊતરે છે, અંશે અનુકરણ કરાય છે. પાછું વળી, આઘો જાય પાછો જાય, સ્થાન–સ્થાનમાં પેલાની રીત-રસમ યાદ આવે છે. એટલું જ નહિ, પણ એનાં ગાણાં ગવાય છે. ચિત્તને 'ઓહો!' ને 'વાહ! વાહ!' થયા કરે છે.

આ બધાં મન પર સુખીનાં જીવનનાં અંજામણનાં લક્ષણ છે.

બસ, એવું અંજામણ પ્રભુનાં જીવનનું આપણાં મન પર લાવવાનું છે. પ્રભુનું જીવન નજર સામે આવી આવીને મનને એમ થયા કરે કે 'ઓહો ! શું પ્રભુની ક્ષમા ! કેવો પ્રભુનો ત્યાગ ! કેવી સહિષ્ણુતા ! કેટકેટલાં ઘોર કષ્ટોનાં વધામણાં !'... મન પર આની વાહવાહ લાગે, આનું અંજામણ થાય, એટલે જીવન પર એની છાયા ઊતરે. આઘા જઈએ, પાછા જઈએ, પરંતુ મન પરનું આ અંજામણ મનમાં એ ગુણોની યાદ લાવ્યા કરે. અશે અમલમાં લવાય.

વ્યવહારમાં જુઓ શું થાય છે. કોઈ ભપકાબંધ ધનવાન પાડોશીનું અંજામણ હોય છે તો એની શ્રીમંતાઈ એના ઠઠારા વારે વારે યાદ આવે છે. તમે જો કહો કે 'એ તો પાસે રહેતો હોવાથી રોજ દેખાયા કરે એટલે એનું યાદ આવ્યા કરે ને ?' પરંતુ તો પછી તમે સમજી લો કે ભગવાનને ય આપણે રોજ ક્યાં નથી જોતા ? મંદિરની પાસે રહેતા હો, અગર મંદિર પાસે થઈને રોજ જવું–આવવું પડતું હોય, ત્યાં ભગવાન પાસે જ રહ્યા ગણાય ને ? તો પછી જો પેલાની શ્રીમંતાઈ અને ઠઠારા યાદ આવે તો આમના ઉચ્ચ ત્યાગ–વૈરાગ્ય–સહિષ્ણુતા વગેરે ગુણો કાં ન યાદ આવે ?

જો પ્રભુના કે બીજા મહાપુરુષોનાં અંજામણથી એમના મહાન ગુણો વારંવાર યાદ આવે, તો તો મનને લગન રહે કે હું ક્યારે આ ક્ષમાદિગુણની સમૃદ્ધિવાળો થાઉં ! અને જો મનમાં આવી રટણા ચાલ્યા કરે, લગની રહ્યા કરે, તો ક્રોધાદિ થવાના પ્રસંગ પર ઝટ ક્ષમાદિ રાખવા પ્રયત્ન કરાય, સાવધાની રહે.

**કોઈક જ વારની યાદગીરીનો નહિ, પણ વારંવારની રટણાનો આ પ્રભાવ છે કે અવસરે, એ રટેલું, સામે આવી ઊભું રહે.**

અભિમાનીને આનો અનુભવ છે. મનમાં અભિમાનની લાગણી વારંવાર લાવ્યા કરી હોય છે, માન રહ્યા કર્યું હોય છે, એટલે અવસર મળતાં, ઝટ અભિમાન પ્રગટ થાય છે. વિષયાંધ માણસને ઇષ્ટ વિષયની બહુ રટણા રહે છે તેથી જ્યાં સહેજ પણ મોકો મળ્યો કે ઝટ મનમાં એ વિષય આવીને ખડો થઇ જ જાય છે. તો પછી પ્રભુની પાસે રહેતા હોઇએ યા પ્રભુને વારેવારે હૈયામાં લાવ્યા કરતાં હોઇએ અને એમના ગુણો સુકૃતો મનમાં રટયા કરતા હોઈએ તો મોકો આવ્યે કેમ એ યાદ ન આવે! મૂળ જરૂરી આ, કે મન પર એ પ્રભુનું અને પ્રભુની વિશેષતાઓનું અંજામણ જોઈએ. ધ્યાન રાખજો,

**કોઈ ચીજ કે વ્યક્તિને સારી કહેવી એ જુદું; અને એનું અંજામણ હોવું એ જુદું.**

ઠોઠ નિશાળિયાને હોશિયાર વિદ્યાર્થી સારો તો લાગે છે, પરંતુ એના પર એ હોંશિયારનું અંજામણ નથી હોતું. તેથી પોતાનું ઠોઠપણું ખટકતું નથી, એની શરમ નથી લાગતી. એનો બાપ જો એને ઠપકો આપે કે, 'અલ્યા એ! જો આ પાડોશીનો છોકરો કેટલી મહેનત કરી કેવો હોશિયાર બની ગયો?' ત્યારે ઠોઠ કહેશે કે 'એ ભણવામાં સારો છે એ તો હું ય કહું છું. પણ એનું પુણ્ય ચડિયાતું છે એવું મારું નથી.' લ્યો, આ શું કર્યું? પોતાની ઠોઠગીરીનો ખેદ–અરેકારો રહ્યો? કેમકે પેલાની હોંશિયારીનું અંજામણ જ નથી કે

'વાહ ! કેવી સરસ હોશિયારી ! આપણને એ ક્યારે મળે ?' આમ, હોશિયારી–સારાપણું માનવું જુદું, અને એનું અંજામણ હોવું એ જુદું. એવું અંજામણ જેને હોય છે એ વિદ્યાર્થીઓ સારાનાં આલંબને સારા થવા કેટકેટલું મથતા હોય છે.

એવું પ્રભુનું અને મહાપુરૂષોનું અંજામણ જોઈએ. કેટલાય માણસો પત્નીનાં અંજામણમાં પત્ની જો ધર્માત્મા હતી તો એના ધર્મનું અનુકરણ કરવા લાગી ગયા, અને ધર્મી બની ગયા. ત્યારે કેટલાક ધર્મી છતાં જો પત્ની અધર્મી આવી મળી, મોજી–વિલાસી અને વિષયમૂઢ આવી મળી, તો એનાં અંજામણમાં પોતાનો ધર્મ ભૂલ્યા અને આના વિલાસના અનુકરણમાં પડી ગયા.

**મન પર કોઇનું ઘેરું અંજામણ કઠિન વાતને ય સરળ બનાવી દે છે.**

એવી સુંવાળી અને બાપને ઘેર મોજથી ઊછરેલી કન્યાને જો મૂરતિયાનું અંજામણ લાગી ગયું તો પરણ્યા પછી એની સાથે રહેતાં, એનાં જીવનની કઠિન પણ વાતોને પોતે પોતાનાં જીવનમાં ઉતારતી થઈ જાય છે. પેલો કહે, 'મારે તો ચ્હાનો ત્યાગ છે,' તો આ ય કહેશે કે, 'તો પછી મારે પણ એ ન જોઇએ.' માત્ર, ઘેરૂં અંજામણ જોઇએ, પછી કશું કઠિન નથી. મન પર મહાન પુરુષોનાં ઘેરાં અંજામણ લાવો; એટલે મનમાં એમના ગુણો, એમની સાધના, એમનાં સુકૃતો વિશેષતાઓનું પણ અંજામણ ઊભું થાય, એની વારંવાર રટણા રહે, લગની રહે, એટલે પછી એ માટે શકય પ્રયત્ન થાય.

**ગૌતમ–સુલસાને પ્રભુનું કેવું અંજામણ ? :–**

ગૌતમસ્વામી મૂળ તો મિથ્યા મતમાં પડેલા હતા. પરંતુ શ્રી મહાવીર પ્રભુએ એમના મનનો સંશય કહી બતાવી એનું સુંદર નિરાકરણ કર્યું તેથી ગૌતમ મહારાજના મન પર વીર પ્રભુનું ઘેરું અંજામણ ઊભું થઈ ગયું. ત્યારે પછી તો તરત ત્યાં જ ચારિત્ર લઈ પ્રભુના શિષ્ય બની પછી જિંદગી સુધી એ અંજામણમાં કેવું ઉત્તમ જીવન જીવ્યા !

સુલસાને પ્રભુનું અંજામણ હતું તો અંબડે એને આકર્ષવા બ્રહ્માજી વગેરેનાં સાક્ષાત્ રૂપ કરીને પણ ખાંડ ખાધી. સુલસાએ તો પ્રભુનાં જ સ્મરણની ધૂન લગાડી, જેથી મનમાં બીજું કશું આવે નહિ. પ્રભુનું યાદ કરવા પ્રભુનું જીવન–સુકૃતો–ગુણો–ઉપકારો અને પ્રભાવ કયાં ઓછા છે ?

**કુમારપાળને કેવું અંજામણ ?**

કુમારપાળ મહારાજાને ગુરુ હેમચંદ્રસૂરિજી મહારાજનું અને એમના દ્વારા શ્રી જિનેશ્વર દેવ અને જૈન ધર્મનું અંજામણ લાગ્યું તો એણે જીવન કેવુંક ફેરવી કાઢ્યું ? મોટા અઢાર દેશનું તંત્ર સંભાળવાનું છતાં રોજ પોતાનાં દ્રવ્યોથી ત્રિકાળ જિનભક્તિ કરવા જોઈતી હતી. બોલો તમારા પર પણ પ્રભુનું અંજામણ છે ને ? તો રોજ સારાં પોતાના દ્રવ્યો લઈ પ્રભુની ત્રિકાળ પૂજા–ભક્તિ કરો છો ને ? ના ? તો તો પછી અંજામણ શાનું ? મન પર પ્રભુનું અંજામણ હોય તો એમનું જ આલંબન લેવાય, એમના ગુણો–સાધનાઓ ઉપકારો વગેરે બધું નજર સામે આવ્યા કરે, અને એનું જ મહત્ત્વ લાગ્યા કરે, એમની ભોગ આપીને ભક્તિ થાય.

ઈતિહાસમાંના મહાપુરુષોનાં આ અંજામણ ઊભાં થઈ

જાય, પછી એમનું જ આલંબન વારે વારે લેવાય; એમના નિર્મળ ધર્મનું અંશે ય અનુકરણ કરવા ઝંખના રહે, પ્રયત્ન રહે. કરો, કરો, આ જિંદગીમાં આ ખાસ કરવા જેવું છે કે દુનિયાના શ્રીમંતો, સત્તાધીશો, માનવંતાઓ ભણેલાઓ વગેરેનાં અંજામણ હેઠા ઊતારી પૂર્વના મહાપુરૂષોનાં અંજામણ મન પર ઊભા કરો. એમના ત્યાગ, તપ, દાન, વ્રત-નિયમ, એમની ઉદારતા-સહિષ્ણુતા-ગંભીરતા, દયા-સત્ય-સત્ત્વ વગેરે પર હૈયું ઓવારી જાય. આ થાય તો જ એમના આલંબને એ નિર્મળ ગુણો અને ધર્મની આરાધના થાય.

કનકરથ રાજકુમારને જમણું નેત્ર ફરક્યું છે એટલે મનને એમ થાય છે કે, ' અહો ! આ તો ઋષિદત્તાની પ્રાપ્તિની જ જગા ! તો શું એ અહીં હવે પ્રાપ્ત થાય ? પણ ભાગ્યે એને ઉપાડી લીધી, એ હવે શાની મળે ? નિર્મળ ધર્મ વિના પ્રિયનો સમાગમ શાનો થાય ? ' આના પર આ વાત હતી કે જેમ સારા વેપારીઓ ધંધાદારીઓનાં જેને મન પર અંજામણ હોય છે એ એનું અનુકરણ કરે છે, એની જેમ વેપાર-ધંધા ખેડવાનું મન કરે છે, એમ ધર્માત્માઓનું અંજામણ મન ઉપર લેવાય, તો એમના નિર્મળ ધર્મનું અનુકરણ કરવાનો ઉત્સાહ રહે, અને ઉદ્યમ થાય.

## ૫. કુમારને એ યોગીનો ભેટો

કુમાર પછી સ્નાનાદિ કરીને પૂજાના સામાન સાથે દેરાસરમાં જાય છે ત્યાં પાછળથી ઋષિદત્તા યોગિરાજ તરીકે ફૂલ લઈને મંદિરમાં આવે છે કનકરથ એને જોઇને આભો બની જાય છે અને એના હાથેથી ફૂલની માળા લઈ પ્રભુને ચડાવે છે. મનને ભ્રમ પડે છે કે 'આ પુરુષવેશે છતાં ઋષિદત્તા તો ન હોય? પરંતુ એ તો મારી નખાયેલી અહીં શાની આવે? તો કોણ હશે આ!

બીજી બાજુ ઋષિદત્તા તો એને બરાબર ઓળખી લે છે અને વાતાવરણ પરથી કલ્પી લે છે કે 'આ હવે રુકિમણીને પરણવા ચાલ્યા લાગે છે; કેમકે પેલી વાર આ માટે જ નીકળ્યા છતાં અહીંથી પાછા વળ્યાનું કહેતા હતા.'

એટલામાં કુમાર મંદિરની બહાર નીકળીને આ ઋષિદત્તા જોગીને આદર પૂર્વક બોલાવી આસન પર બેસાડે છે, અને સારા ઉત્સાહજનક શબ્દોમાં સ્વાગત કરી કુશળ સમાચાર પૂછે છે,–

'પ્રભુ! મારા નયનકમળને વિકસ્વર કરનાર સૂર્ય જેવા આપ આ સુમસામ જંગલમાં ક્યાંથી? આપ ક્યાંથી પધાર્યા? ક્યારે પધાર્યા?'

**યોગીરાજની કહાણી :–**

ઋષિદત્તા કહે છે કે,–'આ આશ્રમમાં એક હરિષેણ નામના યોગી રહેતા હતા. એમને એક પાળેલો પુત્ર હતો તે હું અને વિનયવતી ઋષિદત્તા નામની એક પુત્રી હતી તે હે કુમાર! એ કન્યાને કોઈ રાજા પરણીને પોતાના નગરે લઈ ગયો. તેમજ હરિષેણમુનિએ અગ્નિ–પ્રવેશ કરી સ્વર્ગે સિધાવ્યું. પછી તો હું જે બહાર સાધના કરતો હતો, તેમાં પિતૃમરણ જાણવા મળ્યું. તેથી હું પિતાના વિયોગથી દુઃખિત થયો, ને પછી આ પૃથ્વીતલ પર ફરવા નીકળી પડયો. તે ફરતો ફરતો પાછો અહીં શ્રી ઋષભદેવ પ્રભુની સેવા–ભક્તિ અર્થે આવ્યો છું. અહીં રહેતાં

મને પાંચ વરસ થયા; પરંતુ આજે ભાગ્યશાળી એવા તારું દર્શન પામી મને લાગે છે કે મારો જન્મ સફળ થયો.'

વાત ઠીક જ કરે છે, કેમકે આ પતિ–કુમાર અત્યારે અહીં એકાએક અણુચિંત્યો પ્રાપ્ત થયો છે તેમજ એ અનુકૂળ રીતે વાત કરી રહ્યો છે. ત્યારે કુમાર આનંદિત થતો કહે છે,–

'યોગિરાજ ! આપને જોતાં મારી આંખ કેમ ધરાતી નથી ?'

યોગી કહે છે, 'આ જીવનમાં ય કોઇ ગુણસંપત્તિથી કોઈને વલ્લભ બની જાય છે; ત્યારે કયાંક પૂર્વ ભવના સંબંધ અભ્યાસથી ય પ્રેમ–આનંદ થાય છે. કેમકે કહ્યું છે કે સહજ રીતે કુમુદ ચંદ્ર પર ખુશ થાય છે, ને કમળ સૂર્ય પર; એ પ્રમાણે માણસોને પણ પોતાનો મનગમતો મળવા પર આનંદ થાય એ સહજ છે.' યોગીએ પ્રેમનું તાત્પર્ય સૂચવ્યું કે જનમનો કે પરભવનો કોઈ સંબંધ હોઈ શકે છે.

**યોગીને નિમંત્રણ :—**

ત્યારે આવા મીઠા યુક્તિયુક્ત બોલ પર રાજકુમાર પ્રભાવિત થઈ ગયેલો કહે છે 'યોગીશ્વર ! આમ તો મારે આગળ જવું પડે એમ છે, પણ જાઉં શી રીતે ? આપના પ્રેમની સાંકળે બંધાઇ ગયેલું મારું મન આગળ ચાલવા અસમર્થ છે. માટે મારા પર જો મહેરબાની કરો તો મારી સાથે પધારો. પછી પાછા ફરવાનું આ જ રસ્તે થશે ત્યારે આપ પાછા ફરતાં અહીં રોકાઇ જજો.'

ઋષિદત્તાને આ વાત તો ગમતી જ છે ને ? તો પછી શું એકદમ સ્વીકારી લે ? ના, કેમકે એમ કરતાં કદાચ સામાને વહેમ પડે તો ? કે કેમ આ એકદમ જ હા પાડી દે છે ? અને

હજી એકાએક પોતાની અસલી ઓળખ આપવી નથી. ત્યારે પૂછો,

**ઋષિદત્તાને શોકયનો કેમ ભય નહિ ?**

પ્ર૦–પરંતુ એમ મિલનનો મોકો આવ્યો છતાં ઋષિદત્તાએ વધુ ગુપ્ત રહેવામાં કુમાર રુકિમણીને પરણી લે તો ? એ ડર એને ન હોય ?

ઉ૦–ના, સારી સ્ત્રીઓને શોકય આવી પડવાનો કોઈ ભય નહિ; કેમકે (૧) એક તો ઊંચા ખાનદાનની સ્ત્રીઓ એવી વિષયલંપટ નહિ કે એને શોકય વડે સુખમાંથી ભાગ પડાવી જવાનો ભય હોય.

**જીવને ધનની અને ભોગની લંપટતા જ મારે છે, તે કોઈ ભાગીદાર નથી ખમાતો.**

સગો ભાઇ પણ મફતનું ન ખાઈ જાય એ ધ્યાન રહે છે. ધનની લંપટતા ચીજ એવી છે. લંપટતા ન હોય તો એમ થાય કે 'મારું ધન મારો ભાઇ ખુશીથી ભોગવો. હું જનમ્યો ત્યારે કયાં કશું જ લાવ્યો હતો ? આ તો બધી અહીંની કમાણી. અહીંની કમાણી અહીંમાં જ સમાણી. એ આ જનમથી આગળ એક ડગલું ન વધે. તો પછી અહીંમાં જ સમાનારી લક્ષ્મીને ભલે ને અહીંવાળા ભોગવે. મારે કયાં પરલોક સાથે આવવાની છે ?' આ બધો વિચાર ધનલંપટતા ન હોય તો જ આવે.

**એમ વિષયલંપટતા ન હોય તો જ વિષય–સુખોમાં ભાગીદાર ખમાય.**

ઋષિદત્તા વગેરે ખાનદાન બાઈઓ વિષયલંપટ નહિ, તેથી એને શોકય આવવાનો ભય નહિ. બીજી એ પણ વાત છે કે પતિ રાજા હોય એ સમૃદ્ધ અને સત્તાધીશ છે; તેથી શોકય લાવીને

બેસાડે તો થોડો જ રોકાય એવો છે? પછી નાહકનો ચિત્તબળાપો કે ભય શું કામ રાખવો? શોકય પ્રત્યે ઈતરાજી શું કામ રાખવી? એના બદલે એનું મન જીતી લેવું શું ખોટું? જેથી પછી એ શોકય શત્રુ–શોકયનું કામ જ ન કરે, પણ મિત્ર–સહીયરનું કામ કરે. 'આપ ભલા તો જગ ભલા' એ ન્યાય છે.

**જીવનમાં ઉન્નતિની આ એક ચાવી છે કે જે આપણા હરિફ–વિરોધી–દુશ્મન લાગે, ભલાઈથી એનાં મન જીતી લેવાં.**

એનું મન જીતી લીધા પછી એ આપણા વિરોધમાં નહિ ઊભા રહે; આપણું પ્રતિકૂળ નહિ કરે, પણ સહાયક થશે.

દુનિયાની વચ્ચે રહીએ છીએ. દુનિયાથી મુક્તિ-મોક્ષ પામવાનો માર્ગ પણ દુનિયાની વચ્ચે રહીને જ સાધવાનો છે. હવે અહીં આજુબાજુના દુનિયાના માણસો અંગે મન જો કચવાટવાળું રહ્યા કરે, તો એ શું કામ લાગે? દુનિયાથી એમ ભાગી જવાય એવું નથી; ને આપણને દુબળા પુણ્યે દુનિયાના માણસ દેવ જેવા મળ્યા નથી; તો હવે શું કરવાનું? કચકચ જ? આ ઉત્તમ જીવન ઠેઠ મરીએ ત્યાં સુધી આવી કચકચ કચવાટ જ કરતા રહી મરવા માટે મળ્યું છે? બસ, એવા કચવાટથી બચવા માટે આ ચાવી કે (૧) સામાના મન જીતી લેવાનો પ્રયત્ન કરો; ને (૨) ન જીતાય એવા માણસો માટે 'સવ્વે જીવા કમ્મવસ' નું સૂત્ર લગાડી એમના પર મૈત્રી–કરુણા વરસાવો. હૈયું આપણું છે; ને એમાં કેવા સારા ભાવ રાખવા એ પણ આપણી મુન્સફીની વાત છે; અને રાતો પૈસો ખરચવા વિનાની વાત છે. પછી શું કામ સારા ભાવમાં કસર રાખીએ? દુશ્મન પ્રત્યે પણ હૈયે સ્નેહ અને દયા ન ઊભરાવીએ? આ દયાસ્નેહની મફતમાં કમાઈ છે.

**બાકી સામાનું મન જીતવાનો પ્રયત્ન રાખવો એ જીવનમાં એક મુખ્ય કાર્ય છે.**

બીજાના સંપર્કમાં તો આવવાનું જ છે; ને સંપર્કમાં આવેલા એ કોઈ અવસરે વિરુદ્ધ પ્રતિકૂળ વર્તવાના છે, આ સમજી જ રાખવાનું. તો પહેલેથી જો એમનું મન જીતી લઈએ, તો પછી એમને આપણા વિરોધમાં રહેવાનું કે આપણું પ્રતિકૂળ કરવાનું મન જ નહિ થાય. ઉલટું આપણું અનુકૂળ સાચવવા મન કરશે. આપણે બીજાના મન જીતી લીધા પછી ઘણી ઘણી ફજુલ અને દ્વેષિલી ચિંતાઓથી બચી જવાય છે, અલબત્ સામાનું મન જીતવા માટે જાતે સહી લેવાની ખમી લેવાની તૈયારી રાખવી જોઈએ. ત્યારે આપણા જ કર્મના વાંકે ખમવા–સહવાનું ક્યાં ઓછું આવે છે ?

**૩ કારણે શોક્યનો ભય નહિ :-**

ઋષિદત્તાએ 'રુક્મિણી શોક્ય થઈને આવે તો ?' એવો ભય ન રાખ્યો. કેમકે

(૧) એક તો એ વિષય પતિનો, તેથી એમાં માથું મરાય નહિ.

(૨) બીજું એ, કે પોતાને એવી વિષયલંપટતા નથી કે 'સામી શોક્યવ્યક્તિ મારાં વિષયસુખ લૂંટી જશે તો ?' એવો ભય રહે.

(૩) ત્રીજી વાત આ કે શોક્યવ્યક્તિનું મન કેમ જીતી લેવું એ પણ જીવનનું એક પ્રધાન અંગ બનાવતાં એને આવડે છે. જ્યારે આવો ભય નથી એટલે કુમાર જ્યાં માંગણી કરે છે કે, 'તમે અમારી સાથે ચાલો,' ત્યારે સાથે જઈ લગ્ન અટકાવવા ઋષિદત્તા ઝટ એ માની નથી લેતી. લગ્ન અટકાવવાની એને પડી નથી.

## ૬. હૈયે જિનશાસન ફરસ્યાનો માપદંડ

**સંયમીને રાજસંગતિથી વ્રત ઘવાય :—**

તેથી કુમારની સાથે ચાલવાની પ્રાર્થનાની સામે આ ઋષિદત્તા–જોગી કહે છે, 'કુમાર! તમે એવું ન બોલો; કેમકે

**'संयमिनो व्रतं देव ! दूष्यते राजसंगतेः ।**
**तेनैकान्ते स्थितैः साधुवरैर्ध्येयं परं महः ॥'**

સંયમી યોગીપુરુષને, રાજાની સંગતિથી, વ્રતને યોગ-માર્ગને દૂષણ લાગે છે. માટે સારા મુનિઓએ તો એકાન્ત સેવી પરમતેજ પરમાત્માનું જ ધ્યાન કરતા રહેવું જોઈએ.'

ઋષિદત્તા યોગીના વેશમાં છે, તેથી વેશને અનુરૂપ વાણી બોલે છે. જો એ ન આવડે તો તો વેશવિડંબણા જ થાય, વેશ શ્રાવિકાનો અને બોલ ગણિકાના બોલે તે શોભે? વેશ વિધવાનો અને બોલ સધવા જેવા બોલે તે શોભે? વેશ સાધુનો, અને બોલ આરંભસમારંભના બોલે, પરિગ્રહના બોલે, સ્ત્રીના યાર જેવા બોલે, એ કેટલું બેહુંદું?

ઉત્તમ વેશની વફાદારી જોઈએ. ઋષિદત્તા જોગીના વેશે એને છાજતા બોલ બોલી રહી છે કે 'રાજાઓના સંપર્ક રાખવામાં જોગીને પોતાનું વ્રત ઘવાય. માટે એવા બધા સંપર્ક ટાળી જોગીઓએ તો એકાન્તવાસ અર્થાત્ સ્ત્રીઓથી તદ્દન અલિપ્ત અને ભક્તોની બહુ બેઠક વિનાનું સ્થાન જ પકડવું જોઈએ. એવા સ્થાને રહીને પણ કામ શું કરવું? આ જ કે પરમાત્માનું ધ્યાન કરવાનું.'

સ્થાનનો મોટો મહિમા છે. જ્યાં સ્ત્રીઓની બહુ અવર-જવર હોય ત્યાં નવકારવાળી ગણો, અને એના બદલે જ્યાં સ્ત્રીનો પડછાયો પણ ન પડે એવા એકાંત સ્થળે માળા ગણો, એમાં કોઈ ફરક પડે? અરે ! પ્રભુનાં દર્શન કરતાં હો, અને આગળ સ્ત્રી આવે એમાં અને ન આવે એમાં ફરક પડે ખરો ? વીતરાગ ભગવાનનાં દર્શન કરતાં કરતાં વચમાં આજના ઉદ્ભટ વેશવાળી એક લફરી જો ઘુસી, તો દર્શનને ડહોળી નાખે.

**મંદિરમાં ઉદ્ભટ વેશ જોતાં** 'ઘરના બળ્યા વનમાં ગયા તો વનમાં લાગી આગ,' એના જેવું થાય. સંસારની વિષયોથી બળ્યાઝળ્યા ઠરવા માટે મંદિરમાં આવ્યા, પરંતુ ત્યાં ઉદ્ભટ વેશવાળી સ્ત્રીનાં દર્શને વિષયની આગ લાગી ! આંખ એના રૂપ–વિષયમાં આકર્ષાઈ. સ્ત્રી જોવામાં ન આવી હોત, તો આંખ વીતરાગ પ્રભુનાં દર્શનમાં ઠરી હતી, તે સ્ત્રીનું અંગોપાંગ જોતાં ઉન્માદમાં ચડી મસ્ત બની ! એ જ વિષયની આગ લાગી કહેવાય. વિષયનું સ્થાન મળવામાં આત્મા ભાનભૂલો બન્યો. આ સ્થાનનો મહિમા એની ભયાનકતા સમજી જો આત્માનો બચાવ કરવો હોય, તો વિષયોવાળા સ્થાનથી આઘા જ રહેવું પડે.

ઋષિદત્તા જોગિરાજ કનકરથને આ જ કહે છે કે–'રાજાઓની સંગતમાં સંયમીઓનો યોગ ઘવાય. માટે યોગીએ એવા બધા સંપર્ક વિનાના એકાન્ત સ્થાનમાં રહી પરમાત્મચિંતનમાં રહેવું જોઈએ. માટે તમારી સાથે મારે ન અવાય. જગતની વચમાં રહીને ઈન્દ્રિયોને, મનને અને આત્માને શાંત સ્વસ્થ અને

શીતળ રાખવા હોય તો ઉકળાટ કરાવનારા ઈંદ્રિયોના વિષયોથી અલિપ્તયાને આઘા ને આઘા જ રહેવું પડે. તો જ ચિત્તમાં શાંતતા–શીતલતા રહે.' પૂછો,

## ખોટા વિચાર કેમ અટકે :–

પ્ર૦– આઘા રહેવા છતાં મનમાં વિષયોના વિચાર આવી જવાથી ઉકળાટ ઊઠે છે એનું શું થાય ?

ઉ૦– એ ન ઊઠે માટે તો શાસ્ત્રકારોએ કહ્યું કે એકાન્તમાં એટલે કે વિષયોના સંયોગ વિનાના સ્થાનમાં રહીને પણ પરમાત્માનું ચિંતન–ધ્યાન કરતા રહેવાનું. એકાન્ત સેવ્યો એટલે ઈંદ્રિયોને તો એના વિષયોથી બચાવી લીધી. આંખને એવાં વિષયનાં રૂપ જોવા ન આપ્યાં; કાનને એવા સંગીતના કે કામોત્તેજક શબ્દ સાંભળવા ન આપ્યા; સ્પર્શન–ઇન્દ્રિયને એવા કોમળ સ્પર્શ ન આપ્યા; હવે બાકી રહ્યું મન. એ મનને એવા વિષયોના વિચાર ન અપાય એ માટે મનને પરમાત્માની વિચારણામાં જોડી દીધું. ત્યારે મનનું કામ સીધું છે,–એ એક વખતે એક વિષયમાં જ બેસે છે; એટલે જેટલું એને પરમાત્મામાં બેસાડયું, એટલો સમય એ વિષયોમાં ને કષાયોમાં નહિ બેસે. એમ એનો બચાવ થઇ જશે.

સારાંશ, સારા શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શરૂપી વિષયોથી અલિપ્ત સ્થાનમાં રહેવાનું. એટલે ઇન્દ્રિયો શાંત બેસી રહે; અને ત્યાં ધ્યાન–ચિંતન–વિચાર પરમાત્માના રાખવાના; પરમા-

ત્માની વાણીની અને એ વાણીએ કહેલ શાસ્ત્રવાતો અને તત્ત્વોના વિચાર રાખવાના. તેથી મનને બચાવ મળી જાય.

**મનને શાંત-શીતલ-પવિત્ર-કેમ રખાય ? :-**

આ હિસાબે જોશો તો દેખાશે કે વીતરાગ પરમાત્મા, એમનો ઉપદેશ, અને એમના ઉપદેશેલા તત્ત્વોનો કેટલો બધો ઊંચો પ્રભાવ છે કે મનને એમાં જોડી રાખવાથી વિષયો સ્મરણમાં પણ આવી શકતા નથી ! તેમ ક્રોધાદિ કષાયો ઊઠવા પામતા નથી ! તેથી મન અને આત્મા ખૂબ જ શાંત શીતલ અને પવિત્ર રહે છે. બોલો આ શાંતતા-શીતલતા-પવિત્રતા જોઈએ છે ? ખપે છે ? તો દિવસે ને રાતે વારંવાર આંખ મીંચીને મનને પરમાત્માના વિચારમાં જોડો, પરમાત્માની આજ્ઞા વિચારવામાં જોડો, પરમાત્માએ કહેલાં તત્ત્વ અને મોક્ષ માર્ગના વિચારમાં જોડો. બોલો, આ કેટલું કરો છો ? મન મળ્યું એ એવા ધનસંગ્રહ અને સુખભોગની જ વાતોમાં ખરચાય એમાં લેખે લાગે છે ! કોઈ દિવસ પાછું વાળીને જોવાની વાત નથી કે આ હું ઉચ્ચ માનવભવને ઉચ્ચ રસ્તે લઈ જઈ રહ્યો છું ? કે અધમ રસ્તે ? ગુણિયલ બનવાના માર્ગે છું ? કે અવગુણો પોષવાના માર્ગે ? મન પર માત્ર ધનવાન અને સુખભોગી માણસોના જ અંજામણ હોય, ને એમનું જ આલંબન લઈ જીવન જીવવાનું રાખ્યું હોય, ત્યાં આ વિચાર શાનો આવે ?

**શાશન પામ્યાનો માપદંડ :-**

બસ, આ દાખલાથી મન પર અંજામણ જો પ્રભુનું રાખ્યું હોય, પ્રભુના ભક્ત મહાપુરુષોનું રાખ્યું હોય, તો મનને એમ હરખ ઊભરાતો રહે કે, 'અહો ! કેવા એમના મહાન ત્યાગ !

કેવી ઉત્તમ એમની ક્ષમા-સમતા ! કેવી સહિષ્ણુતા ! કેવા તપ ! કેવા દાન ! કેવી કઠોર સંયમ સાધના !....' મન એ બધા ગુણ-વૈભવથી અંજાયું રહે, એટલે પોતાના જીવન માટે એનું આલંબન લેવાયા કરે.

**ઉત્તમ ભવ અને ઉત્તમોત્તમ જિનશાસન પામી, એ પામ્યા પહેલાની સ્થિતિ કરતાં આ મોટો ફરક પાડવાનો છે કે**

**(૧) જીવનના આદર્શ ઉમદા રખાય,**

**(૨) મનને અંજામણ ઉમદા ચીજોના હોય, ને**

**(૩) દિલ ઉત્તમ વાતોનું આલંબન લે.**

આદર્શ તરીકે કોઈ મોટા રાજરાજેશ્વર કે શ્રીમંત ભોગી નહિ, પણ મહાત્યાગી, મહાગુણનિધાન, મહાન આરાધક નજર સામે રહ્યા કરે. જીવન જીવતાં 'એવો મહાત્યાગી-ક્ષમાશીલ-તપસ્વી કેમ બનું,' એ ધ્યાન રહ્યા કરે. ભગવાન શ્રી જિનેશ્વર દેવનું શાસન નહોતા પામ્યા ત્યારે તો મિથ્યાત્વ અને તીવ્ર રાગાદિમાં ફસાયા આપણે સમ્રાટ કે અસાધારણ ધનવાન યા ઉચ્ચતમ ભોગી બનવાના કોડ સેવતા હતા. પરંતુ હવે એ પરમાત્માનું શાસન પામ્યા ઉપર પણ એવા જ આદર્શ નજર સામે રાખવાના ? ને એ બનવાના કોડ ધરવાના ?

**જિનશાસન પામ્યાની કસોટી આ, કે આપણા આદર્શ ઊંચા ઉમદા હોય.**

**અંજામણ જર ઝવેરાતના નહિ, પણ ત્યાગના હોય.**

એમ મનને અંજામણ તુચ્છ નાશવંત અને ભવમાં ભટકાવનારા, જનમ-મરણની વિટંબણામાં ફસાવનારા સત્તા-સંપત્તિ-રંગરાગનાં ન હોય, પણ ત્યાગ-નિસ્પૃહતા-ક્ષમાદિ ગુણોની તથા ઉચ્ચ સંયમ-તપ-અહિંસાની આરાધનાના હોય. મનને

'ઓહો !' લાગે તે શાલિભદ્રના દેવતાઈ વૈભવ અને દિવ્ય વિલાસો પર નહિ કે ઓહો ! કેવી રોજની રોજ દેવતાઈ માલની પ્રાપ્તિ ! ઓહો ! કેવા એના મનોરમ ભોગ !' એના ભોગ-વૈભવથી મન ન અંજાય; પરંતુ એની નિસ્પૃહતા, એના ત્યાગ, એની કઠોર સાધનાથી મન અંજાયા કરે.

મનને એમ થાય કે 'ઓહો ! શાલિભદ્રની કેટલી બધી નિસ્પૃહતા કે ગઈકાલનો દેવતાઈ નવાણું પેટીનો માલ જર-ઝવેરાત વગેરે બીજે દિવસે પણ તાજો નવો છતાં એને ખજાનામાં ભરવાની વાત નહિ, પણ એંઠવાડિયા કૂવામાં પધરાવી દેવાનો ! કેવી જબ્બર નિસ્પૃહતા ! એમ ઓહો ! કેવો એનો ભીષ્મ ત્યાગ કે રોજની મફતમાં ઊતરતી આવી દેવતાઈ પેટીઓની પુણ્યાઈના ભોગવટાને લાતે ફગાવી મહા કઠોર અહિંસા-સંયમ-તપનું ઉચ્ચ સાધુજીવન અપનાવી લેવાનો પુરુષાર્થ આદર્યો ! એમાં ય ઓહો ! શરીર-મમતાનો ય કેવો ત્યાગ કે માસખમણ સુધીના મહાતપ આદિ દ્વારા ગુલાબના ગોટા જેવી કાયાને ટૂંકા ટાઈમમાં કાળી હાડપિંજર-શી કરી દીધી !'

એમ અંજામણ એ નહિ કે, 'અહો ! મહાવીર પ્રભુનું કેવું બળ-પરાક્રમ કે ચરણ અંગુઠડે મેરુ કંપાવિઓ !' ના, આવું અંજાવાનું નહિ, કિન્તુ અંજામણ એ કે, 'ઓહો ! અતુલ બળ-સંપત્તિવાળા પણ પ્રભુએ ગમાર ગોવાળિયાના ખીલા પોતાના કાનમાં કડક સ્થિર રહીને ઠોકાવા દીધા !'

જૈન શાસન હૈયે વસ્યું છે એમ લાગે છે ? તો તપાસી જોજો કે હૈયામાં અંજામણ નાશવંત બળવૈભવ-સત્તાના નહિ, પણ ત્યાગ-ક્ષમા-સહિષ્ણુતા વગેરેના છે ? દિલને 'ઓહો !'

થાય એ આત્માના ગુણવૈભવ-તપવૈભવ અને ચારિત્રવૈભવ પર થાય છે ને? સમ્યગ્દર્શન પામ્યાનો આ માપદંડ છે. અનાદિ મનના રાહ પલટવા જેવા છે.

**અનાદિના રાહ ભૌતિક લીલા પર અંજાઈ જવાના હતા, તે બદલીને આધ્યાત્મિક સંપત્તિ અને આધ્યાત્મિક ગુણો પર અંજાવાના રાહ લેવા જેવા છે.**

પેલી ઋષિદત્તા મહાસતી વનમાં જોગી બનીને રહેલી, એને જીવનમાં મહાકડવા અનુભવ થઈ ગયા પછી હવે વિષય-સુખોનાં એવા અંજામણ નથી કે કુમાર જાતે એને કહે કે, ‘તમે ચાલો મારી સાથે, તમારા સંપર્કમાં મને બહુ આનંદ રહે છે,’ તો એથી લલચાઈ એને તરત સ્વીકારી લેવાનું મન થાય. એ તો કહે છે,-

‘કુમાર! અમારે જોગી લોકને રાજવી માણસોના સંપર્કમાં રહે વ્રતને ખામી આવે. જોગીનું કામ તો એકાન્તમાં અર્થાત્ એવા સંપર્કથી દૂર રહી પરમાત્માનું ધ્યાન ધરવાનું.’

વાત સાચી છે, જગતને ભૂલી પરમાત્માને ભજવા માટે તો જોગ લીધો; તો હવે જગતના વહીવંચામાં પડવાનું હોય?

**જગતની ચોવટમાં મનને જે ભમાવ્યા કરે, એ પરમાત્મા અર્થાત્ પરમાત્માની વીતરાગ અવસ્થા ચિંતવવામાં મન શી રીતે રાખી શકે?**

**દેરાસર શા માટે જાઓ છો?**

**જગતને ભૂલી જિનેશ્વર ભગવંતમાં ઠરાવા માટે જ ને?**

જો આ પાકું લક્ષ હોય તો દેરાસરમાં આડાઅવળા જગતના પદાર્થના વિચાર કરાય? એટલો મંદિરવાસ જેટલો અલ્પ પણ કાળ પરમાત્માની કઠોર સાધના અને વીતરાગતાની

સિદ્ધિમાં જ મન લગાવવાનું અને એમાં જ ઠરવાનું ન કરાય ? તે મંદિરમાં ય ભૂસા કુટવાના ? ફરી ફરી યાદ કરો કે,

**જગતને વિસાર્યા વિના જિનમાં ઠરવાનું નહિ બની શકે.**

**તુલનાથી મન વશ થાય :—**

'મનમાં જગતના નાશવંત પદાર્થોના કચરાને ભૂસામાં મન ડહોળ્યા કરવાનું દુન્વયી જીવનમાં તો આખો દિવસ ને રાત થયા કરે છે; પરંતુ જિનમંદિરમાં થોડો પણ કાળ આવ્યે એથી બચવાનો મહાન યોગ મળે છે, પછી શા સારુ રુડા પરમાત્માને મૂકી જગતના કૂડા વહીવંચામાં મન લઈ જ જવા દેવું ?' આવું બધી સાધના વખતે વિચારી શકાય.

**હીરાની ખાણુ મળી ત્યાંથી પથરા લેવાના ?**

'ખાવાના વિચાર તો ખાવાના દહાડે બહુ કરાય છે; પરંતુ તપના દિવસે શા માટે ખાવાના વિચાર કરું ?'

'દુન્યવી બાબતોની વિચારણા દુનિયાદારી સંભાળતાં તો પાર વિનાની થાય છે, પરંતુ માળા ગણતાં કે સ્તોત્ર સ્વાધ્યાયાદિ વખતે શા સારુ એવા વિચાર કરું ?'

'કૂતરા જેવા હલકા અવતારોમાં તો ક્રોધ–દ્વેષ–ઈર્ષ્યા બહુ કરી, પણ હવે આ ઉચ્ચ માનવ–અવતારે શા સારુ મનમાં એવા ક્રોધાદિના ઉકળાટ ઘાલું ?'

આમ, ધર્મનું આલંબન મળ્યા પછી મનને એમાં જ લાગ્યું રાખવા માટે દુનિયાના વહીવંચા અને રાગદ્વેષાદિ કષાયોના ઉકળાટથી મનને અભડાતું અટકાવવું જોઈએ. તો જ ભગવાન અને ભગવાનના મોક્ષમાર્ગમાં મનને સારી રીતે લગાવી શકાશે, મન એમાં જ સારું લાગ્યું રહેશે, મન એમાં ઠરશે.

ઋષિદત્તા કહે છે, 'અમારે સંયમીને જો રાજસંપર્ક વગેરેમાં પડવાનું થાય, તો મન એવા બાહ્યભાવમાં તણાઈ જવાથી સંયમના આધ્યાત્મિક યોગમાં મનની સ્થિરતા ન રહે, સંયમયોગ ઘવાય.'

અહીં જોવા જેવું છે કે ઋષિદત્તાએ કાંઇ જીવનભર માટે સંસારત્યાગ યાને ભોગિજીવનનો ત્યાગ કરી યોગિજીવન નથી લીધું. પરંતુ 'કામચલાઉ જે યોગિવેશ લીધો છે એને શોભતી બોલ-ચાલ જોઈએ,' એ સમજથી એ આમ કહી રહી છે. વેશ જુદો, ને વાણી જુદી કે વર્તાવ જુદો, એ તો વંચના છે; વિટંબણા છે.

એમ, વાણી-વર્તાવ જુદા, ને વેશ જુદો એ પણ વંચના છે, વિટંબણા છે. આજની બાઈઓ દેરાસરમાં વર્તાવ શો કરે છે? વીતરાગનાં દર્શન-ચૈત્યવંદન કરવાનો. વાણી શી બોલે છે? પ્રભુ ગુણગાનની, આત્મદોષોની, કે વૈરાગ્યની. પણ વેશ કેવો? ઉદ્ભટ; એટલે? મહારાગનો, કામરાગનો. આ એક આત્મવંચના સહિત પરવંચના કે બીજું કાંઈ? વિટંબણા કે શોભા? પણ મૂઢ જીવને આનું કશું ભાન નહિ, કશો વિચાર નહિ. એકજ લગન, એક જ લેશ્યા, કે મારાં કેશકલાપ અને અંગોપાંગ જગતને બતાવું. પછી ભલે એ વીતરાગની ભક્તિ કે પ્રાર્થનાના વર્તાવ કરીને બતાવી શકાતા હોય તો એ સહી. કેટલી મોહમૂઢતા?

વાણી-વર્તાવ જુદા ને વેશ જુદો, એ જેમ વિટંબણા; તેમ વેશ જુદો ઉત્તમ કોટિનો ને વાણી-વર્તાવ જુદા હલકા, એ પણ ઉત્તમવેશની વિટંબણા કર્યાનું ગણાય. નાટકિયો પણ જે વેશ પહેરે છે, એને છાજતા વાણી-વર્તાવ રાખે છે.

**વેશ તેવા વર્તાવ પર નાટકિયાનું દૃષ્ટાન્ત :-**

ભાવનગરમાં એક નાટકકંપની આવી. એણે રાજા ભર્તૃહરિનું નાટક ગોઠવ્યું. નાટક ભજવવાનું ચાલુ થઈ ગયું. રાજા ભર્તૃહરિ રાજસભામાં સિંહાસન પર આરૂઢ થઇ ગયા છે, દરબાર ભરાયેલો છે, ને ત્યાં ભાવનગર નરેશ નાટક જોવા માટે આવ્યા. પ્રેક્ષકગણ ઊભો થઈ ગયો, પણ રાજા ભર્તૃહરિ બનેલો નટ–એક્ટર ત્યારે પોતાને મોટો રાજા સમજી સિંહાસન પરથી ઊઠયો નહિ. નરેશને અપમાન લાગ્યું, પોતાના હજુરિયાઓને પૂછે છે 'આ કોણ નાલાયક માણસ છે? એને વિનયવિવેકની ખબર નથી?'

પેલાઓએ કહ્યું 'નામદાર! એ સ્ટેજ પર મુખ્ય સ્થાને રહેલ રાજા ભર્તૃહરિ છે.'

'તેથી શું? મૂળ તો એક નટ જ છે ને? એને ઊભા થવાનો વિવેક નથી આવડતો?'

આ ધમધમાટની, અંદરમાં રહેલ, નાટકવાળાને ખબર પડી ગઈ. એણે ભર્તૃહરિ બનેલાને કશો ઇસારો કર્યો નહિ કે 'તું ઊભો થઈ ભાવનગર નરેશનું સન્માન કર અને ક્ષમા માગ.' કેમકે 'ભર્તૃહરિનો વેશ ભજવવો હોય તો એક સમ્રાટ રાજા તરીકે પોતાનો મોભો જાળવવો જોઇએ,' એમ એ સમજે છે.

તો પછી નરેશ બધું પડાવી લે કે કોઇ મોટી સજા કરે તો શું થાય? કશું જ નહિ, એવો પ્રસંગ જ ન આવે એ માટે નાટકકંપનીના માલિકે અંદરખાને તાબડતોબ પોતાનો સરંજામ પેક કરાવી લીધો, અને નાટક પૂરું થતાં જ તુરતાતુરત ત્યાંથી ઊપડી ગયા ને ભાવનગર રાજ્યની હદ છોડી ગયા. નરેશે સવારે બોલાવી ધમધમાવવાનું ધાર્યું હશે, પણ પેલા હતા જ કયાં?

## ૭. વેશ મુજબ વર્તાવ પર પંડિતનું દૃષ્ટાન્ત.

શું આ ? ‘ રાજાધિરાજના વેશની વિટંબણા નહિ કરવી’ એ વસ્તુ જાળવી; જો નાટકિયો એ જાળવે તો અહીં તો કામ-ચલાઉ યોગિજીવન જીવવા યોગિવેશ ધરનારી ઋષિદત્તા વેશનું ગૌરવ વેશની મર્યાદા કેમ ન સાચવે ?

જુના કાળમાં એક પંડિત હતો. વિદ્વત્તા ઘણી, પણ કહે છે ને કે લક્ષ્મી-સરસ્વતીને મેળ નહિ ? તે એ બિચારો જો કે પહેલાં તો રાજાનું વર્ષાસન પામતો, પણ પછીથી રાજાને ત્યાં નવા નવા પંડિત ગોઠવાયા, તે એનું વર્ષાસન બંધ થયું. ભાઈ જુની બચત ખાતાં ખાતાં નિર્ધન થઈ ગયા. ત્યારે લોકમાં હવે કયાં એવા રિવાજ છે કે પંડિતને નોંતરો, શાસ્ત્રચર્ચા સાંભળો, અને પુરસ્કાર આપો ? પંડિત નિર્ધનતામાં દહાડા મુશ્કેલીએ ગુજારે છે, ત્યારે પંડિતાણી કહે ‘ આમ ને આમ કેટલું ચાલશે ? તમે પરદેશ જાઓ ને કાંઇક કમાવી લાવો, તો જીવન-નિર્વાહ ચાલે.’

પંડિત શાસ્ત્રતત્ત્વોની વિચારણામાં લીન રહેતો; તેથી એને પૈસાની એવી પરવા નહોતી. બાઈને કહે ‘તમે ભગવાન પર ભરોસો રાખો. અવસરે કયાંકથી થોડું ય મળી રહેશે-એમનો જગત પર એવો પ્રભાવ છે કે જગત ભૂખ્યું ઊઠે છે, પણ ભૂખ્યું સૂતું નથી. આપણે બેને રોટલા ખાવાને ખર્ચ કેટલો ? એટલું નહિ મળી રહે ? તે શું કામ ચિંતા કરીને દુબળા પડો ? નિરાંતે ભગવાનનું ધ્યાન-ભજન કરો.’

પંડિતને બાળબચ્ચા નહોતા, કેમકે એ સંયમ ઘણું પાળતા.

**ઘરબારીને કામપીડા કેમ અટકે ? :-**

પ્ર૦– સંસારીજીવને સંયોગ છતે કામનો આવેગ ન થાય ?

ઉ૦– થાય, પણ એ તો અજ્ઞાન મૂઢ જીવને. આ તો પંડિત છે, એટલે રાતદિવસ શાસ્ત્રતત્ત્વોની ચિંતવના કરનારો હોઈ એને વિષયવિલાસ પર ઘૃણા બની રહે છે. વિલાસ પહેલો મનમાંથી ઊઠે છે. પરંતુ મનને જ્યાં તત્ત્વ અધ્યાત્મની વિચારણામાં જ બહુ ઓતપ્રોત કર્યે રાખ્યું ત્યાં વિલાસને ઊઠવાની જગા જ ક્યાંથી રહે ? પાછી આ વિચારણા હૃદયથી ભરપૂર થતી હોય એટલે નવરા પડેલા પશુને જેમ ખણજ ઊઠે એવું અહીં શાનું બને ? તમારે આવી શાસ્ત્રતત્ત્વોની ભરપૂર ચિંતવના નહિ, તેથી એવી વિષય ઘૃણા ય નહિ, અને નવરા પડેલા મનને ખણજ ઊઠયા કરે છે.

ત્યારે એ પૂછો,–

પ્ર૦– પણ પંડિતને ક્યારેક તો ખણજ પીડે ને ? ને એ મિટાવવા જતાં ગર્ભ રહેવાની શક્યતા નહિ ?

ઉ૦– પણ પંડિતે અહીં એવો હિસાબ રાખ્યો હતો કે ઋતુસ્નાન પછીના ૨૦–૨૫ દિવસ સુધી તો પાકું સંયમ બ્રહ્મચર્ય પાળવું. કેમકે એ દિવસોમાં ઋતુસ્રાવ અંશેય સંભવિત, તેથી ગર્ભ રહેવાને અવકાશ છે. પણ પછીના ૪–૫ દિવસમાં એ સ્રાવ તદ્દન બંધ થઈ જવાથી ગર્ભનો સંભવ નથી.' આ હિસાબ રાખીને પંડિત ૨૦–૨૫ દિવસ પૂર્ણ બ્રહ્મચર્ય પાળતો. પંડિતાણી પણ પંડિત પાસેથી શાસ્ત્રનાં તત્ત્વોની રોજ સમજ પામતી, વિચારણા પામતી, એટલે એને ય મન તત્ત્વમાં રમવાથી એવી વાસના નહોતી પીડતી.

**પંડિતની સંયમ માટે શિખામણ :-**

વળી પંડિત એને સમજાવતો કે "જુઓ, તમારે પરમાત્મામાં મન ઘાલવું છે? તો સમજી રાખો કે, 'જ્યાં કામ ત્યાં નહિ રામ; ને જ્યાં રામ ત્યાં નહિ કામ.' વિષયોમાં લંપટ બનેલું મન પ્રભુમાં પ્રવેશ જ નહિ પામી શકે. આપણને આવો ઊંચો અવતાર મળ્યો છે એ શું અનાદિના વિષયલંપટ મનને વધુ લંપટ બન્યું રાખવા મળ્યો છે? કે એની લંપટતાને શોષી નાખવા સારુ?

"હે ભાગ્યવતી! ભૂલશો નહિ, કે ઊંચો માનવભવ પામ્યા તે પશુના ખેલ કરવા માટે નહિ. પરમાત્માને ભજવા માટેની શ્રેષ્ઠ કાયાને વિષયચંડાળોથી અભડાવવાની ન હોય. બોલો, જનાવરની કાયામાં કે કીડા-મકોડાની કાયામાં પરમાત્માને એવા ભજવાની લાયકાત છે? ના, એ તો માનવકાયાને વરદાન છે કે તું ફાવે તેટલું પરમાત્માને તન-મન-ધનથી ભજ. એવી ઊંચી યોગ્યતા અને શક્તિ-સગવડવાળી કાયા પાસે શું કરાવાય?

"હે સુબુદ્ધે! એ પણ ખાસ વિચારવા જેવું છે કે ઇન્દ્રિયો અને તનને સુખ-સુખ આપ્યા કરવાથી આત્માનું શું લીલું વળવાનું? આત્માને તો ઉલ્ટું એ વાચના અને સુખ રસના કુટિલ સંસ્કાર જમા થયે જવાના, જે આગળ પર આત્માને વિશેષ ભૂખારવો બનાવશે! અનંત કાળમાં અનંત વાર ઇન્દ્રિયો અને કાયાને સુખ આપ્યે રાખ્યાં, તેમજ અહીં પણ આજ સુધી એ ધંધા કર્યા, છતાં જુઓ કે એ હજી એવા પૂરા તૃપ્ત થયા નથી કે હવે એને વિષયસુખની ખણજ જ ન ઊઠે! અનંત વારના ભોગવટા પછી પણ જો આ દશા, તો વિચારો

કે હજી પણ એ વિષયોના ભોગવટાથી શી તૃપ્તિ થવાની હતી? માટે આ ચાળો જ ખોટો છે. એ તો તૃપ્તિ થશે તો સંયમથી જ થશે–મનને એ જ મનાવવાનું કે હું કાંઈ નવરો નથી કે સદા ભૂખી ને ભૂખી જ રહેનાર ઇંદ્રિયોને વિષયસંગથી સુખ આપવાની મૂર્ખાઈ કરું ! મેં એવી શી ભાંગ ખાધી છે કે મારું હિત જોવાનું બાજુએ રાખી પારકી અને નાશવંત એવી કાયા તથા ઇંદ્રિયોના તર્પણ કર્યા કરું ? એને સુખ ન મળે એમાં મારું કાંઈ જ બગડતું નથી, બલ્કે સુધરે છે. ”

—આવું આવું પંડિતે પત્નીને સમજાવી મૂકેલું હશે તેથી પત્ની એના સંયમમાં અનુકૂળ થયેલી. તેથી સંતાન વધવાની ચિંતા નહોતી. એનો ખાધાખરચ મામુલી હતો, તેથી પંડિત નિશ્ચિંત રહી શાસ્ત્રતત્ત્વનાં ચિંતનમાં મસ્તીથી દિવસો ગુજારતો. પરંતુ હવે ખાવાનું ખૂટવા આવ્યું ત્યારે પંડિતાણી કહે છે, ‘લ્યો, હવે તો હાંલ્લામાં ઓરવું શું ? માટે તમે જાઓ પરદેશ અને કંઈક કમાઈ લાવો.”

**પંડિત પરદેશ જવા :-**

પંડિતે પણ જોયું કે હવે જવું પડશે; તેથી પરદેશ જવા તૈયાર થયો. કાંઈક ભાતું બાંધી નીકળી પડે છે. ગામબહાર નીકળતાં અપશુકન થયું, તેથી વિચારે છે કે, ‘આમ તો અપશુકનમાં આગળ ન વધાય. માટે આજની રાત અહીં ધર્મશાળામાં સૂઈ જાઉં. વહેલી પ્રભાતે ઊઠીને આગળ વધીશ.’

પંડિત રાતના ધર્મશાળામાં મુકામ રાખે છે, પણ વિદ્વાન છે ને ? તેથી વિશ્વના વિચિત્ર ભાવોના વિચારમાં ચડયો. એ વિચારમાં એકાએક એવું સ્ફૂરી આવ્યું કે ‘ હું અહીં જ રહીને

એક દિવસ માટે અવધુત યોગીનો વેશ કરું, ને જોઉં કે ઘેલું જગત શું કરે છે.'

**માથે બંધન હોય તો પતન અટકે :-**

આ કેવો તરંગ! કેમ આવો તરંગ થયો? એટલા માટે કે હવે પરદેશ જવા નીકળ્યો છે ને? એટલે પરદેશ-ભ્રમણમાં તો ગમે તે પ્રવૃત્તિ કરવા સ્વતંત્રતા મળી છે, 'ઘરની બૈરી શું કહેશે? નાતિલા શું કહેશે? ઓળખીતા શું કહેશે?....' વગેરે કશો ભય કે સંકોચ રહ્યો નથી. પરદેશમાં જ્યાં બૈરી, નાતિલા કે ઓળખીતા પારખીતા છે જ નહિ, પછી સંકોચ શાનો? માણસને ગમે તેમ વર્તવા-આડે આ બંધનો છે માટે તો કેટલીક વાર માણસ પોતાના નગરમાં જ્યાં ત્યાં ભટકતો નથી, કે દુરાચારના માર્ગે નથી જતો, એ જ માણસ પરદેશમાં જ્યાં ત્યાં ભટકતો થાય છે! અને કેટલીક વાર દુરાચારના માર્ગે પણ ઝંપલાવે છે! કારણ કે ત્યાં કોની રોકટોક? પત્ની-કુટુંબ-નાતિલા વગેરે ત્યાં ન હોઈ બંધન વિનાનો સ્વતંત્ર બને છે.

ત્યારે પૈસાના લોભે પરદેશ જનારાને શું આ વિચાર રહેતો હશે કે 'ત્યાં આ રીતની સ્વતંત્રતા મળ્યા પછી જીવ ગમે ત્યાં નહિ ભટકે? જે તે પ્રવૃત્તિ નહિ કરે? યાવત્ યુવાનીના વિષયોન્માદ પોષવા આડે રસ્તે નહિ ઊતરી પડે?' આજે તો જાતને ય આ વિચાર નથી, ને વહાલા-વાલેસરીને ય આ વિચાર રહેતો નથી; એટલે તો પરદેશ હોંશે હોંશે મોકલે છે! ત્યાં જવાનાં અભિનંદન-મેળાવડા યોજે છે!

તો બોલો, જીવનમાં પૈસાની બહુ કિંમત? કે કુટુંબ-

નાતિલા વગેરેનાં બંધનથી ય સીધા માર્ગે ચાલવાની, ને આડાઅવળા ન ભટકવાની મોટી કિંમત? ગમે તે યથેચ્છ પ્રવૃત્તિ ન કરવાનીં અને દુરાચારના માર્ગે ન ઘસડાવાની મોટી કિંમત? કે પૈસાની મોટી કિંમત? જેને માનવ અવતારની વિશિષ્ટતા અને બહુ-મૂલ્યતા સમજાઈ હોય એ જ પૈસા કરતાં આ સદાચારાદિની જ ખરી કિંમત આંકી શકે.

પશુ અવતાર કરતાં માનવ-અવતાર ઊંચો શાથી?

**પૈસા બહુ કમાઈ શકાય એથી નહિ; પણ યથેચ્છ પ્રવૃત્તિ-દોડધામ અને પાંચે ઇંદ્રિયોના દુરાચારો અટકી જાય એથી.**

પશુને પૂરી સ્વતંત્રતા, તે ગમે ત્યાં ભટકે, ગમે તે કરે, અને દુરાચારો સેવે. વિચારજો આજે દેશમાં સ્વતંત્રતા ગવાય છે, તે આ જ ને? આવી સ્વતંત્રતા ગોઝારી? કે આશીર્વાદરૂપ? એ દિવ્ય સ્વતંત્રતા? કે પાશવી સ્વચ્છંદતા છે? આજે માબાપોને છોકરા-છોકરીને આવી સ્વતંત્રતા આપવી ગમે છે, પણ એનાં ખતરનાક પરિણામનો વિચાર ખરો? કહો ને કે એ પરિણામો પણ વાંધાભર્યાં નથી લાગતા! ધન્ય બુદ્ધિ! ધન્ય અવતાર!

ઉંમરલાયક છોકરી-છોકરી ગમે ત્યાં ભટકે, ગમે તે કરે, એ છૂટમાંએ આડા માર્ગે નહિ જાય? અરે! નાની ઉંમરથી આ છૂટમાં કેટલાય છોકરા-છોકરી કુસંગના પ્રતાપે ખરાબ કુટેવના ભોગ બની ગયા છે! પછી ઉંમરમાં આવતાં એ ટેવ તો છૂટે જ શાની? વળી એમાં એવાં બિભત્સ સિનેમા-દૃશ્યો જોવા મળે, છાપામાં સિનેચિત્રો ને બિભત્સ લખાણો દેખવા મળે, પાછું એમાં આજના રિવાજ મુજબ ૨૨-૨૫

વરસની ઉંમર પહેલાં લગ્ન થાય નહિ, એટલે આજની ૧૪–૧૫ વરસની ઉંમરથી યુવાની યાને વિષયવાસના પ્રગટ થઈ જતાં, એ પછીના વરસો પેલી કુટેવમાં કેવા કાઢે ?

**ભ્રમમાં ન રહો :-**

અમેરિકાના આના આંકડા સાંભળો તો દિંગ થઇ જાઓ. અહીં આંકડા કોઈ કાઢતું નથી, એટલે બધું બરાબર સદાચાર-મય ચાલે છે એમ સમજતા નહિ. સાધુ પાસે ઊપદેશ સાંભળીને પરલોકનો ભય લાગીને તથા કુટેવની ભયંકરતા અને જીવનની બરબાદી સમજીને જે કેટલાક યોગ્ય આત્માઓ અમારી આગળ આવીને ઈકરાર કરે છે, ને પ્રાયશ્ચિત લે છે, એ પરથી સહેજે અનુમાન થાય કે આજની નવી પ્રજા કેવી ખરાબ છંદે ચડી ગઇ હોય !

છોકરા–છોકરી માબાપને તો કહે જ શાના ? એટલે માબાપ સમજી બેઠા હોય છે કે અમારા છોકરા–છોકરી ડાહ્યા ડમરા છે, સીધી લાઇને ચાલે છે. માબાપ પાછા મૂરખ એવા કે અમારા ઉપદેશ પણ છોકરા–છોકરીને સાંભળવા ન દે કે સાંભળવા દબાણ યા પ્રોત્સાહન પણ ન કરે ! ! ભય કે ‘ રખેને એને વૈરાગ્ય લાગી જાય તો ? ’ અરે મૂર્ખ ! વૈરાગ્ય લાગવા તો દે, તો એ પોતાની કુટેવની ભયંકરતા સમજશે. તમને નહિ, તો ગુરુને પાપ કહી પ્રાયશ્ચિત્ત લેશે, તેમજ જીવનમાંથી એ બદી કાઢવા પ્રેરણા મેળવશે, તો એના જીવનમાં સુધારો થશે. ધ્યાનમાં રહે કે તમને તો એ કહેવાના નથી, તેમ તમે એને એ અંગે કશું પૂછવાના નથી, પછી સુધારો ક્યાં થવાનો ? ’ આવું એ મૂર્ખ માબાપને કોણ સમજાવે ?

**સંતાનને શિખામણ :-**

બોલો, તમે તમારા છોકરા–છોકરીને પાસે બેસાડી શાંતિથી અને પ્રેમથી પૂછો છો ખરા કે, "ભાઈ ! તું મિત્રોની સંગતમાં શું શું કરે છે ? તને કોઈ છોકરા–છોકરી ચોરી કે બીજી ખરાબ ચેષ્ટા તો નથી શીખવાડતા ને ? જો જે હોં ખરાબ કુટેવમાં ન ફસાઈશ, નહિતર તારું જીવન પાયમાલ થઈ જશે. મોટા થયે ચોરીની કુટેવ મોટી થશે ને એ તને આ રીતે ભંયકર નીવડશે. એમ ખરાબ ચેષ્ટાની કુટેવ તારા શરીરના રાજા વીર્યને ખત્મ કરશે ! તો ભયાનક ટી. બી. જેવા દરદ લાગશે ! યા અંદરથી તું મુડદાલ જેવો થઈ જઈશ...." વગેરે વગેરે છોકરા–છોકરીને સમજાવો ખરા ? છોકરાને એમ સમજાવતાં સમજાવતાં પ્રેમથી અને યુકિતથી એના પેટનાં પાપનો ઇકરાર કરાવો છો ખરા ? ના, આ કશું આવડતું નથી, ને એ જેને આવડે એવા સાધુ પુરુષોના સંપર્કમાં એને આવવા દેવા નથી, તે તમે કલ્યાણ માબાપ છો ? કે એને પૈસા આપી તથા કુસંગ–સિનેમા–કુવાંચનની છૂટ આપી ઉન્માર્ગમાં આડકતરો સહારો કરનારા એને એ કરી એનું સત્યાનાશ કાઢનારા હિતશત્રુ દૈત્ય છો ?

**પંડિત યોગિવેશે :-**

વાત આ હતી કે પરદેશમાં એકલાને ગમે ત્યાં ભટકવાની, ગમે તે કરવાની અને દુરાચારના માર્ગે પણ જવાની છૂટ હોય છે, એ છૂટ એ સ્વતંત્રતા ગોઝારી છે. અલબત્ પરદેશમાં ગમે તે કરવાની છૂટ ઉપર સારું પણ કરનારા કોઈક હોય; પરંતુ તે કેટલા હોય ? પેલા પંડિતને આ છૂટ પર તરંગ સ્ફુર્યો કે 'લાવને જરા યોગિવેશ કરી જોઉં તો ખરો કે

'દુનિયા એમાં કેવી તણાય છે? રાજા આકર્ષાય છે કે કેમ?

એણે રાતના કપડાં ઉતારી પોટલી બાંધી લીધી, માત્ર એક લંગોટી પહેરી, અને ગામબહાર જંગલમાંથી ઘાસ લઈ સળગાવી રાખ કરી, ને એ રાખ આખા શરીરે ને મોં પર લગાડી દીધી, વળી મોં અને શરીર પર મેશના લીટા તાણ્યા, વાળ બાંધીને જટા બનાવી! પછી પરોઢિયે ગામ બહાર નાકે એક ઝાડ નીચે સામે લાકડાં સળગતા રાખી પગ પર પગ ચડાવી બેસી ગયો, ને લોક આવતા દેખાયા એટલે ધ્યાનમાં બેસી ઇષ્ટ દેવનો જાપ કરતાં હોઠ પટપટાવવા માંડયા!

બહાર નીકળેલા લોકોને લાગ્યું કે 'આ કોઈ યોગિરાજ પધાર્યા છે.' લોક એમને 'નમસ્તે નમસ્તે' કરે છે, છતાં આ યોગી બોલતા નથી, ને અર્ધમીચી આંખે જાપમાં તલ્લીન રહે છે; તેથી લોક સમજે છે કે આ તો કોઈ મહાન યોગિરાજ લાગે છે! આ જોઈગયેલ લોકો ગામમાં જઇ વાત ફેલાવે છે, તેથી દર્શનાર્થે લોકની પંગત આવતી શરુ થઇ ગઇ! પછી તો વાત આગળ વધતાં ઠેઠ દિવાન અને રાજા સુધી પહોંચી ગઈ કે 'કોઈ મોટા યોગિરાજ પધાર્યા છે!'

લોકનો ધડો છે? આગળ પાછળ કશું જોવા વિચારવાનું ખરું? ના, એક તણાયો, પાછળ બીજો તણાયો, એની પાછળ ત્રીજો....ચોથો...ચાલ્યું. બધા એકસરખી વાત કરે છે, 'યોગિરાજ મોટા પધાર્યા છે.' આગળ–પાછળનું જોવું વિચારવું ન હોય, એવા લોકનો શો ધડો રખાય? આજે એવા લોકની વાતો બહુ ચાલે છે. વાતનો પાયો જ ન હોય, ને એવી વાતો સાચા જેવી

ચાલે છે. એના પર આધાર રખાય ? તેમ આવા લોકને ખુશ કરવા મથાય એમાંથી કાંઈ સાર નીકળે ?

## લોકો ઘડા વિનાના

**ઘડા વિનાના લોકને રાજી કરવા મથવું કે એની શરમમાં પડવું અને એ માટે કાંઈ અજુગતું બોલવું કે ભગવાનની-આજ્ઞાથી વિરૂદ્ધ બોલ કાઢવા, અથવા અજુગતી યા જિનાજ્ઞા વિરૂદ્ધ પ્રવૃત્તિ કરવી એ મૂઢતા છે, મૂર્ખતા છે.**

કેમ મૂર્ખતા? કારણ આ જ કે લોકોનો ઘડો નહિ, એટલે આજ તો એ રાજી થઈ આપણને સારા કહે, પણ કાલે નારાજ થઈ એ જ લોકો આપણને ખરાબ કહેતાં સંકોચ નહિ રાખે. લોકોને તો ઉપર ઉપરનું જોઈ સાંભળી મદાર બાંધવો છે ને ? તે કાલે કોઈના મોંઢે આપણી હલકાઈ સાંભળી એમાં સાથ પૂરશે ! સીતાજી વનવાસમાં રાવણને ત્યાં મક્કમ સતીત્વ રાખી પાછા અયોધ્યા આવ્યા, તો લોકે એમને વખાણ્યા; પણ પછીથી કોઈના મોંઢે સીતાની હલકાઇ સાંભળી 'કે શું રાવણને ત્યાં એકલા રહી આવ્યાં એ વળી સતી હોય ?' તો લોકો હવે એ ગાવા માંડ્યું કે ત્યારે આવા પરપુરુષને ત્યાં રહી આવેલ સીતાને રામે સંઘરાતા હશે ?' છે ઘડો લોકોનો ? પણ રામ એવા લોકોની શરમમાં પડ્યા ! અને લોકોને રાજી રાખવા નિર્દોષ સીતાને છેહ દીધો, એકલાઅટુલા એમને વનમાં ત્યજાવી દીધા. કેટલું બધું અજુગતું ? કોણ કરાવે છે એ ? ઘડા વિનાના લોકોને રાજી રાખવાની વૃત્તિ.

## ભિખારીની દીક્ષાનું દૃષ્ટાન્ત :

અભયકુમારનાં વખતમાં આચાર્ય મહારાજે એક ભિખારી જેવા પણ વૈરાગી બનેલાને દીક્ષા આપી સાધુ બનાવ્યો. એના પર

એ ચાર જણે ફેલાવ્યું કે 'લ્યો, ખાવા ન મળ્યું તો બાવા બન્યા.' બસ ચાલ્યું લોકોમાં એ સૂત્ર; તે નવા મુનિ બહાર નીકળે છે ત્યાં પાછળ કાન પર એવા બોલ આવે છે. નવા સાધુ ડાહ્યા હતા તે એ નિંદા સાંભળી પાછા રવાના ન થયા પણ ગુરુને વાત જણાવી કે લોક આ રીતે ધર્મની નિંદા કરે છે, આચાર્ય મહારાજ પણ શાણા હતા એટલે એમણે લોક પર મદાર બાંધી એમ ન કહ્યું કે, 'તો ભાઈ! તારા નિમિત્તે નિંદા થાય છે માટે તું ઘેર જા;' ના એમણે મુનિઓને કહ્યું, 'વિહારની તૈયારી કરો. અહીંથી જઈએ એટલે લોકોને બોલવાનું ન રહે.' એવામાં અભયકુમાર આવ્યા, પૂછે છે. 'શાનો એકદમ જ વિહાર?' આચાર્ય મહારાજે અભયકુમારને કહ્યું, 'લોક આવી નિંદા કરે છે તેથી અમે અહીંથી વિહાર કરી જઈએ છીએ.'

શું આ? લોક નિંદા કરતું હોય ત્યાં એ અટકાવવા રસ્તો કાઢવાનો હોય, પણ કશું અનુચિત કે જિનાજ્ઞાથી વિરુદ્ધ વર્તવાનું ન હોય, એ આચાર્ય મહારાજની ગણતરી છે.

અભયકુમાર વિનંતિ કરે છે. 'સાહેબજી! આપ વિહાર ન કરો. હું રસ્તો કાઢું છું જેથી એ જ લોકો ચારિત્રના ગુણ ગાય અને નવા મહારાજના આ મહાપરાક્રમને અભિનંદે.'

પછી અભયકુમારે બગીચામાં સોનૈયાના ત્રણ ઢગ કરાવી લોકોને ત્યાં નોંતરી જાહેર કર્યું કે, 'જે જીવનભર માટે સ્ત્રી, અગ્નિ અને કાચા પાણીના સ્પર્શનો ત્યાગ કરે એને આ ત્રણ ઢગલા મફત આપી દેવાના છે. જેની તૈયારી હોય તે આવો અહીં ને સોનૈયા લઈ જાઓ.'

કોણ લેવા આવે ? એક નહિ. અભયકુમાર પૂછે છે, 'કેમ કોઈ આવતું નથી ?'

લોક કહે, 'જો એ ત્રણ સદંતર છોડવાનાં હોય, તો પછી આ સોનૈયા લઈને શું કરવાના ? રંગરાગ ઉડાવવા અને લહેર કરવા માટે તો સોનૈયા લેવા આવ્યા છીએ, ને એ લહેર માટે તો સ્ત્રી–અગ્નિ–પાણીને અડવું જ પડે. હવે જો એ અડવાનું જ બંધ કરીએ તો પછી રંગરાગ–લહેર શી રીતે થાય ?'

એ પર અભયકુમાર કહે છે, 'ત્યારે મૂર્ખ લોકો ! એટલું તો નક્કી થયું ને કે આ ત્રણનો સ્પર્શ પણ ન કરવો એ ખરેખરું પરાક્રમ છે. તો પછી પેલા ગરીબી દશામાંથી સાધુ થયેલાની નિંદા કેમ કરો છો ? તમે પરાક્રમી ? કે એ મુનિ પરાક્રમી ? જુઓ એમને તો હવે આ ત્રણ ઉપરાંત પણ વનસ્પતિ સ્પર્શ–મૃષાભાષણ–ચોરી વગેરે ઘણું ઘણું ત્યાજ્ય છે, એટલે સોનૈયાના હકદાર ગણાય ને ? છતાં જુઓ જો, આખા આ ટોળામાં, છે એ કયાંય હાજર ? તમે તો મફતમાં સોનૈયા મળે છે એ સાંભળી લાલચુ થઈ દોડતા આવ્યા, પણ એમને કશી લાલચ લાગી નહિ, તો શું એ બિનલાલચુ નિંદા કરવા લાયક ? ને લાલચુ વખાણવા લાયક ? શું જોઈને 'ખાવા ન મળ્યું તો બાવા બન્યા એવી નિંદા કરો છો ?'

લોકો આ સાંભળી થીજી ગયા, માફી માગી, ને હવે એ ગરીબીમાંથી મુનિ બનેલની પ્રશંસા કરવા લાગ્યા કે, 'ભાઈ! ધન્ય એ મહાત્માને કે જેમણે જીવનભર માટે લાલચ તૃષ્ણા મૂકી ! ને સ્ત્રી–અગ્નિ–પાણી–વનસ્પતિને અડવાનું પણ છોડયું !'

જુઓ, આ તે લોક હવે પ્રશંસક છે કે જે એક-વાર એ ચાર જણાના મુખે સાંભળી નિંદા કરતા હતા કે, 'ખાવા ન મળ્યું તે બાવા બન્યા.' એવા લોકોનો શો ધડો?

**લોકને રાજી રાખવામાં કેટલું ગુમાવવાનું? :-**

માણુસ એવા ધડા વિનાના લોકને રાજી રાખવા નિંદા કરે છે, કુથલી કરે છે, ખોટા દમામના ખરચા રાખે છે, અવસરે જુઠા બોલે છે, ખોટી જાત બડાઇ હાંકે છે....વગેરે કેટલુંય આમાં એ બધું ગુમાવે છે?

નિંદા કરે એટલે ગુણાનુવાદ ગુમાવે, દેવગુરુસેવા-ભક્તિ ગુમાવે. કુથલી કરે એટલો સમય સજ્ઝાયધ્યાન ગુમાવે.

જાત બડાઈમાં મહાપુરુષોનાં ગુણગાન કરવાનું ભૂલે.

ખોટા ખરચામાં એટલો ખરચ પરોપકાર-પરમાર્થમાં કરવાનું ગુમાવે.

જૂઠ બોલે એમાં સત્ય ગુમાવે યા ગંભીરતા ગુમાવે.

ગુમાવવાનું કેટકેટલું? શાથી? ધડા વિનાના લોકને રાજી કરવા છે માટે.

આજે જૈનો લોકને રીઝવવા લગ્નનાં રીસેપ્શન કરવા શીખ્યા. એમાં પોતાની જ દીકરી કે પુત્રવધુને લાજ-શરમ મુકાવી ખુલ્લા માથે લોકની સામે ઊભી કરે છે! ઉપરાંત સમૂહને રાત્રિભોજન કરાવે છે, કદાચ આઈસક્રીમ વગેરે અભક્ષ્ય પણ ખવરાવે છે. બધું શા માટે? લોકને રીઝવવા જ ને? એવું જ ધડા વિનાના લોકની શરમમાં પડીને ય માણુસ પરલોકહિત ઘણું ગુમાવે છે. મરીચિએ અયોગ્ય કપિલ રાજ-કુમારને રીઝવવા માટે કહો, કે એની શરમમાં પડી કહો, પણ

ઉત્સૂત્રભાષણ કર્યું, અને સંસારભ્રમણ વધાર્યું.

**ધડા વિનાના લોક પાછળ ટટ્ટુ ગુમાવ્યું :-**

પેલી વાત આવે છે ને કે મેળામાં ટટ્ટુ વેચવા નીકળેલા બાપ–દીકરાએ લોકને રાજી રાખવા જતાં પૂલ પરથી પસાર થતી વખતે ટટ્ટુ ગુમાવ્યું ? કારણ ? પહેલાં લોક કહે, 'કેવા આ મૂરખ ! છતે ટટ્ટુએ પગે બળતા ચાલે છે' ત્યારે છોકરાએ બાપને ટટ્ટુ પર બેસાડ્યો. તો હવે લોક એવું કહેનાર મળ્યું કે 'હાય ! આ બાપ કેવો સ્વાર્થીલો કે પોતે ટટ્ટુ પર ચડી બેસી, ફૂલ જેવા કનૈયા–કુંવરને પગે ચલાવે છે !' ત્યારે પોતે નીચે ઊતરીને દીકરાને ટટ્ટુ પર બેસાડી ચાલે છે તો હવે એવું લોક મળ્યું કે જે બોલે છે, 'અધધધ ! કેવો કળિયુગ ? આજના છોકરાની ઉદ્ધતાઈ તો જુઓ, પોતે ઘોડે ચડી બેઠો છે, ને બાપને બિચારાને પગે ચલાવે છે !' પછી બંને ટટ્ટુ પર ચડી બેસી ચાલ્યા ત્યારે એવું લોક મળે છે કે જે કહે છે 'અરરર ! આ બંને કેટલા નિષ્ઠુર તે બંને લટ્ઠેબાજ બિચારા આ નાનકડા ટટ્ટુ પર ચડી બેઠા છે !' ક્યાં રહ્યો લોકને ધડો ? એવાના વિશ્વાસે બાપ દીકરો પગે ચાલતાં મોટા વાંસ પર ઊંચકી ટટ્ટુને લઈ જઈ રહ્યા છે. એમાં પૂલ પરથી મોટી નદી દેખતા ટટ્ટુ ગભરાયું તે કૂદ્યું ને જઈ પડ્યું નદીમાં ! શાના પાપે ? ધડા વિનાના લોક પર વિશ્વાસ કરવાના પાપેસ્તો.

પેલો પંડિત યોગિરાજ બનીને બેસી ગયો છે, ને લોક ગાવા માંડ્યું છે કે 'ઓહો ! કેવા મહાન યોગિરાજ પધાર્યા છે ! કાંઈ બોલતા જ નથી, બસ ધ્યાનમાં જ રહે છે. લોકોનાં ટોળે ટોળા દર્શન કરવા આવે છે. એમાં પંડિતાણી પણ

આવી. એ ય પતિને ઓળખી ન શકી, તે એ ય વખાણવા મંડી, ને ધન્યવાદ આપે છે, 'ધન્ય યોગિરાજ ! સફળ તમારો અવતાર ! આ અમે મોહઘેલા, તે માયામાં ફસ્યા છીએ. તમે આ યુવાન વયે માયા મૂકી ! કેવો અજબ પુરુષાર્થ !'

રાજા યોગિદર્શને :–

લોક વળી ફળ મેવા વગેરેની ભેટ ધરે છે, પણ યોગી સામું ય જોતો નથી. એટલે લોક વધુ આકર્ષાય છે. હવે તો પ્રશંસા ઠેઠ રાજાના કાન સુધી પહોંચી. રાજા ધાર્મિક દિલનો; એટલે એને એવા ખાસ સંતસાધુનો સમાગમ ગમતો. તેથી મંત્રીને કહ્યું, 'આપણે એ યોગિરાજનાં દર્શને જવું છે; તો યોગિરાજને અનુકૂળ સમય પૂછાવી લો. એ સમયે આપણે જઇએ અને એમનાં દર્શન તથા વાણીશ્રવણથી પાવન થઇએ.'

મંત્રી કહે , 'મહારાજા ! સમય પૂછાવવાની વાતે ય શી ? સાંભળવા પ્રમાણે એ યોગીરાજ તો કોઈની સાથે બોલતા જ નથી, માત્ર પોતાના ધ્યાનમાં જ મગ્ન રહે છે.'

'તો એમ કરો, આપણે અત્યારે જ જઇએ. ભલે દર્શન–વંદનથી પાવન થઈશું.'

● ● ●

# દિલની હિસાબી ધાર્મિકતા

દિલની ધાર્મિકતા ચીજ જ એવી છે કે; 'જ્યારે જેટલો ધર્મ કમાવવાનો મળે ત્યારે એટલો કમાઈ લેવો,' એવી વૃત્તિ રખાવે. પછી ત્યાં એ જોવા ન બેસે કે, 'જઈએ તો ખરા, પણ કશું સાંભળવા નથી મળવાનું? તો જવાનું શું કામ છે?' ના, શ્રવણ નહિ સહી, પવિત્ર પુરુષનાં દર્શન-વંદન જેટલો ય ધર્મ મળે છે ને? એટલો તો એટલો સહી, પણ ધર્મ કમાઈ લઇ માનવ-તનમન અને માનવ-સમયને લેખે લગાડી દેવા.

---

બાકી ધર્મ વિના તો એ એળે જ જઈ રહ્યા છે.

'જો ઘડી જાએ પ્રભુનાં ધ્યાનમાં, ધન ધન ભવી માનો.'

**ધાર્મિકતાનો ૫ પ્રકારે હિસાબ લક્ષમાં રહે, તે:-**

(૧) કાયાની પ્રવૃત્તિથી યા

(૨) આંખ-કાન-ઇંદ્રિયોના જોડાણથી, યા

(૩) ધનના વ્યયથી, યા

(૪) વાણીના ઉચ્ચારણથી, અને આ કશું ય બને એવું ન હોય ત્યાં

(૫) મનની વિચારણાથી ધર્મ શકયતાનુસાર કમાઈ લેવાનો રહે. જીવન પર નજર નાખશો તો દેખાશે કે

**દિલની એવી હિસાબી ધાર્મિકતા નથી, એટલે જ એક યા બીજી રીતે ધર્મ કમાઈ લેવાની કેટલીય તકો નિષ્ફળ જવા દેવાય છે.**

દા. ત. આવેશમાં ચડીને કોઇ આપણને ધમધમાવતો આવ્યો, ત્યાં મનમાં 'સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત' –આ સૂત્ર લગાડી 'આ બિચારો જીવ કર્મવશ કષાયથી પીડાઈ રહ્યો છે, એ દયાપાત્ર છે,' એમ વિચારી એના પર દયાભાવના ઊભી કરવાને અવકાશ છે, દયાભાવ દિલમાં જાગ્રત્ કરવાની

તક છે. પરંતુ એ તો જ બને કે દિલમાં ધાર્મિકતાનો હિસાબ હોય કે 'જે ઉપાયે ધર્મ કમાવાય એ ઉપાયે કમાઇ લેવો.' ત્યારે જો દયાભાવને બદલે ઉલ્ટું કષાયનો દ્વેષનો આવેશ જગાવાય છે, તો ધાર્મિકતા શી રીતે ઊભી રહે? જીવન તપાસવા જેવું છે ત્યાં દેખાશે કે કેવી અફસોસી છે કે આવા જ સામેથી પ્રતિકૂળતાના અવસરે જ જે એની દયાની અને ક્ષમા–સમતાની તક ગણાય, એ દયા–સમતાનો ધર્મ આદરવાની કેટલીય તકને વેડફી નખાય છે! અને અનાદિસિદ્ધ પશુસુલભ દ્વેષ ઝળકાવાય છે!

રસ્તે ચાલ્યા, માગતો કરગરતો અપંગ ભિખારી મળ્યો, નયા પાંચ પૈસાનાં પણ દાનની તક છે. દઇ દો તો સક્રિય દયા અને દાનનો યત્કિંચિત્ પણ ધર્મ કમાવાનું થાય છે. પણ ના, કીર્તિ મળે એવું હજાર રૂપિયાનું દાન કરવું છે, કિંતુ આવું વગર કીર્તિનું નાનું પરચુરણિયું દાન નહિ; ત્યાં દિલની ધાર્મિકતા કયાં રહી? એ નહિ એટલે જ રોજની પ્રભુપૂજામાં પોતાના ઘરનાં પૂજાદ્રવ્યો શક્તિ અનુસાર લઈ જવાતા નથી. દિલની ધાર્મિકતા હોય તો તો મનને એમ થાય કે આ તો રોજે એવાં ઘરનાં પૂજનદ્રવ્યો વાસક્ષેપ, થોડું પણ દૂધ, દીવી, ઘી, એક અગરબત્તી, વરખનું એક પાનિયું, વગેરે મંદિરે લઇ જવાનો ધર્મ તો મારે હાથવેંતમાં છે. એ કમાવાનો શું કામ ચૂકું? ખાધું ભોગવ્યું તો ગુમાવાશે; ત્યારે ધર્મમાં દીધું લેખે લાગશે.

**દિલ ધાર્મિક હોય તો વિચારશક્તિથી દરેક પ્રસંગમાં ધર્મનું તત્ત્વ શોધાય, અને પકડાય.**

દા. ત. જમવા બેઠા ત્યાં ત્યાં આ પુદ્ગલની ગુલામી

વિચારાય; અભક્ષ્યાદિથી બચવાનું વિચારાય; રાગ–તૃષ્ણા–આસક્તિથી બચવા એના ભયંકર અનર્થ નજર સામે લવાય. જાણો છો શા અનર્થ છે? અનર્થરૂપે આપણી નજર સામે તિર્યંચગતિના 'ખાઉં ખાઉં' કરતા કીડી–કીડા–મચ્છર–માખી વગેરે જીવો દેખાય છે. 'કેવી એની આહારસંજ્ઞા? એમાં કેવા એ મરે? તેમ જીવતાં પણ આહાર સિવાય જીવનભર બીજી કોઈ લગન નહિ. ભગવાનનું નામ એ લઈ શકે? એની શુધબુધ જ ક્યાં છે? એ નહિ એટલે જીવનભરની આહારસંજ્ઞા એને ક્યાં કેવા અવતારમાં લઈ જાય?' આવા આવા અનર્થ નજર સામે આવે, એથી જમતાં જમતાં રાગ–તૃષ્ણા–આસક્તિથી બચવાનું કરાય. એ ધર્મનું તત્ત્વ શોધ્યું અને પકડ્યું ગણાય. વિચારશક્તિનું આ કાર્ય છે.

**ચાલતાં કે વાત કરતાં શું ધર્મતત્ત્વ જોવું?:-**

બજારમાંથી પસાર થઈ રહ્યા છો. ધર્મનું તત્ત્વ એ કે નીચી મૂંડીએ કોઈ જીવજંત પગ નીચે ન આવી જાય એ લક્ષથી ચલાય; પણ આડાઅવળાં ડાફોળિયાં મારતાં ન ચલાય; 'રખે ને એમાં કોઈ જીવજંત કચરાઈ જાય તો? અથવા કાંઈ દેખાઈ જતાં રાગ કે દ્વેષ સળગે તો?' એ ભય હોય. આ ધર્મનું તત્ત્વ પકડ્યું.

એમ કોઈની સાથે વાત કરતાં એ લક્ષ રહે કે એમાં સામાના રાગ દ્વેષ સળગી ઊઠે એવું ન બોલાઈ જાય, અથવા સામાને પાપનો ઉપદેશ પાપની સલાહ ન દેવાઈ જાય; કે એ પાપમાં પડે એવાં કાંઈ બોલ ન બોલી જવાય. એમ વાણીમાં સાવધાની આ, કે એમાં અસત્ય ન આવી જાય; કે હિંસાદિ પાપની અનુમોદનાનું બોલવાનું ન થઈ જાય. જાતના કામ-

ક્રોધ-લોભ સજાગ ન થાય. આવી આવી સાવધાની પર મુખ્ય ધ્યાન રહે, એ બોલતી વખતે ધર્મનું તત્ત્વ પકડયું ગણાય.

એમ બીજાની ફજુલ યા રાગદ્વેષ–પ્રેરક વાતો વખતે પોતે મનમાં કોઈ શુભ મનોરથ સેવે, તત્ત્વ વિચારે, છેવટે નવકારમંત્ર જપે....એમ નવરા પડયા ગણતરીબદ્ધ નવકારમંત્ર ગણે, એ ધર્મનું તત્ત્વ પકડયું કહેવાય.

**દિલને ધાર્મિક બનાવવું છે ? તો આ શીખો કે કમમાં કમ વિચારણામાં ધર્મનું તત્ત્વ દાખલ કરી દેવું.**

તેમ તન–મન–ધનથી તથા ઇન્દ્રિયો અને વાણીથી જેટલો ધર્મ કમાઇ શકાય એમ હોય એટલો જતો ન કરાય, પણ કમાઈ લેવાય. દા. ત. રૂપિયાની ચીજ લઈ આવ્યા, તો એના પર ધર્મનો ટેક્ષ ચડાવી એક રૂપિયો દસ નયા પૈસાનો ખર્ચ સમજી દસ પૈસા ધર્મખાતાની શુભ પેટીમાં પધરાવાય. છોકરાને શાળાનું ભણાવતાં વચ્ચે વચ્ચે ધર્મની વાત–વસ્તુ સમજાવાય. ઘરમાં વિશિષ્ટ પ્રસંગ છે, સારું જમણ છે, દેરાસરનો પૂજારી ઉપાશ્રયનો માણસ ઝટ યાદ કરાય.

વાત આ હતી કે દિલ ધાર્મિક હોય તો અવસર મળ્યે થોડો તો થોડો, પણ ધર્મ કમાઈ લેવા તત્પરતા રહે. પેલો રાજા ધાર્મિક દિલવાળો છે તેથી મંત્રીને કહે છે, ‘ભલે યોગિરાજનાં માત્ર દર્શન અને વંદન કરવાનું મળે, આપણે જઈએ તૈયારી કરાવો.’

## ૯. રાજા યોગીનાં દર્શને

મંત્રીએ બધી તૈયારી કરાવી દીધી અને રાજા પરિવાર તથા કિંમતી ભેટણાં સાથે ચાલ્યો, અને પહોંચ્યો યોગિરાજ પાસે. જઈને યોગીના દર્શને ખૂબ ખુશ થયો. યોગીની ભવ્ય મુખાકૃતિ, ધ્યાનસ્થ ચક્ષુ, અને એનો બેસવાનો ઢંગ, ઉપરાંત લોકોના મુખે પ્રશંસા આ બધું રાજાને ખૂબ આવર્જી ગયું. યોગીને નીચે બેસી હાથ જોડીને નમીને કહે છે, ' મહાત્માજી ! કૃપા નજર કરો. '

યોગી મૌનપણે પોતાના ધ્યાનમાં જ રહે છે, જુએ છે કે રાજા આવ્યો લાગે છે, તો જોઉં એની અહીં સ્થિરતા કેવીક છે. એને એમ લાગે છે કે રાજાને જો સ્થિરતા નહિ હોય તો ય મનમાં એવી સારી અસર લઈને જશે કે, ' વાહ ! યોગીલોક આ જગતથી કેવા નિસ્પૃહ હોય છે કે એમની સામે ચાલીને આવેલા મોટા રાજા સાથે ય વાત કરવાની પરવા નહિ !' અને સ્થિરતા હશે તો પછી કાંક મારું સારું તત્ત્વ–વચન સાંભળવા પર વિચાર કરતો થઈ જશે.' એમ કરીને એણે થોડી વાર તો પોતાનું ધ્યાન ચલાવ્યે રાખ્યું.

રાજા તો અહીં સ્થિરતાથી બેઠો છે, એવી આશામાં કે ભલે હમણાં તરત નહિ, તો થોડી વાર પછી ય એમનું ધ્યાન પૂર્ણ કરી યોગિરાજ કાંઈક કહેશે. યોગીએ પણ એની થોડી આંતરિક આતુરતા પોષવા એમ થોડો વખત વીતાવ્યા પછી આંખ ખોલી, અને સૌમ્ય દૃષ્ટિથી રાજાની સામે જુએ છે. રાજાને તો લાગ્યું કે મારા પર યોગિરાજે મહાન કૃપા દૃષ્ટિ કરી તેથી ખૂબ પ્રસન્ન થઈ હાથ જોડી માથું નમાવી કહે છે.

' મહાત્માજી ! આપને હું ખૂબ ભાવથી વંદન કરું છું. આજ આપ સરખી વિભૂતિના એકાએક દર્શન મળ્યાં, અમારાં

અહોભાગ્ય છે ! આ મેવા–પક્વાન્નના થાળ અને સોનૈયા સ્વીકારો, અને કાંઈક તત્ત્વવાણી સંભળાવવા કૃપા કરો. '

જોગી કહે ' હમે કુછ નહીં ચાહિયે. '

' અરે સાબ ! અમારા પર થોડી કૃપા કરો. '

' ના ભાઈ ! ના કુછ નહીં ચાહિયે '

' નહિ સાહેબ ! આ નાની ભેટ સ્વીકારવી પડશે. '

**યોગીનો ભેટ લેવા ઈન્કાર :-**

હવે યોગી વિફર્યો; કહે છે,–' ના બોલે; સમઝતા નહીં ? હમકો તૂં કયા સમઝતા હૈ ? કયા હમ ભોગી હૈ કિ યહ સબ ખા કર કયા હમે ઓરતકા ભામટાભોગી બનના હૈ ? ઉઠાવ ઉઠાવ તુમારા માલ. માફ કીજિયે, ચલે જાઓ યહાંસે. કયોં હમારી યોગસાધનામેં ભંગ કરાનેકો આયે હૈ ? '

**માલ–મેવા કેમ વિકારક ? :—**

શું બોલે રાજા ? વાત તો સાચી જ હતી કે પક્વાન્ન–મેવા–ફળ ખાઈને ધાતુઓ ઉત્તેજિત થાય, ને એ ધાતુઓ કામના વિકારો જગાડે, એ યોગભ્રષ્ટ કરી મનને ભોગલુબ્ધ બનાવે. પોતાના મનથી ભલેને દિલ પાવરફુલ લાગે, પણ કોઠામાં એકમેક થયેલ એ તાજાં ફળ–મેવા–મિઠાઈ સાતે ધાતુમાં પ્રસરી જઈ લોહી અને વીર્યને થનગનતું બનાવે. એની ઘેરી અસર મન પર થાય, મનને એ સુંવાળું કરે, અને વિકારોનો ભોગ બનાવે. બ્રહ્મચર્ય પાળવું છે તો એવા વિકારી રસોથી દૂર રહેવું જોઈએ.

રાજા ટૂંકમાં સમજી ગયો, અને તરત યોગીની માફી માગતાં કહે છે, 'યોગિરાજ ! ક્ષમા કરો, મારે તો ભક્તિ કરવી હતી; મારો કોઈ આપને યોગભ્રષ્ટ કરવાનો આશય નથી. પરંતુ

આપની વાત સાચી છે. તો મારે એવો ભક્તિનો આગ્રહ શા સારુ રાખવો ? ખેર, બધું ઉઠાવી લેવરાવું છું. હવે મને કાંઈક તત્ત્વબોધ આપો.' યોગી કહે છે,–

**યોગીનું તત્ત્વવચન :—**

**'જાગને કે ભવમેં સોના નહીં'**

રાજા સાંભળીને વિચારમાં પડયો કે આ શું કહે છે. પણ એનો ખુલાસો પૂછે એ પહેલાં તો યોગીએ પોતાનું ધ્યાન પૂર્વવત્ શરુ કરી દીધેલું; તેથી હવે રાજા પૂછે છે,–'મહર્ષિ ! આ વચનનો અર્થ શો ?' પણ યોગી કાંઈ બોલતો નથી. અંતે રાજા 'ચાલો, પંડિતોની સભામાં પૂછી લઈશું' એમ ધારીને ત્યાંથી ઊઠયો અને પોતાના મહેલ તરફ ચાલી ગયો.

અહીં રાજાનું આગમન સાંભળી મોડી રાત સુધી લોકો યોગી પાસે આવતા રહ્યા; પણ યોગી ધ્યાન ને મૌન રાખી રહે છે. પછી લોક આવતું બંધ થયે, યોગી પંડિતે સ્નાન કરી લઇ પંડિતનો મૂળ વેશ પહેરી લીધો. રાત ધર્મશાળામાં સૂઈ, સવારે ઘરે પાછો ચાલ્યો ગયો.

**ઋષિદત્તાનો વેશ યોગ્ય વર્તાવ :—**

આપણી વાત ચાલે છે ઉત્તમ વેશને યોગ્ય વર્તાવની. પેલી ઋષિદત્તા જંગલમાં યોગી તરીકે રહી છે અને એને પતિ કનકરથ રાજકુમાર પોતાની વિવાહ–યાત્રામાં સાથે ચાલવા કહે છે, એ એનો ઈન્કાર કરે છે, કહે છે, 'સંયમીને રાજસંગતિ કરવામાં વ્રત ઘવાય.'

આ કોને કહી રહી છે ? પોતાના પ્રિય પતિને ! શું એને પ્રેમથી આમંત્રણ કરતા પતિ સાથે જવાનું દિલમાં ન થનગને ?

જરૂર થનગને; પરંતુ જે અત્યારે સાથે ચાલવા 'ના' કહી રહી છે તે એટલા જ માટે કે અત્યારે પોતાનો વેશ સંયમી યોગીનો છે, તો એને યોગ્ય બોલ અને એને યોગ્ય વર્તાવ દાખવવો જોઇએ.

એના પર પંડિત–યોગીની વાત ચાલી છે. રાજાએ એની સામે સારા મેવા–પક્વાન્ન–સોનૈયા ધર્યા; અહીં પંડિત પોતે ગરીબ થઈ ગયો હોવાથી એને પૈસાની જરૂર પણ છે. કિન્તુ વેશ છે યોગીનો, તેથી એણે રાજાની એ ભેટ ઠુકરાવી દીધી.

પંડિત–પત્નીનો સંવાદ :-

એ જ વાત જુઓ હવે એ ઘરે કરે છે. સવારે પંડિત ઘરે પહોંચ્યો. પત્ની ખૂબ આશ્ચર્ય પામી એને કહે, 'અરે ! એટલામાં એક દિવસમાં પાછા આવ્યા ? શું કાંઈ કમાઇ લાવ્યા ?'

પંડિત કહે 'ના, કશું કમાયા વિના એમજ પાછો આવ્યો.'

ત્યારે પંડિતાણી બોલી, 'આ તમે તો ભલા આદમી છો ને ? તો તો પછી અહીંથી એક દિવસ મોડા જ જવું હતું ને ?'

'કેમ વારુ ?'

'આ એટલા માટે, કે અહીં કાલે એક મોટા યોગિરાજ આવેલા!'

'તે એમાં મારું શું કામ ? શું કાંઈ એ ધન દેત ? ધનનો મંતર દેત ?'

પત્ની કહે, 'ધનેય નહિ ને ધનનો મંતરે ય નહિ; છતાં પણ એમનાં પાવનકારી દર્શન–વંદન મળત ને ? એવા મહાન યોગિરાજ હતા કે એમના દર્શન–વંદનથી મહાપુણ્ય કમાઈ જઇએ ! કહે છે ઠેઠ આપણા રાજાસાહેબ સુધીના એમના દર્શને ગયેલા આખું ગામ ઊલટેલું, ને ગામમાં આ તમે જ એક અભાગિયા તે રહી ગયા ?'

પંડિત પત્નીને અહીં શું કહે? બાળી–ભોળીને ક્યાં ખબર છે કે યોગિરાજ તારા પતિ પોતે જ હતા?

**જગતમાં આવું અંધાધુંધ કેટલું ય ચાલતું હશે?**

માબાપને દીકરાને બહુ લાડકોડથી ઊછેરતી વખતે ખબર નથી કે,–આ દીકરામાં મોટો શેતાન ભરાયેલો છે એ ઊછરી રહ્યો છે. એ ઊછરેલો પછીથી તમને જીવનભર પીડશે, તમારા હૈયાં શેકશે.'

આજે વારંવાર ચાહના કટોરા ચડાવ્યે રાખી શરીરને મહલાવનાર વ્યસનીને ક્યાં આ ખબર છે કે-જેનાથી ભવિષ્યમાં શરીર–હોજરી વગેરે વાંકા ચાલનારા થશે, એ કારમા ઝેરને જ હું અત્યારે બહુ વહાલું વહાલું કરી રહ્યો છું?' ચાહમાં ઝેરના દર્શન ક્યાં?

કેટલાય લોભિયા વેપારી સફેદ કપડાધારી અને મીઠા બોલ બોલનારાને હોંશે સારો ઘરાક સમજી પાકા ઠગાય છે ને? તેમ ઘરાક પણ એવા ધૂતારા વેપારીના મીઠા બોલ પર, 'આ તો સારા વેપારી લાગે છે' સમજી માલ–ખરીદીમાં ભારે થાપ ખાય છે ને? એમસાધુવેશમાં પાછલે બારણે સરિયામ અસાધુતા રમનારાને લોક સારા સાધુ સમજી એની પૂંઠે તણાય છે ને?

જગતમાં કેટલેય સ્થાને આવી અંધાધુંધ ચાલે છે. તો પૂછો,

પ્ર૦– એમાં અમારે શું કરવું?

ઉ૦–કરવાનું આ, કે જાગતા રહેવું; ઊજળું એટલું દૂધ ન માની લેવું. કળી ચૂનાનું પાણી ય ઊજળું હોય. એ કાંઇ દૂધ થોડું જ છે?

**બ્લોટિંગની મલાઇ:–**

દિલ્હીમાં એક ઉસ્તાદ એવો નીકળ્યો કે કઢાઇમાં ગરમાગરમ દૂધ પર સફેદ બ્લોટિંગ બિછાવી રાખે, એ બ્લોટિંગ વરાળથી પલળીને ઢીલા ઘેંસ મલાઈ જેવા થઈ જાય. એના પર ઉસ્તાદ ભારોભાર સાકર ભેળવેલું દૂધ છાંટી રાખે. લોકો હોંશે

હોંશે એને ત્યાં સોજજી મલાઈ ખાવા આવે,ને આ ઉસ્તાદબ્લોટિંગ-માંથી કાપી કાપીને દૂધ સાથે ખવરાવે ! પેલા ખાનારા ખુશી ખુશી થાય, 'વાહ ! કેવી સરસ કડક થયેલી મલાઈ !' અને હોંશે હોંશે એ ખાઈ જતા. ઘરાક શું ખાઈ જતા ? મલાઈ કે બ્લોટિંગ ? દેખાવ માત્રથી વસ્તુ સાચી ન મનાય, **માટે, અંધાધુંધ ચલાવતા સંસારમાં (૧) પહેલું તો જાગતા રહેવા જેવું છે.**

**બીજું એ, કે સંસારના પદાર્થો પર બહુ લાલસા ન કરવી.**

**તેમ ત્રીજું જાગતા રહ્યા એટલે જ્યાં ને ત્યાં ભરોસો ન મૂકી દેવો.**

આ બે વાત મહત્ત્વની છે. સંસારના પદાર્થોના બહુ લાલચુ ન બન્યા એટલે એની ખાતર જે લોભમાં ઠગાવાનું થાય છે એ થાય નહિ. તેમ જીવનમાં જરૂરી વસ્તુ અંગે પ્રવૃત્તિ કરવી પડે ત્યાં ખોટો ભરોસો ન મૂકી અંદરખાને જાગતા રહીએ. એટલે પછી અવસરે ઈદં તૃતીયં નીકળે તો ફિકર નહિ; કેમકે પહેલેથી જ સાવધાન હતા.

**પંડિત ભરમ ખોલે છે. :-**

પંડિતને પંડિતાણી યોગિરાજનાં દર્શન-વંદન ન પામવા બદલ અભાગિયા ઠરાવે છે. ત્યારે.

પંડિત કહે, 'પણ તે હું એ દર્શન ન પામ્યો માટે અભાગિયો ? કે પૈસા ન પામ્યો માટે અભાગિયો ?'

પંડિતાણી અહીં ભોળેભાવે ફિલોસોફી લડાવતી કહે, 'હવે એવું શું પૂછો છો ? પૈસા પામવા એ થોડું જ આપણા જ હાથમાં છે. પૈસા તો, લેવા જઈએ છતાં આપણું પુણ્ય ન હોય તો, ન મળે, ત્યારે આવા મહાકિંમતી મનખાને પાવન કરે એવા દર્શન તો કરવા જઈએ તો જરૂર મળે. આ તમે પંડિત એક દિવસ ક્યાંય ભમી આવ્યા

તે પૈસા ય ન લાવ્યા અને આવાં પુણ્ય દર્શને ય ગુમાવ્યાં.!'

'ખેર ! પણ આપણે શું એવાં દર્શન પામીએ તો ભાગ્યશાળી ? કે લોકને એવાં દર્શન આપીએ તો ભાગ્યશાળી ? ' પંડિત પૂછે છે.

' એટલે ? શું આપણે પોતે જ એવા યોગિરાજ બનીએ તો આપણે ભાગ્યશાળી એમ પૂછો છો ? '

પંડિત કહે, 'હા.'

પંડિતાણી બોલી, ' એમાં શું પૂછવાનું હતું ? આપણાં એવાં અહોભાગ્ય કયાંથી કે આપણને યોગિરાજ બનવાનું મળે ?'

અહીં હવે પંડિત ધીમા અવાજે પત્નીને કહે છે, 'તો જુઓ, એ ગઈકાલનો યોગિરાજ હું પોતે જ હતો. '

સાંભળતાં જ પંડિતાણી ચોંકી ઊઠીને કહે, 'હેં ? શું તમે જ યોગિરાજ બનેલા ? હોય નહિ, મેં ય દર્શન તો કરેલા, પણ મને તો જરાય તમારી સરખાઇ નહિ લાગેલી! જૂઠું શું કામ બોલો?'

'જૂઠું જરાય નથી કહેતો. જુઓ જગતમાં આમ જ ધતિંગ બહુ ચાલે છે. માણસ અંદરખાને જેવો છે એવો, એના બહારના કૃત્રિમ સારા આડંબર–ફટાટોપમાં, ઓળખાવો મુશ્કેલ છે. વાઘ–વરુ–સાપ સારા કે જેવા છે તેવા ઓળખાઇ જાય; પણ માયાવી માણસ મહા જાલિમ છે. એ અંદરખાને જેવો દુષ્ટ છે એવો કદાચ એના નિકટના સગા માબાપ કે સગી બાયડીથી ય ન ઓળખાય. એ જાલિમગીરીમાં એ કેઇક ભોળાને ધોખો દે છે. અરે ! એવાં જૂઠા દંભી સંત–સજ્જનને, કેટલીક વાર, દુનિયા બીજા સાચા સંત–સજ્જન કરતાં વધારે માને છે ! માટે તો કહેવાય કે,

**'દુનિયા જેટલી જૂઠાની છે એટલી સાચાની નથી; કેમકે જૂઠા પાસે બાહ્ય આડંબર–ફટાટોપ મોટો; ને દુનિયાને એ ગમે છે '**

પંડિત પંડિતાણીને શું કહી રહ્યો છે ? સાચું છે ? પણ જુઓ જગતમાં દેખાય છે કે પોતાના બાપ પાસે સારા પૈસા હોય અને તે કઢાવી લેવા હોય તો જૂઠા ચાલાક દીકરાને બાહ્ય વિનયનો ફટાટોપ બહુ આવડે. એવો વિનય સાચાને નહિ આવડે ! માટે તો કેટલાય બાપ જૂઠામાં અંજાઈ જઈ પૈસા દુકાન વગેરે દીકરાને દઈ બેઠા ને પાછળથી પસ્તાયા.

મોટા યુગપ્રધાન વિદ્વાન આચાર્ય કાલિકસૂરિજી મહારાજ જેવા પણ 'વિનયરત્ન' નામના શિષ્યમાં ઠગાયા ને પસ્તાયા. આ નામ પાછળથી એ શિષ્યને સૂરિજીએ પોતેજ આપેલું; કેમકે એમણે પોતે એનો બાહ્યથી અથાગ વિનય વર્ષો સુધી દેખેલો. ત્યારે માયાવીને ધીરજ જબરી. પોતાનો સ્વાર્થ ન સધે ત્યાં સુધી જરૂર પડ્યે વરસોના વરસો સુધી સારાસેવા-વિનયનો માયાવીફટાટોપ કરતાં આવડે; ને ભલભલા બુદ્ધિમાનએમાંભૂલા પડી જાય. કાલિકસૂરિજી મહારાજ એટલે ? શું કમ વિદ્વાન ? શું કમ અનુભવી ? છતાં છકડ ખાઈ ગયા ને ? સ્વારથિયા શિષ્યની માયા આગળ ગુરુની શી મજાલ કે એ માયાવીને પહેલેથી જ અંદરખાને એ કેવોક છે એ ઓળખી શકે ? દંભી માયાવીને બાહ્ય સેવા–વિનયનો ફટાટોપ બહુ આવડે. તો જ એ પોતાનો અધમ સ્વાર્થ સાધી શકે ને ? પછી અવસર મળતાં ગુરુને લાત લગાવે ત્યારે ગુરુને ભાન થાય કે 'ઓહો ! આ તો ઠગાયા ! દૂધ પાઈ પાઈને ભોરિંગ જ ઉછેર્યો !'

પ્ર૦– સાધુપણામાં આવું બને ?

ઉ૦–હૈયે સાચી સાધુતા હોય તો આવું ન બને. પરંતુ સાધુના સ્વાંગમાં લૌકિક એષણા જ પોષવી હોય, અંતરમાં માનપાન–કીર્તિપરિવારની આકાંક્ષા જ બેઠી હોય, ત્યાં સાધુતા–

સાધુપણું બાજુએ રહી જાય; ને એ એષણા–આકાંક્ષાઓ સિદ્ધ કરવાની તૈયારીઓ થતી જાય. પછી એમાં બહારથી સાધુતાનો ને સેવા–વિનયનો ફટાટોપ રખાય. તૈયારી પૂરી થતાં જ્યાં બહાર પડયા ને માનપાન મળવા શરુ થઈ ગયા, હવે સ્વાર્થ સધે છે, પછી ગુરુ કોણ ને બીજા કોણ ?

આજે ઘણા માબાપ રુએ છે કે 'દીકરા કુલાંગાર પાકયા ! દીકરા છેહ દેનારા પાકયા ! પહેલેથી ઓળખ્યા નહિ કે અંદરખાને એ કેવા હતા, તે આજે આ લાત ખાવાના દિવસ જોવાના આવ્યા !'

પ્ર૦–એવા દીકરાને કૃતજ્ઞતાનો વિચાર કેમ નહિ આવતો હોય ?

ઉ૦– કળિકાળનો પ્રભાવ છે કે સાધુ બનેલા કોઈકને ય કૃતજ્ઞતાનો વિચાર નથી આવતો, તો પછી સંસારી દીકરાની કયાં વાત કરો છો ? નહિતર વિચારો ને કે દીકરા પર સંસારી માબાપના ઉપકાર કરતાં સાધુ થયેલા પર ગુરુનો ઉપકાર કેટલો બધો મોટો ? ગુરુએ તો એને જનમ–મરણની જાલિમ જંજાળથી છોડાવે એવો મહાકિંમતી ધર્મ આપ્યો, ભવકૂપમાંથી બહાર કાઢયો. ! ચારિત્રના તારણહાર મહામાર્ગે ચડાવ્યો, આત્માના અનંત અનંત કાળથી પૂંઠે પડેલા રાગાદિ ભયંકર આંતરશત્રુઓની ઓળખ અને નિકાલ કરાવે એવા તારક શાસ્ત્રો ભણાવ્યા ! વિદ્વાન બનાવ્યો ! આ ઉપકાર જેવો તેવો છે ? ના, બહુ મોટો, પરંતુ પેલી માનપાનાદિની એષણાઓ આકાંક્ષાઓ એવા અનન્ય અનુપમ ઉપકારને ય ભૂલાવી દે છે. ગુરુ ય અંધારામાં રહે, તે પહેલેથી જ એમને ખબર ન પડે કે આ અંદરખાને સાધુતા ખીલવવાની વૃત્તિવાળો નહિ, પણ બાહ્ય કુટિલ સ્વાર્થ સાધવાની જ લગનીવાળો છે. આ બાહ્યની લગનીમાં

પછી એને કૃતજ્ઞતા શાની યાદે ય આવે? ગુરુના અથાગ ઉપકારનો વિચાર જ શાનો હોય?

**એષણા ભયંકર છે, સાધુતા ભુલાવે, કૃતજ્ઞતા ભુલાવે, અરે! મૂળમાંથી સરળતા ભુલાવે.**

અજ્ઞાન જીવોને એટલું ભાન નથી કે આવી એષણાઓ પોષતાં પોષતાં અને એને સફળ કરતાં અનંતા કાળ વહી ગયા! પણ એથી જીવને માત્ર ભવચક્રમાં ભટકતા રહેવાનું જ બન્યું! વધારામાં આંતર શત્રુઓને મહાલતા રહેવાનું જ થયું. તે આજે પણ અહીં ઊંચા જીવનમાં ય હૃદય આંતરશત્રુઓથી ભારેમા. ભારે પીડાઈ રહ્યું છે; ઉપકારી સામે ય માયાના કુટિલ ખેલ ખેલાવી બીજા ય કેટલાય દોષ–દુર્ગુણો ને મલિન વૃત્તિઓને પોષે છે.

વાત આ છે, માણસ હૈયામાં અંદરખાને જેવો છે એવો કેટલીક વાર બહારના વર્તાવથી ઓળખાવો બહુ મુશ્કેલ હોય છે.

પેલો પંડિત પત્નીને એ કહી રહ્યો છે કે, 'માયાવી માણસનો બાહ્ય ડોળ ફટાટોપ ભારે, તે અંદરખાને કેવો છે એ ઓળખાય જ નહિ; ને દુનિયા એના બાહ્ય ફટાટોપમાં ભૂલી પડી, સાચા કરતાં આ જુઠા સંતસજ્જનને વધુ માનવા લાગી જાય છે.'

પંડિતાણી પૂછે,–'ત્યારે શું ખરેખર તમે પોતે જ યોગિરાજ બનેલા? માન્યામાં નથી આવતું. કેમ મને ય ઓળખાણ ન પડી?'

'શાની પડે? કહ્યું નહિ જૂઠાનો ફટાટોપ ભારે?'

'તે તમે **શી** રીતે યોગિરાજ બની ગયા?'

'શી રીતે વળી કેમ? આ રાતના કપડાં ઉતારી લંગોટી લગાવી દીધી, શરીરે રાખોડી ચોળી લીધી, ઉપર કાળાં ટીલા–ટપકાં કરી દીધાં ને યોગિરાજ બની ગયા. બહારથી મૌન રાખી એકલા

ધ્યાનનો જ ફટાટોપ માંડી દીધો, પછી કોણ યોગિરાજ ન કહે?’

પ્ર૦–તે તમારે શું કામ એમ કરવું પડ્યું ?

ઉ૦–શું કામ શું ? આ જરા દુનિયાના રંગઢંગ જોવાનું મન થયું.

પંડિતાણી કહે, ‘તો તો તમારી પાસે, સાંભળ્યું હતું, રાજા સાહેબ આવેલા.’

પંડિત કહે, “હા સાચું, આવેલા, ને મેવા મિઠાઈ તથા થાળ ભરી સોનૈયા લાવેલા. મારી આગળ નમીને ભેટ મૂકી આગ્રહ કર્યો કે આ લો જ લો; પણ બંદા સામું શાના જુએ ?”

“તો તમે કેમ લઇ લીધા નહિ ? લઇ લીધા હોત તો આ ગરીબી ટળી જાત ને ?”

“ઘેલા છો ઘેલા ? લેવાય એ ? એ વખતે હું કોણ હતો ? એક ગરીબ પંડિત નહિ, પણ મહાન યોગિરાજ!”

‘યોગિરાજ’ એટલે મહાન ત્યાગી, નિસ્પૃહી, મોટા હીરા–માણેકના ઢેરને ય તૃણવત્ ગણનાર. પછી સોનૈયા લેવાય ? એમ લેવામાં આવે તો પછીથી રાજાને ને બીજાને ય યોગીઓ ઉપરથી શ્રદ્ધા જ ઊઠી જાય. મનને એમ થાય કે જોગી આવા ને આવા ભિખારડા અને લોભિયા જ હોતા હશે. ત્યારે,

**આપણા એકલાના સ્વાર્થ ખાતર જગતના યોગીઓ ઉપરથી શ્રદ્ધા ઉઠાડવાનું કામ કેવું અધમાધમ ગણાય ?**

**જેવો સારો વેશ, તેવો સારો વર્તાવ રાખીએ, તો લોકની શ્રદ્ધા બની રહે.**

દુન્યવી લાભ તો નાશવંત છે; આજે મળ્યો, ને કાલે ઊડી જવાનો. પરંતુ લોકને જે અશ્રદ્ધા કરાવી, (૧) તે તો

એ બિચારાને જનમ જનમ મારનારી થાય; તેમજ (૨) એના પુત્ર–પૌત્રની ય પરંપરામાં એ અશ્રદ્ધા ઊતરે.

તમે શ્રાવક છો ? તો શ્રાવકપણાનો વર્તાવ બરાબર પાળો છો ? જો ના, તો ભૂલશો નહિ એ બીજાની કદાચ શ્રદ્ધા ઉરાડવામાં નિમિત્ત બની જાય. માટે થોડો દુન્યવી લાભ જતો કરીને, અરે ! નુકસાન વેઠી લઈને પણ શ્રાવકને છાજતો વર્તાવ છાજતા બોલચાલ રાખજો. બીજા જીવોની ખૂબ દયા રાખો. એ જીવો બિચારા કર્મપીડિત તો છે જ, એમાં માંડ ધર્મશ્રદ્ધા–ગુરૂશ્રદ્ધા પામ્યા હોય, એને તમે એવા અનુચિત બોલથી એની શ્રદ્ધા ડગમગવાનું નિમિત્ત ન આપશો. નહિતર એ ભયંકર નિર્દયતા થશે.

પંડિતાણી કહે, 'તમારી ફિલસુફી બધી સાચી, પરંતુ અહીં પૈસાની અત્યંત જરૂર છે એનું કેમ ? છેવટે પાંચ સોનૈયા રાખી બાકીના ન લેવામાં નિસ્પૃહતા તો બતાવી શકાત ને ? સામાને કહેવાય ને કે તમારા બહુ ભાવ છે તો લ્યો પાંચ લીધા ?'

પંડિત કહે, 'ભોળા માણસ છો, યોગી કોને કહેવાય એ જાણતા નથી ? યોગી તો સંસારના પૂરા ત્યાગી, એને લેશમાત્ર ન સ્ત્રીનો સંગ, ને નહિ પૈસાનો સંગ. નહિતર દુનિયાના ભોગીમાં ને યોગીમાં શો ફરક ? સામાના મન પર સાચા યોગી તરીકેની છાપ પાડવી હોય તો જેમ કામિનીને સહેજ અડાય પણ નહિ, તેમ લેશ પણ કંચનને અડાય નહિ. આપણી સહેજ લાલચ ખાતર ભારતના સાચા યોગીની છાપને ધક્કો ન પહોંચાડાય.'

પંડિતાણી બિચારી શું બોલે ? અંતે એ કહે છે કે તમારી

વાત સાચી પરંતુ અહીં હુલ્લા કુસ્તી કરે છે એનું કેમ ?'

**પૈસા શી રીતે ઊભા કરવા ?:-**

પંડિત કહે 'જરાય મુંઝાશો નહિ. તમારે પૈસા જોઈએ છે ને ? જુઓ રાજાને ઉપદેશના બે માર્મિક અક્ષર એવા કહ્યા છે કે કદાચ એને હવે જરાય જંપ નહિ હોય. એટલે યોગીની તપાસ કરાવશે, ને એ મળશે નહિ એટલે યોગીની ભાળ મેળવવા નગરમાં ઢંઢેરો પીટાવશે. એમાં તમારું કામ થઈ જશે. ધીરજ રાખો.'

પંડિતાણી ગભરાઈને કહે, 'એટલે શું મારે તમારી ભાળ આપી તમને છતા કરવાના ? ઘેર ગયા એ પૈસા. મારે કાંઈ ભેદ ખોલી તમારા પર જોખમ લાવવું નથી.'

'અરે બાઈ ! ગભરાઓ ના, તમારે એવું કાંઈ કરવાનું નથી. હજી જુઓ તો ખરા કે શું બને છે ને શું કરવાનું છે ?'

પંડિતે પત્નીને ઠારી, એટલે હવે એ રાહ જુએ છે કે 'જોઉં ત્યારે, શું બને છે એ.'

ઋષિદત્તાના જે પ્રસંગ પર આ વાત ચાલી છે એ ભૂલતા નહિ. એણે કામચલાઉ યોગીનો વેશ પહેર્યો છે; ને રાજકુમાર કનકરથ એના તરફ આકર્ષાઈ ગયેલો. એને ઋષિદત્તા આ કહી રહી છે કે 'અમારે યોગીઓને એવો રાજાનો સંગ રખાય નહિ. નહિતર યોગ ઘવાય.' શું આ ?

**પૈસાના લોભ અને લોકવાહવાહની ભૂખમાં ધર્મ વેચાય ?:-**

કામચલાઉ પણ યોગિવેશ ધારણ કર્યા પછી એને છાજતો વ્યવહાર દેખાડવો જોઈએ.

ધર્મનો ભાર માથે રાખવો હોય તો આ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. આપણે લોકમાં એક જૈન તરીકે ઓળખાતા હોઈએ

તો જૈનના કમમાં કમ જગતમાં પ્રસિદ્ધ આચાર વ્યવહાર જાળવવા જોઈએ ને ? બોલો, જગત જૈનને કેવા ઓળખે છે ? જૈન બચ્ચો રાત્રે ખાય ? એ બટાટા ખાય ? શું જૈનનાં જમણ રાત્રે હોય ? જૈન છેતરપીંડી કરે ?....કહો જો દુનિયામાં જૈનની પ્રસિદ્ધિ કેવી ? ત્યારે આજે શું શું ચાલી પડયું છે ? ધંધાના નામે, નોકરીના નામે, રાત્રિભોજન છૂટથી કરવાનું ચાલ્યું છે ને ? પૈસાના લોભ ખાતર ધર્મ વેચવાનો ? લગ્નના રિસેપ્શનના નામે રાતના પાર્ટી ! રાત્રિખાઉ જૈનોને ખુશ કરવા ધર્મ વેચવાનો ? જૈન તરીકેનો શો ભાર માથે રાખ્યો ? તમે આવું કરો એટલે એ રિસેપ્શન લેનારા નાનડિયા પછી આગળ શું ચલાવશે એનો વિચાર કરવાનો ખરો ? ના,

**પૈસાનો લોભ અને લોક-વાહવાહની કારમી ભૂખ મનને બુઠ્ઠું-ધિઠ્ઠું કરી દે છે, એટલે એ શાનું ખતરનાક પરિણામનો વિચાર જ કરે ?**

**પૈસા વિષયો અને લોકવાહવાહની અનહદ તૃષ્ણા-મમતા ભયંકર છે.**

એ પછી જાતની ખાનદાનીનો ય વિચાર ન રહેવા દે ! ધર્મનો ભાર પણ બાજુએ મુકાવી દે; ખતરનાક પરિણામનો ય વિચાર ન રહેવા દે; અને પરલોકનો ભય તો શાનો જ રહેવા દે ?

પૈસા-પૈસાની અનહદ તૃષ્ણા અને મમતામાં મમ્મણ શેઠે પરલોકનો કશો ભય રાખ્યો નહિ; એનું મન જ ધિઠ્ઠું થઈ ગયું, અને મરીને એ સીધો સાતમી નરકે ગયો. મોટો ચક્રવર્તી પણ વિષયોના કેફમાં મરી નરકે જાય છે. બ્રહ્મદત્ત અને સુભૂમના શા હાલ થયા ? આજે નવી પ્રજાને પૈસાની, વિષયોની અને લોકમાં વટ

મારવાની કેવી કારમી ઘેલછા લાગી છે ? એના મન પર કશો કુળની ખાનદાનીનો કે ધર્મનો ભાર ખરો ? પરલોકનો વિચાર ખરો ? પવિત્ર આર્ય સંસ્કૃતિ માટે એને મમતા ખરી ? 'જે આર્ય-સંસ્કૃતિના પ્રભાવે આજ સુધી ભારત દેશ દુનિયાભરના દેશોમાં સૌથી ઉન્નત રહ્યો છે, એને અમે જીવંત નહિ રાખીએ તો બીજું કોણ રાખશે ?' એવી દાઝ આજના યુવકો–યુવતીઓને ખરી ? એ હોય તો બેફામ વેશ, બેફામ વિલાસો શાના ચાલે ?

પણ પાશ્ચાત્યોએ આ જાળ પાથરી છે. વિલાયતના મોટા લેખક લોર્ડ મેકોલેએ અહીં ભારતમાં બ્રિટિશરોના પ્રારંભિક રાજ્ય વખતે પહેલી યુનિવર્સિટી સ્થાપીને એમાં ભારતીય લોકોને ભણવા, પરીક્ષા આપવા, અને સારી ડીગ્રી મેળવી ગૌરવ અનુભવવા રસ લેતા કર્યા, પછી પાર્લામેન્ટને લખ્યું કે 'અહીં ભારતમાં હવે આપણી ક્રિશ્ચિયન સંસ્કૃતિનો પાયો નખાઈ ગયો છે.' કેળવણીનો પાયો ? કે ક્રિશ્ચિયન સંસ્કૃતિનો પાયો ? એમની સંસ્કૃતિનો પાયો; કેમકે લોકોને એમની રીતરસમનો મોહ લાગ્યો; મન એમાં ભારે અંજાઈ ગયું ! આર્ય દેશની પદ્ધતિઓ–રિવાજોની મમતા અને ગૌરવ ઊડવા શરુ થઈ ગયા. ત્યારે આજે એનાં દારુણ પરિણામ દેખાય છે.

પ્ર૦–તો પછી આર્ય દેશનો ઉદ્ધાર શી રીતે ?

ઉ૦ – ઉદ્ધાર આપણા હાથમાં છે.

**થોડા પણ આપણે પવિત્ર આર્ય સંસ્કૃતિની રીતરસમ, શીલસંરક્ષકવેશ, પવિત્ર રિવાજો–મર્યાદાઓ અને પવિત્ર આચારને આપણા જીવનમાં જીવંત રાખીએ તો એટલા અંશે આર્યદેશનો ઉદ્ધાર છે.**

થોડા છીએ તેથી ગભરાવાનું નહિ, થોડામાંથી વધારે થશે. એમાં વળી ક્યારેક કોઈક યુગપ્રધાન પાકશે ત્યારે મહાન ક્રાંતિ આવશે, અને આર્ય સંસ્કૃતિવાળાનું જૂથ વધી જશે. એ જ્યાં સુધી ન પાકે ત્યાંસુધી પણ આપણા માથે આર્ય-સંસ્કૃતિલોપનું મહાપાપ ન ચડે એ માટે આપણે સંસ્કૃતિની મર્યાદાઓનું કડક મનથી પાલન કરતા રહેવાનું.

ભૂલશો નહિ દુનિયાના વ્યામોહમાં, પૈસા વિષયો અને લોકવાહવાહના લોભમાં આર્ય આચાર-વિચારોને તરછોડવામાં આવે, પણ જીવનમાં કોકવાર એવા કોઈ રોગ, કોઈ અકસ્માત, કોઈ કુટુંબકલેશ, કે એવી કોઈક બીજી કટોકટીનો યા છેવટે અંતકાળનો પ્રસંગ જ્યારે આવી લાગે છે ત્યારે જીવની અશરણ-નિરાધાર દશા થઇ જાય છે. પછી ત્યાં એ પૈસા, એ વિષયો, કે એ લોકવાહવાહ જીવને કશું આશ્વાસન આપી શકતા નથી. એ તો આશ્વાસન આપી શકે તો પવિત્ર સંસ્કૃતિ ને પવિત્ર ધર્મનું પાલન જ આપી શકે; બાકી પશ્ચિમીય વિકૃતિ અને રીતરસમો એ ન આપી શકે. આજે જુઓ છો ને કે હોસ્પિટલમાં દરદીના અંતકાળ કેવા કરુણ થાય છે! ત્યાં કોઈ અંતિમ આરાધના કે ધર્મનું જબરદસ્ત આશ્વાસન જીવને મળે ખરું? ત્યારે છેલ્લામાં છેલ્લી શોધો જીવને નિર્ધારિત મૃત્યુમાંથી બચાવે ખરી?

જૈન ધર્મ એટલે કે વીતરાગના ધર્મનું શરણ લીધું હશે તો એવા પણ યમરાજના આક્રમણને આનંદથી વધાવી લેવાશે. ત્યાં આ સમજ છે કે 'અહીંથી જવાનું તો નિશ્ચિત છે, આખી દુનિયાને આયુષ્ય પૂર્ણ થયે ઊઠીને ચાલવાનું હોય તો મારે ન હોય? પરંતુ મેં વીતરાગ અરિહંત ભગવાનના ધર્મનું શરણું

લીધું છે, તો મારી દુર્ગતિ હોય નહિ. રોજ બોલું છું,-

"તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ, .... .... .... ....
પાવંતિ ન દુક્ખદોગચ્ચં."

પ્રભુ! તમને કરેલો પ્રણામ અર્થાત્ તમારા ચરણમાં ઝુકાવટ પણ બહુ ફળદાયી છે; જીવો દુઃખ કે દુર્ગતિ પામતા નથી. પૂછો,-

પ્ર૦– પ્રભુના ચરણમાં ઝુકેલાને દુર્ગતિ કેમ નહિ?

ઉ૦– જવાબ સીધો છે.

**દુર્ગતિમાં લઈ જનાર છે દુર્ગતિને યોગ્ય હૈયાના મલિન ભાવ. વીતરાગના સ્મરણમાં છે નિર્મળ ભાવ.**

એટલે હૈયામાં જો વીતરાગ ભગવાનનું શરણ છે, હૈયું વીતરાગના ચરણે ઝુકેલું છે, તો એવા મલિન ભાવ એમાં આવે નહિ, પછી દુર્ગતિમાં શાનું જવાનું હોય?

**જીવન જીવતાં કઈ મુખ્ય સાવધાની?**

બસ, જીવનમાં મુખ્ય સાવધાની રાખો તો આ રાખજો કે, 'મારે અંતિમ કાળ વીતરાગ ભગવાનના ચરણમાં ઝૂકેલા હૃદયવાળો લાવવો છે, તો તે પૂર્વની ભૂમિકારૂપે જીવન જીવતાં કેવું હૃદય રાખું?'

એ તો ઊઘાડી વાત છે ને કે જીવનો અંતકાળ વેદનાવાળો હોય છે? તો એવા અવસરે હૃદયમાં શુભ ભાવ કયારે આવે? જીવન જીવતાં સાજે-સારે પણ દિલમાં મલિન ભાવો મહાલાવ્યા હોય તો અંતકાળની વેદનામાં શું સારા સારા ભાવ આવવા સંભવિત છે? લાખમાં કોઈક એકને જીવનભરના હજારો મેલા ભાવ પછી અંતે

સારો ભાવ આવી ગયાનો દાખલો ના લેશો. મોટા ભાગે શું બને છે, શું બનવા યોગ્ય છે, એ જોજો,

સાજે સારે, ને સરખી સ્થિતિમાં ય 'હાય પૈસા!' પૈસાની જ ચિંતા, પત્ની-પુત્રાદિના મોહ, માન પાનની ભૂખ, ખાઉં-ખાઉંની લેશ્યા, બીજા પર રોષ ધમધમાટ,....વગેરે વગેરે મલિન ભાવ રાખ્યા કર્યા હોય, એને શું અંતકાળની વેદના વખતે પૈસા ખતરનાક લાગશે? પરિવાર એ સંસાર-કારાગારના બંધનરૂપ લાગશે? લોક-વાહવાહ દુઃખદ લાગવાની? ક્ષમા-મૃદુતા મૈત્રી-કરુણા વગેરે દિલમાં ઝગમગવાની? આશા રાખો મા,

**સાજે સારે સરખી સ્થિતિમાં એ શુભ ભાવો નથી કેળવવા, તો આપત્તિ કે અંતિમ વેદના વખતે એ શાના સ્ફુરે?**

(૧) પૈસાની છૂટ વખતે દાનના ભાવ નથી, તો પૈસાની તંગી થવા માંડશે ત્યારે એ ભાવ આવી શકવાના?

(૨) સાજે સારે તપના ભાવ **નથી** તો માંદા પડચે તપ કરવાનું મન થશે?

**(૩) પત્ની ઘરે છે ત્યાંસુધી જો થોડો થોડો પણ સંયમ પાળવાનો** ભાવ નથી, તો પોતે પત્નીને મૂકી પરગામ જતાં કે પત્ની પિયેર જતાં સંયમ-બ્રહ્મચર્ય આનંદથી પાળવાના ભાવ રહેશે? સાજે સારે સારું નથી કરવું એ તંગી-બિમારી-અગવડ વખતે સારા ભાવથી શે બનવાનું?

(૪) સામાન્ય સામાન્ય સંયોગમાં પણ ક્રોધ ઉકળાટ-સંતાપ કરવા છે, તો વિશેષ પ્રતિકૂળ અને વિશેષ અણગમતું બનવા વખતે એ ક્રોધાદિના ભાવને બદલે ક્ષમા-શાંતિ-પ્રસન્નતાના ભાવ ક્યાંથી આવે?

આવું તો કેટલેય ઠેકાણે વિચારણીય છે.

(૫) વહેલી પ્રભાતે શાંત શીતળ ખુશનુમા વાતાવરણ હોય છે. એ સાજો સારો અવસર છે. એ વખતે મૈત્રીભાવ, કરુણાભાવ, પ્રમોદભાવ,મધ્યસ્થભાવ વૈરાગ્યભાવ,વગેરે સારા ભાવો ચિત્તમાં નથી લાવવા તો પછી દિવસના ઘોંઘાટ–ગરમી–ધમાલવાળા વાતાવરણમાં એ શુભ ભાવો શે સગા થવાના ?

(૬) સાજે સારે એટલે કે મુનિઓના સંપર્ક મળે છે એવા અવસરે સત્સંગ સાધી હૃદયને નિર્મળ અને તત્ત્વપ્રકાશવાળું નથી કરવું, તો પછીથી એ સાધુ સંપર્ક વિનાના અવસરે એકલા દુન્યવી વાતો કરનારા સગા–સ્નેહીના જ સંપર્કમાં હૃદય નિર્મળ અને તત્ત્વબોધવાળું શી રીતે કરી શકવાના ?

(૭) અરે ! સાજો સારો અવસર એટલે આ સાધન–સમજ –અલ્પદુઃખ–અલ્પપરાધીનતાવાળો મનુષ્ય ભવનો અવસર એમાં જો પુષ્કળ પરમાત્મસ્મરણ, દેવ–ગુરુભક્તિ, કષાયનો ઉપશમ, તથા દાનાદિ ધર્મની સાધનાઓ નથી કરી લેવી, તો પછીથી સાધન–સામગ્રી–સમજ વિનાના અને મહા દુઃખ–મહા પરાધીનતાવાળા તિર્યંચ–નરકના અવતારે એ શું થઇ શકવાનું ?

વાત આ છે કે સાજે સારે સારા સંયોગમાં સારા ભાવ કેળવવા–સાચવવા–વધારવા ખૂબ અભ્યાસ રાખો; તો અગવડના મોકે એ ભાવને આવવાનો અવકાશ મળે. પેલો કનકરથ રાજકુમાર આ ઇચ્છે છે કે જો આ યોગિરાજ મારી સાથે હોય તો મન પ્રસન્ન ને શુભ ભાવમાં ઝીલતું રહે. તેથી જ્યાં યોગિરાજે કહ્યું કે, 'અમારાથી તમારી સાથે ન રહેવાય; એમાં તો વ્રતને

દૂષણ લાગવા સંભવ. યોગિઓને તો જનસંપર્કથી અલગ અલિપ્ત એકાંતવાસ જ જોઇએ,' ત્યારે કનકરથ હતાશ થઈ દીન બનીને કહે છે, 'શું આપ જેવા દયાળુ યોગી પુરુષ પણ અમારી પ્રાર્થનાનો ભંગ કરશે ?'

**ઋષિદત્ત–યોગિરાજને પુન: વિનંતિ :-**

કુમારના આગ્રહથી કહેવા છતાં મંત્રીઓ જુએ છે કે આ યોગિરાજ એમ કદાચ ન પીગળે, માટે આપણે પણ પ્રાર્થના કરો. તેથી એ પણ યોગીને વિનંતિ કરે છે કે 'ભગવન્ ! કુમાર સાહિબનું વચન માનો, એમની વિનંતિ માન્ય કરો, અને એમની સાથે રહેવાની કૃપા કરો. આ કયાં કાયમ રહેવાની વાત છે? આ તો કૌબેરી નગરી સુધી જ આવવાની અને પછી પાછા વળી અત્રે આવી જઇએ ત્યાંસુધીની જ વાત છે. માટે આટલી મહેરબાની કરો'

કુમાર પણ ફરીથી કહે છે, 'પૂજ્યવર ! આપ સરખા યોગિરાજ જ્યારે અહીં મને સહેજે સહેજે મળ્યા છે, તો આપનો મને જેટલો સમય સંપર્ક રહે એટલો સમય આધ્યાત્મિક વાર્તાલાપ–વિચારણાને અવકાશ છે; નહિતર આવા સંતના સુયોગ વિના તો એકલા દુન્યવી માણસોના સંપર્કમાં રહેલા અમને એ વસ્તુનો એવો અવકાશ જ કયાં ? તેથી આ માટેની મારી પ્રાર્થનાનો ભંગ ન કરો.'

આ સાંભળીને ઋષિદત્તા–યોગિરાજ જુએ છે કે ' આ કોઇ મારે હજી કાયમી યોગસાધના નથી. તેથી હાલ પૂરતું હવે તાણવા ઈનકારવા જેવું નથી. એક ઉત્તમ પુરુષ તરીકે મારે સામાની પ્રાર્થના સ્વીકારવાનું દાક્ષિણ્ય મારે દાખવવું જ જોઈએ; તેમજ આ કુમાર માત્ર આધ્યાત્મિક વાત–વિચાર માટે જ મારી સંગતિ ઈચ્છે છે.

તો એમની સંગતિમાં મારે કાંઈ સાંસારિક બાબતોમાં પડવાનું છે નહિ; વાતચીત પણ એ અંગે નહિ. કિંતુ માત્ર આધ્યાત્મિક જ વાત કરવાની. એમાં એને શુભ ભાવનો લાભ થશે માટે મારે હવે ન તાણતાં સાથે જવું' એમ વિચાર કરી સાથે જવા તૈયાર થાય છે.

**વ્રતને દૂષણનો ભય, તો જવાનું કેમ કરે? :—**

એક સવાલ થાય કે 'તો પછી પહેલાં જે કહેલું કે રાજાની સંગતિમાં સંયમીને વ્રતમાં દૂષણ લાગે, એનું શું ? એ શું ખોટું ?'

આનો ઉત્તર એ છે, કે 'ના, ખોટું નહિ, વ્રતને જરા દૂષણનો ભય તો ખરો જ; પરંતુ ભયસ્થાને જો વિશેષ સાવધાનીથી રહેવામાં આવે તો દૂષણ લાગતું જરૂર અટકાવી શકાય. દા. ત. જુઓ કે મોટી સીડી ઊતરતાં જરાક અરબડિયું ખાય તો નીચે પટકાવાનો અને વિશેષ નુકસાન થવાનો ભય છે. પરંતુ કાર્યવશાત્ નીચે ઊતર્યા વિના જો ચાલે એવું જ નથી, તો સાવધાનીથી ઊતરાય છે, ને ? અને નીચે પટકાવાનું તથા અંગને મોટું નુકસાન થવાનું ટાળવામાં આવે છે ને ? એ જ રીતે અહીં જ્યારે દાક્ષિણ્યવશ અને સામાના લાભની દૃષ્ટિએ જવું જ પડે એમ છે, તો વિશેષ સાવધાનીથી સાથે રહેવાય, અને ત્યાં દૂષણ લાગતું અટકાવી શકાય.

આ સૂચવે છે કે ત્યારે એવા સંયોગમાં કેટલી બધી સાવધાની રાખવી જોઈએ ! જીવનમાં એવા અનેક પ્રસંગ આવે છે કે જ્યાં કોઈ વિષયોની લાલચ લાગી જાય એમ હોય, કોઈ જૂઠ–અનીતિમાં તણાવાનો ભય હોય, કોઈ સદાચારને સહેજ ખોડખાંપણ લાગવાનો સંભવ બની આવે એમ હોય ને પાછું

એવા પ્રસંગ ટાળી શકાય એમ લાગતું ન હોય, તો શું કરવું ? શું પ્રસંગ જ ટાળી દેવો ?

**દર્શન અખંડ કેમ ચાલે ? :-**

દા. ત. આજે જિન-મંદિરમાં પ્રભુનાં રુડાં દર્શન-ચૈત્યવંદન કરતા હો, ત્યાં આજના બેફામ ઉદ્‌ભટ વેશવાળી બાઈઓ વચમાં આવીને ઊભી રહે એવા પ્રસંગ બહુ આવે, તો પછી શું દર્શન-ચૈત્યવંદન ન કરવા ? શું મંદિરે જવાનું બંધ કરવું ? ના, ત્યાં વિશેષ જરા સાવધાની રાખવી પડે, જેથી પ્રભુદર્શનને બદલે પરસ્ત્રી-દર્શનના દોષથી બચી જવાય. સાવધાની આ, કે વીતરાગ પ્રભુનાં દર્શન-વંદન કરતાં આંખ મીંચીને પ્રભુને દિલમાં એવા સ્થાપી દેવા કે પછી એવાં લફરાં વચ્ચે આવીને ઊભા રહે કે તરત આપણે આંખ મીંચી મનમાં જાણે સાક્ષાત્ પ્રભુને જ જોવાનાં, ને સ્તવના-ભાવનાનું કામ આગળ ધપાવ્યે રાખવાનું.

એમાં ય પહેલાં દેખાઈ ગયેલ પરસ્ત્રીનાં ઉદ્‌ભટ ખુલ્લાં અંગનો ફોટો મનમાં ન ઘુસે, મનને ન પકડે, એ માટે બંધ આંખે મનમાં સામે જોયેલા વીતરાગ ભગવાનની વીતરાગતા-ભરી આંખો પર વિશેષ ધ્યાન લગાવવાનું, ને એ વિચારવાનું કે,-'આ પ્રભુની આંખ સામે મોટી રૂપવતી ઇંદ્રાણીઓ હતી, પરંતુ પ્રભુને એની સાથે કોઈ લેણ-દેણ નહિ, કશી જ નિસ્બત નહિ, એટલો બધો પ્રભુને ઉદાસીનભાવ, બેપરવાભાવ, અલિપ્તભાવ રહેતો !'

પ્રભુને અનંત જ્ઞાનમાં આખું ત્રણે કાળનું જગત દેખાતું; પરંતુ એક જ હિસાબ હતો કે, 'મારે ને જગતને શી નિસ્બત ? શો સંબંધ ?' પ્રભુને મન એ નરો વા કુંજરો વા; તેથી કોઈ રાગ નહિ દ્વેષ નહિ.

પ્રભુનો આ ભાવ મનમાં રટાવીએ એટલે પેલો પરસ્ત્રીનો કે એના અંગનો ફોટો તો ક્યાંય અદૃશ્ય થઈ જાય! પછી એની કશી અસર આપણા મન પર ન રહે. આ સાવધાનીથી કામ લેવાનો આજે કાળ આવી લાગ્યો છે, પ્રભુનો ભાવ મન પર રાખવાની અતિ આવશ્યકતા ઊભી થઈ ગઈ છે. દેવદર્શનાદિ પ્રસંગ છોડી શકાય એમ નથી, નહિતર એ છોડ્યા એટલે તો પછી એકલી સાંસારિક ક્રિયાઓ–પ્રવૃત્તિઓની જ લોથ માથે લાગવાની. એમાં એકલા અશુભ ભાવોમાં ડૂબ્યા રહેવાનું થાય.

**સાંસારિક પ્રવૃત્તિઓમાં પોષાતા અશુભ ભાવોથી બચવા માટે દેવદર્શનાદિ શુભ અનુષ્ઠાનો છે.**

માત્ર એમાં જ્યાં એવા વિષમ પ્રસંગ ઊભા થાય ત્યાં રાગ–દ્વેષ કામ–ક્રોધ વગેરે ખરાબ ભાવોમાં કેમ તણાઇ ન જવાય એની પાકી સાવધાની રાખવી જોઈએ. બાકી કાંઇ એવા પ્રસંગના ભયથી સારું આચરવાનું મૂકી ન દેવાય.

માથે વાળ રાખવામાં કદાચ જૂ–લીખ–ખોડો થવાનો ભય છે, પણ તેથી કાંઇ મુદ્દલ વાળ જ ન રાખવા એવું નથી કરાતું; કિન્તુ સાચવણી રખાય છે, જેથી જૂ–લીખ વગેરેથી બચી જવાય.... એવું સારી વસ્તુ આચરતાં સાવચેતી સાવધાની રાખીને રહેવાનું છે.

ઋષિદત્તા હવે આ જોઇ રહી છે કે ' કુમારનો આટલો બધો આગ્રહ છે, તો એમાં એનું આધ્યાત્મિક મન સાચવવાનો સારો મજેનો મોકો છે; અને જે ભય છે કે વ્રતને કદાચ દૂષણ લાગે તે તો હું બીજી કશી તથામાં પડું નહિ, તેમ મારા તત્ત્વ-ચિંતન – ભગવદ્ભક્તિ વગેરેમાં લયલીન રહું, તેથી અટકાવી

શકાય એમ છે. તેમજ કુમાર સાથે કે બીજા સાથે એની દુન્યવી વાતોમાં મારે પડવાનું જ નહિ. પછી શી ચિંતા?'

વળી ઋષિદત્તા એ પણ જુએ છે કે 'મારા સંપર્કમાં કુમારના શુભ ભાવ વધતા રહેવાથી વળી કયારેક કોઇક એવો જ અવસર આવી લાગ્યો તો મારા માથે ચડેલા કલંકનું કદાચ નિરાકરણ પણ મળી જાય. એથી મારા પિતાજીનું પણ સારું દેખાય, ને બીજી સુશીલ નારીઓ અંગે મારા કલંકપ્રસંગથી લોકોમાં શંકા–અવિશ્વાસ વગેરે થતું હોય તે પણ ટળી જાય.'

એ બધો વિચાર કરીને ઋષિદત્તાએ કુમારની સાથે જવાનું મંજુર કર્યું.

**કૌબેરી નગરીએ કુમાર :–**

કનકરથ રાજકુમાર અને એના પરિવારને એથી ખૂબ જ હર્ષ થયો. બસ, બધા ત્યાંથી હવે આગળ પ્રયાણ કરે છે. એમ કરતાં રુકિમણીની ઠેઠ કૌબેરી નગરીના નાકે પહોંચી જાય છે. ત્યાંના રાજા સુંદરપાણિને આ સમાચાર મળે છે, ને એ પોતાની વહાલી કન્યા રુકિમણીને મનમાન્યો પતિ પરણવા આવી જવાનો અત્યંત આનંદ અનુભવે છે! અને હવે એના ભારે સામૈયાની તૈયારી કરે છે.

સંસારીને મન સુયોગ્ય જમાઈ મળ્યાનો કેટલો બધો આનંદ હોય છે! એમ સમકિતીને મન સારા મનમાન્યા ધર્મગુરુ આવી મળ્યાનો કેટલો બધો આનંદ રહે? પછી એમનું સ્વાગત–સામૈયું કેવુંક કરે? સારા જમાઇના સ્વાગતમાં ખર્ચનો કશો હિસાબ નહિ, એમ ગુરુના સ્વાગતમાં ખર્ચનો હિસાબ નહિ. દિલના હરખની વાત છે.

ખંભાતમાં જગદ્‌ગુરુ આચાર્ય શ્રી વિજયહીરસૂરિજી મહારાજનું રામજી ગંધાર શ્રાવકે અતિ અદ્‌ભુત પ્રવેશ–સામૈયું કર્યું! કેમકે એના દિલને આવા ધર્મગુરુ મળ્યાનો અતિશય હરખ હતો, તેથી તો એમના આગમનની વધામણી આપનારને અગિયાર લાખ રૂપિયા વધામણીદાનના દઈ દીધેલા! આ પરથી વિચારો કે, સામૈયું કેટલા ખરચે અને કેવુંક કર્યું હશે? દિલના હરખની વાત છે.

રાજાનું જમાઈ–સ્વાગત:

જીવનમાં સમર્થ સ્નેહીની જરૂર :-

અહીં રાજા સુંદરપાણિએ આવો સરસ જમાઈ આવી પહોંચવા પર ભારે ઠાઠથી સામૈયું કરી પોતે જાતે કુમારને લેવા સામે ગયો. વિનયવંતા કુમારે હાથ જોડી એમને પ્રણામ કર્યા 'આકૃતિઃ ગુણાન્ કથયતિ' એ ન્યાયે કુમારના રૂપરંગ અને ભવ્ય આકૃતિ જોઈ રાજાને અનેરું આકર્ષણ થાય છે. એના મનને એમ થાય છે કે 'આ તે કોઇ માનવીય પુરુષ છે? કે દિવ્ય પુરુષ? એના મુખની કેવી પ્રતિભા! કેવું તેજ! કેવી સુયોગ્યતા દેખાય છે! ત્યારે આનામાં કેટલા બધા ઉચ્ચ ગુણો હશે? ખરેખર! મારે તો માત્ર એક સારો જમાઈ જ નહિ, પરંતુ ભવિષ્ય માટે એક સારો સલાહકાર, સહાયક, અને આત્મીય જન મળ્યો લાગે છે! અહોભાગ્ય મારાં.'

આ વિષમતાભર્યા ને આપત્તિભર્યા જગતમાં શી ખબર કે ક્યારે કેવી વિષમતા કેવી આપત્તિ ઊભી થાય? એવા અવસરે એવા સારા ગુણિયલ ખૂબ સ્નેહાળ અને સમર્થ પુરુષ આત્મીય જન તરીકે મળ્યા હોય છે તો એની ભારે હુંફ અને હિંમત રહે છે, એની બહુમૂલ્ય સહાય મળે છે. માટે,

**જાતના જીવનમાં શાસ્ત્ર પણ એવા કલ્યાણ-મિત્રના યોગની આવશ્યકતા બતાવે છે. સાથે અકલ્યાણમિત્રનો ત્યાગ પણ એટલો જ જરૂરી બતાવે છે.**

જીવન જીવો છો ને ? ત્યાં આ બે વસ્તુનો પાકો ખ્યાલ છે ને ? એ પ્રમાણે જીવનમાં રાખ્યું છે ? ભૂલશો નહિ, પળે પળે આ ધ્યાન રાખવાનું છે કે કોઈ અકલ્યાણમિત્રના ઝપાટામાં ન આવી જઈએ; એવાના સ્નેહમાં વિશ્વાસમાં ન ફસાઈ પડીએ, તેમ સારા કલ્યાણમિત્રનો યોગ ન જ ચૂકીએ. કલ્યાણમિત્ર તરીકે નિશ્ચિત થઇ ગયા પછી એના પર અનહદ સ્નેહ આદર અને વિશ્વાસ ધરીએ, જેથી એ આપણા હિતની પૂરી ચિંતા રાખે, આપણને ચાહીને અવસરે અવસરે કલ્યાણ-પ્રેરણા કલ્યાણ-સલાહ આપ્યા કરે, જીવનભરનો એ આત્મીય જન બન્યો રહે. આ સાવધાની ખાસ રાખવાની, જેથી ક્યારેય એની સાથે બોલી બગાડાય નહિ.

રાજાને કનકરથ જમાઈ તરીકે મળ્યાનો આટલા માટે પરમ આનંદ છે કે મને ભાવી માટે હવે એક સાચો આત્મીય સલાહકાર કલ્યાણમિત્ર મળે છે. ધામધુમથી નગર વચ્ચેથી કુમારનું ભવ્ય સામૈયું ફેરવી મુકામે લઈ આવે છે. રાજા ભવ્ય સામૈયું કરે, પોતે એમાં સાથે જોડાય, ત્યારે એના મંત્રીઓ વગેરે ઊંચા અમલદારો તથા નગરવાસી મોટા શેઠ શાહુકારોની એમાં હાજરીનું પૂછવું જ શું ? આ બધાની સાથે મોટા હાથીના હોદ્દા પર કુમારને લઈ આવે ત્યાં એનું કેટલું બધું સન્માન ! એને દેખતાં એના માટે કેટલું બધું માન ઊપજે ? એ કેવા એને ધારી ધારીને અને હરખી હરખીને જુએ ? કેવા એના ગુણ ગાય ? કેવા ઓવારણાં લે ?

આ બધો કુમારનાં પુણ્યનો પ્રકર્ષ છે. નાસ્તિકોને ભલે પુણ્ય-પાપ ન જ માનવું હોય, પરંતુ આ જગતમાં હકીકતે બે નર ગુણિયલ છતાં એકને મહામાન મળે ને બીજાને બિચારાને અપમાન મળે એની પાછળ પુણ્ય અને પાપ જ કારણભૂત છે. હોશિયારી ન હોય છતાં માન મળે છે, અને હોશિયારનાં અપમાન થાય છે! એવું ય આ જગતમાં દેખાય છે. ત્યાં પૂર્વનાં પુણ્ય-પાપ સિવાય બીજું શું કારણ કહેશો? ત્યારે જો કોઈ વાર સત્તાધીશનાં ય અપમાન-પરાભવ થાય છે, તો સત્તા જ માન અપાવે છે, એવું ય કયાં રહ્યું? આજે પોલિટિક્સમાં રાજ્ય-ખટપટમાં આ દેખો છો ને? છતી શ્રીમંતાઇએ આજ સત્તાધીશો તરફથી અપમાન દેખાતા નથી? તો પૈસા માન જ અપાવે છે એવું ય ન રહ્યું ને?

**માન-અપમાન પૂર્વનાં પુણ્ય-પાપનો હિસાબ છે, એવું ઘર-કુટુંબોમાં ય ઘણું જોવા મળશે.**

**એ પરથી ત્રણ વાત શીખવા જેવી છે,-**

(૧) કોઇને માન મળતું જોઈ ઈર્ષ્યા ન કરો.

(૨) જાતનાં અપમાન-પરાભવ પર પ્રભુનાં માન, પ્રભુભક્તિ અને તપસ્યાદિ ધર્મ વધારો, ગુણસંપત્તિ વધારો.

(૩) જાતને માન મળવા પર છકી ન જાઓ, મદ ન કરો; પણ પૂર્વ ભવના ધર્મ-સેવનનો પ્રભાવ માની કૃતજ્ઞતારૂપે પણ ધર્મનું અધિકાધિક સેવન કરો.

**ઈર્ષ્યામાં નુકશાનો :-**

(૧) બીજાને માન મળતા જોઇ ઇર્ષ્યા કરવાથી શો ફાયદો? એનું પુણ્ય તપતું હશે ત્યાંસુધી એને માન મળતું જ

રહેવાનું છે, એમાં તમારી ઈર્ષ્યા કશી આડ નહી કરી શકે; ઉલ્ટું ઈર્ષ્યાથી,

(i) તમારું મન બગડેલું રહેશે.

(ii) સામામાં રહ્યા સહ્યા ગુણ અને સુકૃતની અનુમોદના તમારે ગુમાવવાનું થશે.

(iii) સુંદર મૈત્રીભાવ પણ ગુમાવાશે !

(iv) જાતમાં અભિમાન પોષાશે, અને નીચગોત્ર કર્મ તથા બીજી પાપપ્રકૃતિઓ બાંધવાનું થશે !

(v) ઈર્ષ્યાથી ચિત્ત બળતું-જળતું રહેવાથી છતા સુખનો અનુભવ નહિ ! છતા સુકૃતનો તોષ નહિ ! અને બીજાં કામો ય બગડવા સંભવ !

આ બધાં નુકસાન જોઇ ઇર્ષ્યા કોણ કરે ? મનમાં ઇર્ષ્યા ઊઠી આવતી હોય ત્યાં ઝટ આ હિસાબ માંડવાનો કે, "ભાઈ! એને પૂર્વનાં પુણ્યનો ઉદય છે એટલે એ સારું માન પામવાને હકદાર છે, તો ભલે એને માન મળો." આસ્તિક હોઇએ તો આત્માનાં પૂર્વ કર્મની માન્યતાને અવકાશ મળવો જોઇએ.

(૨) એમ, જાતનાં અપમાન-પરાભવ વખતે જરાય કરમાઈ ન જતાં કે દીન ન બનતાં, આ જ સાચો હિસાબ માંડવાનો કે પૂર્વ જીવનમાં સારી જિનભક્તિ નહિ કરી હોય, યા સારો તપ નહિ કર્યો હોય, તેથી અહીં અપમાન-પરાભવ મળે છે. માટે લાવ એ ભક્તિ-તપ સાધું, નહિતર આગળ પર પણ પરલોકમાં અપમાન-પરાભવ જ જોવા મળશે. તપ કરવો નથી, પ્રભુભક્તિ કરવી નથી, ને માન-સન્માન મેળવવા છે ? જુઓ યાદ હોય તો દેખાશે કે નાગકેતુને

પૂર્વ-ભવે પટેલના પૂર્વની પત્નીના છોકરા તરીકે બિચારાને નવી માતાથી અપમાન મળતું હતું. ત્યારે આ સ્થિતિમાં શું કરવું એની સલાહ માગવા ગયો, તો શ્રાવકમિત્રે આ જ સલાહ આપી કે 'તું તપ કર; પૂર્વ ભવે તેં તપ નથી કર્યો માટે આ ત્રાસ અપમાન પામે છે, તેમ અહીં તપ નહિ કરે તો આગળ શું, એ સમજી લે.'

**કાકા અજિતસેન** ભત્રીજા શ્રીપાળકુમારથી હાર્યા, અપમાન લાગ્યું, તો સંયમ અને તપના માર્ગ પર ચડી ગયા. એવું જ વૈશ્રવણે રાવણથી હાર ખાતાં કર્યું. **સુંદરીને** ભરતે ચારિત્ર લેતાં અટકાવી, સુંદરીને પરાભવ લાગ્યો, તપ પર ચડી ગઈ, ૬૦ હજાર વરસ આયંબિલનો તપ કર્યો. એથી કર્મના વાદળ વિખરાઈ ગયાં, માનભેર ભરતે એને ચારિત્ર અપાવ્યું.

જાતનાં અપમાન-પરાભવમાં દીનતાથી શોષાઈ જવું નકામું છે. તપથી તન-મનને શોષી નાખવા જોઈએ, જિનભક્તિથી ધનને શોષી નાખવું જોઈએ.

(૩) એમ જાતને માન મળે ત્યાં મદથી ફૂલાઈ જવું નકામું છે, વિશેષ ગુણ-સુકૃતથી આત્મ-ખજાનો ફૂલવી નાખવો જોઈએ. માન તો આજે છે ને કાલે નથી; એટલે આજે ફૂલાયા તો કાલે પસ્તાવું પડશે. 'માન પુણ્યના ઘરનું, ને મદથી પોતાના આત્મામાં કચરો ઘાલવાનો; આત્મામાં પાપકર્મ વધારવાના થાય! આવો પુણ્ય વેચીને પાપ ખરીદવાનો મૂર્ખ ધંધો શા શારુ કરવો ?'

વાત આ છે,-'માન અપમાન એ પુણ્યપાપના હિસાબ છે' માની દેવ-ગુરુભક્તિ અને તપ વગેરે ધર્મનો પુરુષાર્થ વધારવો જોઈએ.

## રુક્મિણી સાથે લગ્ન રુક્મિણી પ્રપંચ ખોલે છે.

પેલો કનકરથ રાજકુમાર ગુણિયલ તો છે પણ એમ તો ઋષિદત્તા ય ક્યાં ગુણિયલ નહોતી? પરંતુ એને બિચારીને અપમાન–પરાભવ મળ્યો. શું કારણ? કહો, એને પૂર્વનાં તીવ્ર પાપનો ઉદય આવી લાગ્યો હતો. અહીં કનકરથ પુણ્યનો પ્રકર્ષ છે, તેથી કૌબેરી–નગરીમાં ભારે સન્માન મળી રહ્યાં છે. લોકોને એમ થાય છે કે 'વાહ! રાજાને જમાઈ કેવો સુંદર મળ્યો!' બસ, માન પામતાં પામતાં કુમાર સામૈયા સાથે રાજાએ નક્કી કરેલા આવાસે પહોંચ્યો. રાજાએ ખૂબ ધામધૂમથી પોતાની રૂપાળી કન્યા રુક્મિણીનાં એની સાથે લગ્ન કર્યાં; અને હવે જમાઇને થોડો વખત અહીં જ રોકાઈ જવા વિનવે છે.

આપણે જોયું છે કુમારને ઋષિદત્તાની દુર્દશા પછી પરણવાનો એવો રસ નહતો, પણ પિતાના આગ્રહે પરણવા અહીં આવવું પડ્યું હતું. તેથી પરણ્યા બાદ અહીં રહેવાનો શો રસ હોય? પરંતુ દાક્ષિણ્ય–ગુણવાળો છે, તેથી પિતાનાં દાક્ષિણ્યની જેમ હવે સસરાનું દાક્ષિણ્ય આડે આવ્યું; તેથી તરત ચાલી જવાનું માંડી વાળી એ ત્યાં રહ્યો.

તો શું દાક્ષિણ્યમાં એકાંતે ગુમાવવાનું જ હોય છે?

**દાક્ષિણ્યમાં કુદરતી સંકેત :–**

ના, એમાં પણ કુદરત કેવું ગેબી કામ કરે છે એ અહીં જોવા મળે છે. રુક્મિણીનો પૂર્વ પ્રપંચ અહીં ખુલ્લો થવાનો છે, તેથી અહીં એના પિતાને એ ભેદ ખુલ્લો થયેલો જોવા મળ-વાથી જે સુખદ પરિણામ આવે છે એ વસ્તુ દૂર દેશમાં ભેદ

ખૂલતાં એના પિતાનાં મન પર કદાચ એવી અસર ન પણ કરે. એ તો કનકરથનું દાક્ષિણ્યથી અહીં રહેવું, અને સસરાને રૂબરૂમાં પોતાની કન્યા રુકિમણીનો પ્રપંચ ખુલ્લો થયેલો જોવા મળવો,....એ વસ્તુ પર સુખદ પરિણામ નીપજે છે, માટે કહેવાય કે દાક્ષિણ્ય સાચવવામાં હંમેશા એકાંતે ગુમાવવાનું જ હોય એવું નથી, કમાવવાનું પણ હોય છે.

બન્યું એવું કે કનકરથને ઋષિદત્તાના શોકમાં અહીં રહેવાનો રસ નહોતો, તેમ રુકિમણીમાં પણ એને એટલો રસ હતો નહિ, તેથી રુકિમણી જુએ છે કે કુમાર કંઈક ઉદાસ જેવા રહે છે, માટે એ કુમારની વિશેષ ચાપલુસી કરે છે, કુમાર સૌજન્યવાળો છે, તેથી ઋષિદત્તાના શોકમાંથી મન વાળી લઇ રુકિમણીના બહુ સ્નેહ–આદર–માનને તુચ્છકારવાનું ન કરતાં પ્રેમ દેખાડી એને વધાવી લે છે. એનાં મનને એમ થાય છે કે,–

"મારે મારા શોકમાં આ બિચારીને શા માટે હતાશ કરવી ? શોક છે એ મારું દરદ છે. એમાં આ બિનગુનેગાર નિર્દોષ રુકિમણીને હતાશાનું દરદ શા માટે કરવું ?"

**આપણા દરદમાં બીજાને દરદી કરવા એમાં સુજનતા નથી, સૌજન્ય નથી.**

સુજનતા એ, કે આપણું દરદ આપણે વેઠી લેવું, પણ બીજાને શાંતિ આપવી, શાતા આપવી. આ જગતનાં જીવનમાં આ જ કમાઈ જવા જેવું છે. આપણું દરદ તો આપણા કર્મે ઊભું થયું. પરંતુ બીજાને શાતા–શાંતિ આપવી એ આપણા પુરુષાર્થની વાત હોઈ એ તક શા માટે ગુમાવવી ? કર્મ એનો ભાવ ભજવે, આપણે આપણું

કર્તવ્ય સંભાળવું, સુકૃત કમાઇ લેવું 'ઉદ્યમીઓ ધૂળમાંથી સોનું શોધી જાય છે.' નસીએ ધૂળ આપી, ઉદ્યમ એમાંથી કિંમતી સોનું કમાવરાવે છે. એમ,

**કર્મે ધૂળ જેવા સંયોગ આપ્યા; પણ આત્માની હોંશિયારી એ, કે એની વચ્ચે ઊભો, સદ્ ઉદ્યમથી સોના જેવા મૈત્રી, કરુણાભાવ, વૈરાગ્યભાવ, દયાભાવ વગેરે ગુણો ને દાન-વાત્સલ્ય સુકૃત કમાઈ લે.**

**ઘરવાસમાં ઉમદાગીરી શી ? :—**

કનકરથ આ વિચારસરણી પર રુક્મિણીના પ્રેમ-આદરને ઝીલી પોતાનો પણ સ્નેહ-આદર બતાવે છે. જુઓ ખૂબી, એને કાંઇ એવો કામરાગ નથી પીડતો, પરંતુ માત્ર સૌજન્યની દૃષ્ટિએ, અને પોતાના દરદની પીડામાં સામાને દરદી ન બનાવવી પણ શાતા-શાંતિ આપવી એ દૃષ્ટિએ, એ હવે રુક્મિણી પ્રત્યે પોતાનો આદર-સદ્ભાવ દેખાડે છે.

ઘરવાસમાં અને લગ્ન જીવનમાં રહ્યા છતાં પણ વાસનાના રાગને દબાવી ઉમદા દિલ રાખવું હોય, તો આ દૃષ્ટિ છે કે સામાને તુચ્છકાર અનાદર ન દેખાડતાં એના દિલને શાંતિ રહે, ઉત્સાહ વધે એ જોવું. એ દૃષ્ટિથી ઘરવાસમાં પણ રહેતાં ગુણ મળે; ત્યારે આંધળા વિષયરાગની દૃષ્ટિએ જીવવામાં એકલું પાપ વધે. માટે તો,

**ઘરમાં ઝઘડા કેમ ? :—**

જ્યાં આંધળી વિષયરાગની જ દૃષ્ટિ છે અને સામાની સુખશાન્તિની દૃષ્ટિ નથી, ત્યાં સામાની કોક ભૂલભાલ થતાં

ઝટ ચડભડાટ કરાય છે. ઘેર ઘેર માટીના ચૂલા કેમ? કહો, સામા પાસેથી વિષયસુખ આંચકી લેવાની જ એક દૃષ્ટિ છે, પણ 'સામા જ્યારે આપણા જીવન-સંબંધમાં આવ્યા છે, તો લાવો એમને સુખશાન્તિ આપવી એમાં મારી સુજનતા છે' એ દૃષ્ટિ જ નથી. નહિતર થોડી થોડી ભૂલભાલ ખમી લઇ સામાને હિંમત ઉત્સાહ આપવામાં આપણે શું બહુ ગુમાવવાનું થાય? એ ભાન નથી કે,

**'બીજાને ઠાર્યા હશે, તો આપણને ઠરવાનું મળશે, ને બાળ્યા હશે તો બળવાનું મળશે.'**

સામા આપણું બધું અનુકૂળ જ કરે, આપણું સારુ જ બોલે એમાં એને ઠારવાની શી વડાઇ? એ તો માત્ર વેપારી-સોદો છે.

**સામાના પ્રતિકૂળ વર્તાવ કે બોલમાં ય એને આપણે ઠારીએ, અને સ્નેહ-સદ્ભાવ દેખાડીએ એમાં વિશેષતા છે, વડાઈ છે,**

ત્યાં આપણું પારખું થાય કે જીવન જીવીએ છીએ તે કેવું જીવીએ છીએ? કાગડા-કૂતરાની જેમ આંધળા વિષયરાગનું નહિ, પણ બીજાને ઠારી સુખશાન્તિ આપી ધર્મરાગનું ઉમદા જીવન જીવીએ છીએ ખરા? વિષય-રાગની મોંકાણ છે કે મનમાન્યો વિષય જરાક ઘવાયો કે ઊંચા નીચા થઈ જીવનના સંબંધી સાથે પણ સંબંધ બગાડાય છે. ત્યાં વિચાર નથી કે જો સામા સાથે જીવન ગાળવું છે, તો એના મનને વારે વારે દુભવી એને હતાશ કરવામાં તું પછી એની પાસેથી શું સારું પામવાનો?

ગુરુ-શિષ્યમાં ય જો ક્યાંક ઝગડો હોય તો એ શાથી? વિષયરાગની મોંકાણને લીધે. સાધુને વિષયરાગ? હા, ગુરુના

મનને હોય કે શિષ્ય મને સારો કહે, મારી સેવા બજાવે, એ વૃત્તિ વિષયરાગની છે. શિષ્યના મનને હોય કે, 'ગુરુ મને સારો કહે, મારી અનુકૂળતા મારી યથેચ્છચારિતા પોષે' એ વિષયરાગની વૃત્તિ છે. એમાં તણાયા કાંક સામા તરફથી પ્રતિકૂળ થતાં અણગમતું બનતાં ઝઘડો થાય છે. પણ ત્યાં જો સામાને શાંતિ–સમાધિ આપવી એવો ધર્મરાગ હોય તો ચડ-ભડાટ ન થાય, બસ,

**ઝગડો મિટાવવાનું આ સૂત્ર, કે વિષયરાગ હટાવી સામાને શાંતિ આપવાનું મુખ્યપણે જોવું.**

કનકરથ રાજકુમારની આ સુખશાન્તિ આપવાની દૃષ્ટિ છે, તેથી રુક્મિણીને, પોતાનું શોકનું દરદ ભૂલી, સ્નેહ–સદ્ભાવ દેખાડે છે. તો જુઓ એનો લાભ. રુક્મિણી એમાં તણાઈ હવે દિન પ્રતિદિન પતિનો સારો સ્નેહ–સદ્ભાવ દેખી વિચારે છે કે 'હવે તો પતિ ઋષિદત્તાને તદ્દન ભૂલી મારાં અથાગ રૂપ અને ભારોભાર પ્રેમમાં લટ્ટુ બની જઈ મારા પર અથાગ પ્રેમવાળા બની ગયા છે. માટે લાવ, હવે એમને મારી પૂર્વની યુક્તિ-પ્રયુક્તિ દેખાડી બતાવું કે ઋષિદત્તાને હટાવવામાં મેં કેવીક હોશિયારી દાખવેલી ! બસ, મારી હોશિયારી જોઈ એ મારા પર વધુ પ્રેમવાળા બનશે '

ભૂલી પડી કે નહિ ? ભોળીને કુમારના ઉમદા દિલની પિછાણ છે ? કુમારનો પ્રેમ પરદુઃખભંજન અને પરતુષ્ટિકરણના ઘરનો ઉમદા પ્રેમ છે, ત્યારે આ રાંકડી કુમારમાં પોતાના રૂપ અને સ્નેહના ઘરનો અધમ વિષયરાગ જોઈ રહી છે કેમ જાણે કુમાર

એના રૂપમાં લટ્ટુ બની ગયો, ને એના પ્રેમમાં લંપટ બની ગયો! એવું માની લઈ, જુઓ કે, હવે એ કેવીક ભૂલી પડે છે.

રુકિમણી એકવાર કુમારને પૂછે છે,–' સ્વામિનાથ જે તમારે પેલી બિચારી ઋષિદત્તા પત્ની હતી તે કેવીક હતી ? સાંભળેલું કે તમારું મન એનામાં એવું ઠરી ગયું જેથી તમે અહીં આવવા નીકળેલા છતાં અહીં આવ્યા જ નહિ.'

**કુમારની રુકિમણીનો ઉલ્લાસ વધારવાની સજ્જનતા :-**

આમ એણે ઋષિદત્તાની યાદ દેવડાવતાં કુમારની આંખમાં આંસુ આવી ગયાં; કેમકે ગુણિયલ ઋષિદત્તાના વિરહે દુઃખ ભારે હતું. એ યાદ આવતાં દિલ ગદ્ગદ્ કરી નાખે. હવે જ્યારે રુકિમણી એનાં આકર્ષણનું કારણ પૂછે છે ત્યારે એના ગુણોની પ્રશંસા કરવામાં રુકિમણીને કદાચ એમ લાગે કે ' ત્યારે શું હું નિર્ગુણી છું ? ' અને એથી એનું દિલ દુભાય, એટલે ઋષિદત્તાના માત્ર રૂપની પ્રશંસા કરતાં કુમાર જવાબમાં કહે,

એનું તું શું પૂછે ?

એ એવી રૂપાળી હતી કે જગતમાં કોઈ માનવી સ્ત્રી એના તોલે ન આવે. અરે ! સ્વર્ગની મેનકા પણ એની રૂપસંપત્તિ આગળ હારી જાય. પરંતુ હવે જ્યારે એનો વિયોગ જ પડયો છે, ત્યારે ભાગ્યયોગે તું મળી ગઈ અને તું પણ મારો આનંદ –આકર્ષણ કરનારી છે. શું દૂધ વિના પણ એકલી ઘેંસ પ્રીતિકારક નથી બનતી ? બને જ છે. એટલે તું પણ રૂપવાન હોઈ, મારે તું ય સુખકારી પ્રિયા છે.'

અહીં રુકિમણીએ લાગ જોયો. એ જુએ છે કે 'ત્યારે પતિને એમ તો મારા ઉપરે ય રાગ તો છે જ. પરંતુ હવે મારે ઋષિદત્તા કરતાં મારા ઉપર પતિનો રાગ આકર્ષણ વધારવાં' એટલે એ ધીરેથી કહે છે 'સ્વામિન્! ભલે તમે મારાં રૂપને સુખકારી માનો, પરંતુ તમારા કહેવા હિસાબે ઋષિદત્તાનું રૂપ અસાધારણ સુંદર એટલે તમારા મનને થોડી ટકાવારી તો રહેતી હશે. છતાં એક વાત કહું ?'

કુમાર એનો ઉલ્લાસ વધારવા કહે છે, 'વાહ ! સંકોચ રાખ્યા વિના જરૂર કહે.'

**રુકિમણીની આકર્ષણયુકિત :-**

'કહેવાનું એ જ કે મારા માટે તમે મનમાં જરા ય ઓછું લાવશો નહિ. કારણ એ છે, કે એ ઋષિદત્તા વહુ રૂપાળી છતાં વનવગડામાં ઊછરેલી, ને એવું ભણેલી ગણેલી નહિ; ત્યારે હું તો શહેરમાં ઊછરીને કળા–વિજ્ઞાન વગેરે કેટલું ય ભણેલી–ગણેલી, તેમ કોનો કેવો સત્કાર–આદર કરવો....વગેરે વિવેક શીખેલી; તેથી આપની એને ન આવડે એવી સેવા–ભક્તિ–સન્માન વગેરે કરવાના મને જે કોડ છે તે આજે હું શું કહી બતાવું ? આજે તો રૂપની દૃષ્ટિએ હું એની આગળ લાચારી અનુભવું છું.' એમ કહીને એણે માયાથી મોંઢું ઢીલું કરી હથેલી પર લલાટ ટેકવ્યું. કેવું સ્ત્રી ચરિત્ર છે !

કુમારને લાગ્યું કે રુક્મિણીના મનને ઓછું આવ્યું છે એટલે સજ્જન અને ઉદાર દિલનો એ એને ઉત્સાહિત કરવા કહે છે, 'ભલી રે બાઈ ! આમ નીસાસો શું નાખે ? પ્રિયે ! જો,

રૂપરંગ તો કોઈ ચીજ નથી, પણ જ્યારે તારામાં સારો વિવેક અને ભણતર છે, ને તું એથી સુંદર સેવા કરવાના કોડ રાખે છે, તો મારે મન રૂપ કરતાં એ ઘણું છે. એ હિસાબે અપેક્ષાએ કહું તો તું મને મળી એ સારું થયું માટે નાહક લાચાર ન બનીશ.'

કુમાર એનું માત્ર દિલ વધારવા અને હતાશ ન થવા આ કહી રહ્યો છે, પણ એથી કાંઈ ઋષિદત્તા માટે એના પોતાના દિલમા જરાય ઓછો ભાવ નથી; કિન્તુ રુક્મિણી માની લે છે કે 'ત્યારે તો પતિને મન અપેક્ષાએ હું વધારે સારી છું. એટલે હવે ખરી હકીકત કહી દઉં તો વાંધો નહિ.' એમ ભ્રમણામાં પડી પોતાનો પ્રપંચ કહેવા તૈયાર થઇ જાય છે.

**માણસ પોતાની કિંમત અંકાતાં ફૂલે છે, અને એ ફુલાવામાં ગુપ્ત રાખવા જેવી વાત બોલી નાખે છે.**

કેવી ભૂલભૂલામણી! એટલે તો ચતુર માણસો સામાના પેટની વાત કઢાવવા એને હોશિયાર ડાહ્યા ભણેલા તરીકે ચડાવે છે, 'વાહ ભાઈ વાહ' કહી એની ભારોભાર પ્રશંસા કરે છે. બસ, આ પ્રશંસા એને પચતી નથી. એનો એને આફરો ચડે છે આફરો પછી ગુપ્ત વાતનો ગેસ બહાર કાઢે એમાં નવાઈ શી? જગતથી બહુ સાવધાન રહેવા જેવું છે. આપણને કોઇએ બહુ માન્યા. આપણાં ગુણગાન કર્યાં, એથી જરાય ફુલાઈ જવાની જરૂર નથી. નહિતર ફૂલાઈ જઈને ગુપ્ત વાત બહાર કાઢવામાં પછી ભારે વિમાસણ ઊભી થાય છે.

અહીં જુઓ, કનકરથ રાજકુમારે તો કાંઈ હોશિયારી નથી ચલાવી; એણે તો માત્ર રુક્મિણી નવનવી પત્ની બનેલી એટલે

એનું મન વધારવા ઉત્સાહ આપતાં કહ્યું છે: 'અપેક્ષાએ તું મળી એ સારું થયું છે.' માટે મનને જરાય ઓછું ન લાવીશ પરંતુ રુકિમની ફૂલાઈ ગઈ કે, 'હવે કુમાર અપેક્ષાએ મને સારી માને છે' તેથી હવે દિલનો પૂર્વ પ્રપંચ એ ખુલ્લો કરે છે,–

### રુકિમણી પોતાનો પ્રપંચ કહે છે.

એ કહે છે, સ્વામિન્! તમે મારા વિવેક–ભણતર વગેરે જોતાં અપેક્ષાએ મને સારી માનો છો એ તમારી વડાઈ છે પણ એ તમને ખબર છે કે હું તમને શી રીતે મળી?

કુમાર હજી પણ એનું મન સાચવવા કહે, 'તું ગમે તે રીતે મળી પણ તારા જેવી ભણેલી–ગણેલી હોશિયાર અને રૂપાળી મળ્યાથી મારે તો આનંદનો વિષય બન્યો ને?'

રુકિમણી કહે, એ વાત સાચી, પણ મારે તમારા જેવા સૌભાગ્યવંતા અને ગુણગણના ભંડાર નરરત્નને મેળવવા મહેનત કરવી પડી છે.'

### રુકિમણી પોતાનો પ્રપંચ ખુલ્લો કરે છે:–

'એમાં તને શી મહેનત પડી?'

અહીં રુકિમણીએ લાગ જોતાં, 'મહેનત આ, કે....' એમ કહીને પોતે ઉભી કરેલ જોગણી અને એણે અજમાવેલો બધો પ્રપંચ કહી બતાવી કહે છે, 'બોલો, મને ત્યારે મહેનત તો પડી જ ને?'

રુકિમણી પોતાનો પ્રપંચ કહી રહી હતી ત્યાં સુધી તો કુમારે અંદરમાં ગુસ્સો ઉછળવા છતાં બહારથી ગંભીર ભાવે

એ સાંભળી લીધું. પરંતુ પૂરું જાણી લીધા પછી એ ગુણનો ભંડાર અને ગુણનો જ પક્ષપાતી સાંભળીને ક્યાં ઉભો રહે? એનું દિલ એકદમ ઊકળી ઊઠયું ! ભવાં ચડી ગયા ! અને એનો ભારે તિરસ્કાર કરતાં રાડ પાડીને કહે છે, 'અરે દુષ્ટ' ચંડલણી ! આટલું બધું ભયંકર અપકૃત્ય કરનારી તું ?....

**ઋષિદત્તા સાંભળતાં કુમાર રુકિમણીને તિરસ્કારે છે:-**

આ વખતે ઋષિદત્તા-યોગિરાજ બાજુના ખંડમાં જ હશે તે આ ધડાકો સાંભળીને અહીં કુમારની પાસે દોડી આવે છે. કુમારના ચિત્તમાં તો કલેશનો પાર નથી. એટલે એ તો પેલી રુકિમણીને આવેશથી તિરસ્કારી રહ્યો છે:-

'રે પાપિણી ! તેં જ આવો પ્રપંચ કર્યો ? જોગણીને તેં ઊભી કરી ? ને એની પાસે રોજ ૧-૧ માણસને મરાવી એના લોહીમાંસથી બિચારી ઋષિદત્તાને ઊંઘમાં ખરડાવી ? અરે ક્રૂર દિલની ! તને એ નિર્દોષ માણસોની ય દયા ન આવી ? અને એથી વધારે મારી પ્રાણપ્રિયા ગુણિયલ નિર્દોષ મહાસતી ઋષિદત્તાની ય દયા ન આવી ? તે તેં એના પર મનુષ્યઘાતિનીનું કલંક ચડાવી જમના દ્વારે મોકલી ! બિચારી એ નિર્દોષ નિરપરાધી અને નિષ્કલંક છતાં પ્રતિષ્ઠાથી ય ગઇ, પ્રાણથી ય ગઇ ! આ તારું કેટલું ગોઝારું કૃત્ય ? ઓ નિર્ઘૃણ-હૃદયા ! તેં આ કરીને તો તારા આત્માને ભયંકર નરકના ખોળે પટકયો, અને મને અપાર દુઃખના કૂવામાં ઉતાર્યો !'

કુમારને નિર્દોષ મહાસતી પર વરસેલા જુલ્મનો ભેદ જાણી ભારે વ્યથા છે, રુકિમણીને આગળ ફટકારતાં કહે છે, 'હાય !

એ ગુણભંડાર અને અનુપમ રૂપવાળી બિચારી ઋષિદત્તા મહા-
સતીને તેં નામશેષ કરી નાખી? આવા ભયંકર દુષ્ટ કર્મ કરનારી તને ધિક્કાર હો! હે દુર્ભાગિણી! કેવળ તારા સ્વાર્થને સાધવા માટે આ તેં શું કરી નાખ્યું? પાપી વૈરિણી! આ તને આ લોકથી વિરુદ્ધ અને પરલોકથી વિરુદ્ધ અત્યંત નીચ કાર્ય કરતાં વિચાર ન આવ્યો કે આ લોકમાં કેવો અપયશ અને વિંટંબણા મળશે? તેમ પરલોકમા ઘોર નરકાદિના કેવા ત્રાસ વરસશે? એની બીક જ ન લાગી?'

રાજકુમાર કનકરથ આમ રુકિમણીનો તિરસ્કાર કરી રહ્યો છે; અને જાતે નિર્દોષ ઋષિદત્તાનો રુકિમણીના માયા-પ્રપંચને લીધે ઘાત થયો જાણી પારાવાર બળતરાં અનુભવી રહ્યો છે. હવે તો રૂકિમણીના મોંઢેથી નિશ્ચિત થઇ ગયું ને કે એણે ગોઠવેલી જોગણીનાં જ હત્યારાં કૃત્યો હતાં; એટલે કુમારને ઋષિદત્તાની નિર્દોષતા નિશ્ચિત થઇ ગઈ. એવી એને હત્યારીપણાનું મહાકલંક! અને ચંડાળોના હાથે એની હત્યા! કુમારનું મન ઘુમ થઇ ગયું છે, હૈયે લ્હાય લ્હાય સળગી રહી છે.

ત્યારે ઋષિદત્તા હમણાં શાંત બેઠી જોયા કરે છે. એને વસ્તુસ્થિતિ સમજાઇ જતાં કલંક માથેથી ઊતર્યું એનો હરખ થાય છે; પણ કુમારની બળતરા મિટાવવા, 'પોતે યોગિરાજના વેશમાં જીવતી ઋષિદત્તા જ છે' એ ખુલાસો નથી કરતી; કેમકે હજી એને પ્રગટ થવાનો અવસર નથી દેખાતો.

પેલા પંડિતને એવું જ બનેલું ને પત્ની યોગિરાજ વખા-
ચોનું કહી એના ગુણ ગાતી હતી, છતાં એ વખતે પંડિતે આ

કહેવાનું અવસરસરનું ન માન્યું કે 'યોગિરાજ હું પોતે જ હતો.' એ તો પછીથી પત્ની જ્યારે એને કહેવા માંડી કે, 'આ તમે અભાગિયા તે એક દિવસ પહેલા પરગામ નીકળી ગયા અને આવા યોગિરાજનાં દર્શન વિનાના રહ્યા, ત્યારે એણે સાચવીને ઘટસ્ફોટ કર્યો કે 'યોગિરાજ હું પોતે જ હતો.'

'પંડિતાણી ચોંકી ઊઠી,–'હેં ! તમે પોતે ? ત્યારે રાજાનું ભેટણું કેમ ન લઈ આવ્યા ? આપણે આજીવિકાની ચિંતા મટત ને ?'

## પંડિત પત્નીને સમજાવે છેઃ–

પંડિત એને કહે, "તમે ધીરા પડો. યોગિરાજના વેશે ધન લેવાય જ નહિ; નહિતર એ વખતે તો રાજા આપી જાય, પણ પાછળથી ક્યારેક સભામાં કે બીજે ત્યાગ–રાગની વાત નીકળતાં એના મનને એમ થાય કે 'તો પછી યોગીઓ ય ધન લેતા–રાખતા હોવાથી ત્યાગી નહિ, પણ રાગી જ હોતા હશે...' આમાં સારા અનેક ત્યાગી યોગીઓ માટે એને ખોટો ખ્યાલ બંધાય; અને એવા રાજા જેવા મોટા માણસ દ્વારા સાચા યોગીઓ પર કલંક ચડાવવું, રાગીનો આરોપ ચડાવવો, એટલું ભયંકર દુષ્કૃત્ય થાય ? પૈસા શી મોટી ચીજ છે ? પૈસા મળ્યા તે તો કાલે જતા રહેવાના, પણ આ સાચા યોગીઓ પર ચડેલા કલંક એમજ રહી જાય, ને એથી લોક એમનો લાભ ન લે ! આપણા આ દુષ્કૃત્યના ગોઝાર સંસ્કાર અને જાલિમ પાપ આત્માના માથે સીલપેક ઠોકાઈ જાય ! એ જનમ જનમ દુર્ગતિના કારમા દુઃખોમાં રીબાવે અને કારમા પાપ કરાવે ! માટે,

પૈસા ખાતર ગોઝારા પાપ કરવાં એ મહામૂર્ખતા છે, મહાક્રૂરતા છે, અંતરમાં ધર્મ સામે બળવો છે.

તમે જ કહો, યોગીઓ પર કલંક ચડવામાં નિમિત્ત બની પૈસા લેવા સારા ?"

પંડિતાણી કહે, 'ના, એ તો સારું નહિ. પણ તો પછી આપણે પૈસા વિના જીવનનિર્વાહ શી રીતે કરીશું ?'

પંડિત કહે,' ફિકર ન કરો રાજા યોગીની જે ત્યાગવૃત્તિ જોઇને ગયો છે તથા જે સાંભળી ગયો છે, એથી એને જપ નહિ વળે. એમાં તમારી ચિંતા ટળશે, જુઓ તો ખરા કે શું થાય છે.'

અહીં પંડિત રાહ જુએ છે, ત્યારે ત્યાં યોગિરાજ ઋષિદત્તા પણ ધીરજ ધરી બેઠી છે, એ જોવા કે હવે શું થાય છે.

## કનકરથનો આપઘાતનો નિર્ણય :–

કનરથ રાજકુમાર કલ્પાંત કરી રહ્યો છે. એમ કરતાં સવાર પડી. મન પરથી શોક ઓછો થવાને બદલે વધી ગયો છે. એને એમ થાય છે'કે આવી નિર્દોષ ઋષિદત્તાનો મેં ઘાત થવા દીધો ? એના પિતાનું એને પાળવાનું વચન મેં પાળ્યું નહિ ? અને એક મહા પવિત્ર આત્મા આ જગત પરથી મારી નિર્બળતાએ ઊડી ગયો ? તો પછી હવે મારે જીવવું નકામું છે.'

બસ એમ વિચાર કરીને તરત પોતાના માણસોને કહે છે 'કે જાઓ નગર બહાર કાષ્ઠની ચિતા ખડી કરો. હું હવે જીવી શકવાનો નથી. અગ્નિસ્નાન કરીશ.'

માણસો ચિઠ્ઠીના ચાકર; તે કડક હુકમ થતાં નગર બાર જઈને લાકડાંની મોટી ચિતા બનાવી દે છે. છતાં હજી ઋષિદત્તા કાંઈ બોલતી નથી. શું પતિને બળી મરવા દેવો છે ના, પણ એને યોગ્ય અવસર જોવો છે. કેટલી ગંભીરતા ? કેટલી દૂરંદેશિતા ? **અનવસરનું ટપકીપડવું એના કરતાં ધીરજ ધરવામાં લાભ છે.** એ સમજે છે કે 'પતિ ઠેઠ ચિતા ઉપર બેસી જાય, તો ય એને ત્યાંથી ઊભો કરી દેતા શી વાર ? જરાક મૂળ સ્વરૂપે દર્શન આપું એટલી વાર. મારો નાશ થવા પર તો એને બળવું છે; તે મને જીવંત દેખે એટલે મરે ? ના મરે.' ઋષિદત્તા ગંભીર બની ધીરજ ધરી બેઠી જોયા કરે છે.

**રાજાને યોગિદર્શનની ભાવના :–**

પંડિત પણ પત્નીને ધીરજ ધરી બેસી રહેવા કહે છે. ત્યાં પેલા રાજાને પેલો યોગી મનમા વસી ગયો છે. મહેલમાં ગયો, પણ મન યોગીમાં છે;–'વાહ કેવા નિસ્પૃહી યોગિરાજ ! સોનૈયાના ઢગલાની સામે પણ ન જોયું ! બહુ આગ્રહ છતાં મેવા–મિઠાઈનો પણ સ્વીકાર ન કર્યો ! જગતમાં આવા નિષ્કામ યોગી કેટલા જોવા મળે ? આવા ત્યાગી મહર્ષિનું દર્શન મળવાનું મારું સૌભાગ્ય ! એવાનાં દર્શન કરીએ એટલા ઓછા. દર્શને પાપ જાય...આમ રાત્રિના રાજા વિચાર કરી રહ્યા છે.' 'સવારે યોગિરાજનાં ફરીથી દર્શન કરીશ.' એમ ઝંખી રહ્યો છે.

રાજાને વળી આ ભાવના ? એને શી કમીના છે ? રંગરાગ વિષયવિલાસ, સત્તા–સન્માન, ને ધનના ઢગલા વગેરે કયા ઓછું છે કે એમાં મહાલવાને બદલે યોગિરાજનાં દર્શન ઝંખે ? પરંતુ

એમ જે સત્ત્વ-અર્ક-કસ યોગીમાં અને યોગિ-દર્શનમાં દેખાય છે એ રંગરાગ વગેરેમાં નહિ. આવા ઊંચા બુદ્ધિના ભવમાં જેની દૃષ્ટિ વિષયોમાંથી ઊઠી જાય છે, એને કસ રંગરાગમાં નહિ પણ તત્ત્વદાતા ગુરુયોગમાં દેખાય છે. તમે જ બોલો,

કસ શેમાં ? દેવ-ગુરુ-સમાગમમાં ? કે ધનમાલ-મજામાં ?

ભૂલતા નહિ, ધનમાલ તો કીડીઓ ય ભેગો કરવા મથે છે; ને મજા તો કાગડા-કૂતરા ય વિષયવિલાસમાં માને છે. પણ જેને માનવભવે આવ્યા પર એવા જીવો કરતાં કક્ષા ઊંચી મળી લાગે, એ એટલામાં ન રીઝે. એટલું તો એને માત્ર કીડી-કાગડા-કુતરાનું જીવન જીવવા જેવું લાગે. કસ એ ધનમાલ-મજામાં ન દેખે, પણ ધર્મમાં દેખે. ધર્મદાતા અને ધર્મગુરુના સમાગમમાં, એમના સુયોગમાં દેખે.

શાસ્ત્રે ત્રણ પ્રકારના યોગ કહ્યા છે,-યોગાવંચક યોગ, ક્રિયાવંચન યોગ, ને ફલાવંચક યોગ. એમાં પહેલો યોગાવંચક યોગ. તે શું. ? આ જ કે ધનમાલ-મજાને બદલે સદ્ગુરુના યોગમાં સંપર્કમાં એવો કસ દેખે કે એ યોગ વંચક ન બને નિષ્ફળ ન જાય પણ અવંચક થાય, ઉત્તમ વંદનાદિ ક્રિયાનો લાભ આપનારો થાય એ રીતે સાધે. આ કયારે બને ? પ્રથમ પાયામાં સદ્ગુરુયોગમાં કસ દેખે ત્યારે ને ? એમાં કસ જોયો એને ધનમાલ-મજાના યોગમાં કસ દેખાય ? પૂછો,

પ્ર૦-એમાં કસ દેખે એવું ન બને ?

ઉ૦-બેમાં કસ એટલે ? ધર્મમાં ય કસ, ને પાપમાં ય કસ, એમ ? અમૃતનાં ય કસ, ને ઝેરમાં ય કસ ? સંયમમાં

ય કસ, ને અસંયમમાં ય કસ? સદાચારમાં ય માલ ને દુરાચારમાં ય માલ? માંસ-મદિરાના ત્યાગમાં ય માલ અને માંસાહાર-મદિરાપાનમાં પણ માલ? દુશ્મનને પણ ક્ષમા આપવી એમાં ય કસ, ને બિનગુનેગારનું ખૂન કરવું એમાં પણ કસ એય ધન કુટુંબ-વિષયો અને ગુરુસમાગમ બંનેમાં કસ હોતો હશે?

કઈ અક્કલે કામ ચાલે છે? જાલિમ રાગ-દ્વેષ-મોહ કરાવનારા કંચન-કામિનીના યોગ, અનંત કલ્યાણકર ક્ષમા-સંયમ-શીલ-વ્રત વગેરે વિકસાવનારા દેવ-ગુરુના યોગ, બંને સરખા? અફીણિયો જ એવું બોલે. કેમકે એને તો અફીણ જ અમૃત લાગે છે. દારૂડિયાને દારૂનું પાન દુગ્ધપાન લાગે છે એટલે એ જ એમ બોલે કે દારૂ ને દુગ્ધ બે સરખાં પણ એ જેમ દારૂડિયાને બકવાદ ગણાય, એમ આ મોહાંધોનો બકવાદ છે કે ધનમાલ-મજામાં ય કસ અને સદ્ગુરુયોગમાં ય કસ.

રાજાને મન રાજશાહી માલ-મજામાં જે કસ નથી દેખાતો એવો કસ યોગિરાજના સંપર્ક-સમાગમમાં લાગે છે. તેથી ચિંતા કરતો બેઠો છે કે 'કયારે સવાર પડે ને ફરીથી યોગી પાસે જાઉં, સત્સમાગમ કરું ને એમણે આપેલા તત્વવચનનો પરમાર્થ એમની પાસેથી સાંભળું ને' કયું તત્વવચન? 'જાગને કે ભવ મેં સોના નહીં,' એ તત્વવચન.

રાજાને ચટપટી થઈ તે હવે જપે? સવારે દિવાનને બોલાવીને કહે છે, 'આપણે યોગિરાજને મળવું છે, તૈયારી કરાવો.' દિવાને પહેલાં તપાસ કરાવી તો માલુમ પડયું કે યોગિરાજ ત્યાં છે

નહિ. રાજાને સમાચાર કહેતાં, રાજા ભારે નિરાશ થયો, નીસાસો નાખે છે, 'હાય ! આવા મહાન યોગિરાજ ચાલ્યા ગયા ?

સંતદર્શન–સંતસમાગમમાં કસ દેખ્યા વિના આ નીસાસો હોય? સંત યોગી ગયા તો ગયા, એમાં કયાં માલ ખજાના લૂટાઈ ગયા છે ? કયાં રાણી સાહેબ રીસાયા છે ? તમને એમ જ લાગે છે ને ? સારું ખટાવનારો દલાલ ચાલી જાય તો જે દુઃખ થાય, એવું સારાં આત્મહિતને કમાવી આપનારા ગુરુ ચાલ્યાં જાય તો દુઃખ થાય ? થા હિતશિક્ષા આપનારા બાપ મર્યાનું દુઃખ થાય ? તમને શું કદાચ સાધુને ય એવું દુઃખ થવું મુશ્કેલ છે. જેમ તમારે વેપાર ધંધો સારો ચાલતો હોય, ઘરવાળા સારા મળ્યા હોય, 'બાપુજી બાપુજી' કરનારા છોકરા આવી મળ્યા હોય ને આ જાહોજલાલીમાં મન ખુશ હોય તો તમને તમારા હિતચિંતક બાપ મર્યાનુ દુઃખ મનને પીડતું નથી, એમ અમને ય જો વ્યાખ્યાન સારું વાંચતાં આવડતું હોય, ચાર ચેલા સારા સેવા–ભાવી આવી મળયા હોય, ભક્તો વાહવાહ પોકારતા હોય, ને આ જાહોજલાલીમાં મન પ્રસન્ન હોય, તો હિતશિક્ષા આપનારા હિતની ચિંતા કરનારા ગુરુ ગયાનું એવું દુઃખ નહિ લાગે, નીસાશો નહિ પડે 'હાય ! મહાઉપકારી અનન્ય હિતચિંતક ગુરુ ગયા !

દુનિયાની જાહોજલાલી ખતરનાક છે. એ જીવને પોતાનામાં લંપટ–આસકત બનાવી પોતાના આત્માને ભુલાવે, આત્મહિતકર ગુરુને ભુલાવે, પરમાત્માને ય ભુલાવે !

ભડકશો નહિ કે, હેં ? પરમાત્માને ભુલાવે ? ' હા, એક

ગામમાં અમુક સાધુ મહારાજને લાગ્યું કે, 'પરમાત્માની અમુક પરોણા દાખલ બેસાડેલી પ્રતિમા તો દુશ્મનની અંજન કરેલી, એમાં અમારી જાહોજલાલી ઓછી થાય, તેથી રાતોરાત મજુર પાસે એ પરમાત્માની પ્રતિમા ખસેડાવી દીધી ! જાહોજલાલી ભૂંડી, લંપટ બનાવી પરમાત્માને ય ભુલાવે. તમે ય એક સારી પૂજા ભણાવી જશ લો ને કે, આ પૂજા મેં ભણાવી ?

**પૂજા પરમાત્માના પ્રભાવે ભણાવાઈ ? કે તમારા પ્રભાવે ?**

**શાસ્ત્ર કહે છે બધી જ ધર્મસાધના, અરે એક સારો ભાવ પણ પરમાત્માના પ્રભાવે થાય છે.**

હવે તમે તમારા પ્રભાવથી ધર્મ થયાનું માનો, તો એમાં પરમાત્માને ભૂલ્યા ને ? માનપાનની ને જાહોજલાલીની લંપટતા આ ભુલાવે છે.

દુનિયાંદારી ચલાવતાં પરમાત્મા ક્યાં ક્યાં યાદ આવે ? ક્યારે યાદ આવે છે ? ખાતાં ખાતાં ? વેપાર કરતાં ? પૈસા લાવતાં ?

પૈસા પેટીમાં પૂરતા ? બોલો, પરમાત્મા યાદ આવે ખરા કે 'શું કામ આ લક્ષ્મીને કેદ કરું છું ? જવા દે એને પરમાત્મના ખોળે, પ્રભુની ભક્તિમાં.' ના. 'આવજો મારી મહેનતથી મળેલા પૈસા એમ પરમાત્મ-ભક્તિમા વેડફી નાખવાના ? આવું મનને થાય ને ?

વિષયસુખમાં લયલીન બન્યા સામાયિક-પ્રતિક્રમણ ત્રિકાળ પરમાત્મભક્તિ, વ્રત-નિયમ-તપસ્યા વગેરે ભૂલાય છે ને ? આઘા રખાય છે ને ? શું કર્યું આ ? જાહોજલાલીની લંપટતામાં પરમાત્માને ભૂલવાનું જ ને ? જાહોજલાલી ભૂંડી.

ત્યારે ભરતચક્રવર્તી, આનંદ-કામદેવ, શ્રેણિક સુલસા વગેરેની કિંમત છે. એટલે એમને દુન્યવી જાહોજલાલીની એવી લંપટતા નથી કે આત્મા-પરમાત્માને ભુલાવે.

**મોટા ગૌતમ સ્વામી** ગણધર ભગવાનને જાહોજલાલી કેવી ? ચાર જ્ઞાનના ધણી, સ્વયં દ્વાદશાંગીના રચયિતા, છતાં આનંદ શ્રાવકનો સવાલ આવ્યો કે મને આટલું અવધિજ્ઞાન થયું છે. તો એ પોતાના જ્ઞાનથી તપાસવાને બદલે ગુરુ શ્રી મહાવીર ભગવાન પાસે પહોંચી જઈ એમને પૂછે છે 'ભગવંત ! ગૃહસ્થને આટલું અવધિજ્ઞાન થાય ?' શું આ ? જાહોજલાલીમાં ગુરુ ભૂલવાના નહિ, દેવાધિદેવ ભૂલવાના નહિ. એ સ્વયં ૧૪૦૦૦ મુનિઓમાં વડેરા, એ જાહોજલાલી છતાં પોતે ગુરુ ભગવાનની ઉપાસનામાં લીન રહેવાનું રાખ્યું છે. ભગવાનને મામુલી મામુલી પણ પ્રશ્ન પૂછવામાં સંકોચ નથી. કારણ એ, કે પોતાને મળેલી જાહોજલાલીમાં કસ નથી દેખાતો એટલે એમાં પોતાને આસક્તિ નહોતી. ગુરુમાં કસ દેખાય છે તેથી ગુરુમાં મન આસક્ત છે. પછી ગુરુને શું કામ ભૂલે ? આત્મા-પરમાત્માને શું કામ ભૂલે ?

**ભૂલાવનારી છે માનપાનાદિ દુન્યવી જાહોજલાલી; માટે એ ભૂંડી.**

**એ** મળી એટલે જો મન એમાં લંપટ છે, તો એ નીસાસો નથી કે, 'હાય ! હિતચિંતક હિતોપદેશક બાપ ગયા ! ગુરુ ગયા !' નિરાંત છે કે 'ગુરુ ગયા તેથી શું થઈ ગયું ? એ તો દુનિયાનો ક્રમ છે કે જન્મે તે મરે; આવે તે જાય. એથી કાંઈ આપણાં માન-

પાનને થોડા જ વાંધો આવ્યો છે ?' આવી નિરાંત જ હોય એણે ગુરુમાં શો કસ દેખેલો ?

વિધવા બાઈને ધણીની હાજરીમાં જે ઠકુરાઈ, માલમિલ્કત પર પ્રભુત્વ અને માન-મર્તબો ન હોય એ જો ધણી મર્યા પછી મળ્યું હોય તો શું એને નીસાસો પડે ખરો કે 'હાય ? ધણી ગયા ?' ઠીક છે વિષયસુખની એવી ભૂખ હોય તો કદાચ લાગે, પણ તે ય ખરેખર તો ધણી બિચારો મરી ગયાનો કે પોતે હિત-ચિંતક ગુમાવ્યાનો નીસાસો નથી, પણ વિષયસુખ ગુમાવ્યાનો નીસાચો છે કે 'હાય ? મારું વિષયસુખ ગયું !' બાકી તો હવે ધણીની જગાએ પોતાને માલમિલ્કત પર શેઠાણી સાહેબ બનવાનું મળ્યું હોય, કે છોકરાઓને પણ એની પાસે પૈસા માગવા પડતા હોય, કે છોકરાએ બાપને બદલે હવે બાને દરેક વાતમાં આગળ કરતા હોય, તો આ જાહોજલાલીના રાગમાં ધણી ગયાનો નીસાસો શાને થાય ? ધણી ગયા તો ગયા, એમાં માનપાન-ઠકુરાઈને કયાં વાંધો આવ્યો ?' જાહોજલાલી ખતરનાક છે એ એવી લંપટતા કરાવે છે કે જેનાં ઉપકારી હિતચિંતક ગયાની ખોટ ન લાગવા દે, એમાં બહુ ગુમાવી નાખ્યું એવું લાગવા ન દે. કસ જાહોજલાલીમાં દેખાય એવો બાપ, ધણી, ગુરુ વગેરે હિતચિંતકમાં લાગે નહિ.

બોલો, પાસે દીકરો હોય એમાં કસ ? કે માથે બાપ હોય એમાં કસ ? પાસે સારો શિષ્ય હોવામાં કસ ? કે માથે ગુરુ હોવામાં ?

ઉન્માર્ગનો ભારે ભય હોય એને માથે આજ્ઞાકારી હોવામાં કસ દેખાય. એ ભય નહિ; તો પાસે કોઈ આજ્ઞાંકિત હોવા-માંજ કસ દેખશે, પોતે આજ્ઞાંકિત બનવામાં નહિ.

'રખે ને હું ઉન્માર્ગે ઘસડાઇ જઉં તો?' એવો ઉન્માર્ગનો ભારે ભય હોય એટલે સહેજે મનને થાય કે 'કોઈ માથે વડિલ યા ખબરદાર હિતચિંતક પાસે રાખવા દે, જેથી એ મને અવસરે ઉન્માર્ગથી બચાવી લે.' આમ પાસે એ રાખવામાં કસ દેખાય એવો કસ પાસે આજ્ઞાંકિત હોવામાં નહિ દેખાય. દુન્યવી જાહો એલાલી અને મોજમજાહની લંપટતા આ હિસાબ ભૂલાવે છે. એટલે આજના છોકરાને આજ્ઞાંકિત સેવાકારી પત્ની મળતાં એમાં કસ દેખાય છે, પણ આજ્ઞાકારી અને સેવ્ય મા–બાપમાં કસ નથી દેખાતો. તેથી કદાચ સારી પત્ની મરે તો જે શોક થશે એવો મા–બાપ મરતાં નહિ થાય કે 'હાય ? ઉપકારી અને હિતચિંતક મા–બાપ ગયા ?'

પેલા રાજાને શોક થયો કે 'હાય ! યોગિરાજ ગયા ? તો પછી એમનાં તત્વવચનનું રહસ્ય મને કોણ સમજાવશે ?' શું હવે એ શોક કરી બેસીને રહે ? ના એણે ચારે કોર ઘોડેસ્વાર દોડાવ્યા,–'લાવો, યોગિરાજનો પતો મેળવી લાવો કે એ કયાં ગયા ? પણ એ યોગિરાજ શાના મળે ? હોય તો મળે ને ? ઘોડેસ્વારો લાંબે જઈને પાછા આવ્યા, કહે છે 'અન્નદાતા ? યોગિરાજનો પતો નથી.'

## રાજાનો યોગી માટે ઢંઢેરો:

ત્યારે રાજાએ જોયું કે 'શું યોગિરાજ યોગવિદ્યાથી અલોપ થઇ ગયા ? કે અહીં નગરમાં જ કયાંય ગુપ્ત રહી ગયા ?' દિવાનને કહે ઢંઢેરો પીટાવો કે જે યોગિરાજનાં દર્શન કરાવશે એને રાજા દશ હજાર સોનૈયાનું ઈનામ આપશે' દિવાને એ

પ્રમાણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો, તે આ પડિંતની શેરીમાં પણ જાહેર થયો.

અહીં હવે પંડિત પંડિતાણીને કહે 'જુઓ, આ તમારા માટે પૈસા આવ્યા, તમે ઢોલવાળાને કહો કે 'જાવ કહો રાજાને કે હું ધ્યાન ધરીને યોગિરાજનાં દર્શન ત્રણ દિસસ પછી કરાવીશ.'

પંડિતાણી કહે, 'તો ત્રણ દિવસનું શું કામ છે? આજનુ જ કહેવા દો ને?

'અરે ભલી બાઈ એમાં તો કદાચ રાજાને વહેમ પડે કે યોગી આના ઘરમાં ભરાયો હશે. તેથી તો બાજી ઊંધી પડી જાય.

પંડિતાણી કહે. 'સારું સારું.' ઊઠીને એ ઢોલવાળાને ત્રણ દિવસ પછી યોગિરાજનું હું દર્શન કરાવીશ.' એમ કહી આવા આવીને એ પંડિતને પૂછે તો શું આવું બોગસ ચાલી શકે?

## પંડિતની તત્ત્વવાણી

પંડિત કહે, 'આખું જગત બોગસ માયા પર ચાલે છે. આ બધી ધન-માલ-કુટુંબની માયા ક્યાં સાચી છે? અંતકાળે ઊડી જનારી. એમ ક્યાં એ જીવનું ભલું કરનારી છે? છતાં એ દેખાવ કેવો કરે છે? જાણે અમે તમારા જ છીએ; તમારા માટે જ છીએ!

આ માટીની માયા બોગસ નહિ? છે ખરેખર એ જીવની? જીવના ભલા માટેની?

માયા જીવની હોય તો જીવનું મોત થતાં શું કામ માયા જાય? જીવની સાથે ન ચાલે?

જીવના ભલા માટેની હોય તો જીવને અધોગતિમાં પડવા દે ? સંસારમાં ભટકવા દે? જીવની પાસે પોતાની ખાતર અઢળક પાપો આચરાવે ?

પંડિત પંડિતાણીને પૂછે છે, 'કહો, તમે જ મને જે પૈસા માટે પ્રેરો છો એવો પરમાત્મભજન માટે પ્રેરો છો ખરા ? પૈસાની મમતા કરાવો છો એવી પરમાત્નાની મમતા કરાવો છો ? અરે! એટલું ય કહો છો ખરા કે 'આ તમે મારા પર મોહ ન કરશો, પરમાત્મા પર જ મમતા રાખજો.'

કહો, મારું ભલું શું તમારા પરના રાગથી થાય ? કે ભગ-વાન પરના રાગથી થાય ?

જીવનું ભલું માયાના રાગથી ? કે ભગવાનના રાગથી ?

બસ, ત્યારે સમજી રાખો કે જે માયા જીવના ભલા માટે નથી, છતાં એ ભલા માટેનો દેખાવ કરે એ માયા બોગસ છે. જગત આખામાં માયાનું બોગસ ઘણું ચાલી રહ્યું છે તેથી આ બોગસની નવાઈ ન કરશો. યોગીરાજનો વેશ કરેલો તે ય બોગસ; પરંતુ એ વખતે તો માત્ર જગતના ઢંગ જેવા હતા, આટલી કલ્પના નહોતી કે રાજાને આવી ચટપટી થશે. પરંતુ હવે જ્યારે તમારે પૈસાની જરૂર જ છે, તો આટલું બજાવી લેવું પડે છે. બાકી બોગશમાં શી મઝા ?'

પંડિતાણીને સંતોષ થયો, આ નિમિત્તે એને સમજવા મળ્યું કે; 'ખરેખર ? આ મારા પતિમાં દેવ વસેલો છે. માણસરૂપે માણુસ તો ઘણા, પણ મોટા ભાગના માણસોમાં દૈત્ય કે પશુ વસેલો હોય છે, થોડામાં ખરેખર માનવ વસેલો હોય; અને બહુ

થોડામાં દેવ વસેલો હોય. મારું કેવું અહોભાગ્ય કે આ દૈવી પુરુષનો મળ્યો? કેવી એમની તત્ત્વવાણી! માયા જીવના ભલા માટે નહિ. હું પણ એક માટીની માયા, તે મારા પરના રાગથી એમના જીવનું ભલું નહિ, કિન્તુ ભલું તો ભગવાન પરના રાગથી.

**મારામાં ચિત્ત રાખ્યે એમને ચિત્ત પવિત્ર ન બને, સદ્ગતિ ન મળે, કે જનમ-મરણની જંજાળ ન મટે. એ બધું તો ચિત્ત પરમાત્મામાં રાખવાથી જ બને.**

ત્યારે મારે પણ ભલું માટીની માયાથી ન થાય, માયામાં ચિત્ત રાખવાથી ન થાય, કિન્તુ પરમાત્નામાં જ ચિત્ત રાખવાથી થાય.

પંડિતાણીએ હાથ જોડી પતિનો ઘણો ઉપકાર માન્યો કે 'અહો ધન્ય અવતાર તમારો કે તમે તો મારી આંખ ખોલી નાખી !' પેલા રાજાને ઢંઢેરો પીટનાર તરફથી આ પંડિતાણીની તૈયારી જાણવા મળતાં ખૂબ આનંદ થયો અને બોલાવી પૂછે છે,

રાજા અને પંડિતાણી :-

'બેન? બેં શી રીતે યોગિરાજનાં દર્શન કરાવીશ ?

પંડિતાણી કહે 'મહારાજા મારી તો કોઈ એવી લાયકાત નથી, કિન્તુ યોગિરાજના દર્શને ગયેલાં, ત્યારે મારી ધર્મશ્રદ્ધા અને તત્ત્વજિજ્ઞાસા વગેરે જોઈ એમને કાંઈક લાગ્યું હશે તે મને કહે કે જો તારે કયારેક કાંઈક તત્ત્વનું પૂછવું કરવું હોય, ત્યારે ત્રણ દિવસ ઉપવાસ કરી પરમાત્માનું ધ્યાન કરજે, હું યોગવિદ્યાથી આવીને તને જવાબ આપીશ, બસ. આ ભરોસે મને લાગે છે કે યોગી અસત્ય બોલે નહિ, તેથી એ ત્રણ દિવસનાં

ધ્યાનથી જરૂર હાજર થશે. ત્યારે હું તમને કહેરાવીશ, તમે મારા રંકના ઘરને પાવન કરવા તૈયાર રહેજો'

'તો શું તારા પતિ બોલાવવા આવશે?'

'ના મહારાજા! એ તો પરદેશ ગયા છે. પણ આજથી ચોથા દિવસની સાંજે આપના સિપાઈને ઘર આગળ ઊભો રખાવજો, એને હું કહીશ એટલે એ આપને બોલાવવા આવશે. આજે સાંજ પછી ધ્યાન શરુ કરીશ,તે ચોથા દિવસે સાંજે ધ્યાન પૂરું થાય. એ વખતે યોગિરાજના દર્શનનો સંભવ છે.'

રાજાના મગજમાં વાત બરાબર બેસી ગઇ. કહે છે "સારું સારું, તું મને યોગિરાજનાં દર્શન કરાવે, તો તારો અનહદ ઉપકાર માનું. મારે પણ તત્ત્વનો સવાલ પૂછવો છે. ગામ બહાર યોગિરાજનાં દર્શને ગયેલ ત્યારે એમણે મારી કશી ભેટ સ્વીકારી નહિ, પણ મને કહ્યુ, 'જાગવાના ભવે ઊંઘીશ નહિ' એનું રહસ્ય સમજવું છે."

પંડિતાણી કહે, 'ભલે મહારાજા! તો તો મને પણ જાણવા મળશે.'

રાજા ખુશખુશાલીમાં એને ધન આપવાનું કરે છે,પણ આ શાની લે? એ તો કહે છે,–

'મહારાજા સાહેબ! આમાં પૈસા શાના લેવાના? આતો આપે ઢંઢેરો વગર ઈનામનો ફેરવ્યો હોત તો ય હું આપને દર્શન કરાવવા મહેનત કરત. આપ સરખા મોટા રાજ્યના માલિકની આવી સેવા બજાવવાની તક ક્યાં મળે?'

રાજા પ્રભાવિત થઈ ગયો, પંડિતાણીને રજા આપે છે. એણે ઘરે આવી પતિને વાત કરતાં પંડિત કહે, 'જુઓ, જોયો ને નિસ્પૃહતાનો પ્રભાવ ? ' કહેવાય છે કે, 'લેતો લાજે, દેતો ગાજે.' સ્પૃહાથી લેવા ગયા તો કિંમત ઘટવાની. માટે જીવનમાંથી સાર આ ખેંચો,–

## જીવની કિંમત ક્યાં ?

**આ દુનિયાના પદાર્થ સ્પૃહા કરવા જેવાં નથી, ત્યાગ કરવા જેવા છે.**

માટે તો સ્પૃહા કરી લેનારો લાજે છે. નીચો દેખાય છે, અને દેનારો ત્યાગ કરનારો ગાજતો યશ પામતો ઊંચો દેખાય છે. તમે ત્યાગ કરો એથી કદાચ તમારે થોડી અગવડ પડે, પરંતુ એમાં જો જગતની દૃષ્ટિએ ઊંચા હોવાનું, જગતને પમાડવાનું, અને જ્ઞાનીની દૃષ્ટિએ ઊંચા આવવાનું મળે છે, તો એ વેપાર કેટલો સરસ! ત્યાગ ન કર્યો અને જાતે ભોગવી લીધું કે સંગ્રહી રાખ્યું એમા શી વડાઈ?

ખાધેલું ખોવાઈ તો જવાનું જ છે, સંઘરેલું અંતે મૂકી તો દેવાનું જ છે, તો આ સોદો શું ખોટો કે દેતા ત્યાગ કરતાં એને આપણે જાતે ખોઈએ, પણ સામેથી જગતનો યશવાદ મળે, જગતને પામવાનું મળે, અને જ્ઞાની તરફથી ઊંચે ચડવાનું પ્રમાણપત્ર મળે ? જીવને એ ઊંચે લાવે છે. ત્યારે લેવાની સ્પૃહા રાખવાનો ધંધો જીવને કનિષ્ઠ બનાવે છે, નીચે ઉતારે છે !

પંડિતની વાત સમજાય છે ?

**જીવન ઊંચું મળ્યું છે, તે ઊંચે ચડવા કે નીચે ઊતરવા ?**

**વહેલી પ્રભાતે ઉઠીને શાંત ચિત્તે આ પ્રશ્ન જાતને પૂછો.** તો પછી આના સારા વિચારો અને સારા મનોરથો કરવાને અવકાશ મળશે. એકલી લેવા–દેવાની જ વાતમાં નહિ, પણ બીજી ઘણી બાબતોમાં આ વિચારાશે કે હું આથી ઉંચે આવું છું, ઊચ્ચ બનું છું ? કે નીચે ઉતરી હલકો બનું છું ? દા. ત. ક્રોધ કર્યો એમાં ઉંચે ચડયા ? કે નીચે ઊતર્યા ? ભલે તમારી દૃષ્ટિએ માની લીધું કે ક્રોધ કરીને મેં મારી ઉચ્ચતા રાખી.' પણ સામાની દૃષ્ટિએ તો સારા ઊંચા નહિ, પણ હલકા નીચા લેખાયા. એટલે તો સામાને તમારા પર સ્નેહ સદ્દ્ભાવ ન વધ્યો, પણ અભાવ થયો, અરુચિ થઈ. ત્યારે ક્રોધનો ત્યાગ કરી ક્ષમા રાખો એમાં ઊંચે આવવાનું બને છે.

જીવને ત્યાગ ઊંચે લાવે છે; અહિંસા–સત્ય–નીતિ વગેરે ઊંચે લાવે છે. ત્યારે હિંસા–જૂઠ અનીતિ રંગ–રાગ ભોગ, એ બધા નીચે ઉતારે છે. જગતમાં અહિંસક પશુઓ–પંખીઓ જે સારા લેખાય છે એ હિંસક નહિ. લોકો પોપટ પાળે છે, કાગડો નહિ. વાઘ–વરુથી ગભરાય છે, ગાય–ભેંસ ઘોડાથી નહિ. જૂઠાબોલા માણસ પોતાના નિકટના સગા હોય, સેવાકારી હોય તોય ગમતા નથી. ત્યારે સેવા નહિ કરનારા પણ સાચાબોલા હોય તો એની કિંમત અંકાય છે. જુઠાંબોલો કોડીની કિંમતનો ને સાચાબોલો સો રૂપિયાનો.

જગતમાં જોઈ વળો, દેખાશે કે હિંસા–જુઠ વગેરે દોષ–

દુષ્કૃત્યો કરનારો નીચો લેખાય છે. ત્યારે એનો ત્યાગ કરનારો ઊંચો ગણાય છે.

**વિચારો, આ મહાન જીવન ઊંચે આવવામાં વાપરવું છે? કે નીચે ઊતરવામાં ને અધમ બનાવામાં?**

તમારી જાતે ઉચ્ચતા-નીચતા કલ્પશો નહિ. જગતની દૃષ્ટિએ જોજો જગત કોને ઊંચા ને કોને નીચા લેખે છે?

આ તો હજી જગતની દૃષ્ટિની વાત થઈ, પણ એથી ય આગળ જ્ઞાનીની દૃષ્ટિએ જોવાનું છે કે જ્ઞાની શેમાં ઊંચે આવવાનું ને શેમાં નીચે ઉતરવાનું માને છે? તમે નીચા ઉતરો કે ઉંચા ચડો એમાં જ્ઞાનીને છે કાંઈ લેવા-દેવાનું? કંઈ એમને નફો-નુકસાન? ના, જમાલી ઉત્સૂત્ર ભાષણ કરી નીચો ઉતર્યો એમાં મહાવીર ભગવાનને શું નુકસાન થયું? મેઘકુમાર ધન્નો -શાલિભદ્ર વગેરે મહા-સંયમ-તપ આરાધી ઉંચે ચડયા એમાં ભગવાનને અંગત શો વિશેષ લાભ થયો? કશો જ નહિ, છતાં ભગવાન ઉત્સૂત્રભાષણ, રંગરાગ-મોજ, કષાયો, અને હિંસાદિ પાપોમાં નીચા પડવાનું થાય એમ કહે છે. ત્યાગ-સંયમ તપસ્યા ક્ષમાદિમાં ઊંચા-ચડવાનું કહે છે, એમાં શો હેતુ છે? એ વિચારવું પડે ને? એકાંતે જીવો પર કરૂણા સિવાય બીજો કોઈ હેતુ છે? તો ભગવાનના કહેલામાં મીન-મેખ ફેરફાર છે?

એટલે જ આ વિચારતા રહો-

**ભગવાને જે કેવળકરુણાથી કહ્યું અને તે પણ ટંકશાળી સત્ય કહ્યું, તે ધ્યાન પર ન લેવાય તો આપણે ડાહ્યા કે મુર્ખ?**

એમ માનતા નહિ કે 'ભલે અમે ભગવાનની દૃષ્ટિએ મુર્ખ

અજ્ઞાન-પાગલ ઠરીએ, પણ લોકોની દૃષ્ટિએ ડાહ્યામાં ખપીએ એટલે બસ,' આવું માનવામાં શું ખાટી જવાના ? જોયું ને, લોક પણ આ માને છે કે 'લેતો લાજે, દેતો ગાજે,' લોકમાંય ક્રોધી વગેરે હલકા પડે છે. ક્ષમાદિમાન સારા મનાય છે. વાત આ છે કે પ્રભાતે અને દિવસના પણ આ વિચારતા રહો–

**આ મહાન જીવન મારે ઊંચા આવવામાં ખરચવું છે ? કે નીચા ઉતારવામાં ?**

**ઊંચે ચડવાનું શેના શેનાથી બનાય ? નીચે ઉતરવાનું શું શું કરવાથી થાય ?**

આ બે વાતને વિચાર કરતા રહેવામાં મનનો–બુદ્ધિનો સદુપયોગ થતો રહેશે. આડાઅવળા ભૂંસા કૂટવામાં મન કથીરનું થઈ જશે, બુદ્ધિ બંઠ થઈ જશે. આજે માણસને આનો વિચાર નથી એટલે આત્મચિંતા ગઈ, અને પરચિંતા વધી પડી! અધ્યાત્મભાવ ગયો, અને બહિરાત્મભાવ જ ફાલ્યો ફૂલ્યો !

**ધર્મનો ઉપદેશ આપનારા પણ જો પોતાની જાતને નીચે ઊતરતી અટકાવવાનું અને ઊંચે ચડાવવાનું વિચારતા નથી તો એ પણ, વાત ધર્મની કરવા છતાં, બહિરાત્મભાવમાં ફસાયેલા છે.**

જ્ઞાની કહે છે, 'પારકું શું જુએ ? જાતનું જો' નમિરાજર્ષિ ઈન્દ્રને કહે છે,

**'अप्पाणमेव झुज्झाहि, किं ते झुज्झेण बज्झओ ?'**

જાત સાથે લડ, બહારના સાથે લડવાથી શું વળવાનું ? ઋષભદેવ ભગવાને અટ્ઠાણું પુત્રોને આ જ કહેલું, 'ભરત તમને બહા

રમાં દુશ્મન લાગે છે પણ તમે અંદરના દુશ્મન કામ-ક્રોધ-લોભ-તૃષ્ણા-મદ અહંકાર વગેરેને નજર સામે લાવો લડવું હોય તો એ અંદરવાળાની સાથે લડી લો, બહારમાં ભરત સાથે લડીને શું ખાટી જવાના છો ? કયો અમરપટ્ટો અને અનંત સુખ મળવાના હતા ? અંતે કર્મથી હતપ્રહત થઈ હારી જ જવાના એવા તમે હમણાં ભરતને જીતી લેવામાં શી વડાઈ માનો છો ? ધારો કે બે બકરા લડતા હોય, પણ દૂરથી કોઇ વાઘ તાકી રહ્યો હોય, ત્યાં એક બકરો બીજાને હરાવે એમાં જોનારને શી વડાઇ દેખાય ! અરે ! એ બકરાએ જ દૂરથી વાઘને તાકતો જોઈ લીધો હોય તો બીજા બકરાને હરાવવા શી હામ ભીડે ? એમ અહીં દૂર મૃત્યુ તાકતું દેખાઇ રહ્યું છે, એનાથી હારવાનું નિશ્ચિત છે, પછી અહીં કોકને હરાવવાની હામ ભીડાય ?'

**વાઘ જેવા મૃત્યુથી ઝડપાનારો હું બકરા જેવા બહારના માણસ પર શી તવાઇ કરું ?**

**એને હલકો પાડી જાતે વિજેતા બનીને ફુલાવવાનું શું કરાય, જો વાઘ જેવા મોતથી હારી ભયંકર નાલેશી લેવાનો છું ?**

o o o

## ૧૦ બાહ્ય સંગ્રામ નહિ, આંતર સંગ્રામ

ભગવાન અઠ્ઠાણું પુત્રોને કહે છે,-'મહાનુભાવ ! બહારનાની સાથે લડશો અને કદાચ જીતશો તો પણ અંતે મૃત્યુથી તો ભરખાઈ જવાના.'

કહેશો-'એ તો કુદરતનો નિયમ જ છે.' પરંતુ એ જોવું કેમ ભૂલી જાઓ છો કે 'બહારનાની સાથે લડવામાં કે બહારની

ભાંજગડમાં અંદરવાળા સાથે લડવાની અને અંદરની આત્મસમૃદ્ધિ ઝળકાવવાની સોનેરી તક ચૂકી જવાશે. મૃત્યુ આવતાં પહેલાં જ આ તક સફળ કરી લેવાય. મૃત્યુ પછી તો આ તકનું એકમાત્ર જે માનવજીવન, એ હાથથી જ ગયું, તે પછી શું કરી શકવાના ? માનવજીવન અંદરવાળા સાથે લડવા મળ્યું છે ? કે બહારવાળા સાથે લડી લેવા ? ભૂલા ક્યાં પડી ગયા કે ભરત સાથે લડી લેવા મેદાને પડવું પડે ?'

કેવા સોનેરી સૂત્ર ? 'બહારની ભાંજગડમાં અંદરવાળા રાગદ્વેષ શત્રુ સાથે લડવાનું ચૂકી જવાશે.' 'વાઘ જેવાં મૃત્યુથી હારવાનું જ હોય તો બકરા જેવા જીવ પર શી જીત મેળવવી ?' વિજય મેળવવો હોય તો મૃત્યુ પર મેળવો.'

એક સિદ્ધભગવાન મૃત્યુ પર વિજય મેળવી ગયા, મૃત્યુ પાર કરી ગયા છે. બાકી જગતમાં મૃત્યુથી હારવામાં કોઇ બચી શક્યું છે ? લાખ ઉપાયે, ક્રોડો ઉપાયે પણ કોઇ બચે ? મૃત્યુ અટકાવવું હોય તો અટકાવી શકાય ? સદંતર અટકાવવાનું નહિ, પણ થોડું આઘું ય ઠેલી શકાય !

જાણો છો ને કે શ્રી મહાવીર ભગવાનને નિર્વાણ–સમયે ઇન્દ્રે બિનંતિ કરી કે 'પ્રભુ! આપ કૃપા કરી બે ઘડી આયુષ્ય લંબાવો; જેથી આપના જન્મ નક્ષત્ર પર પ્રવેશ કરતો ભસ્મગ્રહ આપના જીવતાં આપની નજરમાં જ પ્રવેશે તો આપના શાસન-સંઘને ભવિષ્યમાં ઉપદ્રવ ન કરી શકે.'

ત્યારે પ્રભુએ શું કહ્યું ? શું એમ કહ્યું ખરું કે 'ભલે હું

બે ઘડી આયુષ્ય વધારીને મૃત્યુને બે ઘડી આઘું ઠેલું છું ?' આ, પ્રભુએ તો કહ્યું. 'ઇન્દ્ર ! આ તારો ખોટો મોહ છે.

## 'અસંખય જીવિયં મા પમાયએ'

જીવિત યાને આયુષ્ય અસંસ્કાર્ય છે. એમાં સાંધો ન કરી શકાય. તૂટીની બૂટી નહિ. કોઈ જડીબુટ્ટી એવી નથી કે જે તુટેલા તુટતા આયુષ્યને થોડુંય ટકાવી શકે. એમાં સહેજ પણ સાંધો કરી એને વધારી શકે, ને મૃત્યુ સહેજ પણ લંબાવી શકે. આવેલું મૃત્યુ થોડું પણ આઘું ઠેલી શકાય નહિ, અહીં મારે વધારે જીવતાં રહી શકાય નહિ માટે મારા સંઘપર આફત એ તેવી ભવિતવ્યતા જ સમજ.

અનંતબળના ધણી ખુદ ભગવાને ય મૃત્યુ થોડીવાર પણ અટકાવવા અસામર્થ્ય દેખાડ્યું, ત્યાં બીજાના શા ભાર ?

## વિદ્યામંત્ર દેવને વશ કરે, મૃત્યુને ?

તો શું માણસ એવો ઔષધિપ્રયોગ કરી મોતને અટકાવી શકે ? તો એવા કોઇ રસાયણપ્રયોગથી મૃત્યુને આઘું ઠેલી શકે ? ના, જગતમાં એવી કોઇ જ વિદ્યા નથી, મંત્ર નથી, જડીબુટ્ટી નથી કે રસાયણ નથી કે જે મરણને રોકી શકે, યા સહેજ પણ વિલંબ કરાવી શકે,

મૃત્યુની જો આ નિર્ધારિત સ્થિતિ હોય, એ જો નિશ્ચિત સમયે આક્રમણ કરે એમાં એને કશી જ રોકટોર ફેરફાર આડખીલી કરવાનું એને દબાવવાનું જીવનું ગજું જ ન હોય તો જીવ શું જોઇને બહારનાને હરાવવા દબાવવા જતો હશે ?

**આવું નિર્ધારિત મૃત્યુ જીવથી ગમે તેટલું બહારનું ભેગું કરેલું અને પોતાનીજ માલિકી નીચે સ્થપાયેલું જીવ માટે રદ્દબાતલ કરતું હોય તો શું જોઇને જીવ બહારનું જ ભેગું કરવામાં જિંદગી વેડફી નાખતો હશે ?**

મોટા છ ખંડ, ૩૨ હજાર દેશ અને ૯૬ ક્રોડ ગામ ભેગા કરેલા પણ મૃત્યુ સમયે ચાલી જતાં દેખાય છે, ત્યારે એ વખતે જીવની કેવી અશરણ નિરાધાર દશા ? છ ખંડની સમૃદ્ધિ અને નવ નિધાન ચૌદ રત્ન ઊભા કરી મૂરખ જીવ એમ માનતો હોય છે કે 'હવે મારે કોની પરવા છે ? મારા માથે કોણ માલિક છે ? હું જ બધાનો સર્વોપરી માલિક. મારે કોઈને શરણે નહિ જવાનું; બધા મારું શરણું લે,' આવું માનતો હોય, પરંતુ જ્યારે મોત અડગપણે આવીને ઉભું રહે ત્યારે એને તો ઘણુંય બચવું હોય, ચારેકોર ફાંફા મારે કે મોતથી કોઈ એને બચાવે? પણ છે કોઇ ત્યાં બચાવનાર ? છે કોઈ શરણું આપનાર ? ના,

**મૃત્યુની સામે જીવ અશરણ નિરાધાર છે.**

**સુભુમ ચક્રવર્તી** હું આવી મોટી સત્તા સંપત્તિનો માલિક છું. મારે કોની પરવા ? એમ કરી અભિમાનથી વિમાન વિકુર્વી લ્હાવ-લશ્કર સાથે ધાતકી ખંડના ભરતના છ ખંડ જીતવા ઉપડેલો, પરંતુ જ્યાં ૧૬૦૦૦ યક્ષદેવતાઓએ એકીસાથે પોતાની કાંધ ખસેડી લીધી અને વિમાન લવણસમુદ્રમાં પડવા લાગ્યું ત્યારે ભાઈના હાજા ગગડી ગયા. 'અરે ! અરે ! મને કોઇ બચાવો' એમ શરણું માગવા ગયો, પણ નિર્ધારિત મોતની સામે આખા વિશ્વપર અસ્ખલિત પ્રચારવાળા મૃત્યુની સામે

કોણ બચાવનાર છે ? જીવને કોણ શરણું આપી જીવતો રાખી શકે એમ છે ? કોઇ જ નહિ, બિચારાએ જીવન જીવતાં પાપો અઢળક કરેલા, તે આ જીવન ખોયું તો ખોયું, પણ હવે ફરી મનુષ્ય ભવ તો નહિ, કે નીચે ઉતરીને કાગડા કૂતરાનો ય અવતાર નહિ, ૧લી ૨જી, ૩જી....નરકેય નહિ ઠેઠ સાતમી નરકે પડકાઇ પડયો ! કેવો જાલિમ લોભ ! કેટલું ભયંકર અભિમાન ! પણ લોભી–અભિમાની જીવનું મૃત્યુની સામે ને સાતમી નરકમાં પતનની સામે શું ઉપજ્યું ?

જીવ જીવન જીવતા પાપાચરણ કરવામાં પાછું વાળી જોતો નથી, વિષયોના રંગરાગ અને ભોગવિલાસ ઉડાવવામાં મસ્ત પાગલ બને છે, 'હાય પૈસા !'ની લોથમાં રચ્યોપચ્યો રહે છે. લોભ અને અભિમાનના જ શ્વાસ લે છે, ત્યારે એને આગામી મૃત્યુ વખતની અશરણ દશાનો કશો ખ્યાલ રહેતો હશે ? શું કામ એ ખ્યાલ રાખે ?

બોલો, કયા પાપ સેવતા, કયો રંગરાગ ઉડાવતા, કયાં ટેસદાર ખાનપાન વખતે, કે કયારે વિષયભોગમાં મહાલતા યા કયારે ક્રોધ લોભ–ગર્વ કે આપમતિમા ખેંચાતાં, તમને આગામી મૃત્યુ વખતની અશરણદશાનો ખ્યાલ આવે છે ? ના, 'એ તો પડશે એવા દેવાશે,' એમજ ને ? પડદે ત્યારે શું દેશો ?

ઋષિદત્તાનું ભૂલી નથી ગયા ને ? કલંક મૂકાય આખા ગામમાં હત્યારી તરીકે ફેરવાઈ ત્યારે, અને મસાણમાં એના પર ચંડાળોના ધારદાર લોખંડી ધારિયા ઉગામાયા ત્યારે એનાં મનને શુંનું શું ન થયું ? 'પડશે ત્યારે દેવાશે !' શું પડશે ? એના પર ઘોર કલંક અને જીવલેણ આફતના પંજા પડયા ત્યારે એનાથી શું દેવાયું ?

## પડશે ત્યારે શું દેવાશે ?

'પડશે એવા દેવાશે' એમ બોલવું સહેલું છે, પરંતુ જ્યાં જાલિમ ત્રાસ વરસવો શરુ થઈ જાય ત્યારે વ્યાકુળતા અને હાય-વોયનો પાર નથી રહેતો, અહીં જ એક ગૂમડું પાકવા પર ચડીને લપકા લેતું હોય, દાંત-દાઢમાં તીવ્ર કળતર થતી હોય, આંખ બળું બળું થઇ રહી હોય, કે કાનમાં સણકા જોરદાર મારતા હોય, યા પેટ કે છાતીમાં ભારે શૂળ ઉપડયું હોય ત્યારે કેટલું સહન થાય છે ? આટલામાં પણ 'હાય વોય' કરનારા તમે તિર્યંચ-નરકગતિના કારમા ત્રાસ અને ભયંકર વેદનાની રિબામણ વખતે શાંતિથી સહન કરશો ? ધણિયાણી જરાક પિયર વધુ રોકાઈ તો આકુળવ્યાકુળ થઈ જનારા માણસ મૃત્યુ સમયે એ આખી ખોવાઈજતી દેખાશે ત્યારે એનાથી શાંતિથી મરાશે ? થોડા પૈસા થોડો માલ, કે ચારમાંથી એકાદ દીકરો જતા શોક ઉદ્વેગ કલ્પાંત કરનારા પામરોને અંતકાળે એ બધાથી દેશવટો મળતો જોઈ કશો શોક-ઉદ્વેગ નહિ થાય ?

**જીવન જીવતા મૃત્યુ વખતની અશરણદશા નજર સામે રાખ્યા કરો. તો પાપો-રંગરાગ કષાયોથી પાછા હટાશે.**

સનત્કુમાર ચક્રવર્તીએ રોગ ફાટી નીકળતા છ ખંડનો વૈભવી સંસાર કેમ છોડયો? આ જ સમજીને કે આ રોગ અને પછી મોતમાં જીવની અશરણ નિરાધાર દશા છે.

**તો હવે જે સમૃદ્ધિવિલાસના ઢેર છતે અશરણ અનાથ દશા હોય, એને શું કામ પકડી રાખવા ?**

એના કરતાં શા માટે ધર્મનું શરણું પકડી સનાથ ન બનવું? આ એ સમજીને એમણે પાપ સદંતર છોડયા અને ચારિત્ર ધર્મનું શરણું પકડયું.

માત્ર મૃત્યુ વખતની જ અનાથ–અશરણ દશા નહિ, પણ ઘડપણ વખતનીય એવી દશા નજર સામે રાખવાની છે.

દીર્ઘ પ્રાણાયામથી દીર્ઘ આયુષ્ય જીવાય છે એમ કહે છે, પણ તેને ઘડપણ આવે કે નહિ? ઘડપણમાં શરીર ક્ષીણ થાય કે નહિ? દીર્ઘ આયુષ્ય જીવાય એનો અર્થ આયુષ્ય વધે નહિ. આયુષ્ય તો જેટલું બાંધી લાવ્યા એટલું જ ભોગવવાનું, પરંતુ ટુંકા શ્વાસોચ્છવાસ વગેરેને લીધે, આગળ જતાં, આયુષ્ય પર ઉપક્રમ લાગી બાકીનાં આયુષ્ય કર્મના દળિયા ગુંચળું વાળેલી દોરી એકસામટી બળી જાય એની માફક એકસામટા ભોગવાઇ જવાના હોય, તે લાંબી કરેલી દોરી જેમ ક્રમસર બળીને લાંબે કાળે ખત્મ થાય, એની જેમ દીર્ઘ પ્રાણાયામથી આયુષ્યકર્મના દળિયા ક્રમસર ભોગવાતા આવી એના કાળે પૂરા ભોગવાઈ પૂરા થાય. આમ છતાં વયનાં પરિપાકથી ઘડપણ તો આવે જ. પૂછો,–

પ્ર૦–કાયાકલ્પથી નવી જુવાની મળે છે ને?

ઉ૦–એમાં ય શરીરને જુવાની જેવી સ્ફૂર્તિ લાગી એટલું જ, પરંતુ શરીરનાં ચક્ર અને ધાતુઓ ક્ષીણ તો થાય જ ને? નહિતર એ મરે શાના? એ તો દેવતાઇ શરીર કે જેમાં ઠેઠ સુધી યુવાની રહે, ઘસારો જ નહિ. ફક્ત છેલ્લા છ મહિના એને નિસ્તેજ લાગે; બાકી તો તેજસ્વી યુવાની, એનું પુણ્ય

એવું છે. પણ મનુષ્યને આ ક્રમ–પહેલાં બાલપણ, પછી કુમાર અવસ્થા, પછી યુવાની, બાદ પ્રૌઢતા, અંતે ઘડપણ. એમાં શરીર ક્ષીણતાને પામેલું હોય.

આવા ઘડપણથી કોઈ બચાવનાર છે? એને અટકાવનાર છે? ના, જીવ એ બાબતમાં અશરણ છે, એને કોઈ જ એવો આધાર નથી, શરણ નથી, જે એને એથી બચાવી શકે. દરિયા પાર જાય, કે પર્વતના ઊંચા શિખર પર જાય, ત્યાંની અહીં કરતાં જુદી જ ખુશનુમા હવામાં રહે, છતાં એ હવા કે બીજું કાંઈ એના ઘડપણને અને એથી નીપજતા ઘસારાને અટકાવી શકે નહિ.

ત્યારે સમજાશે કે કાયાકલ્પ–રસાયણ–પ્રાણાયામ વગેરે કરનારા ખાંડ ખાય છે, બેકાર કોશીશ કરે છે; મળવાનું કાંઈ નહિ, ઘડપણ અને મોત અટકાવી શકાવાના નહિ. કોશીશ 'બેકાર' એટલા માટે કે એ ઉપાયો કરવામાં ધન અને સમય જે ખરચાયા, એને પરમાર્થ યાને આત્મહિત સાધવામાં કામે લગાડી શકાત. તે અવશ્ય જર્જરિત થતી અને અંતે અવશ્ય નાશ પામનારી કાયાના હિતમાં ખરચી બરબાદ કર્યા.

જે ઘડપણ અને મૃત્યુની આગળ જીવનની અશરણ–દશા છે એને અટકાવવાના બાલિશ પ્રયત્નોમાં અમૂલ્ય માનવસમય વેડફી નાખવો, અમૂલ્ય આત્મહિત–સાધના ગુમાવી નાખવી, એ જીવની સરાસર મુર્ખતા નથી? દવા ને રસાયણ કાયાકલ્પ ને પ્રાણાયામ શું શરણ બનવાના હતા? શરણ તો શ્રી જૈન ધર્મ જ બને, એનું ચારિત્ર બને. કેમકે અહીં સેવેલો જૈનધર્મ અહીં

સાધેલું ચારિત્ર આગળ માટે ઘડપણનું ઘડપણ અને મૃત્યુનું મૃત્યુ લાવવામાં કામિયાબ કાર્યકર નીવડે છે.

**માણસે વિવેક હોય તો, આ જોવું જોઇએ કે મારા પુણ્યે મળેલી સામગ્રી, મારો અમુલ્ય માનવસમય અને મારી મહા-કિંમતી પુરુષાર્થશક્તિ જ્યાં લગાવવાથી લેખે લાગે ને ઉચ્ચ ફળને અપાવે, ને અશરણમાંથી સશરણ અવસ્થા બનાવીઆપે ત્યાં જ લાગવા જોઈએ.**

**બહાર સાથે લડવામાં અંદરવાળા સાથે લડવાનું રહી જાય–:**

માટે કહ્યું બહારના સાથે શું લડો ? બહારનામાં શી ગડમથલ કરો ? અંદરના દુશ્મન સાથે લડી લો; અંદરવાળાની ગડમથલ કરો. અંદરવાળા છે હલકટ કામ–ક્રોધ–લોભ અને એની સામે છે ઉમદા નિર્વિકાર, ઉપશાંત અને નિસ્પૃહ દશા. ગડમથલ આ કરો કે હલકટ ભાવો દબાય, ઉમદા ભાવો વિકસે.

૯૮ પુત્રોને શ્રી ઋષભદેવ ભગવાન કહે છે, 'બહારના સાથે લડશો, જીતશો, છતાં મૃત્યુથી તો હાર ખાઈ નાલેશી મળવાની જ છે. અફસોસી. આ, કે બહારના સાથે લડવા જતાં અંદરવાળા રાગ–દ્વેષ–તૃષ્ણા–અહંકાર વગેરે સાથે લડવાનું ચૂકી જવાશે; ઉલ્ટું એમને ફૂલ્યા–ફાલ્યા કરાશે અને એ ભાવી અનંત જન્મ અનંત મૃત્યુના ફેરામાં ભટકાવી દેશે ! ત્યારે બહારના સાથે લડવાનું પડતું મુકી આ અંદરવાળા સાથે લડી એને ખત્મ કરવામાં જનમનો જ અંત અને મૃત્યુ પર વિજય ! એવા મોક્ષમાં સ્થાન કે જ્યાં કદી મૃત્યુ ફરકી શકે નહિ, નવા જનમ લેવાના જ નહિ.

'જાત સાથે લડો, બહારના સાથે લડવાથી શું વળે ?' એવી આ વાત છે કે 'જાતને ઉપદેશ આપો, એકલા બહારનાને ઉપદેશ આપવાથી શું વળે ?'

જાતના વિચાર વિનાના પાપોપદેશમાં માત્ર પાંડિત્ય છે. જાતનું ઊર્ધ્વીકરણ નથી.

આજ ચોમેર પાંડિત્ય-પ્રદર્શનનું તાંડવ મચી રહેલું દેખાય છે.

પ્રધાનો ભાષણો ઠોકે છે; છાપાવાળા ડાહ્યા ડાહ્યા લેખ લખે છે; માસ્તરો ડાહી ડાહી વાત કરે છે; સમાજના મોવડીઓ બીજાને સારા વર્તવા કહે છે;–પણ બધું બીજાને કહેવાનું; જાત માટે શું ? ઇન્કમટેક્ષ–ઓફિસવાળાઓ લોકને ધમકાવે કે, 'ખોટા ચોપડા લખી સરકારને છેતરો છો ?' પણ જાતે શું ? લાંચ લઈ સરકારને છેતરવાનું ખપે ! છાપાવાળાઓ વેપારીઓને ખાંડે છે કે, 'પ્રજાનું લોહી ચૂસો છો ?' પણ જાતે ? છાપાની વધારે કોપીઓ ખપે એ માટે કામોત્તેજક સિનેચિત્રો–લખાણો–કથાઓ છાપી ગભરુ પ્રજાનું લોહી ચૂસાવી સત્યાનાશ કાઢે એનો વાંધો નહિ !

બસ, બીજાને ઉપદેશ આપવાની, પણ જાતને ઉચ્ચ મહાન બનાવવાનો વિચાર નહિ કરવાની ધાંધલ આજે બહુ ચાલી પડી છે. નમિરાજર્ષિ કહે છે, બહાર લડીને શું કરીશ, જાત સાથે લડ, અવળચંડી જાત સાથે લડીને એને સંયમમાં લાવ, એના કામ–ક્રોધ રાગ–દ્વેષ વગેરે ઓછા કરતો ચાલ.'

ઋષિદત્તામાં આ ડહાપણ હતું. ધરાર સામે દેખ્યું કે 'રુકિમણીએ જાતે પોતાનો પ્રપંચ ખુલ્લો કર્યો, ને પતિ કનકરથ રાજકુમાર

હવે રુકિમણીને તડકાવી રહ્યો છે' આમ દેખવા છતાં ઋષિદત્તા પુરુષનો વેશ મુકી ખુલ્લી પડતી નથી, ખુલ્લી પડીને એ ય રુકિમણી પર તૂટી પડતી નથી કે, 'લુચ્ચી! તો તેં મને આમ ભયંકર બદનામ કરી ઠેઠ મોતની સજા સુધી પહોંચાડી?' ના, એમ તુટી પડવામાં શો લાભ? હમણાં બીજામાં માથું મારવું નથી. એટલે એ ધીરજ ધરી ઊભી છે, એટલો સંતોષ વાળે છે કે 'ચાલો, કલંક ઊતરી ગયું, પતિના મનમાં કદાચ મારા માટે હત્યારીપણાની સહેજ પણ શંકા હશે, તો તે નીકળી ગઈ. બાકી આ એક મારાં જ કર્મનું વાદળ આવેલું તે વિખરાઈ ગયું. મારે તો મારી જાતનું જોવાનું. રુકિમણીની હલકાઈ જોવાનું કે ગાવાનું મારે શું કામ છે! એની હલકાઈ પર મારે તુટી પડવાની શી જરૂર છે?'

જોજો આ એની ઉત્તમતા હજી આગળ વધવાની છે. વાત આ છે કે

**બહારનાનું શું જુઓ? બહારના સાથે શું લડો? અંદરનું જુઓ, અંદરવાળા સાથે લડો.**

રોજ પ્રભાતે ઊઠીને અને દિવસના પણ આ વિચાર્યા કરો કે આ મહાન ભવને મારે ઊંચે આવવામા વાપરવો છે? કે નીચે ઊતરવામાં?

## ૧૧ કનકરથ આપઘાત-અર્થી

**હવે કનકરથ શું કહે છે એ જુઓ.**

કનકરથ આ રીતે ઋષિદત્તા ગુમાવવા પર ભારે ખેદ કરી રહ્યો છે. કનકરથ રાજકુમારે માણસોને ગામ બહાર ચિતા ખડ-

કાવવાનો આદેશ કર્યો, અને પોતે એ અગ્નિચિતામાં પડી બળી મરવા માટે ચાલ્યો. હવે એકજ કલ્પાંત છે કે 'હે ઋષિદત્તા ! મેં મૂર્ખે તારી રક્ષા ન કરી, તું જતાં હું કેમ જીવી શકું ?' કુમારના માણસો એને રોકવા ઘણો પ્રયત્ન કરે છે, પરંતુ એ કોઈથી રોકાતો નથી.

આ બધો કોલાહલ સાંભળી એ કૌબેરીનો રાજા સુંદરપાણિ જે રુકિમણીનો બાપ અને કુમારનો સસરો છે, તે ત્યાં ઝટપટ દોડી આવ્યો, ને કુમારને કહે છે, 'કુમાર ! કુમાર ! આ સુબુદ્ધ મરદ થઈ તમે શું કરો ? એક અબળા જેવું આ કાયરતાનું કામ કરાય ? આ તમને શોભે ? હવે તમે ઋષિદત્તાને ભૂલી જાઓ.'

પરંતુ કુમાર શે ભૂલી શકે ? માણસની ઉત્તમતા એના મર્યા પછી વધુ યાદ આવે છે. તેથી ઋષિદત્તાની એ ઉત્તમતાને ભૂલવાનું શી રીતે કરી શકે ? રાજાના કહેવાથી પણ રોકાતો નથી, છતાં ઋષિદત્તા ઠંડે કલેજે બેઠી છે. શું પતિ પર ચીડ છે ? એને શું મરવા દેવો છે ? ના, તો કેમ હજી પણ શાંત બેઠી છે ? આટલા જ માટે કે એ હજી અવસર નથી જોતી. આ જોજો એની ગંભીરતા.

પરંતુ હવે જ્યારે મોટા રાજાનું પણ ન માનતાં ચિતામાં બળી મરવાના નિર્ધારથી રાજકુમાર આગળ ધપી રહ્યો છે ત્યારે એના માણસોને ભારે દુઃખ છે, કલ્પાંતનો પાર નથી. એમને રાજકુમાર જ મુખ્ય માણસ છે. એની સેવામાં તો એ બધાં અહીં સુધી આવ્યા છે. હવે એજ જો આમ અકાળે જાતે મૃત્યુને નોતરતો હોય, અને તે પણ જીવતાં બળી મરીને, તો એના

પર શોક–આક્રંદમાં શી કમી રહે ? અહીં માણસોને પોતાની અશરણ નિરાધાર દશા દેખાય છે કે પોતે કુમારને અગ્નિસ્નાનથી રોકી શકતા નથી.

**જગતના જીવનમાં જીવને આવી કોઇ અશરણતાનો અનુભવ કરવો પડે છે, એ સંસારીની દુર્દશા છે.**

તપાસી જોજો જીવનમાં કેટકેટલી બાબતોમાં 'હાય ! આમાં હવે કોઇ ઉપાય નથી,' એમ પાછા પડવું પડે છે, ને લાચારી અનુભવવી પડે છે ? લાચારી સાથે પાછા પડવાનું એ શું છે ? અશરણ નિરાધાર દશા જ ને ? છતાં શું જોઈને અભિમાન થતું હશે કે હું હોશિયાર, હું પુણ્યશાળી, મારી આગળ બધા સીધા,...'શું જોઈને દુન્યવી વિષયો પર ઓવારી જવાતું હશે કે, 'અહો ! કેવી સરસ સગવડો મને મળી છે !'

અશરણદશા ક્યાં અનુભવમાં નથી આવતી ? ઠામ ઠામ અનુભવાય છે. ચૂલે દૂધ મૂક્યું હતું, ધ્યાન ન રહ્યું તે દૂધ ઉભરાઇને બહાર નીકળી ચૂલા ભેગું થયું. હવે કેમ ? તો બીજું શું ? લાચાર. ગયેલું થોડું જ પાછું આવે ? ઘરવાળીને કે છોકરાને કાંઈક કહેવા ગયા, ને એમણે સામે જવાબ ઠોકી દીધો. હવે ? પાછા, પડયા લાચારી ને પાછા પડવાનું ! તો આવું કેટલેય ઠેકાણે અનુભવ્યું, અનુભવી રહ્યા છો. ત્યારે ક્યાંક તમને તમારી અશરણદશા લાગી ? મનને એમ થયું ખરું કે,–

'અહો ! ઠામ ઠામ પાછા પડવું પડે, લાચારી અનુભવવી

પડે તો પછી સંસારમાં આ મારી કેવી અશરણ નિરાધાર દશા ? તો જેમાં આજ યા કાલે પાછા પડવાનું, લાચારી અનુભવવાની, એવી અશરણદશા જ હોય, ત્યાં શું જોઇને એવા પદાર્થ પર મુસ્તાક બની અભિમાન કરું છું ? શું જોઇને એના પર આસક્ત બની ઓવારી જઉં ? જીવ ! મૂક હવે આ મુર્ખતાભર્યા અભિમાન અને આકર્ષણ–આસક્તિ. અંતે શરણભૂત નિશ્ચિતપણે નહિ બની શકનાર પદાર્થો માટે એમ માનવાનું રહેવા દે કે 'આ હોય તો જ મારું કામ ચાલે; આનાથી જ મને સુખશાંતિ અને ટેકો મળે છે,' સડેલાનો ટેકો કેવો ? વ્યાકુળ કરનારથી શાંતિ શી ? ગમે ત્યારે ચાલી જનારથી શું માનવું કે, 'આનાથી જ મારું કામ ચાલે ?

કામ શું ચલાવવું છે ? ઢોરની જેમ સરખું ખાઈ–પી અને રંગરાગ–આરામ કરી જિંદગીના દહાડા પૂરા કરવાનું કામ ? કામ એટલું જ હોય તો તો બરાબર છે કે બહારના પદાર્થથી કામ ચાલે. પરંતુ આ જીવન અધમ પશુનું નહિ, પણ ઉચ્ચ માનવનું જીવન છે.

**તો પછી ઉચ્ચ માનવભવને યોગ્ય કામ પરમાત્મામાં મન લગાડવાનું છે; એ જડ માયામાં મન લગાડ્યાથી શી રીતે પ્રભુમાં મન લાગે ?**

**આ ઊંચા અવતારનું કામ દાન શીલ તપનું છે. એમાં જ મન લગાડવું હોય તો મારે એના વિના ન ચાલે એમ મનાય. પૈસા–વિષયો ખાનપાન** વગેરે વેના ચાલે એવું કેમ મનાય ? એના વિના ચાલે એવું થોડુંયમનાય તો તો દાન–શીલ–તપ કરવાની ઉર્મિ જાગે.

એમ **'સંયમ વિના મારે ન ચાલે' એમ** મનાય તો અસંયમ કરાવનાર સાધન-સામગ્રી વિના ન ચાલે એમ માનવાનું શાનું હોય ? દા. ત. ઘરમાં બહુ ખુરશી ટેબલ વગેરેના સરંજામથી બે પ્રકારે અસંયમ, (૧) જીવજંતુ મરે એ હિંસામાં અસંયમ છે; અને (૨) એશઆરામી ભોગવાય એ ઇન્દ્રિયોનો અસંયમ છે. સંયમનો ખપ હોય તો સરંજામની ઓછાશમાં મન દુ:ખી નહિ થાય, ઉલ્ટું આનંદ માનશે કે 'હાશ ! આ લપ ઓછી છે, તો હિંસા અને વિષય-ભોગનો અસંયમ ઓછો થાય છે.'

**બીજાના બંગલા-ફરનીચર-મોટર વગેરે જોઇ દુબળા કેમ પડાય છે !**

એટલા જ માટે કે જીવનમાં આ એક મુદ્રાલેખ નથી કે 'મારે સંયમ વધાર્યા વિના ન ચાલે.' મનને એમ માન્યું છે કે 'આવી સુખસગવડો વિના ન ચાલે. શું કરીએ આપણું ભાગ્ય નથી એટલે એ મળતી નથી !' આવું માન્યું હોય એટલે દુબળા પડવાનું જ થાય ને ? બોલો, નથી માન્યું આવું ? માન્યું છે, એટલે તો એ જેને ઠીક ઠીક મળ્યું છે એને સુખી સમજો છો, પુણ્યશાળી સમજો છો. પણ જો એના બદલે સંયમ વિના ન ચાલે માન્યું હોત તો અસંયમના એ વિપુલસાધનો ન મળવામાં જાત ભાગ્યશાળી લાગત; ને જેને એ મળ્યાં છે એ દયાપાત્ર લાગત. મન કહેત, 'બિચારા ! વિપુલ સાધનોથી અસંયમમાં ડૂબી જવાના ! સારું છે મને દીર્ઘ સંસાર કરી આપે એવા અસંયમની સાધન-સામગ્રી ઓછી મળી છે, અસંયમ ઓછો થશે,' કેવી ઉત્તમ ભાવના !'

**અસંયમ કરાવનારો સરંજામ જેને મળ્યો એ દયાપાત્ર; જાતને ન મળ્યા તો જાત ભાગ્યશાળી.**

પર્વતિથિએ તપ કેમ ગુમાવો છો ? માન્યું છે, 'ખાધા વિના ન ચાલે;' માટે તપનું દેવાળું નીકળે છે. અલ્યા ! પણ આવા સુંદર ભવે જો આ માન્યતા નહિ ઘડે કે 'મારે તપ વિના ન ચાલે;' તો પછી બીજા કયા ભવમાં એ ઘડીશ ?

**ઉચ્ચ માન્યતાઓ ઘડવાને માટે માનવ ભવ જેવો ભવ ક્યાં છે ?**

ઉચ્ચ માન્યતાઓ ઘડવા માટે થોડું પણ એવું જીવી બતાવવું પડે, થોડો ય સુખનો ભોગ આપવો પડે. તિથિએ પણ તપ નહિ, પછી 'તપ વિના ન ચાલે' એ માન્યતા શે ઘડાવાની ? પ્રભુની ભક્તિમાં થોડું પણ દૂધ–ઘી–સુખડ–વાસક્ષેપ–અગરબત્તી પોતાની લઈ જવાની નહિ, તો 'પરમપાત્રે દાન વિના યાને પરમાત્મભક્તિ વિના ન ચાલે' એ માન્યતા ક્યાંથી ઘડાવાની ? થોડા ય પ્રસંગમાં ખામોશ ખાવાની ન હોય અને ક્રોધે ધમધમવાનું જ હોય તો 'ક્ષમા વિના ન ચાલે' એ માન્યતા શી રીતે ઘડાશે ? ક્યારેક ક્યારેક પણ વૈર–વિરોધ બાજુએ મુકી સર્વ-જીવ મૈત્રીભાવ ભાવવાનો ન હોય તો 'મૈત્રી વિના ન ચાલે' એ માન્યતા કેમ ઘડાવાની ?

**સારી માન્યતાઓ ઘડવી છે ? કે પશુની માન્યતાઓ જ ચલાવવી છે ?**

ખાધા વિના ન ચાલે; ધર્મખર્ચમાં સાંકડા થયા વિના ન ચાલે; અવસરે ક્રોધ કર્યા વિના ન ચાલે; વૈર વિરોધ રાખ્યા

વિના ચાલે નહિ... આ બધું પશુ-માન્યતાનુંજ નાટક છે. શું એજ માન્યતાઓ અહીં દૃઢ કરવાની? પછી એનું જીવન એ માનવખોળિયે પશુજીવન જ થાય ને?

જીવન માનવનું જીવવું છે? જો પહેલા નંબરમાં હલકી અધમ માન્યતાઓ પડતી મુકો, ઉચ્ચ ઉમદા માન્યતાઓ હૈયે વસાવો; અને એને દૃઢ કરવા થોડો પણ ભોગ આપો, થોડું પણ એ સારી માન્યતાઓને યોગ્ય કરી છૂટો તો માનવનું જીવન જીવાશે.

o o o

## ૧૨ અશરણ-ભાવના

પ્ર૦-પણ ખાધા વિના ન ચાલે, પૈસા વિના ન ચાલે... એવું એવું મગજમાં ઘર કરી ગયું છે, એ કેમ ખસે?

ઉ૦-એ માટે આ અશરણતાની ભાવના વારંવાર ભાવવાની છે. મનને સમજાવવાનું છે કે 'આ હું જે ખાનપાન તથા એથી તગડું રખાતું શરીર, ને પૈસા, પરિવાર વગેરેને મહત્ત્વ આપી રહ્યો છું ને એના વિના ન ચાલે એમ માની રહ્યો છું, એ બધી વસ્તુ અંતે મને કશું શરણ આપનાર નથી; ઊલ્ટું મને વધુ અશરણ અનાથ નિરાધાર બનાવનારી છે. તો શા સારુ એના પર ભરોસો મૂકું? શા સારું એને મહત્ત્વ આપું? અહીં પૂછવાનું મન થાય,

પ્ર૦-સંસારમાં અશરણ તો છીએ જ, એમાં શરીર પૈસા-પરિવાર વગેરે વધુ અશરણ શું બનાવે?

ઉ૦– વધુ અશરણ એ રીતે, કે એ શરીર–પૈસા–પરિવાર વગેરે ઠીક મળ્યાથી જીવ ગફલતમાં પડે છે, માની લે છે કે, 'શરીર તગડું છે ને? ફિકર નથી. સારું ખાઓ, પચી જશે; વધારે શક્તિ મળશે. આનંદ–મંગલ કરો. પૈસા ઠીક મળ્યા છે, હવે શી ફિકર છે? લીલા લહેર કરો. પરિવાર સારો મળ્યો છે, ચિંતા નથી, મજેનું વડિલપણું ભોગવો.' આવાં ધોરણ બાંધી મુકયા એટલે પોતાની અશરણદશાનું ઊંઘમાં સ્વપ્નું ય નથી આવતું, અને જાગતાં ક્ષણ પણ ધ્યાનમાં નથી આવતું. પછી જ્યાં એકાએક કોઈ રોગ ફાટી નીકળે, યા શરીર ઢીલું પડવા માંડે; એમ પૈસા પર આફત આક્રમણ આવે કે પરિવારમાં કોઈ માંદો પડે, વાંકો થાય, યા ઉપડી જાય, ત્યારે ભારે અશરણદશા લાગે છે; એ શરીર પૂર્વે એવું તગડું નહિ, કે પૂર્વે પાસે પૈસા–પરિવાર એવા નહિ, તે વખતે લાગતી અશરણદશા કરતાં એ મળીને પછી ખોવાઇ જવા પર વિશેષ અશરણદશા મનને પીડી રહી હોય છે. **આનું જ નામ કાયા–પૈસા–પરિવાર આદિ સારા મળ્યા પર અધિક અશરણદશા. 'શાતસુધારસ'** શાસ્ત્રમાં આવે છે કે–

'સારી માનેલી કાયા, એમાં ગમે તેટલા પ્રાણાયામ કર્યા, ને રસાયણ વાપર્યા, છતાં એ જરાવસ્થાને પામે જ છે. એમ સફેદ વાળ–પળિયાંથી ભરેલા માથાને કાળાભમ્મર વાળવાળું બનાવી દેનારો પણ કોણ એવો સમર્થ છે કે જે રસકસ વિનાની જરાઅવસ્થાને રોકવાનું કરી શકે?'

તાત્પર્ય, માણસ કલપ લગાડવા વગેરે પ્રયોગ કરીને હજી ધોળા વાળને કાળા બનાવી શકે, કે કાયાકલ્પ આદિથી ચામડી

પરના પળિયાં-કરચલીઓ મિટાવી શકે, પરંતુ ઘડપણને અટકાવી શકવા કોઈ સમર્થ નથી. એ તો, 'આ જગતમાં જનમ પામ્યા ? તો કુદરતના કાયદામાં લાગુ થઈ જાઓ અને યુવાનીની પૂર્ણાહુતિ અને ઘડપણમાં પ્રવેશ કરી જ દો.' કેવું ઘડપણ ? કોઈને ન ગમે તેવું. રસકસ વિનાનું ! યુવાનીના ઉન્માદ અને લોહીના થનગનાટથી પૂર્વે કરેલી કોઈ પણ વાત હવે થઈ શકે નહિ. એટલે જિંદગી સાવ નીરસ લાગે. તો બોલો, અગર કોડો ઉપાયે આ દશા અટકાવી ન શકાતી હોય તો જીવની ત્યાં કેવી અશરણ નિરાધાર દશા કહેવાય ?

## અશરણતામાં ચારિત્રનું અનુસંધાન કર :

માટે જ શાસ્ત્રકાર કહે છે 'હે જીવ ! તું શ્રી જૈન ધર્મનું શરણું લે અને અતિ પવિત્ર ચારિત્રનું સ્મરણ એ શરણ સ્વીકારમાં જોડ. અર્થાત્ એમ વિચાર કે 'જ્યારે મારે હવે આ એકમાત્ર જિનેશ્વર ભગવંતે કહેલો ધર્મ જ શરણભૂત છે. તો મારી જાતને ક્યારે હવે સમસ્ત પાપ અને ઉપાધિથી મુક્ત એવા ચારિત્રધર્મમાં જોડું !'

## ધર્મનાં શરણ વિના કેવી કંગાળ દશા ?

શા માટે આ ભાવના ? એટલા જ માટે કે જૈનધર્મના સહારા વિના જરાવસ્થામાં જીવને જરાય ચેન નહિ પડે. જીવ આ કંગાળ દશામાં પડશે કે આ ઉતમ જીવન બેકાર લાગશે. મનને થશે કે

'હાય ! હવે આ સંસારથી કંટાળી ગયો. ક્યાંય કશી મજા
આ નથી આવતી

'હાય ! ઘરવાળા પહેલાંની જેમ હવે એવા હેત-ઉમળકાથી બોલાવતા નથી, હવે એમને છોકરી-છોકરા અને વહુઓ વહાલા લાગે છે ! મારી જાણે કશી કિંમત નહિ !

'ત્યારે છોકરા ય એમના તાનમાં દોડ્યા જાય છે. ઘરડો બાપ એટલે એમને મન બુદ્ધિહીન, અક્કલ વિનાનો ! ધંધો વેપાર પણ એમના હાથમાં; એટલે એ ધંધો પણ મારે મન લગાડવા હાથમાં નહિ !

'સમાજના લોકો પણ આ છોકરાઓને જ બોલાવે-ચલાવે ! એમના માન-સન્માન કરે ! હાય ! મારે તો એકલા-અટુલા દહાડા ગુજારવાના આવ્યા !

'ત્યારે હાય ! પેટ પણ હવે કશું સારું પચાવી શકે નહિ, એટલે સારું સારું ખાઈ શકાય નહિ. એમાં વળી જરાક જો ભૂલ કરી, તો પાંચ સાત વાર લોટા ભરવા પડે !

રાતના સરખી ઊંઘ પણ આવે નહિ. ઘરમાં બેઠો બૈરાને ન ગમું; દુકાને બેઠો છોકરાને ન ગમું. વળી હાય ! ધરાર મારી આંખ સામે એ લોકો ખોટા ખરચા કર્યે જાય ! ખોટા લહેલાટ અને મોજશોખમાં ધન ઉડાવતા જાય ! મારે તો કહેવાય નહિ, ને સહેવાય નહિ....બળી આ જિંદગી !'

શું છે આ બધું ? ઘડપણમાં અસહાય-અશરણ સ્થિતિનો બળાપો. પરંતુ જો પહેલેથી ધર્મનું શરણું પકડી લીધું હોત, તો વારંવાર આ ભાવના કરી હોત, કે,-

'જીવ ! ધ્યાન રાખજે,-આ જગતનાં જીવનમાં (૧)

**જગતના રાહ તું નહિ પલટી શકે, (૨) વસ્તુસ્વભાવ તું નહિ બદલી શકે,(૩) તું ભાવીભાવ મિથ્યા નહિ કરી શકે.'**

**જગતનો રાહ આ**–(૧) જનમ્યા એને અવશ્ય મરવાનું. (૨) જુવાની પછી જીવતો રહ્યો તો ઘડપણ અવશ્ય દેખાવાનું. (૩) જગતની વસ્તુઓ ક્ષણદૃષ્ટનષ્ટ, હમણાં દેખાઈ ને હમણાં ગઈ! (૪) જીવે એકલાએજ જનમવાનું! એકલાએજ રોગના ભોગ બનવાનું! એકલે પંડે જ કર્મનાં ફળ ભોગવવાના! આ બધે ક્યાંય કોઈનો ભાગલાગો કે સહાય–સહારો નહિ.

**ત્યારે, જગતની વસ્તુના સ્વભાવ જ એવા કે એ જીવના કહ્યામાં નહિ, પણ પોતાની ખાસિયત મુજબ જ વર્તનારા!** જુઓ, અગ્નિ બાળનારો તે બાળનારો જ. જીવ એને ઠારનારો માની 'ચાલ, આવ મારા હાથમાં ઠારજે મને' એમ હુકમ કરી એને પકડવા જાય તો શું થાય? બળે કે ઠરે? ગર્ભનો સ્વભાવ જ એવો કે એ નવ મહિને જ પરિપકવ થઈ બહાર નીકળવા યોગ્ય થાય. એમાં જીવની ઉતાવળ ચાલે? ઋતુઓ એના ભાવ ભજવે એમાં જીવ એને ફેરવી શકે? સંસારના સબંધી સ્વારથિયા સ્વભાવના, તે જીવ એમને હુકમ કરી બિનસ્વારથિયા કરી શકે? શું આ? જગતની વસ્તુના સ્વભાવ ફેરવવા જીવ અસમર્થ છે, અશરણ છે.

## (૩) તેમ ભાવીભાવ મિથ્યા ન કરી શકાય.

કાળ કર્મ અને ભવિતવ્યતાના રાહ ફેક ન કરી શકાય. આજે જુઓ છો કાળ કેવો વિષમ આવ્યો છે? કોણ માંધાતા

પણ એને અન્યથા કરી શકે છે? એ તો જીવે જ સમજી રાખવું પડે કે કાળને ફેરવવાના ફાંફાં નકામાં. એમાં શક્તિ વેડફી નાખવાને બદલે આ જ કાળમાં શકય આત્મહિતમાં શક્તિ કામે લગાડી દેવી જોઈએ.

એમ કર્મના રાહ પણ અકાટચ; કર્મે સરજાવાનું મિથ્યા ન થઈ શકે. ભગવાન ઋષભદેવને એટલા બધા લોકપ્રિય છતાં ચારિત્ર લીધા પછી ૧૨-૧૨ મહિના સુધી ભિક્ષા ન મળી. રામ અને સીતા જેવા ઉચ્ચ અને પવિત્ર આત્માને વનવાસ ભોગવવા પડચા. પરાક્રમી પણ પાંડવો દેશનિકાલ થયા. મહાસતી દ્રૌપદીને ધાતકી ખંડનો રાજા ઉપાડી ગયો, કર્મના ભાવ શે મિથ્યા થાય? સાજાસારા નિયમિત જીવન જીવનારાને પણ ટી. બી.-કેન્સર-પક્ષઘાત જેવા મહારોગ કોણ લગાડે છે? લાગેલા કેમ મટતા નથી? કહો, કર્મના ભાવિ ભાવ મિથ્યા કરવાનું જીવનું ગજું નહિ. જીવ ત્યાં અશરણ છે.

ત્યારે, ભવિતવ્યતાના ભાવ મિથ્યા થાય? મહાવીર ભગવાન ચારિત્ર લઈને ખૂબ જાગ્રત; છતાં એમણે નાલાયક ગોશાળાને તેજોલેશ્યા શીખવી! કેમ એમ બન્યું? શાસ્ત્રે લખ્યું કે ભવિતવ્યતા જ એવી કે ગોશાળાએ પ્રભુને પૂછવું ને પ્રભુએ તેજોલેશ્યાની વિધિ બતાવવી. ભવિતવ્યતાનો અકાટચ રાહ ભગવાન ન ફેરવી શકે તો આપણે કોણમાત્ર? આજે આપણા અને બીજાના જીવનમાં ભવિતવ્યતા કેટલુંય અનિચ્છનીય અણગમતું સરજી મૂકે છે! એને ફેરવવા મથવું વ્યર્થ છે.

જીવને સમજાવી દેવું જોઈએ કે 'શા સારુ ફાંફાં મારે?

શા સારુ કાળ-કર્મ-ભવિતવ્યતાના ભાવ ફેરવવા વ્યર્થ મથે? ફોગટ ફાંફાં મારીને અનંતા કાળથી કૂટાતો આવ્યો, હવે એ રહેવા દે.

**તત્ત્વ સમજ; તત્ત્વ વિચાર; તત્ત્વને રટ, તત્ત્વથી દિલને ભાવિત કર, રંગાયેલું કરી દે;**

**કહી દે જગતના રાહને અને વસ્તુ-સ્વભાવને, કે**

**'હું તમને બધાને ઓળખું છુ. તમારા આગામી પરિણામનો મને પહેલેથી ખ્યાલ છે. એથી તમારાથી જરાય લહેવાઈ જાઉં નહિ. તમે સારામાં હું ખુશી ખુશી થાઉં નહિ. મારે ખુશી નાખુશી માનવા માટે મારા આત્માનું મોટું ખાતું છે. મારા** આત્માનું ખાતું ભૂલીને પરની પંચાતમા કાં પડું?' કેવો સરસ ખ્યાલ?

**જગતની ચીજ બગડે એમાં આપણે આપણી જાત શા માટે બગાડીએ? દુઃખી થવામાં જાત બગડે છે. ખુશી-નાખુશી જાતના ખાતા પર કે બીજાના?**

બોલો, છે દુનિયામાં કોઈ આવો ડાહ્યો કે પોતાના ઘર આખામાં સળગતું ન જુએ, અને 'આ ફલાણાને ત્યાં થાંભલો સળગ્યો, ઢીંકણાને ત્યાં બારણું સળગ્યું,' એવા વલોપાત કરે? એવું જો કરે તો લોક એને ઠપકારે કે 'અલ્યા! પહેલાં તારે ત્યાં આ આખો પાટડો સળગ્યો છે એ તો જો! પણ **જીવરામ પટેલ એવો મુરખ કે એને જગતની પટલાઈ કરવી છે, જાતની નહિ.** કપડું મેલું થયું, શરીર મેલું થયું એ જોવું છે, પણ પોતાનો આત્મા કામ-ક્રોધ-લોભ, આરંભ-સમારંભ-જુઠ-ચોરી-[illegible] મેલો થયો જોવો નથી!

ભૂલશો નહિ, આત્માના મેલ આત્માની ખરાબીઓ આત્માના રોગ મિટાવવા એ આપણા હાથની વાત છે. વીતરાગ ભગવાનનું આલંબન અને એમનાં તત્ત્વનો બોધ મન પર લઈ એ મિટાવી શકાય છે. પરંતુ જગતના રાહ પલટવા એ આપણા હાથની વાત જ નથી. તો પછી શા સારુ એની ચિંતા, એના બળાપા કરવામાં અમૂલ્ય માનવમન–માનવસમય વેડફી નાખવા ? અરે ? માનો કે આપણી કાયા જ કોઈ એવા અસાધ્ય રોગે ઘેરાણી, તો શું એ રોગની ચિંતા કરવાથી એ મટી જાય છે ?

## જગતના રાહ શું પલટો ? આત્માના રાહ પલટો.

અનાથી મુનિ એમજ જાગી પડેલા. એમને રાજકુમારપણે એવી અસહ્ય દાહુજ્વરની પીડા ઉપડેલી. સેવામાં મા, બાપ; ભૈરી બધા જ હતા. મોટા મોટા વૈદ–હકિમ હતા, પત્ની ચોવીસે કલાક પલંગનો પાયો પકડી બેસી રહેનારી, ગુણિયલ ગુણોની ખાણ, સેવાકારી, બધું છતાં પોતાની પીડામાંથી ભાગ વહેંચી લે ? પાછળથી રાજા શ્રેણિકને એજ કહ્યું,–

'ગોરડી ગુણમણિ–ઓરડી ચોરડી અબળા નાર;
પણ કોરડી પીડામેં સહી, કેણે કીધી ન મોરડી સાર.
શ્રેણિકરાય ! હું રે અનાથી નિર્ગ્રંથ....'

## અનાથીએ કેવી કેવી અનાથતા બતાવી ?

"હે મગધાધિપ શ્રેણિકરાય ! આવી ગુણિયલ પત્ની ચોવીસ કલાક સેવામાં હાજર છતાં મારે મારી અંતર્દાહની પીડા સર્વે-સર્વા મારે એકલાએજ ભોગવવી રહી. આ મારી અનાથતા હતી.

ધનના ઢગલા મોજુદ છતાં એ ઢગલા મારી પીડા ટાળવા કે ઓછી પણ કરવામાં નાકામિયાબ હતા, આ મારી અનાથતા હતી.

નિષ્ણાત કારીગર રાજવૈદ્યો રામબાણ દવા કર્યે જતા હતા, છતાં મને પીડામાં રાહત નહિ, આ મારી અનાથતા નહિ તો બીજું શું ?

વહાલસોયા બા-બાપ ચોધાર આંસુ પાડયે જતાં હતાં. છતાં પીડામાંથી લેશ પણ ભાગ લઈ શકતા નહોતાં, આ સ્થિતિ મારી સરાસર અનાથતા જ સૂચવતી.

નોકર-ચાકર-સ્નેહી પરિવાર બધા જ દુઃખી થઈ જતા, પણ મારી પીડાને ઓછી કરી શકતા નહિ. મારી પીડા અણનમ હતી આ મારી અનાથ દશા હતી.

દુનિયામાં એક સારા રાજકુમાર તરીકેની અને ભાવીમાં સારા રાજા નિવડવાની ખ્યાતિ-પ્રતિષ્ઠા હતી, છતાં રોગની કારમી વેદનામાં કમી નહોતી, આ મારી અનાથતા હતી.

હે રાજન્ ! જો, મને એ પીડા-વેદના-રીબામણમાંથી બચાવવા કોણ સહાયક ? ઔરી નહિ, માબાપ નહિ, વિશાળ પરિવાર નહિ, સમૃદ્ધિ નહિ, માનમર્તબા-ખ્યાતિપ્રતિષ્ઠા કોઈ જ સહાયક નહિ."

અનાથી મુનિ આમ કહીને શ્રેણિક રાજાને એની પોતાની અનાથતા વિચારવા તક આપી રહ્યા છે, 'હું મોટો મગધસમ્રાટ, હું તારો નાથ થાઉં' એ કહેનાર શ્રેણિકને લપડાક લગાવે છે,–

'નરનાથ ! તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ ?'

'તું તારી પોતાની જ અનાથતા વિચાર, તો બીજાના નાથ થવાનો કેફ ઉતરી જશે. જો આટલી આટલી રીતે જીવની અનાથતા છે' એમ કહી મુનિએ પોતાની એવી અનાથતા વર્ણવી, જે મગધસમ્રાટ શું, આપણને દરેકને અને મોટા ચક્રવર્તીનેય લાગુ પડે.

ચક્રવર્તી બ્રહ્મદત્તને બ્રાહ્મણના પ્રપંચથી આંખો ફૂટી પછી ઘણાય કલ્પાંત કર્યો, છતાં આંખ પાછી લાવવામાં ૧,૯૨,૦૦૦ સ્ત્રીઓ અને એમાં વહાલામાં વહાલી કુરુમતી પટ્ટરાણી શી સહાય કરી શકી? કઈ પોતાની એક આંખ પણ આપી શકી? ત્યારે નવનિધાન અને દરિયાપારથી બોલાવી શકાય એવા મોટા કિમિયાગર વૈદ પણ શી સહાય કરી શક્યા? તો ૯૬ ક્રોડનું લશ્કર કે ૯૬ ક્રોડ ગામની ઠકુરાઈ કઈ પીડાની આડે આવી શકી?

તમારે આટલી બધી સંપત્તિ ને આટલો બધો પરિવાર તો નથી ને? છતાં માની બેઠા કે 'મારે આ બધાની સારી ઓથ છે! મને કશો વાંધો નહિ આવે!' કેવી મૂર્ખમાન્યતા! સંપત્તિ-પરિવારના ઢેર જ્યાં કશા રંચમાત્ર સહાયક ન બની શકે, ત્યાં તમારી ઠીકરા જેવી માટીની માયા સહાયક બનશે? ઓથરૂપ રહેશે? કાયા જ્યાં પ્રબળ રોગથી પીડાવા માંડશે, કે જમરાજથી ઝૂંટવી લેવાવી મંડાશે, ત્યારે કશું જ તમને સહાયક નહિ બને.

**આ અશરણભાવના રોજ વારંવાર વિચારતા રહો; જેથી પોકળ સહાય-શરણભૂત લાગતાની આળપંપાળમાં ખરેખર સહાય-શરણભૂત થનાર પરમાત્મા અને એમના ધર્મની ભરપૂર ઉપાસના કરતા રહેવાનું ન ચૂકાય.**

**અસાધ્યમાં ફોગટ ફાંફા મારવા કરતાં, સાધ્યમાં સફળ નીવડે એવી ચિંતા અને ઉદ્યમ રાખવા એમાં જ ડહાપણ છે.**

અનાથી મુનિ અંતે રાજા શ્રેણિકને આ જ કહે છે,–

'તવ દેખી એ શૂળ, ધાર્યો મેં ધર્મ અમૂલ.'

'હે મહારાજા ! એ બધી મારી અનાથતાથી ભરેલી પીડા જોઈને મેં વિચાર્યું કે જે આ બધા ખરેખર સહાયભૂત નથી, એમની ઓથ માનવાની મુર્ખાઈ કરવાને બદલે હવે તો ખરેખર સહાયભૂત નીવડે એવા ધર્મનીજ ઓથ પકડવાનું ડહાપણ રાખવા દે. એટલે 'જો આ પીડા મટે તો હું ચારિત્રધર્મ જ સ્વીકારી લઉં' એવો મેં નિર્ધાર કરી લીધો. એ સંકલ્પ થતાં પીડા ટળી. દિવસો થયા ઊંઘ નહિ આવેલી તે ઘસઘસાટ ઊંઘ આવી ગઇ ! જાગીને જોઉં તો નખમાં ય રોગ નહિ. 'ઓહો ! ધર્મભાવનાનો કેવો પ્રભાવ !' તરત મેં સાધુધર્મ લઈ લીધો, હવે ધર્મની ઓથથી હું સનાથ બન્યો, આજે તમારી સામે ઊભો છું. સંસારના પદાર્થો કોઈ જ ઓથભૂત નથી, જીવ એમાં અનાથ છે, એ યાદ રહે તેથી મેં મારૂં નામ અનાથીમુનિ રાખ્યું છે.

"જૈનધર્મ વિના નરનાથ ! નથી કોઇ મુગતિનો સાથ;

શ્રેણિક તિહાં સમકિત પામ્યો; અનાથીને શિર નામ્યો."

ત્યારે જુઓ, **શ્રેણિકે સમકિતમાં શરણ અશરણ કોને માન્યા !**

અનાથી મુનિએ અશરણભાવના વિચારી રાજાશાહી ભોગ-વૈભવને પડતા મૂકી ચારિત્ર ધર્મનું શરણું લીધું, ધર્મને નાથ બનાવ્યો, અને શ્રેણિકે અશરણભાવના વિચારી દેવ-ગુરુ-ધર્મ જ

નાથ છે એ સ્વીકાર્યું, ચારિત્રની સામે રાજાશાહી ભોગ-વૈભવને કૂચા દેખ્યા; પરમાત્માની સામે પટ્ટરાણીમાં પણ અસહાયભૂતતા દેખી; રાણીની ભક્તિમાં અઢળક ખરચવાને બદલે રાણીની સુખ-શાતામાં રાચવાને બદલે પરમાત્માની ભક્તિમાં અઢળક ખરચવાનું, એમાં જ મન લાગ્યું રાખવાનું, અને એમની સુખ-શાતામાં આનંદકલ્લોલ અનુભવવાનું રાખ્યું.

બોલો, તમે પણ અશરણભાવના સાંભળી ને? તો હવે કેટલું જોખવાની તૈયારી છે? ચારિત્ર લેવા તૈયાર થવું છે? શ્રાવકના બાર વ્રત પણ લેવા છે? લીધેલા વ્રતને ખાસા સંકોચવા છે? ત્યાગ-તપસ્યામાં આગળ વધવું છે? અરે! 'આ વિના કલ્યાણ નથી, આ મૂકીને સંસારના રંગ-રાગ-ખાનપાન-પૈસા-પરિવારમાં ડૂબ્યા રહેવું એ મૂર્ખતા છે,' એવું માનવું ય છે?

## કૂચા ચાવવામાં ડાહ્યપણ?

પણ રંગરાગ-ખાનપાન-પૈસાપરિવાર એ કૂચા એવું લાગ્યું જ છે ક્યાં?

**રંગરાગ-પૈસા કૂચા ન લાગે એટલે પછી ઘરરાણીમાં જે ચિત્ત ઠરે, એવું પરમાત્મામાં ને ગુરુમાં ક્યાંથી ઠરે?**

એને મૂકી દેવાધિદેવની ભરપૂર ભક્તિ કરવાનું શે બને? 'ગુરુની સુખશાતામાં આપણને શાતા' એવો અનુભવ શી રીતે થાય? ઘરવાળીની શાતામાં શાતા લાગવાનું જ બને ને?

અશરણભાવના ભાવતાં આવડે છે? કે ભાવવાનું પાલવે એવું નથી? જેમાં ડૂબી ગયા છે, જેમાં ઓતપ્રોત થઈ ગયા

છો, જેની પાછળ રાત દિવસ મથો છો, કાળાં કામો કરો છો, ક્રોધ-માન-માયા-લોભમાં સળગી રહ્યા છો, એ પૈસા-પરિવાર ને ખાનપાન-મોજ જેમ અનાથીને તેમ તમને અવસરે કશી જ સહાય નહિ કરે કશી ઓથ નહિ આપે! એ વખતે ઊંચે આકાશ સામે જોતા રહેવું પડશે કે, 'હાય! મારું કોઈ જ નહિ? મારું કશું જ નહિ? કોણ મને આ અવસરે સહાય કરે?'

પેલા કનકરથ રાજકુમારના માણસો એમ જ અસહાય અશરણ જેવા બની ગયા છે કે, 'હાય! આ અમારા માનવંતા સ્વામી ચિતામાં બળી મરવા જાય છે! એમને રોકવા માટે કોઈ જ સમર્થ નહિ? આવા સ્વામી ગુમાવવાના? કોઈ જ આડે નહિ આવે? એમને બચાવી લેવામાં કોઈ જ સહાયક નહિ?'

● ● ●

## ૧૩. મહાન અને ઉમદા દિલ

**અસહાય માણસોને કનકરથને બચાવવા શું સ્ફુર્યું?:-**

માણસો અશરણ નિરાધાર ઊભા છે. એટલામાં એમને સ્ફુરી આવ્યું કે 'કદાચ પેલા યોગિરાજ એમને સમજાવી શકે, ને એમ કરતાં જો એ અટકે તો સારું.' લોકોને પણ લાગ્યું છે કે 'આવો મહાન રાજકુમાર ચિતામાં બળી જઈ પોતાના પ્રાણનો ત્યાગ કરે એ સારું નથી. પણ કુમાર જ્યારે કોઈનો સમજાવ્યો પાછો હટતો નથી, ત્યારે યોગિરાજ સમજાવે તો સારું,'-એમ બધા વિચાર કરી એ ઋષિદત્તા-યોગિરાજને કહે છે-

'ભગવન્! આટલી હોંશે આ કનકરથ રાજકુમાર અહીં આવ્યા, અને રાજકન્યા રુકિમણીને પરણીને આનંદથી રહ્યા હતા. એમાં હવે એકાએક પૂર્વ પત્નીને યાદ કરી અતિ દુઃખિત થઈ એના શોકમાં પ્રાણત્યાગ કરવા જઈ રહેલ છે, એ ખૂબ જ દુઃખદ છે, કોઈના રોકાતા અટકતા નથી. પણ આપ કાંઈક એમને ન સમજાવો? સમજાવીને અટકાવો તો સારું.'

યોગિરાજ કહે છે 'હું સમજાવી જોઉં.'

જોવાની ખૂબી છે કે હજી શું કે રાજા, શું લોકો, કોઈને રુકિમણીના ભયંકર દુશ્ચરિતની ખબર નથી; એટલે કુમાર એનાથી અત્યંત ઉદ્વિગ્ન થઈને જ ઋષિદત્તાની યાદમાં આ બળી મરવા તૈયાર થયો છે એ મૂળ કારણ લોકો જાણતા નથી. ખુદ રાજાને પણ આ ખ્યાલ નથી. ત્યારે કુમારની ગંભીરતા કેટલી બધી?

**મહાન પુરુષો પોતાની પ્રત્યે કોઈના તરફથી અનિષ્ટ બન્યું હોય તો એનાં દુઃખને પોતાની અંદર સમાવી લે છે, કિન્તુ અનિષ્ટકારકની હલકાઈ બહાર ગાતા નથી.**

સીતાજીને રામે વગર વાંકે માત્ર લોકથી દોરવાઈને જંગલમાં ત્યજાવી મૂકેલા, છતાં સીતાજીની મહાનતા એવી કે ત્યાં જંગલમાં એમને આશરો આપનાર એક ધર્મબંધુ રાજા મળી આવ્યો એની આગળ રામની કે લોકની કશી હલકાઈ ગાઈ નહિ. અરે! ઠેઠ પોતાના વહાલસોયા બે પુત્ર લવણ-અંકુશને પણ 'પોતાની ઉપર શું વીતેલું? પુત્રોના પિતાજીએ શું કરેલું?' એ વર્ષો સુધી કશું કહ્યું નહિ. એ તો છોકરાઓ બહારથી જાણી લાવ્યા ત્યારે આવીને સીતાને કહે છે,–

'મા ! તેં તો અમારા પિતાજીએ તને વગર વાંકે કાઢી મૂકેલી એ અમને કશું કહ્યું નહિ ?'

સીતાજી કહે, 'મારા લાલ ! એમાં શું કહેવું હતું ? એ તો મારા પૂર્વ કર્મે એ કરેલું, એમાં તારા પિતાજીનું હલકું કેમ બોલાય ?'

જુઓ, પેટના દીકરા આગળ પણ પતિનું હલકું બોલવું નથી. બોલે તો દીકરાને માતા ઉપર વિશેષ લાગણી ઊભરાય એવા એ માતૃભક્ત છે, પરંતુ બીજાનું હલકું બોલીને પોતાને માટે લાગણી ઊભી કર્યાથી શો ફાયદો ? શી વિશેષતા ?

**મહાનની આ મહાનતા છે કે બીજાનું હલકું બોલી પોતાના માટે લાગણી-સ્નેહ વધારવાનું ન કરે.**

**પોતાની પ્રત્યે સાંભળનારની લાગણી વધારવા માટે બીજાનું હલકું બોલવું એ ક્ષુદ્રતા છે, અધમતા છે.**

સીતાજીમાં બીજાનું માત્ર હલકું બોલવાની જ વાત નહિ, પણ હલકું ચિંતવવાની પણ વાત નહિ ! જુઓ સીતાજી આગળ પુત્રો કહે છે,

'મા ! તું વાંક તારા કર્મનો જુએ છે એ ઠીક છે, પરંતુ અમારા પિતાજીએ તો લોકોથી દોરવાઈ આવો કઠોર હુકમ કાઢયો ને ? એ શું સારું કર્યું ? કયાં તારી ગંભીરતા ? ને કયાં એમની જોહુકમી ? શું એ એમ સમજે છે કે તારા કોઈ રખેવાળ નહિ એટલે તને ગમે તેમ તગડાય ? પણ હવે અમે લડાઈ લડીને એમને બતાવી આપશું કે તારા રખેવાળ તૈયાર થઈ ગયા છે. માટે અમને એમની સાથે લડવા જવાની રજા આપ.

તારા આશીર્વાદથી અમે એમને જીતી લઈશું અને તારા રખેવાળ તરીકે અમારાં એમને દર્શન આપશું. લે માથે હાથ મૂક.'

ત્યાં સીતા કહે, ' અરરર ! બાલુડા ! આ શું બોલ્યા ? પિતાજી સાથે લડવા જવાનું ? પિતાના સુપુત્રો થઈને પિતાની સાથે લડાય ? જવું હોય તો એમને પગે પડવા માટે ખુશીથી જાઓ."

જુઓ ! કેટલું ઉમદા દિલ ! કેવી મહાનતા !

આ મહાનતા છે કે હલકું બોલવાનું શું, હલકું ચિંતવવાની વાત નથી. ઉલ્ટું વગર વાંકે પોતાને વનમાં ત્યજાવી દઈ દારુણ સ્થિતિમાં મૂકનાર પતિને પગે પડવા જવાની જ સલાહ આપે છે! દિલ ઉમદા બનાવવું હોય તો કેટલી હદ સુધી બનાવી શકાય ? આપણે ય માણસ ને સીતાજી પણ માણસ છે ને ? જેવી ધાતુનું આપણું હૃદય એવી જ ધાતુનું એમનું હૃદય ને ? છતાં એમાં ક્યાંય ક્ષુદ્રતા–અધમતા–હલકી વિચારણાનું એક કિરણ પણ છે ? ના, **સીતાજીમાં મહાનતાનો પૂર્ણ પ્રકાશ ઝગમગે છે; ઉમદાગીરોનો નિર્મળ પ્રવાહ વહી રહ્યો છે.**

## સારા સંયોગમાં ય મહાનતા સહેલી છે ? :–

' કપરા સંયોગમાં આ તો બહુ કઠીન ' એમ કહેતા નહિ. સારા સંયોગમાં ઉમદા દિલ રાખવાનું સહેલું છે ? દીકરો તમારો સારો વિનયી ને કહ્યાગરો હોય પણ તમારા બાપુજી કે તમારી પત્નીનું ન માનતો હોય તો તમે એને એમનું કહ્યું કરનારો થવા માટે સારી રીતે પ્રેરણા કરો ખરા ? એવું ઉમદા દિલ તમારી પાસે છે ? પુત્રો તમારું કહ્યું માનતા હોય એ તો સારા સંયોગ ને ? એમાં ય શું એને બીજા વડિલનો વિનય–આમન્યા જાળ-

વવાનું કહેવા ઉમદા દિલ તમારી પાસે નહિ ? તો પછી તમારું ન માનતો સાચવતો હોય એવા કપરા સંયોગમાં તો તમારામાં ઉમદાગીરી શી રીતે આવે ?

વિચાર તો એ કરો કે, 'કદાચ સારા સંયોગમાં ઉમદા દિલ રહે છે, પણ કપરા સંયોગમાં નથી રહેતું તો એ શાથી નથી રહેતું ?' તમારો કોઈ સ્વાર્થ ભંગાયો, યા તમને કોઈ પ્રતિકૂળતા આવી માટે ને ? ત્યારે એ વિચારવાનું કે, 'એ સ્વાર્થભંગ કે પ્રતિકૂળતા તો આપણા પોતાના નરસા કર્મોદયને લીધે આવી, તો પછી કર્મની શિરજોરી તો વેઠવી જ પડવાની, એમાં વધારામાં દિલની કિંમતી મહાનતા ગુમાવવી છે ? ઉમદા દિલ એ કેટલી બધી કિંમતી વસ્તુ છે એ જાણો છો ?

**ઉમદા દિલ ઉપર તો (૧) અનેક પ્રકારના આર્તધ્યાન, ખોટા વિચારો, અને કષાયોથી બચી જવાય છે;**

**(૨) એથી કુસંસ્કારો અને પાપકર્મોના થોક બંધાતા અટકે છે.**

**(૩) એનાં પરિણામે ભાવી જીવન પાપી અને દુઃખદ થતાં અટકે છે.**

જુઓ, ચંડકોશિકના જીવ સાધુએ સાથેના મુનિની સાચી પણ પાપ–આલોચનની સલાહ પર દિલ બગાડ્યું. 'મને કેમ હલકો પાડે ?' એવા અભિમાનમાં દિલને ક્ષુદ્ર–તુચ્છ–તામસી કર્યું, તો એની પાછળ (૧) ક્રોધકષાય, (૨) ક્યાં મને આવો સાધુ મળ્યો એવું આર્તધ્યાન, અને (૩) એને શિક્ષા કરવાના ખોટા વિચાર આવ્યા; એનું પરિણામ કેવું ? પાપ અને દુઃખ-

એ જ જીવનમાં સાધુને દંડી ફટકારવા દોડ્યા એ પાપ થયું, અને અંધારે થાંભલા સાથે કૂટાઈ મર્યા એ ભારે દુઃખ ઊભું થયું. થયું ? પછી પરલોકે તાપસના ભવે વાડીના ફળોનો મોહ અને ફળ તોડે એના પર ગુસ્સો, એ પાપ થયું; તથા ખાડામાં પડી પોતે જ ઉછાળેલી ફરસી આવી પડવાથી મોતનું દુઃખ ઊભું થયું. અહીં અટક્યું ? ના, આગળ ચંડકોશિકના અવતારે જેના તેના પર ભયંકર ગુસ્સો અને ઝેરથી એની હિંસાનાં ઘોર પાપ ઊભા થયાં; અને જો એમ કરતાં મર્યો હોત તો ઘોર નરકનાં દુઃખ દેખત ! એ પછી ય જાલિમ ભવભ્રમણ ! પરંતુ ભાગ્યવાન કે અનંત–દયાળુ જગદીશ્વર મહાવીરપ્રભુ ત્યાં પધાર્યા, અને એમના પર પણ હજી જાલિમ ગુસ્સો અને ઝેરના પ્રયોગનું એણે ભયંકર પાપ આચર્યું છતાં પ્રભુએ એને એની જાત ઓળખાવી અને ઉપશમવા પ્રેરણા આપી ! તો એને પાપ અને દુઃખની પરંપરા અટકી.

અહીં પણ ખૂબી ઉમદા દિલની. ચંડકોશિક સાપે પ્રભુને ઓળખવા અને ઉપદેશ ઝીલવા દિલ ઉમદા ન બનાવ્યું હોત તો હજી ય ઉદ્ધાર ક્યાં સહેલો હતો ?

## ક્ષુદ્ર દિલમાં પ્રભુની ઓળખ ન ઊતરે.

પ્રભુના શરીરમાંથી લોહી લાલને બદલે સફેદ નીકળ્યું. એ જોતાં ક્ષુદ્ર દિલ હોય તો ચમકે નહિ. એ તો 'હશે, લાલને બદલે સફેદ પણ કોઈકને હોઈ શકે છે. મારે એ જોવાનું શું કામ ? હું તો મારું આને નીચે પાડવાનું કામ ચાલુ રાખું,' એવા જ વિચાર આવે. ત્યાં પ્રભુની ઓળખ શે થાય ? પણ ચંડકોશિયો

ચમકે છે,–'હેં ? સફેદ લોહી ? કોઈ દિ' જોયું નથી આવું. આ શું ? આ કોણ મહાન જીવ છે ?'–એમ થોડી પણ ઉમદાગીરી આવી, ત્યાં પ્રભુએ હવે એની લાયકાત જોઈ, અને અત્યંત કરુણાભર્યા દિલથી 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા ! બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા !' ઉચ્ચાર્યું.

આ શબ્દો સાપ ડસવા આવ્યો એ વખતે કેમ ન ઉચ્ચાર્યા ? કહો, કરુણાના હિતશિક્ષાના શબ્દો ઝીલવા માટે, શબ્દોની અસર લેવા માટે જે ઉમદા દિલ જોઈએ, તે હજી સાપમાં જાગ્યું નહોતું. *ક્ષુદ્ર તામસી દિલમાં હજી* પ્રભુના શબ્દ ઝીલવાની તૈયારી નહિ, તો એના પર શાંત થવાની વાતે ય શી ? એ તો જ્યારે પ્રભુના ચરણે બટકું ભરી લોહી નીકળેલું સફેદ જુએ છે ત્યારે દિલમાં સહેજ ઉમદાપણું આવ્યું ને મનને થયું કે 'હેં ? આ કોણ મહાન વ્યક્તિ ?' પ્રભુની આછીપાતળી ઓળખ પડી.

**દિલ ઉમદા બન્યા વિના પ્રભુની ઓળખ પણ ન થાય; તો આરાધના થવાની વાતે ય શી ?**

પ્રભુનાં દર્શન રોજ કરો છો ને ? છેવટે પ્રભુનું નામ પણ લો છો ને ? એ ય આરાધના છે, એ માટે પહેલાં દિલ ઉમદા જોઈએ. 'ઉમદા' એટલે દિલને લાગે કે 'અહો ! પ્રભુ કેવા મહાન !' શાથી મહાન ? આપણને સુખ ચાટવા આપ્યું માટે નહિ; એ સ્વારથિયા ક્ષુદ્ર માણસો ય ચાટવાનું આપનારને મહાન માને.

**પ્રભુ મહાન શાથી ?**

કહો, (૧) અપરાધીને ય એનો અપરાધ ભૂલી કરુણાથી નવરાવ્યો માટે;

(૨) સુકોમળ શરીરે કઠોર સહન કર્યું માટે;

(૩) ભરપૂર મેવા–પક્વાન્ન મળી શકે છતાં ઘોર તપ અને ઉગ્ર ત્યાગ કર્યા માટે;

(૪) અતુલ બળ છતાં જબરદસ્ત ક્ષમા–સમતા–નમ્રતા રાખી માટે;

(૫) દેવતાઇ સુખ–સગવડને ય પડતી મૂકી મહાસંયમના માર્ગ આદર્યા માટે.....

પ્રભુની મહાનતા જોવી છે? હૈયે અડાડવી છે? દિલ ઉમદા બનાવવાથી જ આ થઇ શકે છે. પ્રભુની મહાનતાની ઓળખ થાય તો જ એક દર્શન કે સ્મરણ જેટલી પણ આરાધના સાચી થાય. એના પર જ જીવનનાં ઊંચા ફળ મળે.

અહીં ઠીક ઠીક સુખ–સગવડ–સન્માન શાના દેખવા પામ્યા છો? રૂપાળા અને હોશિયાર તો તમારા કરતાં બીજા ઘણા ય છે. કેમ એ બધા ય ને તમારા જેવા સુખ સન્માન નથી મળતાં? કહો, પૂર્વ જીવનમાં તમોએ દિલ કાંઈક ઉમદા બનાવેલ અને સારી આરાધના કરેલ, એનાં પુણ્યથી તમને અહીં મળ્યું, ને મળે છે; ત્યારે બીજાને એના અભાવે નથી મળતાં.

**પ્રભુની આરાધનાની જેમ ધર્મની આરાધના પણ સાચી સાત્ત્વિક કરવી હોય તો ઉમદા દિલ પર જ થાય.**

<u>સ્વાર્થાંધતા, એકાન્ત વિષયરસ, કે કષાયના આવેશમાં તો દિલ ક્ષુદ્ર તુચ્છ જ રહે, ઉમદા નહિ.</u> એ ઓછા કરવા નથી ને ધર્મક્રિયા મોટી કરવી છે, તો એમાં સાચી સાત્ત્વિક ધર્મારાધના નહિ થાય. એ તો એ તામસ ભાવોને દબાવીએ, હટા-

વીએ, ઓછા કરીએ તો જ સાત્ત્વિક આરાધનાને જગા મળે, અને એનો શુદ્ધ આનંદ જોવા પામીએ.

ધર્મની આરાધના તો કરીએ છીએ, પરંતુ એનો હૃદયના તાર ઝણઝણાવે એવો આનંદ આલ્હાદ ક્યાં અનુભવાય છે? આનંદ કદાચ અનુભવમાં આવતો હશે, તો તે ધર્મ કરતાં કોઈ સારી સગવડ મળ્યાનો, યા સારું માન-પાનાદિ ફળ મળ્યાનો આનંદ. પરંતુ ધર્મ આરાધવા મળ્યાનો શુદ્ધ આનંદ ક્યાં છે? કેમ નથી? કહો, સાત્ત્વિક આરાધના નથી થતી માટે; તામસભાવો કાઢી દિલ ઉમદા બનાવીને કરાતી નથી તેથી આરાધનાનો આનંદ અનુભવાતો નથી.

**તામસભાવો હટાવી, ધર્મસાધનાનો શુદ્ધ આનંદ અનુભવાય, તો મજાલ છે કે મનમાં વિષયોના આંધળા આનંદ ઊઠી શકે?**

વીતરાગ પરમાત્માના દર્શનમાં એવા અદ્‌ભૂત હૃદયસ્પર્શી આનંદનો અનુભવ કર્યો પછી દુન્યવી રૂપરંગના હૃદયસ્પર્શી આનંદ આવી શકે?

થોડા પણ ત્યાગની આરાધનાનો આલ્હાદ અનુભવ્યા પછી બાકીના ભોગમાં આંધળા આલ્હાદનો અનુભવ થઈ શકે?

તપ એટલે ખાવાનું છોડયું તે. એનો શુદ્ધ આનંદ અનુભવ્યો, એટલે પછી ખાવાના ભરચક આનંદમાં મન મસ્ત ન બની શકે.

*વાત આ છે,–પ્રભુની આરાધના કરવી છે, ધર્મની આરાધના કરવી છે,* આરાધનાનો જ હૃદયસ્પર્શી આનંદ અનુભવવો

છે, તો એ દિલને સાત્ત્વિક બનાવવાથી થાય, દિલમાંથી સ્વાર્થાંધતા, આંધળા વિષયરસ, કષાયના આવેશ,....વગેરે તામસી ભાવોને દબાવવાથી અને દિલ ઉમદા બનાવવાથી થાય.

કનકરથ રાજકુમારનું દિલ ઉમદા છે, એટલે નવી પત્ની રુકિમણીનું ભયંકર દુશ્ચરિત્ર ખબર પડ્યા પછી એના બાપને પણ કહેતો નથી. દિલમાં એના પાપે ઋષિદત્તાનો ઘાત થયો સમજી દુખિત થઈને હવે ચિતામાં બળી મરવા તૈયાર થઈ ગયો છે. એને રોકવા એનો પરિવાર પણ સમર્થ નથી, તેથી હવે પરિવાર અને લોકો ઋષિદત્તા–યોગિરાજને કહે છે કે, 'તમે કુમારને સમજાવો કે જેથી એ આમ અકાળે મૃત્યુને ન ભેટે.

● ● ●

## ૧૪. યોગિરાજ કનકરથને સમજાવે છે

હવે ઋષિદત્તા–યોગિરાજ આગળ આવીને કનકરથને કહે છે; "કુમાર! શું એક મનોહર પત્નીની પાછળ મરવું ઉચિત છે? તમે તો એક પૃથ્વીના સ્વામી છો, જ્યારે તમારી અવસાન પામેલી ઋષિદત્તા તો એક સ્ત્રીમાણસ કહેવાય. એની ખાતર શું તમારા જેવા પૃથ્વીપતિ મરે? એના પર તમને ગમે તેટલો પ્રેમ હોય, પરંતુ તમે કયાં એની એકલીના માલિક છો? તમે તો આખી પ્રજાના માલિક; એટલે તમારે તો એકલી એની સામે નહિ, પણ આખી પ્રજાની સામે જોવું જોઈએ.

"બીજી પણ વાત એ છે કે તમે મને અહીં સાથે લઈ આવ્યા ત્યારે વચન આપીને લાવ્યા છો કે 'પાછા વળતાં હું

તમને અહીં આશ્રમે પહોંચાડી દઈશ.' તો એ વચનનું પાલન કર્યા વિના જ શું અહીં મને અસ્થાને મૂકી પરલોક ચાલ્યા જવું છે ?"

કુમાર કહે છે, 'માફ કરો, હું લાચાર બન્યો છું, ગુણિયલ પ્રિયાના વિરહનું દુ:ખ મારે એટલું અસહ્ય બની ગયું છે કે મારે તમને અહીં જ મૂકીને મરવું પડે છે. તમને મારા માણસો તમારા આશ્રમે પહોંચાડી દેશે. આટલી મારી ન્યૂનતાની ક્ષમા કરજો."

## જીવોની પરલોકગતિ ભિન્ન ભિન્ન

યોગિરાજ કહે, "એ તો ઠીક છે, કહેવાની વસ્તુ છે, બાકી તો હું એકલે પંડે ય જઈ શકું છું. એટલે એની ચિંતા કરશો નહિ. પરંતુ કુમાર! વાત એટલી છે કે તમે કદાચ પરલોકમાં પ્રિયાના પુનઃ સમાગમની ઇચ્છાથી મરવા તૈયાર થયા હશો, કિન્તુ શું તમે નથી જાણતા કે એ તમારો પ્રયત્ન ફોગટ છે? કારણ કે જીવોની પરલોકગતિ ભિન્ન ભિન્ન હોય છે. મરીને કોઇક ક્યાં જાય, ને બીજો વળી બીજે જ જાય. જીવોને પરલોકની ગતિ નક્કી કરાવી આપનારાં કર્મ નિરનિરાળાં હોય છે, અને એ કર્મ ઊભાં કરનાર કૃત્ય અને દિલના ભાવ જુદા જુદા હોય છે, પછી એકસરખી ગતિ ક્યાંથી થાય ? તમારી પત્ની એના પોતાનાં કૃત્ય અને ભાવોનાં કર્મ લઇને કોઈ ગતિમાં ચાલી ગઈ હોય, હવે તમારાં જીવનકૃત્ય અને ભાવ એનાથી જુદા, એટલે તમે જુદી જાતનાં કર્મ લઈને જાઓ, તે પેલીની ગતિમાં જ ક્યાંથી પહોંચી શકવાના ? તમે એને મળવા માટે મરો, પણ એ મળવાની નહિ.

તો પછી આમ તમારો મરવાનો પ્રયત્ન શું વ્યામોહ નથી? માટે કુમાર! મરીને તમે એને ભેગા થઈ શકવાની કલ્પના રાખો તે ખોટી છે. પછી ભેગા થવાનું તો હજીય તમે જીવતા હો, તો કદાચ થઈ શકે.

## જીવતો નર ભદ્રા પામે

**रुदता कुत एव सा पुनर्भ वता नानुमृतापि लभ्यते।**
**परलोकजुषां स्वकर्मभिर्गतयो भिन्नपथा हि देहिनाम् ॥**

પત્નીની પાછળ ગમે તેટલું રોઈને તમે મરો છતાં પણ તમને એ ક્યાંથી મળવાની? કેમકે જીવોને પોતપોતાના કર્મે ઊભી થતી પરલોક ગતિના માર્ગ ભિન્ન ભિન્ન હોય છે. એટલે તમારે મર્યા પછી તો સમાગમની કલ્પના જ ન રાખવી. હજી ય જીવતો નર ભદ્રા પામે એ ન્યાયે જીવતા રહ્યે ક્યાંકથી ય એનો સમાગમ મળવા સંભવ રહે. તે સંભાવના તમારે આમ મરીને ખત્મ કરવી છે?"

કુમાર આ સમાગમના સંભવનું સાંભળીને ચોંકે છે, કહે છે, 'હેં? શું મને અહીં જીવતા રહ્યે એ પ્રિય વલ્લભા ફરીથી મળી આવે? યોગિરાજ! તમે મને આમ કહીને શું આશાના દોરે લટકાવી રહ્યા છો? એ તો રાજીમતી ને નેમનાથ ભાગ્યશાળી કે પૂર્વ ભવોમાં જીવતા ય સાથે રહ્યા અને મર્યા પછી ય સાથે થયા. બાકી તો મરી ચુકેલા જીવો શું આવીને પાછા અહીં ભેગા થાય? એમ મરી ચુકેલી મારી એ પ્રિયા અહીં મને પાછી આવીને જીવતા રહ્યે શાની આવીને મળે? મારાં એવાં ભાગ્ય ક્યાં છે?'

યોગિરાજ કહે છે, 'હે મહામતિ! એમ ખેદ કરશો નહિ. તમારું જીવતા અગ્નિસ્નાન કરવાનું આટલું બધું સત્ત્વ છે તો એ મરી ગઈ મનાયેલી પણ કેમ સજીવન નહિ થાય? મહાસત્ત્વથી શું નથી બની આવતું?'

કુમારને આ શબ્દો પર શંકા પડે છે કે ત્યારે તો ખરેખર ઋષિદત્તા મરી ન હોય, અને આમણે કયાંક એને જોઈ હોય! નહિતર આ ફરીથી મળવાનો યોગ કેમ સૂચવે?

યોગિરાજને એ નમસ્કાર કરીને કહે છે, 'તો તો ભગવન્! જો એમજ હોય તો એનો અર્થ એમ લાગે છે કે ઋષિદત્તા ખરેખર મરી નથી, ને આપે કયાંક એને જોઇ છે, અગર સાંભળી છે. માટે મહેરબાની કરો, તમે જ્યાં કયાંક એને જીવતી જોયેલી કે સાંભળેલી હોય ત્યાંથી સત્વર પ્રગટ કરો. આટલી મારા પર કૃપા કરો, જીવનભર હું તમારો ઉપકાર નહિ ભૂલું. પ્રકાશો એ હાલ કયાં છે?'

ઋષિદત્તાએ કુમારને સહજભાવની એવી ઇંતેજારી સુધી લાવી મૂકયો છે કે હવે એ પોતાનો પત્તો આપે તો કુમારના દિલમાં બરાબર બેસી જાય.

**ઇંતેજારી ચીજ એવી છે કે એના પર સાંભળવા મળે એ ગળે ઊતરી જાય.**

### તત્ત્વબોધનો પાયો તત્ત્વજિજ્ઞાસા :-

ધર્મની અને તત્ત્વની બાબતમાં માટે જ જ્ઞાનીઓએ ઇંતેજારીને અર્થાત્ જિજ્ઞાસા અને શુશ્રુષાને મહાન પાયાના ગુણ કહ્યા છે. આઠ યોગદૃષ્ટિમાં પાંચમી દૃષ્ટિએ તત્ત્વબોધ મળે

છે પણ એ મળવા પૂર્વે બીજી અને ત્રીજી દૃષ્ટિમાં તત્ત્વજિજ્ઞાસા અને તત્ત્વશુશ્રૂષા એટલે કે તત્ત્વ સાંભળવાની તાલાવેલી આવશ્યક બતાવી. એના પર જ જે તત્ત્વશ્રવણ થાય એ જ ચોથી યોગદૃષ્ટિમાં ચડાવી આગળ તત્ત્વબોધ–તત્ત્વમીમાંસા વગેરે ઉપરની યોગદૃષ્ટિનાં સોપાને ચડાવી શકે.

અષ્ટાપદજી ઉપર તપ તપતા ૧૫૦૩ તાપસને ગુરુ ગૌતમ સ્વામી મળવા પર આ તત્ત્વજિજ્ઞાસા અને તત્ત્વશુશ્રૂષા અજબ પ્રગટેલી, તો જ ગુરુ પાસેથી થોડાંક જ તત્ત્વનું શ્રવણ મળતાં એના બોધને એવો વિકસાવ્યો કે ઠેઠ આઠમી યોગદૃષ્ટિ સુધી એ તરતમાં જ ચડી ગયા.

તત્ત્વ જાણવા સાંભળવાની શુદ્ધ ઈંતેજારી યાને જિજ્ઞાસા–શુશ્રુષાની બલિહારી છે. નહિતર કયાં એ તાપસોની અજ્ઞાન મિથ્યાત્વમગ્ન દશા ? અને કયાં તરતમાં જ એમની વીતરાગ સર્વજ્ઞ અવસ્થા ? બેનો કોઈ મેળ ખાય એમ નથી. આપણાં જ જીવનમાં જોઈએ તો આપણી જાતને સમ્યગ્દર્શન સમજાવનાર જિનશાસન પામેલી માનીએ છીએ છતાં જાતમાં વીતરાગતાના ક્રોડો કિરણોમાંનું એક કિરણ પણ સ્ફુરવાનું કયાં દેખાય છે? ત્યારે ૧૫૦૩ તાપસોને મિથ્યા દર્શનમાંથી બહાર નીકળી જૈન દર્શનમાં આવતાં તરતમાં જ વીતરાગના ક્રોડો કિરણો ઝગમગી ઊઠ્યા, એ કેટલું મોટું આશ્ચર્ય ! પરંતુ આ પ્રભાવ જૈનદર્શનની ગુરુ મળવા પર સ્ફુરી ઊઠેલી તત્વજિજ્ઞાસા અને તત્ત્વશુશ્રુષાનો હતો, તત્ત્વની ઈંતેજારીનો હતો.

વિચારો, શું આપણને ગુરુ નથી મળ્યા ? તો આપણને આવી તત્ત્વની જાણવાની ઈંતેજારી છે ? કે એના બદલે દુનિ-

યાભરનું આડુંઅવળું જાણવા સાંભળવાની જ તાલાવેલી છે? શું સવારે ઊઠીને તત્ત્વ જાણવાની ઈંતેજારીથી ધર્મ-પુસ્તક વાંચો? કે દુનિયાભરનું આડુંઅવળું જાણવાની ઈંતેજારીથી છાપાં વાંચો? શું વિચાર નથી આવતો કે આવા ઉત્તમ ભવમાં અને ઉત્તમ હૃદયે આ ગટર-કલાસ ઈંતેજારીઓ રાખ્યા કરવાની? ઉત્તમ બુદ્ધિ-શક્તિએ જ કચરાકલાસ સાંભળવાનું સમજવાનું-ચિંતવવાનું?

**દુનિયાના વિષસમા ઈંદ્રિય-વિષયોની જિજ્ઞાસા તો અનાર્ય માનવના દિલમાં વસે? કે આર્ય માનવ-હૃદયમાં?**

**વિષયોની ઈંતેજારીમાં તત્ત્વની ઈંતેજારી ન આવે.**

ભૂલેચૂકે જો અનાર્ય મ્લેચ્છ તરીકે જન્મી ગયા હોત, તો તો દિલમાં એવી મારક જિજ્ઞાસાઓ રાખવાનું-મહલાવવાનું લમણે લખાયું હોત. ત્યારે અહીં ઉત્તમ આર્યકુળે જન્મ પામ્યા પર કોઈ ફરક નહિ? આર્યહૃદય મળી જવા પર કશો ફરક નહિ?

ભૂલશો નહિ, દિલમાં એવી વિષયોની ગલીચ ઈંતેજારીઓ રાખ્યા કરી તો તત્ત્વની ઈંતેજારી નહિ જાગે. સવારના ઊઠીને છાપું જોવાની તાલાવેલીવાળાને એ કયાં સૂઝે છે કે 'લાવ, આના બદલે ઉપદેશમાળા, તત્ત્વાર્થસૂત્ર, કે એવું કાંઈક વાંચું તો ઝેરના બદલે તત્ત્વબોધનાં અમૃતપાન મળે? અરે પ્રભાતે તીર્થંકર ભગવાન વગેરે મહાપુરુષનું ચરિત્ર લઈને વાંચવા બેસું તો દિવસના ઉત્તમ સત્કૃત્ય આચરવાની અને સદ્ગુણો કેળવવાની ભવ્ય પ્રેરણા મળે,' આવો વિચાર જ કયાં છે? કેમ નહિ? કહો, અતત્ત્વ જાણવા-વાંચવાની જ ભારે ઈંતેજારી છે માટે; પ્રભાતે મદિરાપાન-તુલ્ય છાપાવાંચન અને ચ્હાપાણીની તાલા-

વેલી મૂકયા વિના સમ્યગ્જ્ઞાનરૂપી અમૃતપાનની તાલાવેલી ક્યાંથી જાગે ?

● ● ●

## ૧૫. પંડિત યોગીનો ખુલાસો

### યોગિવચન પર રાજાને બેચેની

પેલા રાજાને તત્ત્વ સમજવાની તાલાવેલી હતી, તો તત્ત્વ દેનાર એ પંડિત યોગીરાજનો પત્તો મેળવવા ઢંઢેરો પીટાવ્યો. પંડિતની પત્નીએ જઈને ત્રણ દિવસ બાદ યોગિરાજનાં દર્શન કરાવવા કહ્યું ત્યારે એને આનંદનો અવધિ ન રહ્યો. અને હવે ત્રણ દિવસ એક જ લગન રહી કે 'અહો ! કયારે યોગિરાજ ભેટે ? અને હું એમની પાસેથી 'જાગને કે ભવમેં સોના નહીં' નું તત્ત્વ સમજું !' આ લગની એટલી જોરદાર કે બીજી વાતમાં હવે ચેન નથી, મનમાં બીજું કાંઈ જ આવતું નથી, ને ત્રણ દિવસ મુશીબતે પસાર કરે છે.

ત્રણ દિવસ બાદ રાજા પંડિતના ઘરે આવ્યો. અહીં પંડિતે પણ પૂર્વના જેવો યોગિરાજનો સ્વાંગ સજી લીધો હતો. અંદરના ઓરડામાં પેસતાં જ રાજાને યોગિરાજનાં દર્શન થયાં, હૈયું નાચી ઊઠ્યું. યોગિરાજનાં ચરણે મસ્તક નમાવી વંદના કરે છે, ને માથું ઊંચકી આંખમાં ઝળજળિયાં સાથે યોગિરાજની સામે એકી ટસે જોઈ રહે છે. પછી ગદ્દગદ અવાજે કહે છે,–

'ભગવન્ ! અહોભાગ્ય મારાં કે આપનાં ફરી દર્શન પામ્યો! આપે દર્શન આપી સેવક ઉપર કેટલો બધો અથાગ ઉપકાર કર્યો!' આ અસાર સંસારમાં આપ સરખા યોગિરાજનો યોગ ક્યાં મળે? આપે પૂર્વે કહેલ અણમોલ વચન હજી યાદ આવે છે,–'જાગને કે ભવમેં સોના નહી'' કેટલું બધું રહસ્ય અને ભાવભર્યું વચન! કૃપા કરી મને એનું રહસ્ય આપ ન સમજાવો?'

**'જાગને કે ભવમેં સોના નહીં' નું રહસ્ય :–**

યોગિરાજ બનેલ પંડિત કહે છે,–

દેખો મહાનુભાવ! અપની આત્મા ઈસ સંસાર મેં અનંત અનંત કાલ સે વિષયોં કી લગન મેં સોઇ હુઈ હૈ, યહ એક નિદ્રા હૈ, ક્યોંકિ ઇસમેં જીવ અપના ભાન ખો દેતા હૈ અપના સ્વરૂપ રાગ–દ્વેષાદિ વિકારોં સે મુક્ત શુદ્ધ નિર્વિકાર હૈ, સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ. કિન્તુ જીવ બાહ્ય ઇન્દ્રિયો કે જડ વિષયોં કી લગનમેં રાગ–દ્વેષાદિ વિકારોં કો જાન બુઝ કર અપનાતા હૈ. વહાં અપને સ્વરૂપ કા ભાન કહાં રહા? માયા કી લગન મેં સ્વકીય સ્વરૂપ કા ભાન નહીં ઇસકા અર્થ અપના હી ભાન નહીં રહા, ઔર યહ નિદ્રા હી હૈ.

અબ ઈસ દેવદુર્લભ માનવભવ મેં મહર્ષિયોં કે તત્ત્વજ્ઞાન સે ઈસ માયા કા વ આત્મસ્વરૂપ કા પતા ચલા; તબ યહ સુવર્ણ અવસર હૈ કિ હમ વિનશ્વર જડ માયા કા મોહ છોડ દે; વિષયોં મેં વિવશ ન હો, ઈનકે વશ ન હો રાગ–દ્વેષાદિ વિકારોં કો અપનાના કમ કર દેં. યહ કરના યહી નિદ્રામેં સે જાગના હૈ જાગૃતિ હૈ. ક્યોં કિ રાગદ્વેષ કે વિકારોં મેં જીવ

દુઃખિત હોતા હૈ, જડ વિષય નાશવંત હૈ, પરિવર્તન શીલ હૈ ઇસલિયે અબ ઈષ્ટ માના ગયા વિષય કાલાન્તર મેં અનિષ્ટ યહ ઈષ્ટ બન જાતા હૈ ઈસ પ્રકાર રાગ–દ્વેષ સે અભી સુખ અભી દુઃખ માનતા હૈ. યહ કોઈ સચ્ચા સુખ નહીં અગર વિષયોં કી લગન છોડે, રાગ–દ્વેષ વશ ન હો, તો આત્મા કે સચ્ચે અનંત આનંદ કે પ્રતિ આગેકૂચ કર સકતા હૈ; ઔર અંત મેં એક દિન અપના સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટ હો જાતા હૈ. યહ કરને કે લિએ યહ માનવભવ ઉત્તમ હૈ.

બસ, ઈસીલિયે કહા ગયા કિ જાગને કે ભવમેં સોના નહીં ઈસકા યહ રહસ્ય હૈ. અબ જાઈએ; ઈતના કાફી હૈ. ઈસ પર સોચતે રહિયે વ અપની આત્મા કો જાગ્રત કરતે ચલિએ.”

### રાજાને ભારે અસર : તત્ત્વજ્ઞાનની કિંમત :–

યોગિરાજે જે આ સંભળાવ્યું એ સાંભળવામાં રાજા એકદમ લીન થઇ ગયેલો, તે એ ઇંતેજારીમાં રાજા એમાં અવનવો પ્રકાશ પામે છે, ને જાણે ‘યોગી બોલ્યા જ કરે અને હું સાંભળ્યા જ કરું,’ એમ એને લાગે છે. પણ હવે યોગિરાજે વક્તવ્ય પૂર્ણ કરતાં આટલો મોટો પ્રકાશ મળવા પર એ ખૂબ ચિંતનીય હોઈ, અર્થાત્ એના પર ખૂબ વિચાર–મંથન કરવા જેવું હોઇ હવે વધુ બોલી શકતો નથી. યોગીનો ખૂબ આભાર માની બહાર નીકળે છે. બહાર નીકળતાં પંડિતાણીનો પણ ભારે ઉપકાર માને છે, અને એને દસ હજાર સોનૈયા અપાવવા ઉપરાંત કાયમી મોટું વર્ષાસન બાંધી આપે છે!

તમને આમાં નવાઈ લાગશે કે ‘આટલું તત્ત્વજ્ઞાન મળ-

વામાં આટલું બધું ઈનામ ?' પરંતુ તત્ત્વજ્ઞાનની જેને ભારે ઈંતેજારી હોય,–એટલી બધી કે મોટું હીરા–માણેકનું નિધાન જે કિંમતી ન લાગતું હોય, એવું તત્ત્વજ્ઞાન કિંમતી લાગતું હોય, તેથી જ મોટા નિધાન કરતાં આ કિંમતી તત્ત્વજ્ઞાન મેળવવાની ભારે લગની હોય, ઈંતેજારી હોય,–એ એવું મળવા પર દસ હજાર સોનૈયા ફેંકી દે અને કાયમી વર્ષાસન બાંધી આપે, એની એને પોતાને વિસાત ન લાગે. ઇન્દ્રભૂતિ ગૌતમે એમાં સંસાર ફેંકી દઈ પ્રભુચરણ સ્વીકાર્યા.

મુખ્ય વાત આ છે કે તત્ત્વજ્ઞાનનું ઊંચું મૂલ્ય સમજાવું જોઈએ, અને એ મેળવવાની ભારે ઇંતેજારી રહેવી જોઈએ. પણ,

● ● ●

## ૧૬. સમ્યક્ત્વની નિશાની:તત્ત્વજ્ઞાનની ઈંતેજારી

### ધન અને વિષયોના લાલચુનો મરો છે.

તત્ત્વજ્ઞાન કરતાં તુચ્છ ધન અને વિષયસુખને કિંમતી માનનારને આવી તત્ત્વજ્ઞાનની ઇંતેજારી ય શાની થાય ? અને તત્ત્વજ્ઞાન મળવા પર બદલામાં એ પમાડનારને હજારો લાખો રૂપિયા દેવાની વાત કલ્પનામાં ય શે ઊતરે ? બોલો, રોજ તત્ત્વજ્ઞાન લઈ જાઓ છો; એ તત્ત્વજ્ઞાન અપાવનાર જિનશાસન છે, તો જેમ પેલા રાજાને તત્ત્વજ્ઞાન અપાવનાર પંડિતાણીને હજારો દેવાનું મન થયું, એમ તમને રોજ મળતા નવા નવા તત્ત્વજ્ઞાનને દેવરાવનાર જિનશાસનને હંમેશા કાંઈ ને કાંઈ દેવાનું મન થાય છે ?

## પૈસા ક્યાં દેખાય?

ના, 'તત્ત્વજ્ઞાન મળવામાં વળી પૈસા શાના દેવાના?' એમ જ લાગે છે ને? કારણ? 'પૈસા કિંમતી છે એ કાંઈ એમ ફેંકી દેવાના ન હોય. હા, બદલામાં એવી અગર વધુ કિંમતની ચીજ મળતી હોય, તો એના માટે પૈસા અપાય,' આ જ તમારા મનનું ધોરણ ને? કીલો દૂધ લઈ આવો તો રૂપિયો બે રૂપિયા દેવાના હોય; કીલો ઘી લાવો તો દસ–પંદર રૂપિયા દેવાના હોય, ઘરવાળા માટે સારી સાડી લઈ આવો તો બસો–પાંચસો દેવા જોઈએ; દાગીનો લાવો તો બે–પાંચ હજાર દેવાના હોય, પણ મહાકિંમતી તત્ત્વજ્ઞાન લાવો એમાં વળી દેવાનું હોતું હશે? કેમ નહિ દેવાનું? કારણ, 'પેલી બધી ય વસ્તુ કિંમતી તે એના માટે પૈસા ફેંકી દેવાય, પણ તત્ત્વજ્ઞાન ક્યાં કિંમતી છે તે એ મળવા પર પૈસા દેવાના હોય?' મનનું તમારે આ જ ધોરણ છે ને?

અરે! પૈસા ન છૂટે, પણ મનને એટલું ય લાગે કે 'તત્ત્વજ્ઞાન તો એટલું બધું કિંમતી છે કે એ મળવા પર સર્વસ્વ દઈ દઈએ તો ય ઓછું છે; હું કશું નથી દેતો એ 'મારી હીનભાગી દશા છે,'–આમ લાચારી અનુભવાય, તો ય તત્ત્વજ્ઞાનને કિંમતી માન્યું ગણાય. શું એ વિચાર ન આવે કે 'સીધો હિસાબ છે કે

**જગતની થોડી પણ કિંમતી માનેલી વસ્તુ સામે પૈસા ઓછા કિંમતી છે, તેથી એ વસ્તુ લેવા પાછળ પ્યારા પણ પૈસા દેવા જોઈએ છે, તો શું તત્ત્વજ્ઞાન, કે શું પ્રભુદર્શન વગેરે, એ મળવા પાછળ કશું દેવું ન જોઈએ?**

બસ, તત્ત્વજ્ઞાન એવું કિંમતી ન લાગે, પછી એ મેળવવાની

ઈંતેજારી શાની હોય ? અને ઈંતેજારી વિના સાંભળેલું હૈયાંને શાનું હચમચાવે ? કહેતા નહિ, કે,

પ્ર૦–અહીં અમે સાંભળવા આવીએ છીએ તે ઇંતેજારી વિના આવતા હોઈશું ?

ઉ૦–જો તત્ત્વબોધ પામવાની ઇંતેજારીથી અહીં સાંભળવા આવતા હો, તો અંતરાત્માને પૂછી જોજો કે સાંભળવા પર હૈયું હચમચી ઊઠે છે ? જીવને એ પાણી પાણી કરી દે છે ? પેલો રાજા ઈંતેજારીથી સાંભળવા આવેલો, તો સાંભળતાં સાંભળતાં એનું હૈયું વલોવાઈ જતું હતું; અને સાંભળીને ગયા પછી તો એના એવા ઊંડા ચિંતનમાં પડી ગયો કે સંસારની માયા એને હવે બેકાર ફિક્કી, અને ભારરૂપ, મહા–બંધનરૂપ તથા ભયંકર દુઃખદ લાગવા માંડી !

**"હાય આ બેકારને બંધનરૂપ માયા પાછળ રાગ–દ્વેષાદિ ખરાબીઓમાં પડી જાતની પાયમાલી નોતરવાની? કેવી ગોઝારી માયા ?"**

એમ એને લાગવા માંડ્યું. તમને એવું લાગે છે ને ? ના, કેમ નહિ ? કહો, સાંભળવા તો આવો છો, પણ એ રાજાના જેવી તત્ત્વબોધ મેળવવાની ઇંતેજારીથી અહીં સાંભળવા આવતા નથી. રાજાને તત્ત્વની ઇંતેજારીમાં પંડિતાણીનું આશ્વાસન મળ્યા પછી તત્ત્વબોધ મળશે એવી આશા પર ત્રણ દિવસ કાઢવા પડ્યા એમાં એને ચેન નહોતું પડતું.

રાજાશાહી સુખમાં ચેન નહિ એ તત્ત્વબોધની કેવી ઇંતેજારી ?

**સમ્યક્ત્વનું લિંગ તત્ત્વશુશ્રૂષા :–**

આ ઈંતેજારી યાને તત્ત્વશુશ્રૂષાને, તત્ત્વ સાંભળવાની ઇચ્છાને મામુલી સમજતા નહિ. સમ્યગ્દર્શનનું એ લિંગ છે, અને એ પણ પ્રબળ કોટિની હોવી જોઇએ. કહ્યુંને સમ્યકત્વના ૬૭ વ્યવહારની ઢાળમાં, કે

'તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિ ઘણે રે ધર્મ સુણ્યાની પ્રીત રે,
પ્રાણી ! ધરીએ સમકિત રંગ "

શું કહ્યું ? હે ભવ્યાત્મન્ સમ્યક્ત્વનો રંગ ધારણ કર, હૃદયને સમ્યક્ત્વ–સમ્યગ્દર્શનના રંગથી રંગી દે; રંગ કેવો ? જેમાં ધર્મ સાંભળવાની રીત ભારે પ્રીતિવાળી હોય. પ્રીતિ કેવી ભારે ? તો કે યુવાન ઉંમરનો ને સર્વ વાતે સુખી માણસ મનગમતી સ્ત્રીથી પરિવરેલો સ્વસ્થતાથી બેઠો હોય અને ગંધર્વના ગીત સાંભળવા મળ્યા હોય તો એ સાંભળવામાં એને કેટલો બધો રસ–રાગ–પ્રીત હોય ? એના કરતાં અતિ ઘણો રસ–રાગ–પ્રીત સમકિતીને ધર્મ સાંભળવામાં હોય. **ધર્મ આટલા ઉત્કટ અનન્ય રસથી સાંભળવાની પદ્ધતિ એ સમ્યક્ત્વનું લિંગ છે ચિહ્ન છે.**

લિંગ–ચિહ્ન સમજો ને ? સમ્યક્ત્વ હોય તો જિનેશ્વર ભગવાનનો ધર્મ સાંભળવાની આવી પ્રીતભરી રીત હોવી જ જોઈએ. એવી રીત ન હોય તો અંદરમાં સમ્યક્ત્વ હશે કે કેમ એ વિચારણીય બને. પોતાનું દિલ તપાસવાની જરૂર છે. ધર્મ સાંભળવામાં આવો અતિ ઘણો રસ રહે છે ? જો ના, તો સમક્તિના ફાંફાં સમજવા પડે. સમ્યક્ત્વ હોય એણે તો સંસારને

અસાર અને પાપને ગોઝારા દેખ્યા છે, ધર્મને મહાસારભૂત તારણહાર સમજી રાખ્યો છે; પછી શું એ ધર્મ સાંભળવામાં એટલો ઉત્કટ રસ ન હોય? અને પાપનું-મોહનું વિષયોનું સુણવામાં ભારે રસ આવે?

**એવો જો પાપશ્રવણનો રસ હોય અને ધર્મશ્રવણમાં રસ નહિ, તો ધર્મ શો ગમ્યો? ધર્મ પર રાગ કેવો?**

**સમ્યક્ત્વ તો દેવ-ગુરુ-ધર્મનો જ રાગ-રસ અને વિષયોનો વૈરાગ્ય માગે છે.**

**સમકિતીને દેવ-ગુરુ-ધર્મ સરસ-રસદાર લાગે અને વિષયો નીરસ લાગે.**

આવા સરસ લાગેલા દેવ-ગુરુ-ધર્મનું સાંભળવામાં રસ ન આવે એ બનવા જોગ નથી. શરીરમાં સુસ્તી બેચેની રહ્યા કરતી હોય તો આરોગ્યના વાંધા અને કોઈ રોગની પીડા સમજવી પડે; એમ દેવ-ગુરુ-ધર્મનું સાંભળવામાં સુસ્તી નીરસતા રહેતી હોય, રસ ન આવતો હોય તો સમ્યક્ત્વરૂપી આરોગ્યના વાંધા સમજવા પડે, મિથ્યાત્વનો રોગ પીડતો-પ્રવર્તતો સમજી લેવો પડે.

શરીરમાં સુસ્તી કે સ્ફુર્તિ એ રોગ કે આરોગ્યનું માપક યંત્ર બેરોમીટર છે; એમ ધર્મ સાંભળવામાં નીરસતા કે ભારે રસ એ મિથ્યાત્વ યા સમ્યક્ત્વનું માપક યંત્ર છે.

**બસ, સમ્યક્ત્વ એટલે દેવ ગુરુ-ધર્મનો અનન્ય રસ. એ હોય પછી એમના અંગેનું સાંભળવામાં અતિ ઉત્કટ રસ આવે.**

એ ન આવતો હોય અને મોહનું-સંસારનું-વિષયોનું સાંભળવામાં ભારે મજા રહેતી હોય, તો સમજવું પડે કે જીવને

દેવ-ગુરુ-ધર્મમાં એવો રસ નથી. 'ધર્મ સાંભળવામાં અતિ ઘણો રસ,'-એ સમ્યક્ત્વનું લિંગ છે. એવો રસ હોય ત્યાં ધર્મ સાંભવાની તત્ત્વ સાંભળવાની ભારે ઈંતેજારી તાલાવેલી રહેતી હોય.

ધર્મ-તત્ત્વ પામવાની ઈંતેજારીથી ધર્મ સાંભળવા આવે, સાંભળવા બેસે, તો સાંભળતાં સાંભળતાં રુંવાડા ખડા થાય, જીવ પામી જાય. પણ જેમ ઊંઘ લાવવા માટે નવકારવાળી ફેરવવા બેસે, એને નવકારવાળીમાં શો રસ? એમાં એક માત્ર સમય પસાર કરવા માટે અગર કથાવાર્તા કે યુક્તિ-દલીલ યા અલક મલકનું અવનવું જાણવા માટે ધર્મ સાંભળવા બેસતો હોય, એને ધર્મ સાથે હૈયું મિલાવવાનો શો રસ હોય?

### અકબરની ઈન્તેજારી

શુદ્ધ ધર્મ સાંભળવાની ઈંતેજારી એ મોટી ચીજ છે. મુસલમાન બાદશાહ અકબરને એ ઈંતેજારી જાગેલી, અને જગદ્‌ગુરુ હીરસૂરિજી મહારાજને દિલ્હી તેડી એમની પાસે એ ઈંતેજારીથી ધર્મ સાંભળતો, તો દયાધર્મ પામી ગયો; એણે હૃદયનું પરિવર્તન કરી નાખ્યું, આત્મામાં જડ ઘાલી બેઠેલી ક્રૂરતા-નિર્દય-ઘાતકીપણાને ફગાવી દીધી; અને એ સક્રિય દયામાં ઊતરી પડયો.

પેલા રાજાને એવી તત્ત્વની ઈંતેજારી જાગેલી એટલે એણે યોગિરાજ પાસે, 'જાગને કે ભવ મેં સોના નહીં'નું રહસ્ય ખૂબ રસથી સાંભળ્યું, ગદ્‌ગદ થઈ ગયો, અને એનું હૃદય પરિવર્તન પામી ગયું. એણે ઘરે જઈને એ રહસ્ય જીવનમાં ઉતાર્યું. તમે ય રોજ ધર્મનાં તત્ત્વનાં વ્યાખ્યાન સાંભળો છો; તપાસજો

એ સાંભળીને હૃદય પરિવર્તન પામી જાય છે ને ? જુની જડસુસ માન્યતાઓ ને કલ્પનાઓ પડતી મૂકાય છે ? આત્મામાં જડ ઘાલી બેઠેલા વિષયરસ ગુસ્સાના ને રોફના સ્વભાવ, પૈસાની મમતા, વગેરે હવે ડોલવા લાગે છે ? એ ઓછા થઈ જાય એવું હૃદય-પરિવર્તન થાય છે ખરું ? ઘરે જઈને એ સાંભળેલું સક્રિય અમલમાં ઉતારો ખરા ? જો ના, તો મૂળ પાયામાં ધર્મની એવી ઇંતેજારીના વાંધા સમજવા પડે.

**ધર્મ સાંભળવા ને લેવાની લગન નહિ એ પાયાનો વાંધો છે. એટલે ધર્મ સાંભળ્યા પછી અસર નથી રહેતી.**

## લગન મોટી ચીજ

વિદ્યાનો અર્થી છોકરો મોટા પ્રોફેસરનું ભાષણ સાંભળે અને એમાંથી કશું લઇ ન જાય એ વાતમાં શો માલ છે ? ન લઈ જાય તો એ સાચો વિદ્યાર્થી નથી. એમ મોટા આચાર્યનું ધર્મ-વ્યાખ્યાન સાંભળીને એમાંથી કશો ધર્મ સાથે ન લઈ જાઓ, તો ધર્મના અર્થી શાના ? વાત આ છે કે પાયામાં ધર્મની ઇંતેજારી ઊભી કરો, લેવાની લગન ઊભી કરો.

પેલા કનકરથ રાજકુમારને ચિતામાં બળી મરતો અટકાવી લેવાની એના માણસોને લગન છે એટલે છેવટે ઋષિદત્તા યોગિ-રાજને વિનવે છે કે, 'આપ ગમે તેમ કરીને આમને બળી મરતાં અટકાવો.' ત્યારે હવે અવસર જાણીને એ પણ જુએ છે કે રાજકુમારને ઋષિદત્તાની લગન છે એટલે એને કહે છે,

"શું આમ બળી મરવાથી પરલોકમાં ઋષિદત્તા મળવાની ?

**કર્મને પનારે પડેલા જીવોના પરલોકના પંથ ન્યારા; કેમકે**

**એ પંથ કર્માધીન છે. ભિન્ન ભિન્ન કર્મે ભિન્ન ભિન્ન ગતિ.**

ભિન્ન પ્રકારના કર્મવાળો એક જીવ પરલોકમાં ક્યાંય ગયો, એની પાછળ એનાથી જુદા પ્રકારનાં કર્મ લઈને મરનારો બીજો જીવ એ પેલાને શાનો ભેગો થાય ? માટે મરીને ઋષિદત્તાને ભેગા થવાની આશા ફોગટ છે. હજી ય ભેગા થવાનું બને તો અહીં જીવતા રહીને બને. માટે જીવતા રહો, જીવતો નર ભદ્રા પામે."

કનકરથને ઋષિદત્તાની લગની છે, એટલે એને આ સાંભળવાનું મળતાં આશા બંધાય છે. વહેમ પડે છે કે, શું ત્યારે યોગિરાજના કહેવા હિસાબે ઋષિદત્તા ક્યાંક જીવતી તો ન હોય ?' એટલે તરત કહે છે,–

'તો તો ભગવન્ ! આપે ક્યાંક એને જોઈ–સાંભળી હોય તો તરત એને પ્રગટ કરો.'

યોગિરાજ કહે છે, 'કુમાર ! જ્ઞાનથી હું જાણું છું કે તમારી પ્રિયા અત્યારે જીવંત છે, અને તે દક્ષિણ દિશાના એક રાજાના નગરમાં છે. તમે જો આદેશ કરતા હો તો હું ત્યાં જઈને લઈ આવું.'

આ સાંભળતાં જ કુમારને આનંદનો પાર ન રહ્યો. એ તરત હાથ જોડીને કહે છે, "તો તો ભગવન્ ! આપનો મારા પર મોટો ઉપકાર થશે. જો આપે એને જ્ઞાનથી ત્યાં જોઇ છે, તો હવે એને અહીં લઇ આવવામાં આપે જરાય વિલંબ કરવો ઉચિત નથી. આપ જલ્દીથી જલ્દી એને લઇ આવવા કૃપા કરો."

## ૧૭. યોગિરાજનો ધડાકો

યોગી કહે, 'તો હે ભાગ્યવાન્! હું એ તમારી પ્રિયાની પાસે હું અગ્નિસ્નાન કરીને પહોંચી જઈશ; અને એને અહીં લાવીને હાજર કરીશ.'

આ સાંભળતાં જ રાજકુમારના હોશ ઊડી ગયા, ચોંકચો કે, વળી આ શું ? આ પોતે બળી મરવાનું કહે છે તો બળી મર્યા પછીની કોને ખબર શું બને ? મારી પ્રિયાને લાવવાની વાતમાં શું આવા મહાન ઉપકારી વિશ્વવત્સલ યોગિરાજને મારે ગુમાવવા ?' એ તરત કહે છે,

'ભગવન્! આપ આ શું બોલ્યા ? આપે જો અગ્નિમાં પડીને બળી જવાનું હોય તો તો મેં આપને પહેલેથી જ કહ્યું છે કે જે ગતિ આપની થશે તે મારી થાઓ. હું પણ આપની સાથે જ ચિતામાં; એટલે મારે આપની સાથે જ દક્ષિણના નગરમાં મારી પ્રિયાનો વહેલો યોગ પ્રાપ્ત થશે.'

ત્યારે યોગિરાજ કહે,-'જુઓ રાજકુમાર! તો પછી હું જે જે કહું તે તમે કરશો ?'

કુમાર કહે, 'હા, જરૂર, તમે જે જે કહો તે મારે કરવાનું જ; પરંતુ હવે તમે વિલંબ કેમ કરો છો ? ઋષિદત્તા જીવંત છે એમ આપના શબ્દ પરથી લાગ્યા પછી મારે હવે એને મળવાનો એક ક્ષણનો પણ વિલંબ ભારે પડી જાય છે, મને લાગે છે કે જો વિલંબ થાય તો મારા પ્રાણ નીકળી જશે માટે હવે ઝટ કરો.'

## યોગિરાજનો બીજો ઉપાય

યોગિરાજ કહે,–' જુઓ, તમારે ઉતાવળ જ છે તો પછી અગ્નિમાં પડી બળીને જવાની વિધિ નથી કરવી, એમાં બળતાં કરતાં વાર થાય. એટલે હવે મંત્રશક્તિથી જ તમારી પ્રિયા પાસે હું પહોંચી જાઉં છું, ને એ જયજયનાદ સાથે અહીં ઉપસ્થિત થાય એમ કરું છું, પરંતુ એમાં એક વાત રહેશે કે પછી મારાથી અહીં પાછા નહિ અવાય. કેમકે તમારું ઈષ્ટ સિદ્ધ થઈ જાય છે, એટલે એ કરી આપીને મારે મારી યોગ-સાધનામાં જ ચાલ્યા જવાનું છે.'

આ સાંભળતાં કુમાર વિચારમાં પડી ગયો કે ' અરે ! આ કેમ પાલવે ? પ્રિયાને મેળવવામાં આવા મહાન યોગિરાજને મારે ગુમાવવાના ? હાય ! આ કેમ બને ? પ્રિયા આવીને મને શું આપવાની ? ત્યારે આ મહર્ષિથી તો મને ઘણો ઘણો આધ્યાત્મિક લાભ થઈ રહ્યો છે.' એટલે ઝટ યોગિરાજને કહે ' પ્રભુ ! તો તો ઊભા રહો. મારે કાંઈ પત્નીના લોભમાં આપને ગુમાવવા નથી. પ્રિયાનો શોક હું મૂકી દઉં છું. આપ જ મારી સાથે રહો.'

**જગતમાં બે મળે, પ્રેયસ્ અને શ્રેયસ્. શું જોઈએ, પ્રેયસ્? કે શ્રેયસ્?**

કુમારને પ્રેયસ્ છે કે પ્રિયા; બે શ્રેયસ્ યાને કલ્યાણભૂત છે યોગિરાજ. કુમારને શ્રેયસ્‌ના ભોગે પ્રેયસ્ નથી જોઈતું.

યોગિરાજ કહે, કુમાર ! પણ એક વાત કેમ ભૂલી જાઓ ? હું કાંઈ તમારી સાથે જિંદગી સુધી રહેનાર નથી. આ પાછા વળતાં આશ્રમે પહોંચું એટલી જ વાર છે. પછી તો તમારે

એકલા જ જવાનું છે. એમાં ગયા પછી પાછો તમને પ્રિયાનો વિરહ સતાવશે તો શું કરશો?'

કુમાર વળી વિચારમાં પડયો કે 'આમની વાત તો સાચી છે, આ કાંઇ મારી સાથે જિંદગી સુધી રહે નહિ; ને એ વાતેય સંભવિત છે કે નથી ને કયારેક ઋષિદત્તા યાદ આવે, હૈયું વિરહના દુઃખથી ભરાઇ જાય, ત્યારે શું કરવું? શું અગ્નિસ્નાન કરવું? પિતાજીના દાક્ષિણ્યમાં એ કાંઈ બને નહિ. પિતાજી એ કરવા જ ન દે. તો તો મારે ન સહેવાય ને ન રહેવાય, એટલે જિંદગીભર રોજનો ભારે બળાપો.'

કુમાર મુંઝવણમાં પડયો કે 'શું કરવું? અહીં જ અગ્નિસ્નાન કરું તો પિતાજીની અટકાયત નથી, પરંતુ યોગિરાજના કહેવા હિસાબે જો ઋષિદત્તા હજી જીવંત જ છે, તો પછી મારે એની ખાતર પરલોક ગયે શું વળે?' એક સમસ્યા ઊભી થઈ ગઈ જોજો હોં, આમાં એને કોઇ વિષયલંપટતા નથી નડતી, કિન્તુ ઋષિદત્તાની ગુણિયલતા અને નિર્દોષતા પર આકર્ષણ છે; ત્યારે બીજી બાજુ યોગિરાજના સંપર્કનું આકર્ષણ છે. એમાંથી શેને વધુ અગત્યતા આપવી એ એક કોયડો બની ગયો.

પરંતુ હવે કુમાર જુએ છે કે 'આમે ય યોગિરાજ કાંઇ જીવનભર મારી સાથે રહે નહિ. તેથી એ સાથે ન હોય ત્યારે ઋષિદત્તા યાદ આવીને પાછું દુઃખ થવાનું એ સંભવિત છે, ત્યારે જો એ પ્રાપ્ત થતી હોય તો થવા દો, જેથી એના વિરહ-દુઃખથી શેકાવાનું થાય નહિ'–એમ વિચારી યોગિરાજને કચવાતે દિલે કહે છે,–

'ભગવન્ ! આપ પાછા ન પધારો એ મારે દુઃખનો વિષય છે. છતાં આપને યોગ્ય લાગે તેમ કરો.'

**લાભાલાભનો વિચાર જરૂરી :-**

શું કર્યું કુમારે? લાભાલાભના ટકા માપ્યા. જગતના જીવનમાં આવું જ છે. બધું મનમાન્યું સરખું બની આવતું નથી, એટલે જોખવું પડે છે કે પરિસ્થિતિવશ ખોટ કેટલી? અને બીજી બાજુ લાભ કેટલો? શાસ્ત્ર એને લાઘવ-ગૌરવનો વિચાર કહે છે, ગુણદોષની ચિંતા કહે છે. જીવનમાં આ ચિંતા આ વિચાર કરવાની જરૂર રહે છે, અને વધુ લાભનું પકડી ઓછા લાભનું જતું કરવાનું હોય છે, યા ઓછા નુકસાનનું અપનાવી લેવાનું હોય છે.

દા.ત. માનો કે માણસ એક પત્ની મર્યા પછી બીજી પરણ્યો, એ પહેલીની જેવી હોશિયાર કે ગુણિયલ નથી. તો હવે એના મોંઢે જુનીના ગુણ ગાવા? ના, એમાં અલબત્ પહેલીના ગુણની અનુમોદનાનો લાભ મળે, પરંતુ મનુષ્યસ્વભાવવશ નવીને ઈર્ષ્યા થાય, એ શોકયની પ્રશંસા સહી ન શકે, એથી વારેવારે એની પ્રશંસા કરનાર પતિ ઉપર અભાવવાળી બનતી જાય. એ પતિ માટે મોટું નુકસાન છે; કેમકે હવે જિંદગી આની સાથે કાઢવાની છે, ને તે અભાવ-અસદ્ભાવવાળી બનવાથી એની સાથેનો સહવાસ ખાટો થઈ જાય. એના બદલે જો જુની અંગે મૌન રાખે તો ગુણિયલની બાહ્ય પ્રશંસા ગુમાવ્યાનું નુકસાન ખરું, પરંતુ તે ઓછું; જ્યારે નવીની થોડી પણ સારી સેવા આદિની ઉપબૃંહણા કદર સમર્થન કરે, તેનો લાભ વધારે; કેમકે કહે

છે ને કે પ્રશંસા દેવને પણ પ્યારી છે! તો એ ન્યાયે નવીનો ઉત્સાહ વધતો રહે, પતિ પર સદ્ભાવ વધતો રહે, અને તેથી એ કલેશકારી ન બને. એનાં નિમિત્તે આર્તધ્યાન ન થાય. એ લાભ પેલા નુકસાન કરતાં વધારે. વિચારો શું પસંદ કરવું ?

**મોંઘવારીમાં લાભાલાભ :-**

આજે મોંઘવારી વધી ગઈ છે ને ? હવે જો અત્યારે પૂર્વની સોંઘવારી યાદ કરી મનમાં જો એ લાવ્યા કરો કે 'પહેલાં બધું સસ્તુ સોંઘું હતું તો કેટલી નિરાંત હતી ? નિરાંતે ધર્મ-કાર્ય કરી શકતા;' તો આમાં અલબત્ ધર્મકાર્ય ઠીક થઈ શકવાની અનુમોદનાનો લાભ છે; પરંતુ બીજી બાજુ, હૃદય હતાશ થઈ વર્તમાન મોંઘવારી પર દ્વેષ–ઈતરાજી કરી કરીને નકરું આર્તધ્યાન અને કષાય ચાલ્યા કરવાના, એથી નુકસાન મોટું થયા કરે.

એના બદલે પૂર્વની સોંઘવારી યાદ જ ન કરાય, અને પેલી ઓછી ગુણિયલ બીજી પત્નીની જેમ વર્તમાન મોંઘવારીના થોડા પણ ગુણનો સંતોષ મનાય તો આર્તધ્યાન મટે, અને વર્તમાનમાં થઈ શકતા ઓછા ધર્મકાર્યને કસોટી–સમયના લેખી વધુ લાભકારી મનાય, તો એની અનુમોદના થાય, કે 'ભાઈ! આવા કપરા સમયમાં મને ઓછી પણ ધર્મક્રિયા મળે છે ને? દાન દેવાનું મળે છે ને? ક્ષમા સમતા રાખવાની મળે છે ને? મારાં અહોભાગ્ય છે!' આમ સુકૃતની અનુમોદના, ધર્મની હુંફ અને આર્તધ્યાનની અટકાયતના મહાન લાભ મળે છે. તો વિચારો, શું પસંદ કરવા જેવું ?

નવી આગળ જુનીના ગુણ યાદ કરવામાં જેમ જીવન ખાટું થાય છે, એમ આજની મોંઘવારી વખતે પૂર્વની સોંઘવારીના ગુણ ગાવામાં જીવન ખાટું થાય છે.

એના બદલે નવીના ઓછા પણ ગુણની જેમ આજની મોંઘવારીના ઓછા પણ ગુણ દેખતા રહેવામાં મન પ્રસન્ન રહે છે.

યોગિરાજની વિધિ :-

એટલે સમજાશે કે વર્તમાન સ્થિતિના થોડા પણ ગુણ જોતા રહી આ પ્રસન્નતા જ અપનાવવા જેવી છે, પસંદ કરવા જેવી છે. એ ગૌરવ-લાઘવના વિચાર-વિવેક પર બની શકે. રાજકુમાર કનકરથે એ રીતે વિચાર કરીને યોગિરાજને યોગ્ય લાગે તે કરવામાં સંમતિ દર્શાવી.

● ● ●

## ૧૮. ઋષિદત્તા પ્રગટ થાય છે

બસ, હવે યોગિરાજે થોડે દૂર એક પડદો બંધાવી એની અંદર પ્રવેશ કર્યો, અને પ્રવેશ કરીને બોલે છે,-

'હે નૃપનંદન ! જ્યારે તમને હવે આ ચિંતા છે કે જો મુનિનું આ કાર્ય ઠીક પાર ઊતરે તો આ પૃથ્વી પર હું ધન્ય બની જાઉં, પુણ્યશાળી બની જાઉં; તેમજ સતીઓ અને સત્‌ પુરુષોનો આ દુનિયા પર પ્રભાવ પડી જાય; વળી મને જીવાડવા સંજીવની ઔષધી જેવી પ્રિયા ઋષિદત્તા આંખે જોવા મળી

જાય, આવા આવા પ્રકારની જ્યારે તમને આતુરતા છે, તો હવે તમે સૌ થોડી વાર આંખ મીંચી ભગવાન ઋષભદેવનું ખૂબ દિલથી નામ રટવા માંડો, અને હું મંત્રપ્રયોગ શરુ કરી દઉં છું, એથી ત્યાં જાઉછું જેથી તમારી પ્રિયા ઋષિદત્તા અહીં પ્રગટ થશે ! જેને પછી નગરના લાખો લોકોની આંખ હવેલીઓની અટારીઓમાંથી જોશે, અને દેવો–ગંધર્વો કૌતક ઉત્સાહથી જેના ગુણ ગાતા હશે. !'

## યોગી મૂળ રૂપમાં :-

આમ કહીને ઋષિદત્તા યોગિરાજે ઔષધીપ્રયોગથી ઊભો કરેલ પોતાનો પુરુષપણાનો ભાવ બદલી નાખ્યો, અને યોગીના વેશની અંદર ગુપ્ત રાખેલ પૂર્વનો મુલાયમ સ્ત્રીવેશ પહેરી લીધો. યોગિવેશને હવે અંદર ઢાંકી લીધો. જટા છોડી નાખીને લાંબો કેશકલાપ બનાવી લીધો.

હવે ઋષિદત્તા જુએ છે કે 'બધું અવસરસર બની આવ્યું છે, પણ આ બધો પ્રતાપ ભગવાન ઋષભદેવસ્વામીનો છે. અહો ! પ્રભુ ! તેં કેવી મારી લાજ રાખી ! કેવો યોગ બનાવી દીધો ? આજ સુધી શીલનું સાંગોપાંગ પાલન, ચિત્તને અખંડ ચાલી આવેલી સમાધિ–સ્વસ્થતા, પતિને વસ્તુસ્થિતિનો રુકિમણીના જ મુખેથી ખ્યાલ મળતાં મારી નિષ્કલંકતાની થયેલી ખાતરી....આ બધું પ્રભુ ! તારા અચિંત્ય પ્રભાવથી જ બની આવ્યું, એ નાથ ! તારો કેટલો બધો ઉપકાર ! '....એમ યાદ કરતાં હૈયું પ્રભુના ઉપકાર–સ્મરણે ગદ્‌ગદ થઇ ગયું, અને એ

ભક્તિભીનાં પ્રભુસ્મરણનો એવો પ્રભાવ પડયો કે હવે જુઓ શું બને છે.

## ઋષિદત્તાના ભક્તિ ભાવનો પ્રભાવ :-

હજી તો કનકરથ રાજકુમાર, સુંદરપાણિ રાજા, અને લોકો આંખ મીંચી પ્રભુના નામની રટણામાં છે, એટલામાં ઋષિદત્તા જેવી પડદાની બહાર નીકળે છે, કે એજ વખતે એના વિશુદ્ધ સતીત્વ અને જબરદસ્ત પ્રભુશ્રદ્ધાના પ્રભાવે આકાશમાં દેવતા હાજર થઈ વાજિંત્રના સરોદભર્યા મોટા જય-જયનાદ સાથે ઋષિદત્તાના મસ્તક પર પુષ્પની વૃષ્ટિ કરે છે. આકાશધ્વનિથી લોકો એકદમ ચોંકી ઊઠી ઊંચે જોતાં અદૃશ્ય જયજયનાદ અનેવાજિંત્રના સરોદ ગાજતા સાંભળે છે! અને સામે દેવાંગનાશી ઋષિદત્તાને આવતી દેખે છે! એના માથે ઝરમર પુષ્પ-વૃષ્ટિ પડતી જુએ છે. આશ્ચર્યનો પાર નથી. ભારે હર્ષોલ્લાસમાં આવી જઈ જનસમૂહ ‘ જય હો જય હો મહાસતી ઋષિદત્તાનો ’ એવો ગર્જારવ કરી મૂકે છે.

## આકાશવાણીથી રુકિમણીના પાપનો ઘટસ્ફોટ

ત્યાં આકાશમાંથી વાણી પ્રગટે છે,-

‘ હે સુંદરપાણિ ભૂપ ! તારી પુત્રી રુકિમણીએ કુમારને પરણવા સુલસા જોગણી પાસે કેવો ઘોર પ્રપંચ કરાવી આ મહા-સતી નિર્દોષ તાપસપુત્રી ઋષિદત્તા ઉપર કલંક ચડાવેલું એ રુકિમણીને પૂછ.’

આ સાંભળતાં રાજા ચોંકી ઉઠે છે, તરત પોતાના માણસોને

રુકિમણી ઉપર પહેરો રાખવા અને ‘ સુલસા ’– જોગણીનો પત્તો લગાડી એને પકડી લાવવા મોકલી દે છે; તેમજ અહીં રાજ-કુમાર કનકરથની સાથે ઋષિદત્તાની સામે હરખભેર લેવા માટે જાય છે. નજીક પહોંચતાં, ઋષિદત્તા પતિ કનકરથના પગમાં પડી નમસ્કાર કરીને પછી હાથ જોડીને સામે ઊભી રહે છે.

(૧) કનકરથને જીવનમાં એનાં દર્શન થવાની કલ્પના જ નહિ, તે અહીં સાક્ષાત સામે આવીને ઊભેલી જોતાં હૈયું ગદ્-ગદ થઈ જાય છે. એમાં વળી (૨) એના દેવસત્કાર થયેલા જોવા મળ્યા, એથી એનો જબરદસ્ત પ્રભાવ મન પર આવતાં હૈયું પીગળીને આંખમાં પાણી ભરાઇ આવે છે. (૩) અવસરે પોતે એની રક્ષા એનો બચાવ નથી કર્યો, અરે ! એની આપત્તિ પાછળ પોતે સાથે ય નથી ચાલ્યો, એની એને ભારે શરમ પણ આવી જાય છે. શું બોલવું ને શું ન બોલવું વિચાર થઈ પડે છે, ને આંખમાંથી આંસુ ટપકચા કરે છે.

લોકોને ય અને રાજા સુદ્ધાંને આ દૃશ્ય જોઈ આંખ ભીની-ભીની થઈ જાય છે. ઋષિદત્તા મરી નહોતી ગઈ. કર્માનુસાર અને એની કુશળબુદ્ધિએ સહજ ભાવે બધું બનતું આવેલું; પરંતુ બધાને મન જાદુ થયા જેવું લાગે છે ! આમાં ઋષિદત્તાની ધીરજે ભારે કામ કર્યું છે. કર્મની આપત્તિમાં એ ઉતાવળી નહોતી થઈ.

● ● ●

## ૧૯. સ્નેહીના સ્નેહ અંગે વિચારણા

**કર્મની આપત્તિમાં આપણે ઉતાવળા થઇએ છીએ, પરંતુ તેથી કામ બગડે છે. ધીરજના ફળ મીઠાં.**

### સ્નેહીની અપ્રીતિ પર કર્તવ્ય-અકર્તવ્ય :

માનો કે આપણે સારા વર્તાવથી રહ્યા છીએ, છતાં આપણા પર આપણા અશુભના ઉદયે બીજાને અપ્રીતિ દુર્ભાવ–અભાવ થયો, ત્યાં જો ઉતાવળા થઈએ તો કાં તો ખોટી દીનતા–ચાપલુસી કરી સામાને મનાવવાનું કરાશે; પણ એમાં સામાના દીલ પર ઉલ્ટી ખોટી છાપ પડવાની; અથવા સામા માટે બીજાની આગળ અનુચિત બોલ બોલવાનું કે નિંદા કરવાનું કરીએ તો એમાં સામાને જાણ થતાં અભાવ વધવાનો. કશું નહિ, આવા અવસરે ધીરજ ધરવાની; સામા માટે આપણા દિલમાં શુદ્ધ મૈત્રીભાવ વહેતો રાખવાનો. સામાને આપણું મળવાનું – બોલાવવાનું ગમતું ન હોય તો એ બંધ રાખવાનું. પરંતુ બહાર મોકો મળે ત્યાં બીજાની આગળ એનું સારું જ બોલવાનું. આમ કર્મની આપત્તિમાં ઉતાવળા ન થતાં ધીરજ રાખીએ તો એવો અવસર આવી લાગે કે જ્યારે પેલાને પસ્તાવો થાય, આપણા પરનો અભાવ દૂર થઈ જઈ ઉલ્ટું સ્નેહ–સદ્ભાવ વધી જાય.

જીવનમાં ઘણા ક્ષેત્રોમાં આપત્તિ વખતે આ ધૈર્યનું સૂત્ર પકડવા જેવું છે. માનો ને કદાચ સામાને અભાવ ન હટ્યો, તો ય આપણું કશું બગડયું નથી. આપણે દિલ પવિત્ર, મૈત્રીભાવ, નિંદાનો ત્યાગ, સ્વકર્મવિપાકની વિચારણા,....વગેરેથી ભર્યું ભર્યું

રાખ્યું છે તો પ્રત્યક્ષ શાંતિનો અનુભવ મળ્યો છે, દિલ ફોરું ફૂલ રહ્યું છે.

## આપત્તિમાં બે વિચારણા

પ્ર૦–ફોરું શી રીતે ? આપણે જેનું બહુ સાચવ્યું છે, એ આપણા વાંક વિના આપણા પર અભાવવાળો થાય તો દિલને લાગે નહિ ?

ઉ૦–ના, ન લાગે,

(૧) જો આપણે આપણા કર્મનું નાટક વિચારીએ. સામા આપણને પહેલા સારી રીતે બોલાવતા હતા એ કાંઈ આપણી હોશિયારીના પ્રતાપે નહિ; નહિતર એ હોંશિયારી તો એની એજ આજેય ઊભી છે, તો આજે કેમ ન બોલાવે ? કહો, સામા સારી રીતે બોલાવતા એ આપણા શુભ કર્મના ઉદયના પ્રતાપે. આજે હવે આપણા અશુભના ઉદયની વારી આવી છે, તેથી એ નથી બોલાવતા. જો શુભના ઉદયને આવકારી છીએ, તો *અશુભના ઉદયને પણ આવકારવો જોઈએ.*

**આપણા શુભનો માલ આપણને ખપે, ને આપણા જ અશુભનો માલ આપણને ન ખપે ?**

સારા વિદ્યાર્થીને માસ્તર તરફથી અપાતું સન્માન ખપે છે. તો ભૂલભાલમાં માસ્તરની તમાચ પણ ખપે છે. એની ભૂલ અહીંની છે અને આપણી ભૂલ પૂર્વ ભવની છે, ફરક એટલો જ. આપત્તિ આવી એ પૂર્વની ભૂલથી સર્જાયેલ કર્મરૂપી ગૂમડાનો પાક છે, વિપાક છે. હવે એ ગૂમડું પાકીને ફૂટી ખત્મ થવાનું. એમાં દિલ શું કામ ભારે કરીએ ?

(૨) બીજી એક મહત્ત્વની વાત એ છે કે સામો આપણુને ન બોલાવે, એ આપણુને કેમ લાગી આવે છે?

**શું જીવનમાં આ દુન્યવી માણસો સારા બોલાવે-ચલાવે એ મહત્ત્વનું છે? કે આપણા દિલમાં ભગવાન ખૂબ ઉછળતા ભક્તિ-બહુમાનભાવ સાથે યાદ આવ્યા કરે એ મહત્ત્વનું છે?**

**પ્રભુ પ્રત્યે બહુમાન કેમ નહિ? :-**

ઉલ્ટું એ જોજો કે બીજા તરફથી આપણાં પોતાનાં માન-સન્માન થાય, સ્નેહ-સદ્ભાવ મળે, એ બહુ ગમે છે એટલે જ દિલમાં પ્રભુ પ્રત્યે અનહદ ભક્તિ બહુમાન ઉછળતા નથી. એનું કારણ સ્પષ્ટ છે. પ્રભુ પ્રત્યે ભક્તિ-બહુમાન લાવવા માટે આપણી જાત માટે અતિ અતિ નમ્રભાવ આવવો જોઈએ. ત્યારે બીજાઓ પાસેથી સ્નેહ-સન્માનની એષણા-આકાંક્ષામાં જાત માટે બહુ-માનની અપેક્ષા રહે છે, એ અહંભાવ છે. ત્યાં નમ્રભાવ શાનો ઊભો રહે? જાતના નમ્ર ભાવ વિના પ્રભુ પ્રત્યે બહુમાન શાનું? પૂછો.

**પ્ર૦-બીજાના સ્નેહની અપેક્ષામાં અહંભાવ શી રીતે?**

ઉ૦-અહંભાવ એ રીતે કે ત્યાં મનને એમ લાગે છે કે 'હું બીજાનો સ્નેહ મેળવવાને યોગ્ય છું.' માટે તો સ્નેહ ન મળતાં મન ખાટું થાય છે. 'મને કેમ સ્નેહ ન મળે? સામા સ્નેહ ન રાખનારા ઠીક નથી કરતા;'-એમ લાગે છે. આમ જાતની સ્નેહયોગ્યતાનો ખ્યાલ રહે એ અહંભાવના ઘરનો ખ્યાલ છે. એવો જાતમાં ધન-માલની યોગ્યતા હોવાનો ખ્યાલ પણ અહંભાવના લીધે....

**જે વસ્તુ કર્મને પરાધીન છે, એ વસ્તુની પ્રાપ્તિની યોગ્યતા જાતમાં જોવી એ અહંભાવ નહિ તો બીજું શું?**

**દુનિયાની સારી વસ્તુ સ્નેહ–સન્માનાદિ આપણને મળે એ આપણી લાયકાત પર નહિ, કિન્તુ આપણા શુભ કર્મની લાયકાત પર.**

આપણી લાયકાત એટલે આપણી ગુણિયલતા. એના પર દુનિયાના માલ–માન–સ્નેહ નથી મળતા, પણ પૂર્વોપાર્જિત પુણ્યની લાયકાત યાને કક્ષા પર મળે છે. એટલે જ એ ખાસ સમજી રાખવા જેવું છે કે દુન્યવી માલ–માન–સ્નેહ જાય, ન મળે, મળતાં બંધ થાય એથી, જો આપણામાં ગૂણસમૂહ છે તો આપણામાં લાયકાત ન હોવાનું માનવાની જરૂર નથી, માલ–માન–સ્નેહ જતાં આપણે જરાય તન–મનથી દુબળા પડવાની જરૂર નથી. મનને એમ થાય કે

'શું મારા પ્રત્યેનો સામાનો સ્નેહ ગયો, એટલે મારા ગુણો ગયા? મારો ધર્મ ગયો?

શું મારા પૈસા ગયા એટલે મારા ગુણો ગયા?

અરે! શું રોગ આવી મારું આરોગ્ય ગયું એટલે મારા ગુણો ગયા? મારો ધર્મ ગયો?

ના, તો પછી સ્નેહ–માલ–માન જતાં હું શું કામ દુબળો પડું? મારે મનને ઓછું લાવવાની જરૂર નથી.

**આપણી ખરી લાયકાતનું ભાન હોય, તો પુણ્યની લાયકાત ઘટ્યે સામાનો સ્નેહ જતાં કે પૈસા જતાં મનને ઓછું ન આવે, દુબળા ન પડાય.**

**જાતની લાયકાત : પુણ્યની લાયકાત :—**

ખરી લાયકાત ગુણસમૂહની. બાકી સામાનો સ્નેહ–સદ્ભાવ મળવાનું તો પુણ્યાધીન હોઈ એ પુણ્યના ઉદયની લાયકાતની વસ્તુ થઈ, આપણી લાયકાતની વસ્તુ નહિ છતાં આપણે એ માટે આપણી લાયકાત માનીએ, જાતને એની હકદાર સમજીએ, એ આપણો અહંભાવ છે એ હોય ત્યાં નમ્રતા–લઘુતા ન રહી; એટલે ત્યાં નમ્રતા વિના પ્રભુ ઉપર ઊછળતો બહુમાનભાવ **શી** રીતે જાગે?

સુલસા ચંદનબાળા રેવતી વગેરેમાં જુઓ કે એમનામાં શી રીતે પ્રભુ ઉપર પારાવાર બહુમાન ભાવ હતો? શું એ એમ ને એમ પ્રગટી ગયો હશે? દુન્યવી સ્નેહસન્માન–સગવડ–સરંજામ વગેરેની ભરચક આકાંક્ષાઓ ઊભી રાખીને પ્રગટી ગયો હશે? ના, એવી આકાંક્ષાઓ જોરદાર ઊભી રાખવામાં તો અહંભાવ સારો ખખડધખ રહ્યા કરે; પછી નમ્રભાવ ન આવી શકે, તો પ્રભુ પ્રત્યે હૈયાની એવી ઝુકાવટ ન બની શકે. બહુમાન ઊભું કરવા ઝુકાવટ–નમ્રભાવની જરૂર છે. એ માટે જાતનો *અહંભાવ ઓગાળી નાખવો પડે;* ને એ માટે તુચ્છ સ્નેહ–સન્માનાદિની આકાંક્ષાઓ પડતી મૂકવી જોઈએ.

**દુન્યવી સ્નેહ–સગવડ–સન્માનની આકાંક્ષામાં જાત લાયક લાગવાથી અહંભાવ પોષાય છે.**

આ જબરું સાયન્સ છે. ગુરુ ઉપર પણ બહુમાન ઊભું કરવા માટે ગુરુ તરફથી સ્નેહ–સન્માનાદિની આકાંક્ષાઓ પડતી મૂકવી પડે છે. 'ગુરુ મહારાજ મારા પર સ્નેહ રાખે, કૃપાદૃષ્ટિ

રાખે. મારું થોડું માન રાખે,–' ઇત્યાદિ આકાંક્ષા–અપેક્ષા રાખવામાં જાત એ વસ્તુઓને લાયક હોવાનું સમજાય છે, ને એથી અહંભાવ પોષાય છે. માટે તો જ્યાં એમાં કમી દેખાય ત્યારે રીસ ચડે છે. મનને એમ થાય છે કે, 'અમે ગુરુનું આટલું સાચવીએ, આટલી સેવા કરીએ, એમના આટલા ગુણ ગાઈએ, છતાં ગુરુ મહારાજ બીજા ઉપર જે સ્નેહ રાખે છે કૃપાદૃષ્ટિ રાખે છે એટલો મારા પર સ્નેહ કૃપાદૃષ્ટિ નથી રાખતા.' આ રીસ–કચવાટ કોણ કરાવે છે? અહંભાવ.

"મારી સ્નેહાદિની યોગ્યતા છે, મને સ્નેહાદિ મળવા જોઇએ.' આ ભાવ અહંભાવમાંથી ઊઠે છે. ત્યાં એ નથી જોવાતું કે, 'ભલા આદમી! સ્નેહ–સન્માનાદિ માટે તારી યોગ્યતા કામ ન લાગે. એ માટે તો શુભ કર્મની યોગ્યતા યાને શુભોદય જોઇએ. યોગ્ય શુભ કર્મ પુણ્યકર્મ ઉદયમાં હોય તો સ્નેહ-સન્માનાદિ મળી આવે. શુભોદય પુણ્યોદય ખૂટે એટલે એ મળતા બંધ થાય. તેથી એ માલ–માન–સ્નેહ જતાં કર્મની યોગ્યતા ગઈ એમાં તું શું કામ દુબળો પડે? તારી યોગ્યતા ઊભી જ છે. ગુરુ સ્નેહ રાખતા ન દેખાય, એ તારા પુણ્યની ખામી, તારી ખામી નહિ. હા, હવે જો તું દુબળો પડે, ગુરુ પ્રત્યે મન બગાડે, એમના ભીમ ભવસાગરમાંથી ઉદ્ધરવાના અથાગ ઉપકારને ભૂલે, તો એ તારી ખામી.

**બાપ કે ગુરુનો સ્નેહ તારા પર ઘટ્યો એ તારા પુણ્યની યોગ્યતા ઘટી માટે. પરંતુ હવે તું દુબળો પડે, બાપ કે ગુરુ પ્રત્યે મન બગાડે, એમાં તારી યોગ્યતા ઘટે છે.**

**આમ, બધું પાપ સ્નેહ સન્માન અને માલમલીદાની આકાંક્ષાઓ ભરી રાખવાનું છે. એથી અહંભાવ પુષ્ટ રહે છે, નમ્રભાવ આવતો નથી, ને તેથી દેવ-ગુરુ ઉપર ઉચ્ચ બહુમાન-ઉચ્ચ આદરભાવ નથી જાગતા.**

વાત આ હતી કે કર્મની આપત્તિમાં ધીરજ ગુમાવીએ ને ઉતાવળા થઈએ તો કામ બગડે છે. ગુરુ શું કે બીજા શું, સામાના આપણા પર સ્નેહ—સદ્ભાવ—સન્માન ઘટચા, ત્યાં ખરું તો એ કર્મની યોગ્યતા ઘટવાનું ન વિચારતાં આપણું બગડી ગયું વિચારીએ, આપણે દુબળા પડીએ, એટલે પછી ઉતાવળ—અધીરાઈમાં સામા માટે હલકું ચિંતવવાનું, એની નિંદા કરવાનું....વગેરે કાંઇ ને કાંઇ અજુગતું કરવા મંડી પડાય છે, ને કામ બગડે છે. ત્યારે જો 'કર્મની યોગ્યતા ઘટી પણ આપણી યોગ્યતા તો ઊભી જ છે,' એમ સંતોષ લઈ આપત્તિમાં ધીરજ ન ગુમાવીએ, આકળા-ઉતાવળા ન થઈએ, તો ફરી પાછી કર્મની યોગ્યતા ખીલી ઊઠચે સૌ સારું બની આવે છે.

## કુમાર ખમાવે છે

ઋષિદત્તાએ ભયંકર કલંક માથે ચડી આવતાં ધીરજ રાખી, વનમાં પ્રભુભક્તિ અને તપસ્યા કરતી બેઠી, તો ધીરે ધીરે અત્યારે આ સ્થિતિ આવીને ઊભી કે યોગિરાજના વેશમાંથી, હવે સૌની આતુરતા પૂર્વક જીવંત ઋષિદત્તારૂપે પ્રગટ થવાનું મળ્યું ! દેવોનું સન્માન મળ્યું ! અને પતિ રાજકુમાર કનકરથ હવે એને નજર સામે આમ હૂબહૂ જોતાં હૈયું ભરાઇ ગયે આંખમાંથી આંસુ પાડી રહ્યો ઊભો છે ! રાજા ને લોકો તો અતિશય આદર- બહુમાન

સાથે આ દેવોથી સન્માનિત મહાસતી ઋષિદત્તાને જોઈ રહ્યા છે. કુમાર હૈયું જરાક હળવું થતાં કહે છે,–

'દેવી ! માફ કરજો મારી નબળાઈને કે મેં એ તમારા પરની ભારે કટોકટી વખતે તમારા એક પતિ તરીકેની ફરજ છતાં મેં તમારું રક્ષણ ન કર્યું. હું ક્ષમા માગું છું.'

ઋષિદત્તા હાથ જોડી કહે, 'સ્વામી ! રહેવા દો, તમારે ક્ષમા માગવાની હોય નહિ. જે કાંઈ બની ગયું એમાં તમારો કોઈ દોષ નથી, દોષ મારાં પૂર્વનાં કર્મનો છે. એ જાલિમ કર્મ ખડાં હોય ત્યાં મારું ય કાંઈ ન ચાલે, ને તમને ય કશું કરી શકવા દે નહિ. તમારી તો વડાઈ છે કે તમે તો ધરાર મારી પાસે રોજ ને રોજ માંસના ટૂકડા પડેલ દેખવા છતાં મારામાં હત્યારી-પણાનું કલંક ઠેઠ સુધી માન્યું નથી! આટલો બધો મારા પર તમારો વિશ્વાસ અને સદ્ભાવ, એ તમારી કેટલી બધી ઊંચી વડાઇ ? ખેર, હવે તો દેવવાણીથી દુનિયાએ પણ મારી નિષ્કલંકતા માની છે, અને આપણા બંનેનો સુખદ યોગ બની આવ્યો છે, તેથી તમારે હવે જરા ય મનમાં ઓછું લાવવાની જરૂર નથી. અનંત ઉપકાર અનંત પ્રભાવ ભગવાન ઋષભદેવનો કે જેથી પરિણામે મહા આનંદનાં સર્જન થઈ આવે છે. માટે શરણ સાચું ભગવાન જિનેશ્વરદેવનું અને એમના કહેલા ધર્મનું છે. એનો જ સ્વીકાર કરો. અંતે એ જ સહાય કરે છે, સુખી કરે છે.' ઋષિદત્તા એને મુખ્ય કર્તવ્ય પર લઇ જાય છે. જીવનમાં મુખ્ય કર્તવ્ય પ્રભુનું અને પ્રભુએ કહેલ ધર્મનું શરણું સ્વીકારતો રહેવાનું છે.

## જૈનધર્મથી જ કેમ મોક્ષ?

જૈનધર્મ જ એવા અરિહંત-સિદ્ધ-સાધુ અનેક્ષમાદિ સર્વજ્ઞોક્ત ધર્મ એ ચારનું શરણું લેવાનું શીખવે છે કે જે ચાર ઉપશમરસથી ભરેલા છે. એમને ધ્યાન પર લેવાથી અને એમને જ જીવનના આલંબન આદર્શ બનાવી નજર સામે રાખ્યા કરવાથી આપણામાં ઉપશમભાવ આવે,ઉપશમભાવ વધતો રહે; ને એ વધ્યે વીતરાગ થવાય, મોક્ષ પમાય.

નિયમ છે,-જેવું આલંબન આદર્શ નજર સામે રહ્યા કરે, તેવી મનને પ્રેરણા મળ્યા કરે. છોકરાની સામે વઢકણા મા-બાપનું આલંબન હોય તો છોકરાને એની જ પ્રેરણા મળવાની, ને એ પણ વઢકણા સ્વભાવનો ઘડાવાનો. માસ્તર મોજશોખી હોય તો વિદ્યાર્થીને એનાં આલંબને મોજશોખનું મહત્વ લાગવાનું, એના સંસ્કાર પડવાના. ગુરુ ખાવકલા હોય તો શિષ્ય પણ એમના આલંબને ખાવકલો તૈયાર થવાનો. એમ જ્યાં દેવ વીતરાગ નહિ રાગી-દ્વેષી છે, ત્યાં ભક્તને એમના આલંબનમાં ઉપશમ ભાવનું મહત્ત્વ ક્યાંથી લાગે? તો એ વિના મોક્ષ પણ શી રીતે થાય?

જેવું આલંબન તેવી પ્રેરણા-આ ન્યાયે નજર સામે અરિહંત-સિદ્ધ વગેરે જો રમ્યા કરે તો એમનાથી ઉપશમ-ભાવની પ્રેરણા મળ્યા કરે, એનો ઉત્સાહ આવે. વિચારજો આવી પ્રેરણા દેનાર એકમાત્ર અલૌકિક જૈન-શાસનની સગવડ છતે, અને જો અરિહંતાદિ ચારનાં શરણની છતી સગવડે, આ જો નહિ કરાય, અર્થાત્ એમને જ જીવન-આદર્શ, જીવન-આધાર,

જીવન-આલંબન તરીકે નહિ સ્થપાય, વારેવારે નહિ અપનાવાય, તો પછી આથી બીજા કયા સારા જનમમાં એ થઈ શકવાનું? તેમ સારો જનમ સારો યોગ પણ ક્યાંથી મળવાના?

ઋષિદત્તા એજ કહી રહી છે કે રુડા પ્રતાપ અરિહંત શ્રી ઋષભદેવ ભગવાનના કે અંતે આ સુખદ યોગ બની આવ્યો, મારે કલંક ટળ્યું, ને તમારે મારા પ્રત્યેની ભારે લાગણી કૃતાર્થ બની જોવા મળી! માટે આપણે તો એકમાત્ર ભગવાનનું અને એમના ધર્મનું જ શરણું છે, આધાર છે.

આ શરણું નિશ્ચિત હૃદયથી રાખવાનું, જેથી એમાં ચળ-વિચળતા ન થાય, મન એ શરણું પડતું મૂકી ભળતી દુન્યવી વાત-વસ્તુને શરણભૂત ન માનવા જાય. માત્ર ધીરજ ધરવાની જરૂર છે.

**ઠંડે કલેજે ભારે શ્રદ્ધા જોઇએ કે પ્રભુનું શરણું રાખ્યાથી સારૂં જ થઈ રહ્યું છે.**

**પ્રભુનું શરણ શું સારૂં?:-**

**પ્ર૦- કર્મવશ ખરાબ થતું દેખાતું હોય ત્યાં પ્રભુનાં શરણે રહી શું સારૂં થઈ રહ્યું મનાય?**

ઉ૦- કર્મવશ ખરાબ થતું દેખાય ત્યાં પણ પ્રભુનું શરણું રાખ્યાથી સારું. એ માનવાનું કે,

(૧) મનમાં પ્રભુના શરણભાવથી કેટલાંક કર્મ દબાય છે, તેથી વધારે ખરાબ થતું અટક્યું.

(૨) કર્મવશ થતી ખરાબીમાં ય જો પ્રભુનું શરણું છે,

તો મનને હિંમત રહે છે, સમતાભાવ રહે છે, કર્મની ઓળખ રહેવાથી ખરાબીમાં કર્મકચરા ઓછા થતા આવવાનો આનંદ રહે છે, દુખિયારાપણું નથી લાગતું.

આ શું ઓછું સારું છે? જેને મન પ્રભુનું એકમાત્ર શરણું નથી એ તો બિચારા કર્મનો માર ખાતાં દુખિયારા બન્યા રહે છે, રોતડ રહે છે, પોક મૂકે છે, શોક-ઉદ્વેગથી રિબાય છે. પ્રભુનાં શરણવાળાને એ પોક-રિબામણ નથી એ મહાન સારું તત્ત્વ છે.

(૩) વળી પ્રભુનું શરણું રાખ્યાથી મોટી રાજ્ય-સંપત્તિ શું, કે ધનના ઢગલા શું, મોટા પરિવાર શું, કે ભોગ-સામગ્રી શું, બધું જ નાશવંત પારકું અને જીવને આ વિરાટ વિશ્વમાં અનાથ, નિરાધાર, વિડંબિત બનાવનારું દેખાય છે. એકમાત્ર ભગવાનનું જ શરણું ન લેનાર અને દુનિયાભરનું શરણું લેનારને હકીકતમાં તો આ સંપત્તિ વગેરે અંતે નિરાધાર નિઃશરણ બનાવનારા છે. પરંતુ અજ્ઞાનતા-મૂઢતા વશ એમાં એને શરણું દેખાય છે! એ ખરા આધારભૂત લાગે છે! કેમ જાણે 'એ બધા કાયમી બેસી રહી એને સુખ જ આપશે!' એમ લાગે છે! તેથી અંતે પોક મૂકવી પડે છે. ત્યારે તમે કહેવાના,-

પ્ર૦-પરંતુ જ્યાં સુધી સંપત્તિ વગેરે અનુકૂળ બન્યું રહે ત્યાં સુધી તો એને સારું ને?

ઉ૦-ના, જેને ભગવાનનું શરણું નથી ખપતું એને,-

**સંપત્તિ વગેરે બન્યું રહે એમાં એને એ સંપત્તિ વગેરેની માનસ ગુલામી છે એ સારું નથી.**

એ બધું એને જીવનનું અને સુખનું આધારભૂત લાગે છે; 'એ છે તો હું જીવતો છું, સુખી છું,' એમ મન એના પ્રત્યે ગુલામ જેવું રહે છે. તો ગુલામીમાં સારું શું ? ત્યારે જેણે શરણભૂત એ નહિ, પણ ભગવાન જ માન્યા, એ સંપત્તિ વગેરે રાખ્યા ને ભોગવ્યા છતાં મન એના પ્રત્યે ગુલામડું નહિ રહેવાનું. 'ભલે ને આ બધાય હમણાં સુખ દેખાડે, પણ આ બધા સંપત્તિ-સન્માનાદિ આપમતિ છે, યથેચ્છચારી છે, એમાં મારે શી નિરાંત રાખવાની ? શી ગુલામી સેવવાની ? એમ મન બાદશાહી રહે છે.

**ભગવાનનું શરણું સ્વીકારવામાં આ સારૂં છે, કે સંપત્તિ આદિમાં ગુલામી માનસ નહિ તેથી માનસિક બાદશાહિનું સુખ.**

ઋષિદત્તા આ સમજે છે, તેથી દુભાતા પતિને કહે છે, દુભાઓ શા સારુ ? પ્રભુનાં શરણથી મારે કશું બગડ્યું જ નહોતું. ભગવાનના રુડા પ્રતાપે બધું સારું બની આવ્યું બસ, એકમાત્ર પ્રભુનું શરણું એ જ ખરેખરું છે. એ મળ્યું છે તો કશી દુભાવાની જરૂર નથી.'

## લોક પ્રશંસા અને સ્વાગત :-

કુમારને એથી આશ્વાસન મળ્યું. અહીં જ્યારે દેવોએ પુષ્પવૃષ્ટિ કરાતી ઋષિદત્તા લોકની સમક્ષ પ્રગટ થઈ ત્યારે લોકો એને વધાવતાં અંદર અંદર બોલી રહ્યા છે કે, 'અહો! કુમારની આ પહેલી પત્ની તો દેવસુંદરી જેવી છે. જાણે સ્વર્ગ-માંથી અપ્સરા ઊતરી જોઈ લ્યો! આની આગળ પેલી રુક્-

મિણી તો સુવર્ણની આગળ પિત્તળ જેવી જ લાગે છે! ભાઈ! કુમાર સાહેબનો આવી પત્ની માટે કેમ પક્ષપાત ન હોય? કોણ પુરુષ આવી મધુર આકૃતિવાળી રૂપસુંદરી ખાતર ન મરે?....' આમ લોક પ્રશંસા કરી રહ્યું છે.

કુમારને પણ લાંબા ગાળે રૂપ અને લાવણ્યથી ભરેલી આ પત્ની જોવા મળવા પર નેત્ર એના ઉપર ઠરી ગયાં છે. ઋષિદત્તા પણ કમળ જેવા મુખવાળી પ્રેમથી એને જોઈ રહી છે. રાજા પણ જમાઈના પ્રાણભૂત એ ઋષિદત્તાને જોઈ હર્ષિત થઈ ગયો છે.

હવે રાજા, કુમાર અને ઋષિદત્તાને મોટા હાથીના હોદ્દે બેસાડી મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવે છે. મહેલમાં લઈ જઈને ઋષિદત્તાને મહાન કિંમતી વસ્ત્રો અને ઝવેરાતનાં આભૂષણોથી ગૌરવ અને આગ્રહપૂર્વક સત્કારે છે. ઋષિદત્તાને કલંક ઊતર્યું અને ગુણિયલ પતિની પુનઃપ્રાપ્તિ થઈ એ જ મોટા અલંકાર લાગે છે, એટલે બાહ્ય બીજા દાગીનાની એને જરૂર નથી લાગતી, પરંતુ રાજાના અતિ આગ્રહે એ સ્વીકારવા પડે છે.

## જોગણીને સજા

હવે રાજાની આગળ એના માણસોએ પેલી સુલસા-જોગણીને લાવી ખડી કરી. રાજાને એને જોતાં જ ભારે ગુસ્સો ચડી ગયો. પૂછે છે, 'બોલ શું શું કરેલું?' પેલી માફીની આશાએ બધું કહી દે છે, ને ક્ષમા માગે છે. પણ રાજાના મનને થાય છે કે, 'આવા દેવ-દેવી જેવા કનકરથ અને ઋષિદત્તાને આ પાપિણીએ ગોઝારી હત્યાઓ કરી મહા ક્લેશમાં નાખ્યા? સ્ત્રી જાત છે એટલે વધ કરવા યોગ્ય નહિ તેથી

માણસોને હુકમ કરે છે કે, 'આને હમણાં ને હમણાં લઈ જાઓ અહીંથી, એનાં નાક અને કાન કાપી નાખો, મોઢું કાળું કરો અને ગધડે ચડાવી આખા નગરમાં ફેરવી જંગલમાં કાઢી મૂકો.'

માણસો એ પ્રમાણે કરીને જ્યારે એને ગધેડા પર બેસાડી નગરમાં ફેરવી રહ્યા છે, ત્યારે એને જોઈ લોકોને પણ આકાશવાણીથી એનાં દુશ્ચરિત્રની ખબર પડી ગઈ હોવાથી ભારે ગુસ્સો ચડી ગયો છે, એટલે ઠામ ઠામ એને કોઈ સોટી ફટકારે છે, કોઈ એના પર ઢેફાં-કાંકરા ઠોકે છે, કોઇ પાસે જઈ મુઠ્ઠી ઠોકે છે, નગરમાં પગલે પગલે આ ત્રાસ-વિટંબણા ને તિરસ્કાર વેઠતાં વેઠતાં જોગણીને કેટલું દુઃખ થતુ હશે ? પોતાનાં દુષ્કૃત્યનું ફળ છે, પણ પામર જીવને દુષ્કૃત્ય કરતી વખતે આનો ખ્યાલ જ ક્યાં રહે છે કે મારે પછી આવી કોઈ સજા ભોગવવાની આવશે ત્યારે એ કેમ સહન થશે ?

## પાપ આચરતાં સજાનો ખ્યાલ ખરો ? :-

બોલો, તમે કોઈ દુષ્કૃત્ય કરવામાં પડો, કોઇ જીવને ત્રાસ અપમાન તિરસ્કાર કરો, જુઠ બોલો, વિષયાસક્ત બનો, અનીતિ-અન્યાય-વિશ્વાસઘાત કરો, ત્યારે એનાં ફળરૂપે આવનારી મહા-સજાઓનો ખ્યાલ આવે ?

ઇન્દ્રિયોના ગોઝારા વિષયોમાં કે ધનની ગાઢ લગનમાં પડો યા ક્રોધાદિ કષાયમાં ચકચૂર બનો ત્યારે એનાં ફળરૂપની મોટી ભયંકર સજાનો ખ્યાલ આવે ખરો ? ના, એ વખતે તો અમારા જેવા કદાચ કોઈ ભાવી દુઃખદ ફળ યાદ કરાવે, તો ય મનને

એમ થાય છે કે 'હશે, પડશે ત્યારે દેવાશે,' શું રાખ દેવાશે? સુલસાજોગણીને જે અત્યારે વિટંબણા અને ઘોર ત્રાસ ભોગવવા પડે છે એ શું એનાથી સહન થાય? પડશે ત્યારે શું દેવાશે? બોલવું સહેલું છે, પણ જે વખતે દુઃખ આવી પડે, ત્યારે જીવ ઊંચો નીચો અને ભારે વ્યાકુળ દુખિયારો બની જાય છે. આંગળીના નખ નીચે નાનકડી ફાંસ પેઠી હોય, કે દાઢમાં કળતર ઉપડી હોય, તો ય એ સહન થતી નથી, તો ભારે દુઃખ–ત્રાસ–વિટંબણા શે સહન થાય?

● ● ●

## ૨૦. ત્યાગમાં સુખ:મનની શાતા શ્રેષ્ઠ

માટે જ જ્ઞાનીઓ કહે છે કે, વિષયોની રમત ભૂંડી છે, કષાયના ઉધમાત ભયંકર છે. એના વિપાકમાં આવી પડતા ત્રાસ–રિબામણ વેઠ્યા નથી જતા. માટે વિષયોની રમત છોડો, કષાયના ઉધમાત ન કરો.

વિષય–કષાયના ત્યાગમાં સહવાનું ઓછું છે, નહિવત્ છે, પણ વિષય–કષાયના દારૂણ–વિપાકમાં સહવાનું ભયંકર આવે છે.

### ભોગમાં સુખ નહિ, ત્યાગમાં સુખ કેમ?

ત્યારે, એમ સમજતા નહિ કે, 'વિષયોના રંગરાગમાં પડેલો સુખી છે, ને વિષયોનો ત્યાગ કરી વ્રત–નિયમમાં આવેલો દુખિ-

ચારો છે, શોષાઈ–કરમાઈ જઈ ઉદાસ રહે છે,'–આવું સમજશો નહિ. આ સમજ ખોટી; ભોગીને તો વિહ્વળતા–આતુરતા છે, અને સુખમાં વાંધા આવવાનો ભય છે; એ બધા તો સુખમાં ઝેરનાં કણિયાં છે, દૂધના કટોરામાં લુણના કણ છે. ત્યાં નિર્ભેળ નીતરતો આનંદ શાનો મનાય ? ત્યારે ત્યાગીને વ્રત–નિયમવાળાને તો આમાંનું કશું નહિ, એટલે ભારે આનંદ છે.

## વિજય-વિજયા ક્યાં મસ્ત

બોલો, વિજય શેઠ વિજયા શેઠાણી પરણ્યા બરાબર નિર્મળ બ્રહ્મચર્ય પાળતા હતા ત્યારે એ શોષાઈ જતા હશે ? મસ્ત હશે ? શું બ્રહ્મચર્યના બદલે સંસાર–સુખના લહાવા લુંટતા હોત તો એમાં મસ્ત ગણાત ? મસ્તી ક્યાં અનુભવાય ? ભૂલતા નહિ, બ્રહ્મચર્ય પાળતાં જો મસ્ત બાદશાહ ન હોત, તો માબાપે એ ક્યારેય ઉદાસતા જોઈ પૂછ્યું હોત,–' કેમ ઉદાસ દેખાય છે ? ' પણ એવું બન્યું નથી. માબાપે એમને મસ્ત જીવન જીવતા જ જોયા છે, તેથી એ ભ્રમણા છે કે પુત્ર પુત્રવધુ સંસારસુખમાં લીલા લહેરમાં છે. એમને એમના બ્રહ્મચર્યની ગંધ જ નથી આવી, ખબર જ પડી નથી. એ તો જ્યારે પરદેશથી જિનદાસ શ્રાવકે વિમળ કેવળી ભગવાન પાસેથી જાણી લાવીને આ મા–બાપને કહ્યું કે ' તમારા રત્ન જેવા દીકરો–વહુ તો પરણ્યા બરાબર નિર્મળ બ્રહ્મચર્ય પાળે છે,' ત્યારે એ સાંભળીને આશ્ચર્ય પામી ગયા, ' હેં ? આ ઊગતા કનૈયા કુંવર કુંવરી બ્રહ્મચારી ? '

તપ કરનારા શરીરે ભલે દુબળા પડે, પણ મન એમનાં મસ્ત હોય છે; દુખિયારાં નહિ. મનમાં જરા ય કચવાટ નહિ કે

'હાય ! ખાવાનું રહી જાય છે ! ખાવામાં જે મઝા છે આ તપમાં નહિ;' આવો વિચાર જ નથી આવતો. નહિતર ફરી ફરીને હોંશે હોંશે તપ કરે નહિ. તો પૂછો,–

પ્ર૦–ત્યાગમાં તો છોડવાનું છે, ત્યાં અનંતકાળના વિષય-ભોગના સુખના ટેવાયેલા જીવને સુખ શું ?

ઉ૦–આના જવાબમાં સમજી રાખો કે

**ભોગ કરતાં ત્યાગમાં સુખ એટલા માટે, કે ઇંદ્રિયોની સુખ-શાતા કરતાં મનની શાતા કેઈગુણ ઊંચી છે.**

## વ્યવહારિક દાખલા

મન જો અશાતામાં હોય કશી ચિંતામાં શોકમાં હોય, તો ઇંદ્રિયોને શાતાકારી સારા વિષયસંપર્ક મળવા છતાં પણ જીવને ચેન નથી પડતું. સુખ નથી લાગતું; એવું દુનિયામાં ઘણું જોવા મળે છે,

શિખંડ–પૂરીના ભોજન પર બેઠા હો ને એ જ વખતે પરગામથી દીકરાને ડબલ ન્યુમોનિયા લાગ્યાનો તાર આવે તો શિખંડના સુખ રહે ? કે સુકાઈ જાય ?

માનો કે શેઠ–શેઠાણીને બંગલો છે, મોટર છે, પાસે કેશ –રોકડા લાખો રૂપિયા છે, પરંતુ જો જુવાનજોધ સારો હોશિયાર વિનયી દીકરો ત્રણ દિવસના તાવમાં ઊપડી ગયો તો હવે એ બધું અકારું લાગે છે.

અલબત્ બંગલો રહેવાનો છોડી નથી દેવાતો, બંગલામાં રહેવું પડે છે, મોટર કાઢી નથી નખાતી, મોટરમાં બેસીને

ફરવું પડે છે; એમ સ્વચ્છ પહેરવેશ, ફરનીચર, નોકરો, ઉમદા ભોજન....બધું ભોગવાય છે, અરે ! વિષયસુખ પણ ભોગવાય છે, અરે ! છતાં ક્યાંય દિલને શાતા છે ? ચેન છે ? મઝા આવે છે ? ના, કશું જ નહિ; ત્યાં તો વહાલો ડાહ્યો હોશિયાર છોકરો યાદ આવી આવીને દિલ સળગી રહ્યું હોય છે. ત્યાં આ ઇંદ્રિયોના બહારના સુખ ગોઝારા લાગે છે. શું થયું આ ? ઇંદ્રિયોને શું સારા વિષયોથી શાતા નથી મળતી ? મળે છે પણ એને શું કરવાની ? મનની અશાતા મોટી છે.

**કોઈ ભારે ચિંતા–શોક–ઉદ્વેગની માનસિક અશાતા હોય ત્યાં બાહ્ય વિષયોથી ઇંદ્રિયોને થતી શાતાની કિંમત નથી લાગતી.**

**એથી ઉલ્ટું, કોઈ વાતની માનસિક શાતા ભરપૂર હોય ત્યાં ઇંદ્રિયોની અશાતાની કિંમત નથી લાગતી.**

મન મોટી ચીજ છે. એ જો અશાતામાં–ઉદ્વેગમાં હોય તો એ જાણે વિષયોને ચેલેન્જ કરે છે કે 'તમે ગમે તેવા ઇન્દ્રિય સુખકારી આવો ને, પણ જો જીવને ચેન પડવા દઉં, શાતા લાગવા દઉં, તો મારું નામ કાઢી નાખજો.' મતલબ મન અશાતામાં છે તો બાહ્ય વિષયોથી જીવને ચેન ન પડે. ત્યારે મનની શાતા ચેલેન્જ કરે એમ એમ ઇંદ્રિયોની શાતા મનને ચેલેન્જ નથી કરી શકતી કે 'અમે બેઠા, મન ! તું ગમે તેવા ઉદ્વેગમાં પડે છતાં હું જીવને ચેનમાં રાખું.' ના, ઇંદ્રિયોની મન પર જોહુકમી નહિ. દેખાય જ છે કે કોઈકે ગોઠવેલું સારામાં સારું જમણ જમતાં જીભને ભારે શાતા છે, પરંતુ એ જ વખતે કોઈ કાંઇક અપમાનનું બોલી નાખે, તો પેલી શાતા

ઊભી છતાં જીવનું ચેન ઊડી જાય છે, જીવ આકુળવ્યાકુળ બની જાય છે! કેમ? મન ઉદ્વેગમાં પડ્યું, અશાતામાં પડ્યું.

## મનની શાતા-અશાતાની કિંમત મોટી

માટે જ મનને જો શાતા, તો ઇંદ્રિયોની અશાતાની કિંમત નહિ. સંતોષી ગરીબને જાતમહેનતનો સ્વતંત્ર અને અતિ અલ્પ પાપનો ધંધો જો મનને શાતા આપે છે, તો ઓછી આવકમાં ઇંદ્રિયોને પડતી બીજી અગવડ-અશાતાથી કશું દુઃખ નથી લાગતું. એને તો ઉલટું માનસિક ભારે ચિંતાથી અને અઢળક પાપથી રીબાતા મોટા શ્રીમંતોની દયા આવે છે.

લેબોરેટરીમાં રાત ને દિવસ રીસર્ચ સંશોધન કરનારો એવાં ખાનપાન-રંગરાગ-મોજ કશું નથી ભોગવતો ઉલટું રીસર્ચના રંગમાં રીસર્ચ-ટેબલ આગળ ઊભો ઊભો ટાંટિયા દુખાડે છે ઠંડી-ગરમી ય સહે છે, ભૂખ-તરસ પણ ચલાવી લે છે, સંગીતના સૂરને બદલે કોઈ ઢોરના કર્કશ અવાજ પણ સાંભળી લે છે, છતાં એ બધી અગવડ યાને ઇંદ્રિય-અશાતામાં એને કશું દુઃખ લાગતું નથી; કેમકે મનને રીસર્ચ-સંશોધન થઈ રહ્યાનો ભારે આનંદ છે, ભારે શાતા છે.

**મનની ભારે શાતા આગળ ઇંદ્રિયોની અશાતા ફુલ છે, કશી વિશાતમાં નહિ, કશા લેખામાં નથી.**

માટે જ પેલા રીસર્ચવાળાની જેમ જ્ઞાનીનાં વચન પર શ્રદ્ધાવાળો વ્રતનિયમાદિ દ્વારા ત્યાગ કરે, તપસ્યા કરે, ક્ષમા-નમ્રતા રાખે, પરીસહ-ઉપસર્ગ સહે, એમાં એના મનને પરમ શાન્તિ છે, પરમ શાતા હોય છે. એમાં એને અંતરની રાગાદિ મલીન

વૃત્તિઓનું અને પાપકર્મોનું સંશોધન થઈ રહ્યું દેખાય છે; ને એમ થવામાં આ અનંત કાળથી ભવચક્રમાં ભટકતા જીવને મળેલી મહામોંઘેરી તક સફળ થતી દેખાય છે પછી શું કામ મનને અશાતા થાય ? ત્યાં પછી ઇંદ્રિયોની અશાતા નગણ્ય બની જાય એમાં નવાઇ નથી.

પરદેશ સીઝનના બજારમાં ધંધાર્થે જનારો કેટલીય ભૂખ-તરસ, ટાઢ-તડકા વગેરે કષ્ટ સહન કરી ઇંદ્રિયોની અશાતા અપનાવી રહ્યો હોય છે. છતાં સારી ધન કમાઈ પર મનની શાતા જોરદાર હોવાથી ઇંદ્રિયોની અશાતાને નગણ્ય ગણે છે. શરદી-ન્યુમોનિયાનો દરદી પવન વિનાના ઓરડામાં ઘામ સહે છે. મનગમતાં ભોજન છોડી અણગમતું ખાય છે, પરંતુ આરોગ્ય પ્રાપ્ત થયે જવાની મનની શાતા આગળ ઇંદ્રિયોની અશાતા ચલાવી લે છે. એ બતાવે છે કે માનસિક સુખશાતા મોટી ચીજ એ છે. એ હોય ત્યાં બાહ્ય કષ્ટ છતાં મસ્તી હોય છે બાદશાહી હોય છે.

## ત્યાગ-સંયમ-પરીસહાદિમાં મન મસ્ત શી રીતે રખાય ?

એટલે વાત આ છે કે ઘોર પરીસહ સહે, ઉપસર્ગ સહે, સંયમ બ્રહ્મચર્ય પાળે, ત્યાગ તપસ્યા કરે, વ્રત-નિયમોમાં બંધાય, તથા મહા દાન દે, વગેરેમાં મનને આ ભારે શાતા હોય છે કે,

(૧) એમાં વિષયો પ્રત્યે ગુલામી માનસ નહિ, તેથી માનસિક બાદશાહી છે. વળી

(૨) અનંત-કલ્યાણકારી જિનાજ્ઞાનું આ ભવમાં સુંદર પાલન થઈ રહ્યું છે.

(૩) વિષયોની ગુલામીમાં ઊભી થતી વિહ્‌વળતા–ખણજ–ચિંતા–સંતાપ વગેરેથી બચાય છે,

(૪) પરલોક–ઉપયોગી પુણ્યસંચય એકત્રિત થઇ રહ્યો છે,

(૫) પરલોક બગાડનાર પાપોથી બચાય છે.

આ બધાનો ખ્યાલ મનને મસ્ત રખાવે છે. ત્યાં બાહ્ય-કષ્ટમાં દુબળા પડાતું નથી, શોષાઇ–કરમાઈ જવાતું નથી. પછી મનની આ શાતા કેમ ન ઊભી કરવી ? શા સારું બાહ્ય વિષયોના ગોઝારા સંગથી ઇંદ્રિયોની શાતાના ચટકામાં તણાવું ?

વિષયોના સંગ ગોઝારા ? હા,

**પરલોકના જાલિમ દુઃખ ઊભા કરે અને પરલોકમાં ભયંકર પાપિષ્ઠ જીવન બનાવે માટે વિષયસંગ ગોઝારા ?**

● ● ●

## ૨૧. જોગણ–રુકિમણીની દુર્દશા

પેલી જોગણીને એનો ય વિચાર નહોતો. અને આ જનમમાં કદાચ આવી પડનાર મહાદુઃખનો ય વિચાર નહોતો. પરંતુ એને તો અહીં જ હવે રાજાના માણસો નાકકટ્ટી, કાનકટ્ટી કરીને ગધેડે ચડાવી નગરમાં ફેરવી રહ્યા છે, ત્યારે લોકો ટોણાં–મેણાં, મુક્કી–દંડા–ઢેફા મારી રહ્યા છે. એમ કરતાં અંતે નગર બહાર લઈ જવાઈ. એને જંગલમાં દેશનિકાલ થવું પડયું.

હવે આવ્યો રુકિમણીનો વારો. એનો બાપ સુંદરપાણિ

રાજા મહેલમાં જઈ એને બોલાવીને ફટકારે છે,– ' દુષ્ટા દીકરી ! તેં આ ધંધા કર્યા ? આપણા કુળને કલંકિત કર્યું ? આવી સારી એક મહાન કન્યા ઋષિદત્તાને જોગણી પાસે હત્યારી ઠરાવી ? કુમારને પરણવા માટે આ રાક્ષસી પ્રપંચ ભર્યો અધમાધમ રસ્તો લીધો ? લુચ્ચી ! તું પણ જોગણીના જેવી સજાને લાયક અને દેશવટો દેવા યોગ્ય છે. શું સમજે છે તારા મનમાં ? હમણાં તારા ય નાક–કાન કપાવી મોઢું કાળું કરાવી ગધેડે ચડાવીને નગર આખામાં ફેરવાવું છું અને પછી જંગલમાં કાઢી મુકાવું છું ! ધ્યાન રાખ પાપિણી ! '

રુકિમણી આ સજાની વાત સાંભળતાં ગભરાઈ ઊઠી, જોગણની સજા સાંભળી છે. ગાત્ર ઢીલા થઈ ગયાં, ને અંગ કંપવા લાગ્યું હમણાં જ પિતા માણસોને બોલાવીને સોંપી દેશે એ ભયમાં તરત ઊઠીને પિતાને પગે પડી વિનવે છે,–

## રુકિમણીનો પશ્ચાત્તાપ

' બાપુ ! બાપુ ! માફ કરો, માફ કરો. આપ કહો છો એવી હું દુષ્ટા છું, પાપિણી છું, નાલાયક છું. આનાં ફળ નરકગતિમાં તો મને કેવાંય મળશે. પરંતુ અહીં તો બાપુજી ! મને માફ કરો, મને જીવવાની તક આપો, જેથી હું દુષ્કૃત્ય પાપનાં પ્રાયશ્ચિત અને કાંઈક સારાં સુકૃત આચરી શકું. હું તમારી ગાય છું, મને બચાવો. આંધળા વિષયરસમાં સાંઢણી બનેલી તેથી મેં ગોઝારાં કૃત્ય કરાવ્યાં....કિન્તુ એ કુમાર અને ઋષિદત્તાની મહાનુભાવતાએ હવે મારી સાંઢિયાગીરીને ઉતારી નાખી છે. એટલે પાછી એની એ તમારી ગાય છું. તમારે

પગે પડી પ્રાર્થું છું કે મને માફ કરો, આ સજા ન કરો, અને સારું જીવન જીવવાની તક આપો. બસ, વધારે શું કહું ?'

હવે રાજા જુએ છે કે આણે વિષયાંધતામાં કૃત્ય તો ભયંકર કરી નાખ્યું, પરંતુ ગમે તેમ તો ય ઊંચા ખાનદાનની છે એટલે હવે એને સાચો પશ્ચાતાપ થયો છે, અને જીવન સારું જીવવા ઇચ્છે છે, તો એને તક આપવી. એટલે એને કહે છે,–

## રાજાની દીકરીને ધમકી

'જો, તું સારું જીવન જીવવા ઇચ્છે છે એટલે સજા માફ તો કરું છું. પરંતુ ધ્યાન રાખજે હવે કુમારના સંબંધની આશા રાખીશ નહિ. હું એમને જરાય એ માટે સમજાવવાનો નથી. તારે અહીં જ મહેલમાં પૂરાયા જિંદગી ગાળવાની છે. એમાં જો કયાંક વિષયના ઉન્માદમાં સહેજ પણ આડુંઅવળું કર્યું છે. તો હું ભૂંડો છું એ સમજી લેજે. પછી આથી પણ ભયંકર સજા કરતાં નહિ અચકાઉં. આ મોખ ન હોય તો અત્યારે જ દેશનિકાલ કરી દઉં.' પૂછજો,–

પ્ર૦- આપને દીકરીની દયા ન આવે ?

ઉ૦– દયા આવે પણ ખોટી દયા ન આવે. રાજાએ જે ઋષિદત્તાની વિશેષતા જોઈ છે, એનો ગુણખજાનો જોયો છે, ઉપરાંત એનાં દેવતાઇ સન્માન જોયાં છે, એની સામે એવી ગુણની ખાણ ઋષિદત્તાની પ્રત્યે દીકરીનું ગોઝારું કૃત્ય જાણ્યું છે, એ ઉપર દીકરીની શી દયા આવે ? એ જો કશી સજાનું ન બોલ્યો હોત, ને રુકિમણીને એમ જ પડી રહેવા દીધી

હોત, તો રુકિમણી આ સારું જીવન જીવવાની કબૂલાત કયાં કરવાની હતી ? તેમજ હજી પણ ભારે સજાની તાકિદ ન આપે તો ભવિષ્યને માટે રુકિમણી સાવધાન રહેવાની જોરદાર તકેદારી શી રીતે રાખે ? માટે રાજાની આ નિર્દયતા નથી, સાચી દયા જ છે. અહીં રાજા જુએ છે કે

**ભય વિના પ્રીત નહિ. અકાર્યની ભારે સજાનો માથે ભય હોય તો જ વિષયલોલુપી જીવો અકાર્ય કરતાં અટકે, અને સદ્ આચારની પ્રીત રાખે, એને વળગ્યા રહે.**

આજના છોકરા-છોકરીઓના ઉધમાત કેમ વધી ગયા છે? કારણ કે એને માતા પિતા કે શિક્ષક તરફથી ભય નથી. માબાપ આજના એવા સત્વહીન કે રમકડાના મોહમાં આ રમકડાને હિતનું કહેતા ડરે પછી એ રમકડાને પોતાના હિતની શી પ્રીત થાય ? મા-બાપની ખોટી દયા છે કે સંતાનને ખોટા રસ્તે જતા ધમકાવવા નથી. રાજા એવી ખોટી દયામાં ન પડતાં રુકિમ-ણીને ધધડાવે છે કે, ‘ મહેલમાં એકલી અટુલી સીધી ચાલવું હોય તો રહે, નહિતર હમણાં જ દેશનિકાલ થઈ જા.’

રુકિમણીને બીજો છૂટકો જ નહોતો. બાપને એ પગે પડીને કહે છે.

‘ બાપુજી ! હું ભયંકર પાપિણી છું પણ હવે આપની દયાથી અહીં જ સારું જીવન જીવીશ એની ખાતરી આપું છું. મારે હવે બીજી કાંઈ લાલસા નથી.’

રાજાને ઋષિદત્તા અને કુમાર માટે અથાગ માન ઉપજ્યું છે. તેથી રુકિમણીને દબડાવ્યા પછી હવે કુમાર જયાં જવાની તૈયારી કરે છે ત્યાં એને અટકાવીને કહે છે.

'કુમાર ! એમ કાંઈ એકદમ અમને દુઃખિત મૂકીને જવાય ? મારી દીકરીનાં દુશ્ચરિતથી હું બહુ દુઃખિત છું, અને તમારા એકાએક જવાથી તો દુઃખ વધી જશે. માટે અહીં હમણાં રોકાઈ જાઓ. તમારા જેવા ગુણ-સંપન્નોના સમાગમે મારા દિલને રાહત મળશે.'

**કનકરથનું રોકાણ :—**

રાજાનો બહુ આગ્રહ દેખી કનકરથ રાજકુમાર ત્યાં રોકાઈ જાય છે.

પ્ર૦- રોકાવામાં ધિટ્ટાઈ નહિ ?

ઉ૦- ના એ ઉમદા દિલનો છે એટલે જુએ છે કે, 'હમણાં ને હમણાં અહીંથી જવામાં રાજાને કદાચ લાગે કે આને રીસ ચડી છે, જ્યારે ખરેખર તો રાજા પ્રત્યે મારે રીસ જેવું કાંઈ છે જ નહિ. દીકરા-દીકરી કુલાંગાર પાકે એમાં બાપ શું કરે ? બાપનો શો ગુનો તે મારે એના પર રીસ કરવી ? ઉલ્ટું એ બિચારો દીકરીના પાપથી દુઃખી છે, એમાં મારી રીસ સમજી વધુ દુઃખી થાય. માટે મારે રોકાઈને એના મનને પ્રફુલ્લિત કરવું.'

આમ રાજકુમાર ત્યાં રોકાઈ રાજા સાથે ફોરા મનથી વાતચીત કરે છે, તત્ત્વગોષ્ઠી કરે છે; ને બીજી બાજુ ઋષિદત્તા પર વરસેલી આપદાને મન પર લઈ એના પર વિશેષ હેત સદ્ભાવ-ગુણાનુરાગ દેખાડી, એનું ય મન વધારે છે.

**સજ્જનનાં જીવન જ આવાં કે બીજાનાં દુઃખમાં રાહત આપી એનાં મન વધારવા તરફ દૃષ્ટિ રહ્યા કરે.**

'ના, હું તો મારૂં જ ફોડી લઉં, બીજાના દુઃખમાં રાહત આપવા હું ક્યાં નવરો છું? સૌ સૌનું ફોડી લે, હું મારું સંભાળું,' આ દૃષ્ટિ હોય ત્યાં સજ્જનતા શી આવી? એવું જાતનું ફોડી લેવાનું તો કાગડા-કૂતરા ય કરે છે. બીજાનું દુઃખ દેખી દિલ ન પીગળે? પીગળેલા દિલમાં સામાને શક્ય હોય ત્યાં રાહત આપવાનું મન ન થાય? પણ જીવનમાં આ દૃષ્ટિ જ ન બાંધી મૂકી હોય એટલે બીજાનાં દુઃખ જોઈ પીગળવાની અને એને રાહત આપવાનું મન થવાની વાતે ય શી?

વિચારજો જીવન કઈ દૃષ્ટિ બાંધીને જીવો છો? ઉમદા દૃષ્ટિ કે પશુસુલભ ક્ષુદ્ર સ્વાર્થમાત્રની દૃષ્ટિ? સ્વાર્થમાત્રની દૃષ્ટિ તો એવી ભયંકર છે કે ક્યારેક કદાચ એવી દૃષ્ટિવાળો બીજાની મદદે જતો હોય, સેવાનું કામ કરતો હોય, તો ય એ જોશે કે, 'આમાં મને શું મળે?' સંભળાય છે ને આજે કે દુષ્કાળ પૂર રાહતના માલમાંથી પણ ચાંઉ કરનારા છે? મંદિર-ઉપાશ્રયમાં દાન કરીને ય જાતની અમર તકતી કાયમી નામ ત્યાં ખોસી ઘાલનારા છે ને? 'લાવને બે પૈસા દેવા દે ને? મારું નામ ત્યાં કાયમ માટે કોતરાઈ જાય છે ને?' આ કેવી શુદ્ર દૃષ્ટિ? ઉમદા **દૃષ્ટિવાળો તો એ જુએ કે મારે કશો સ્વાર્થ બદલામાં ન સધાતાં હું કેવળ શુદ્ધ નીતરતી સેવા સહાય-પરમાર્થ-પરોપકાર કમાઉં.**

કનકરથ રાજકુમાર આ ઉમદા દૃષ્ટિથી કોઈ પણ જાતના સ્વાર્થ વિના સસરા રાજાના દિલને પ્રફુલ્લિત કરી રહ્યો છે, તેમજ બીજી બાજુ ઋષિદત્તાને પણ વિશેષ હેત-સદ્ભાવ દાખવી રહ્યો છે-હવે આનો લાભ એકવાર ઋષિદત્તા ઉઠાવે છે, તે પણ ઉમદા દૃષ્ટિથી હોં.

## ૨૨. ઉન્નતિની ચાવી : ઉપાદેયનું જ લક્ષ

પ્રસંગ એવો બને છે કે કુમાર ઋષિદત્તાને કહે છે, 'દેવી ! તમારા મિલનથી બધું રુડું બની આવ્યું, પરંતુ મારા મિત્રયોગિરાજ ગયા એ મોટી ખોટ પડી. દૈવની પાસે એ ગયા તે ગયા, પાછા ફરી આવ્યા જ નહિ. ખરેખર ! એમના જવાથી આ પૃથ્વી અંધકારમય બની ગઈ; કેમકે એ પરોપકાર–પરસેવામાં એ ઉદ્યમી હતા અને ગુણસંપત્તિના ધામ હતા. જગત માટે એ દીવા જેવા હતા. એમને જોઈને જગતને પરોપકાર અને ગુણસંપદાની પ્રેરણાનો પ્રકાશ મળતો હતો. આજે એ અદૃશ્ય થવાથી સાચે જ જગતને અંધારૂં થયું.'

કુમાર એમ જ સમજી રહ્યો છે કે, ' પેલા યોગિરાજે વિદ્યાના બળથી ઋષિદત્તાને અહીં હાજર તો કરી, પરંતુ પોતે અદૃશ્ય થઈ ગયા,' કુમારને અંશે ય ખ્યાલ નથી કે યોગિરાજ ખરેખર કોણ હતા ? પરંતુ હવે એને જ્યારે એમના વિયોગનું દુઃખ લાગી રહ્યું છે ત્યારે ઋષિદત્તા એ દુઃખ ટાળવા ભ્રમ ભાંગે છે.

**ઋષિદત્તા ભ્રમ ભાંગે છે :–**

ઋષિદત્તા મહાસતી કહે છે–' નાથ ! યોગિરાજ કોઈ જુદી વ્યક્તિ નહિ, પણ હું પોતે જ હતી; ને આ સ્ત્રીપણામાંથી પુરૂષપણે રહી શકવા પાછળ સાન્ત્રિક વનસ્પતિનો પ્રભાવ કામ કરી રહ્યો હતો. મોતની સજા પામીને હું મસાણમાં ખડી કરાઈ ! મારા પર શસ્ત્ર ઉગામાયા ! એ જોતાં જ ગભરાટમાં મને મૂર્છા આવી ગઇ, ધબાક પડી નીચે; ને સદ્‌ભાગ્યે મારાઓ મને મરેલી સમ-

જ્યા હશે, તે મને એમજ છોડીને ચાલી ગયા. ભાનમાં આવતાં મેં પરિસ્થિતિ કલ્પી લીધી, પછી ચાલીને મૂળ આશ્રમે પહોંચી ગઈ. શીલની રક્ષાર્થે વનસ્પતિના ઉપયોગથી પુરુષવેશે એક યોગી તરીકે ત્યાં ભગવાન ઋષભદેવની ભકિત કરતી બેઠી. પછી તો તમે આવ્યા, ને શું બન્યું તે જાણો જ છો.'

કનકરથ આ સાંભળતાં સ્તબ્ધ થઈ જાય છે કે 'અહો! ત્યારે આ પોતે જ યોગિરાજ? ને યોગિરાજમાં જે વિશેષતાઓ જોઈ તે ખરેખર ઋષિદત્તામાં જ ભરેલી છે? તો શું હું આટલું બધું ઉચ્ચ કોટિનું નારીરત્ન પામ્યો છું?'

કુમાર કહે છે,–' અહો તમે પોતે જ યોગિરાજ? તો તો તમારા જેવા મને જીવનસાથી મળવાથી મારા ભાગ્યની અવધિ નથી. ખરેખર હું ધન્ય બન્યો છું. તમે ન હોત તો મારા પ્રાણ ક્યાં બચવાના હતા? અને તમારા જેવા મહાન ગુણભંડાર સાથે છતાં મારે શી કમીના રહેવાની?' કુમારનું હૃદય આભારના ધબકારા લઈ રહ્યું છે. એમાં આંખ ભીની થઈ જાય છે.

માંત્રિક વનસ્પતિ–ઔષધીના બળે સ્ત્રીમાંથી પુરુષ બનવાની વાત આજના અશ્રદ્ધાના યુગમાં કદાચ મગજમાં ન બેસે; પરંતુ વિદ્યા-મંત્રો અને જડીબુટ્ટીઓનો અચિંત્ય પ્રભાવ હોય છે એ એક હકીકત છે, ને ભારતના ખૂણેખાંચરે કોઈક કોઈક એવી એના જાણકાર અને પ્રભાવ દર્શાવનારી વ્યકિત સાંભળવા મળે પણ છે. છતાં આજની બીજી રીતરસમોથી સ્ત્રીપણું છૂપાવી રાખી એક યોગિપુરુષ તરીકે કામચલાઉ દેખાવ રાખી સમય પસાર કરવાનું અશકય નથી. એના પર પછીથી ઋષિદત્તાના

જીવનમાં બનેલી ઘટનાઓ બનવી અસંભવિત નથી. સ્ત્રીમાંથી પુરુષનું અંગ બને કે નહિ? એ જોવા કરતાં જોવા જેવું આ છે કે ઋષિદત્તાએ યોગિરાજના વેશમાં કેટલી કમાલ કરી? કેવી અસાધારણ ધીરજ અને કુનેહ દાખવી?

**અશ્રદ્ધાના ખોટા પ્રશ્ન કરવા કરતાં જીવનમાં શકય અને અત્યંત ઉપાદેય આદરવા જેવી બાબતો પર જ ધ્યાન દેવા જેવું છે, જેથી આપણા જીવનમાં કાંઇક પામી શકીએ.**

'રામાયણના પ્રસંગો કાંઇ બનવાજોગ છે? એ તો માત્ર કવિની કલ્પનાકથા છે,'–એમ આજના અશ્રદ્ધાળુ માનસના રામાયણ પર અસત્યતાના આરોપ અંગે એક જૈનેતર વિદ્વાને લખેલું કે, 'માનો ને રામાયણની કથા કાલ્પનિક છે છતાં એ તો જુઓ કે એણે ભારતની પ્રજામાં પવિત્ર ઉચ્ચ સંસ્કૃતિ ઘડવામાં કેટલો બધો ફાળો આપ્યો છે? આર્ય પ્રજાને આદર્શ પુત્ર, આદર્શ પત્ની, આદર્શ ભાઈ, આદર્શ સેવક, આદર્શ સ્વામી... વગેરેનાં કેટલાં સુંદર કર્તવ્ય શિખવાડચા છે. આમાં શું ખોટું થયું? રામાયણનો આ જબરદસ્ત ઉપકાર જોવાનું બાજુએ રાખી એમાં અતિ ટૂંકી ને છીછરી બુદ્ધિનાં શકય–અશકય વગેરે ચેડાં કાઢવા સૂઝે છે? શ્રદ્ધાળુ તો જીવન-સુધાર માટે રામાયણથી ઘણું પામી જશે, પણ તમે ચેડાં કાઢીને તમારા જીવનમાં શું પામી જશો? ને ભોળાને ઉભગાવીને શું પામવા દેશો?'

ઋષિદત્તા જંગલમાં મૂકાયા પછી જે જે વર્તી છે, જે જે બોલી છે, એ ઘણું ઘણું શીખવી જાય છે. જીવનમાં પારંગતતાનું

મિથ્યા અભિમાન બાજુએ રાખી સારું શીખવાની જેને નમ્રતા સાથે તમન્ના છે, એને તો બહુ બહુ શીખવા મળે એમ છે. પરંતુ આજથી સો–એક વરસ પૂર્વે થયેલ કવિ મોહનવિજય કહે છે,

'પ્રભુ! અંતરજામી જીવન પ્રાણાધાર જો,
વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો.'

અર્થાત્ પ્રભુ! આપ તો અમને અમારા અંતરમાં વસી જાઓ એવા પ્રાણના આધારરૂપ મળ્યા, કિન્તુ આપની ઉપાસના કરવા આડે, અરે! આપની ઓળખ પડવા આડે આજે કળિ-યુગના કલ્પનામાં ન આવે એવા વિષમ વાયરા વાઇ રહ્યા છે. વાયરા એવા કે જીવને કુતર્ક અને નિરર્થક ચિંતામાં જીવને એવો ચડાવી દે કે પરમાત્માની ઓળખ અને શુદ્ધ ઉપાસના કરી શકવાના મળેલા આ ઉત્તમોત્તમ ભવમાં ય એ કરવા તરફ મનનું ધ્યાન જ ન જવા દે.

**જગતનું ડહાપણ ડહોળવામાં અને મિથ્યાભિમાનની સને-પાતિયા પ્રવૃત્તિ કરવામાં પરમાત્માને ઓળખવા–ચિંતવવા-ધ્યાવવા તરફ લક્ષ જ શાનું જાય? તો ઓળખ વિનાની ઉપા-સના ય કેવી મુડદાલ?**

બોલો પ્રભુને ઓળખો છો? 'પ્રભુ એવા તે કેવા છે કે એમની ચાપલુસી આપણે કરવી જોઈએ? પ્રભુમાં એવું તે શું છે કે એમને આપણે ભજવા જ જોઈએ? પ્રભુમાં જે છે તે શું આપણા જીવનમાં ઉતારવા લાયક છે?' આવો બધો વિચાર કરવાની ફુરસદ જ નથી; કેમકે જગતનો વહીવંચો અને મિથ્યા-ભિમાની બન્યા રહેવું છે. જગતની વહી વાંચતા રહેવું છે, 'આણે

શું કર્યું? પેલો શું કરે છે? ઓલ્યો કેમ આવો છે? પણે શું બન્યું?....' વગેરેમાં જ જીવન વહેતું રાખવું છે. તેમજ મિથ્યાભિમાન એવું કે હિતકર શાસ્ત્રોની વાત આવે ત્યારે આ આમ કેમ બને? ને પેલું બનવામાં પ્રમાણ શું?....જાણે પોતે મહા તાર્કિક ભેજાવાળો! પ્રમાણ–પુરાવા–તર્ક–દલીલ–સંભવિતતા–અસંભવિતતા વગેરેનો વિચાર કરવામાં પોતાના આત્માના હિતનો વિચાર જ ન મળે. પરમાત્મા શું કરીને પરમ શુદ્ધ આત્મા બન્યા એ તરફ લક્ષ જ ન જાય. કલિકાળના વિષમ વાયરાનો આ પ્રભાવ છે.

**અશ્રદ્ધા અને કુતર્ક કરવાનું મિથ્યાભિમાન ન હોય અને જગતના વહીવંચા બની પરચિંતામાં ડુબ્યા રહેવાનું ન હોય તો જ સ્વાત્મહિતની અને પરમાત્માને ઓળખવાની ચિંતા બની રહે**

● ● ●

## ૨૩. ઋષિદત્તાનું જીવનગણિત અને ઉદારતા.

ઋષિદત્તાનાં જીવનમાંથી સ્વાત્મહિતની સારી પ્રેરણા મળે એવી છે, એટલી બધી એનામાં વિશેષતાઓ હતી, અને હજી પણ જુઓ વિશેષ પ્રેરણા કેવા અદ્ભુત ગુણની મળે છે. પતિ કનકરથ એની વિશેષતાઓમાં મુગ્ધ બન્યો એનો આભાર અનુભવી રહ્યો છે એ વખતે અવસર જાણીને ઋષિદત્તા એને કહે છે,-

'નાથ! પૂર્વે આપે મને વરદાન આપેલું તેનું મારે માગ-

વાનું બાકી છે, એ યાદ છે આપને ?'

કુમાર કહે 'હાં, યાદ છે મને. જરૂર માગો. કહો તે કરવા તૈયાર છું.'

ઋષિદત્તા બોલી, ' તો સ્વામી ! મારી એક જ માગણી છે કે આપ ગઇ ગુજરી ભૂલી જાઓ અને રુમિક્ણીને અપનાવી લઈ મારા જેવી જ એને ગણો. આટલી મારા પર મહેરબાની કરો.'

ઋષિદત્તાની આ માગણી પર કુમાર વળી વિશેષ મુગ્ધ થઈ ચોંકી ઊઠે છે ! એના મનને એમ થાય છે કે 'અરે ! આ ભયંકર દુશ્મન બનેલી રુકિમણી પર આટલી બધી દયાળુ બને છે ? સ્ત્રી તો સ્વભાવે કરીને વક્ર કુટિલ ક્ષુદ્ર સ્વાર્થી હોય, ત્યારે આ બાઈ કલ્પવૃક્ષની વેલડી જેવી સર્વનું હિત કરનારી છે ! કયાં દોષોની ખાણુસમું સ્ત્રીપણું ? ને કયાં આનામાં સ્ત્રીપણું છતાં મરદને ય દુર્લભ એવું સ્વચ્છ સ્ફટિકશું દિલ અને સર્વહિતકર સ્વભાવ ?'

કુમાર ઋષિદત્તાને પ્રગટ કહે છે, 'દેવી ! આ તમે શું માગી રહ્યા છો ? કોના માટે માગી રહ્યા છો ? જેણે તમારું કાસળ કાઢી નાખવાનું કહેલું, જેણે મને શોકની આગમાં બળતો મૂકેલો, એને તમારી સાથે બેસાડવાની વાત કરો છો ? ફરીથી તમારે એના તરફથી આપત્તિ વહોરવી છે ?'

ઋષિદત્તા કહે, ' સ્વામિન્ ! એવી શંકા ન કરો. એણે બિચારીએ આપણને પહેલાં ઓળખેલા નહિ, એટલે એ ભૂલાવામાં પડી. પણ હવે તો એને આપણી ઓળખ પડી ગઇ, એટલે હવે

ભૂલ ન કરે. ગમે તેમ તોય એ ઊંચા ખાનદાનનું ફરજંદ છે, અને એક વાર કરેલી ભૂલમાં ભારે પછાડ ખાધી છે, તેથી એને ભારે શિખામણ વળી ગઈ હોય. એ શું હવે ભૂલ કરે ? બાકી આપણે આપણાં કષ્ટ યાદ રાખી ગાંઠ વાળી રાખવાની ન હોય.

ગાંઠ વાળી રાખવામાં આપણને જે અધ્યવસાયની વિશુદ્ધિ ન મળે એ ક્ષમાના માર્ગે જવામાં મળે.

ગુણસ્થાનકની ઊંચી પરિણતિની આડે ગાંઠ તો શિલા જેવી છે એ પરિણતિમાં આગળ વધવા ન દે.

માત્ર સામાની દયા ખાતર જ નહિ, પરંતુ આપણું મન ફોરું બને, ને આપણી પરિણતિ વધુ વિશુદ્ધ બને એ માટે પણ આપણે ક્ષમાપનાની ઉદારતા કરવી જરૂરી છે.

નાથ ! આપ તો આ બધું સમજો જ છો. એટલે કશી શંકા રાખ્યા વિના રુક્મિણીને અપનાવી લો.'

ઋષિદત્તા મહાસતીનું જીવનગણિત વિચારવા જેવું છે.

આ ઊંચા ભવમાં જીવનગણિત શું ? જીવન કયા ગણિત પર યાને કેવા હિસાબ માંડીને જીવવાનું હોય, એ વિચારવાનું પાયામાં જરૂરી છે.

મૂળ પાયો જ જીવન માટે રોંગ મેથેમેટિકસ્ ખોટા હિસાબ-લેખાંનો માંડી મૂકયો હોય છે તેથી જીવનમાં ઊંધી ભાવનાઓ અને અવળાં વેતરણ ચાલે છે.

'થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ' આ હિસાબ માંડી મૂકયો હોય એટલે પછી સામાની જરાક માયા કે અભિમાન પર આપણને માયા–અભિમાનની લાગણી ઊભી થાય છે,

અને સામાનું બીજું સારું ભૂલી જઈ એના પ્રત્યે માયા-મદ-ભરી બોલચાલનાં વેતરણ આદરાય છે.

એનાં બદલે જો હિસાબ એ માંડી મૂક્યો હોય કે,–

'સામાનો વૈર-વિરોધ હજી ય મટે તો આપણા પ્રેમ-વાત્સલ્ય-સહાનુભૂતિથીજ મટે, પણ નહિ કે આપણા વૈરવિરોધથી.

સામાની દુર્જનતા હજી ય મટે તો આપણી સજ્જનતાથી મટે, પણ નહિ કે આપણી દુર્જનતાથી.'

જો આ હિસાબ માંડી રાખ્યો હોય તો આપણા દિલમાં ભાવના પ્રેમ-વાત્સલ્ય-સહાનુભૂતિની ચાલે, લાગણી સજ્જનતાની રખાય, ને પછી બોલ પણ એવા અને વર્તાવ પણ એવા કરાય. મૂળ પાયો જીવનગણિતનો, જીવન માટેના હિસાબ-ધોરણની માંડણીનો છે.

**આજના મંદવાડ ખોટા જીવનગણિત પર :–**

આજ ઘણા માણસોએ આ હિસાબ માંડી મૂક્યો હોય છે કે, ' સારૂં સારૂં ખાઈએ તો તગડા રહીએ.' એટલે પછી લેશ્યા ચોંટ એ તરફ, અને પ્રવૃત્તિ ખાવા મળેલું નહિ છોડવા તરફ. એનું પરિણામ દેખો છો કે આજે દવાખાના દરદીઓથી ઊભરાય છે. દવાઓની બોટલો ઘર ઘર જોવા મળે છે. શું કરમથી માંદા પડાય છે કે ઊંધા વેતરણથી ? એ વેતરણ શાના ઉપર ? કહો, ખોટા હિસાબ માંડી મૂકવા પર.

પરંતુ જો હિસાબ એ માંડેલો હોય કે, ' સારું પચાવીએ તો સુખી નીરોગી રહીએ,' તો સામે ખાવાનું કેવું સારું છે

એ ન જોવાય, પણ મને પચે શું, અને પચે કેટલું, એનો વિચાર રહે. એ વિચારણા પર પચવા યોગ્ય વસ્તુ અને પચવા યોગ્ય પ્રમાણ જ લેવાય. પછી મંદવાડ શાનો આવે? આજે આવા ય માણસો છે જે મહિનાઓ અને વરસો સુધી તંદુરસ્તી જાળવી રાખે છે; પણ તે આ 'સારું ખાવાનું એ સારું નહિ, પણ પચે એ સારું કહેવાય,' એવા હિસાબ માંડી રાખવા પર.

જીવન જીવવાનો પાયો હિસાબ કેવા માંડી મૂકાય છે એ છે, હિસાબ ભૌતિક અને ઈંદ્રિયોની તુષ્ટિ–પુષ્ટિના તથા ક્રોધાદિ કષાયની આવશ્યકતાના માંડ્યા, તો જીવન પાપમય જીવાવાનું. એથી ઉલ્ટું, હિસાબ જો આધ્યાત્મિક માંડ્યા, ઈંદ્રિય–સંયમના અને ક્ષમાદિ ગુણોની આવશ્યકતાના માંડ્યા, તો જીવન ધર્મપ્રધાન તથા સંયમ અને ક્ષમાદિ ગુણ–કમાઈનું જીવાશે.

'જીવ્યા કરતાં જોયું ભલું' આ હિસાબ ઈંદ્રિયની તુષ્ટિ-પુષ્ટિનો છે. પછી એવા હિસાબવાળો જગતનું જે કાંઇ જોવા–સાંભળવા મળી આવે એ જોવાનું સાંભળવાનું શું કામ બાકી રાખે?

**પ્ર૦–તો શું જગતનું જોવામાં બગડે છે?**

**ઉ૦–હા, જોયાનું ઝેર છે.**

**એ જોયા પર રાગ–દ્વેષ ઊભા થાય છે.**

ચાહીને ઉદ્યાન જોવામાં રાગથી મન મલકે છે, ઉકરડો જોતાં નાક મચકોડાય છે, દ્વેષ–અરુચિ ઘૃણા થાય છે. બજારની એક લટાર મારી આવો એમાં જોજો કે કેટલીવાર રાગ–દ્વેષ થયા? સારું જોયું તો રાગ થશે, જરૂરી લાગશે, શક્તિ છતે ખરીદવાનું

મન થશે, શક્તિ ન હોયે મન દીન બનશે કે, 'અરે! આ ખરીદવા આપણું ભાગ્ય નહિ!' જગતનું ન જોયું હોત તો આ કશી ભાંજગડ નહિ, માટે જોયાનું ઝેર છે. પરસ્ત્રી જોવા ગયા તો કામરાગ ઊછળવાનો. ત્યારે જો એ સામે આવી છતાં દૃષ્ટિ નીચી જ રાખી ચાહીને ધરાર ન જોઈ, તો એવા ઝેરી રાગથી બચી જવાના.

માટે જ આધ્યાત્મિક હિસાબ આ છે કે જેમ ન બોલ્યામાં નવ ગુણ, એમ જગતનું ન જોયામાં નેવું ગુણ.

## જગતનું જુઓ કે રુઓ.

(૧) જગતનું જોતાં રાગ દ્વેષ થાય, હિંસા-આરંભસમારંભ જૂઠ-ચોરી આદિના વિચાર આવે. આજના એવી ધીકતી કમાઈવાળા ઓફિસરો અને શ્રીમંતોને જોઈને એવી કમાઈ અને અનીતિ આદિના વિચાર આવે છે ને?

(૨) વળી 'જગતનું જુઓ ને રુઓ' આ, કે એ જોવામાં પડચા એટલે ભગવાનને ભૂલવાનું થશે, પોતાના આત્માને અને ધર્મને ભૂલવાનું થશે. દેવ-ગુરુ-ધર્મની આરાધનાની છતી સામગ્રી અને છતો સમય છતાં આરાધના નહિ થાય. સવારે છાપું વાંચવાનો રસ છે એટલે પ્રભુનાં સ્તોત્ર કે ધર્મનું પુસ્તક વાંચવાનું ગુમાવાય છે. સાંજે રેડિયો કે ગામગેઝેટ સાંભળવું છે એટલે પ્રતિક્રમણ શાનું થાય?

ત્યારે, જો આધ્યાત્મિક હિસાબ માંડી મૂકયો હોય, કે 'જગતનું ન જોયામાં નેવું ગુણ, તો આત્માનો ઘણી રીતે બચાવ થાય;' તો એ હિસાબ પર પછી સાવધાની રહે, અને કેટલીય

ખોટી પ્રવૃત્તિથી બચી જવાય, ખોટા ખર્ચથી બચી જવાય, ખોટી વિચારણાઓ-લાગણીઓ અને દુર્ધ્યાનથી બચી જવાય. આજ સિનેમા ટી. વી. વગેરે પાછળ કેટકેટલી બરબાદી ઊભી થઈ છે? કેમ એનો રસ? કહો, હિસાબ ખોટો માંડયો છે કે 'જીવ્યા કરતાં જોયું ભલું' આ જીવનગણિત મારનારું છે.

**એમ, જીવનમાં કષાયોની આવશ્યકતાનો ખોટો હિસાબ માંડી મૂકયા પર,**

પછીથી ક્રોધ-અભિમાન પ્રપંચ-લોભ વગેરેનો પાર નથી રહેતો. એથી ઉલ્ટું, જો ક્ષમાદિ ગુણોની અત્યંત જરૂરિયાતનો હિસાબ માંડી રાખ્યો હોય, તો મોકે મોકે એ ક્ષમાદિ ઝળકાવવાનો પ્રયત્ન રહે. જેવી તક મળે એ પ્રમાણે ક્ષમા-સમતા રખાય, નમ્રતા-લઘુતા દાખવાય, સરળતા-નિખાલસતા રખાય, ત્યાગ-નિસ્પૃહતા-સંતોષ જળવાય. માટે ભૂલશો નહિ,

**આત્માની પરિણતિ એ ક્ષમાદિ ગુણોથી સુધરે, પણ ક્રોધાદિ કષાયોથી નહિ.**

તો આ જીવનમાં જો પરિણતિ સુધાર્યા વિના જીવન પૂરું કરીએ, તો એ કેટલી મોટી નુકસાની? કેવી મૂર્ખતા અને મૂઢતા! એવું મૂઢ મૂર્ખતાભર્યું જીવન ન જીવાય માટે તો સારા શ્રાવકે બને તેટલા કષાયો અને પાપોથી બચે છે, મોજશોખથી બચે છે, ફજુલ વાતોચીતો-વિકથા-કુથલીથી આઘા રહે છે, સમજે છે કે આ બધામાં આત્માની પરિણતિ સુધરવાની વાત તો દૂર, ઉલ્ટું પરિણતિ બગાડવાનું થાય.

ઋષિદત્તાનું જીવનગણિત આ છે કે,-

**'માનવ જીવન આત્માની પરિણતિ સુધારવા માટે છે.'**

તેથી એ કુમાર પતિને કહી રહી છે કે "રુક્મિણીની ગઈ ગુજરી ભૂલી જાઓ અને એને અપનાવી લો. કેમકે એમાં એનું ભલું થશે એ વાત તો પછી છે; પરંતુ પહેલું તો આપણે ગાંઠ છોડી નાખીને એને ક્ષમા આપવાની ઉદારતા કરવામાં આપણી ચિત્ત-પરિણતિ સુધરે એ આપણું મહાન ભલું છે. નક્કર ભલું છે. પછી કદાચ આપણા તેવા કર્મસંજોગે કાંક વેઠવાનું ય આવે, તો ય આ પરિણતિ સુધારવાનો ઊભો કરેલો લાભ તો આત્માના ચોપડે અંકિત થઈ જ ગયેલો છે. એ મિથ્યા ન થાય." કેટલું બધું સુંદર જીવનગણિત!"

**પરોપકાર કરવાનો તે પણ પહેલું તો આપણી ચિત્ત-પરિણતિ સુધારવા માટે, યાને આપણા ભલા માટે.**

આ જીવનગણિત એટલે કે જીવનભર ઊભું રાખવાનું ગણિત. એમાં પરોપકાર અંગે ય જો એમ, તો પોતાની દુનિયાદારીની પ્રવૃત્તિ અને ધર્મપ્રવૃત્તિમાં તો આત્મ-પરિણતિ ચિત્ત-પરિણામ-મનોવલણ સુધારતા જવાનું જ ગણિત જીવનભર ઊભું રાખવાનું હોય, એમાં પૂછવાનું જ શું?

શું બાળપણ, યુવાની કે ઘડપણ, બધે જ આ હિસાબ કે મારે જીવવાનું છે તે પરિણતિ સુધારવા માટે જીવવાનું છે. કોઈ પૂછે,

**જીવો છો શા માટે? તો જવાબ આ, કે પરિણતિ સુધારવા માટે.**

આ ધોરણ આ હિસાબ નક્કી કરી રાખો, સતત મન પર

રાખો, પછી જુઓ કે ખાનમાં પાનમાં બોલમાં રહન-સહનમાં ધંધામાં વ્યવહારમાં બધે જ પરિણુતિ ન બગડવા દેવાની લગન રહેશે, સાવધાની રહેશે, પ્રયત્ન રહેશે.

આ ગણિત નથી માંડી મૂક્યું એના જ વાંધા છે. તેથી સાંસારિક જીવન તો કલુષિત જીવાય છે, પણ ધર્મસાધનામાં ય શુદ્ધ ધર્મ નથી આરાધાતો. દાન કરીને માન જોઈએ છે; એમાં માનકષાય અને લોભકષાય પોષાય એટલે બોલો, એમાં ચિત્તની પરિણુતિ બગાડી? કે સુધારી?

સાધુને પણ જો વિદ્વાન થઈ માત્ર નામી વ્યાખ્યાતા થવું છે, પ્રખ્યાત પરોપદેશક થવું છે, તો એમાં પોતાની પરિણુતિ સુધારવાનું લક્ષ ક્યાં રહ્યું? 'ના, બીજાનું ભલું કરવું એ ધ્યાન છે;' પણ અલ્યા! તારું તો જો. તારે તારી પરિણુતિ સુધારતા રહેવાનું કાર્ય કાંઈ બાકી છે? એ તો જો. જો બાકી લાગતું હશે, તો પરને વ્યાખ્યાન કરતાં પણ પોતાની પરિણુતિ સુધારતા જવાનું કામ પહેલું ચાલુ રહેશે.

માટે તો શાસ્ત્ર કહે છે, પરોપદેશથી પરને લાભ ન પણ થાય છતાં,

**'ब्रुवतोऽनुग्रहबुद्धया वक्तुस्त्वेकान्ततो हितं भवति।'**

ઉપકારબુદ્ધિથી ઉપદેશ કરનારને તો એકાન્તે લાભ થાય છે-શુદ્ધ ઉપકારબુદ્ધિ છે એટલે પોતાને માન-સન્માનાદિ કમાઈ લેવાનો કોઇ ઉદ્દેશ નથી. પોતાને જિનવચનરાગ, જિનાજ્ઞાપાલન વગેરેની ધગશ છે, એથી પોતાની પરિણુતિ સુધરતી આવે છે.

● ● ●

## ૨૪. જૈનજીવન જડના લાભ માટે નહિ

ઋષિદત્તાએ વરદાનનું માગવા સાથે જે તત્ત્વ ખુલ્લું કર્યું, એથી રાજકુમાર એની સમજાવટ પર સ્તબ્ધ થઇ મુગ્ધ થઈ જાય છે! અને એને કહે છે, 'દેવિ! તમારું વચન પ્રમાણ હો. તમો માગો છો તો મારાથી ના પડાય નહિ; પરંતુ તમારા લાભનું કાંઈ માગ્યું નથી?'

ઋષિદત્તા કહે, 'આ મારે ઓછા લાભનું છે? લાભની બાહ્ય વસ્તુ તો મળેલી આજે છે ને કાલે નથી. તેમ એ કાંઈ આત્માનું ભલું કરતી નથી. ત્યારે આંતરિક લાભની વસ્તુ તો મળેલી આત્માની એક મૂડી બની જાય છે. રુકિમણી પર દયા કરવામાં આ લાભ છે કે એના આત્માને સમાધિ મળે, દુર્ધ્યાન અટકે, અને પછી ઉન્નતિના રાહે ચડવા ઉલ્લસિત થાય. દિલમાં જો અસમાધિની આગ સળગતી હોય તો ઉન્નતિનો રાહ શું સૂઝે? એટલે રુકિમણી બિચારી આપની કૃપા પામીને સ્વસ્થ ચિત્તવાળી બને અને આત્મહિત સાધે, એ ક્યાં ઓછો લાભ છે? એમાં નિમિત્ત બનવામાં આપણને પણ મહાન લાભ જ છે.

વિશેષમાં પહેલાં કહ્યું તેમ આપણા દિલમાં સામાને ક્ષમા આપવાની, દયા કરવાની જે પરિણતિ જાગે એ મહાન આંતરિક લાભની વસ્તુ છે. એ તો આત્માની મૂડી બને છે, જે પરભવે સાથે ચાલી વિશેષ ઊંચી પરિણતિ કમાવી આપી શકે છે. આ લાભ કેટલો બધો જબરદસ્ત લાભ કહેવાય!

માટે આ જ મારો ખરો લાભ સમજી આપ રુકિમણીને શીઘ્ર અપનાવી લો.'

ઋષિદત્તાની આ લાભની દૃષ્ટિ ખાસ સમજવા જેવી અને ધ્યાન પર લેવા જેવી છે.

**જડ પદાર્થોના મોહમાં એટલા બધા તણાવા જેવું નથી કે જેથી આત્માના પરિણતિ સુધારાના મહાન લાભને સરાસર વિસરી જઈએ.**

આ ઉચ્ચ જીવન જડના લાભ માટે નહિ, પણ આત્માના લાભ માટે છે, એ ભૂલશો નહિ. ગુસ્સો કરીને સામા પર પ્રભાવ પાડી દેવો, સત્તા જમાવી દેવી, એ જેમ એક લાભની વસ્તુ લાગે છે, એમ આ જુઓ કે ગુસ્સો ન કરતાં ક્ષમા રાખવી, દયા–ઉદારતા કરવી, એ પણ એક મહાન લાભની વસ્તુ છે. અલબત્ એમાં આત્માને ગુણનો લાભ છે; પરંતુ એ જડ સત્તા–પ્રભાવના લાભ કરતાં કેઈગુણા ઊંચા લાભની વસ્તુ છે. શા માટે ઉતાવળા થઈ ગુસ્સો કરો? મનને સમજાવો કે, 'શું જીવનમાં જડનો જ લાભ જોવા જેવો છે? ક્ષમાદિ ગુણના અભ્યાસનો અને એથી નિર્મળ પરિણતિનો મહાન લાભ જોવા જેવો નથી? એ લાભ પામવા જેવો નથી?

લોભ કર્યો ને પૈસા લેવા ગયા. પુણ્ય હોય તો પૈસાનો લાભ મળી તો જાય; પરંતુ શું એમ કરી પુણ્ય વટાવી નાખવાનો જ લાભ લેવા જેવો? ને એમ ન કરતાં પુણ્ય સંઘરી રાખવાનો લાભ લેવા જેવો નથી? એમ (૨) લોભનો ભાવ દબાવી સંતોષના ઉમદાભાવનો લાભ કમાવવા જેવો નથી? વળી (૩) લોભ દબાવવાથી એની ધંધાદિની પ્રવૃત્તિ ન કરીએ એટલો સમય ધર્મધ્યાનમાં ગાળી શકીએ એ મહાન લાભ પણ લેવા

જેવો નથી? તેમજ (૪) લોભ અટકાવી ધંધો ન વધાર્યો એમાં ધંધાનિમિત્તના સાચા–જૂઠા, આરંભ–સમારંભ વગેરે પાપોથી બચાય એ પણ ક્યાં ઓછો લાભ છે?

**જૈન ધર્મ પામ્યા પછી એકલા જડના લાભ પાછળ પાગલ થવાનું?**

**જૈન જીવન એટલે જડના લાભનું જીવન નહિ.**

પર્વતિથિના દિવસે પણ મેવા–મિઠાઈ ન છોડવા એમાં મનગમતા ટેસ્ટના લાભ જુઓ છો, પણ પર્વતિથિએ એનો ત્યાગ રાખો તો એ મહાન આત્મિક લાભ છે, સત્ત્વ ખીલવાનો લાભ છે, એ શું કામ ભૂલો? જૈન જીવન તો આત્મહિતના મહાન લાભનું જીવન હોય; નહિતર તો એ જનજીવન બની જાય.

મળે એટલા રસ ભોગવવાનો લાભ લઈ લેવો એ તો જનજીવન છે. ત્યારે, ત્યાગ–સંયમ–નિસ્પૃહતાનો લાભ ઉઠાવતા રહેવું એ જૈનજીવન કહેવાય.

સારા પૈસા કમાયા એને સંઘરી રાખ્યા કે જાતસુખમાં ઉડાવ્યા એ જનજીવન છે, જનસમાજ એવું જીવન જીવે જ છે. કમાયેલામાંથી ધર્મ ખાતે ખરચો એ જૈનજીવનની બલિહારી છે.

ઋષિદત્તા એ કહી રહી છે કે રુક્મિણીને અપનાવી લેવામાં આપણને મળેલી પુણ્યશક્તિ દયા–ક્ષમા–ઉદારતાના માર્ગે ખરચવાનો મહાન આત્મિક લાભ મળે છે.

કનકરથ કહે, 'બહુ સરસ તમારી વાત. એમ જ કરવાનું એટલું ખરું કે તમારામાં અને એનામાં મોટું અંતર દેખાય છે.'

ઋષિદત્તા કહે,–'સ્વામી ! એમ વિચારીને શું કરશો ? આપણા જ હાથની પાંચ આંગળીઓ પણ ક્યાં એક સરખી છે ? છતાં એ દરેક આંગળીનું અલગ અલગ કાર્ય છે, અલગ મહત્ત્વ છે. માટે દેખીતી તરતમતા પર હતાશ થવાની કોઈ જરૂર નથી. ઉલ્ટું

**વસ્તુ-વસ્તુનું જો આગવું મહત્ત્વ જ જોઇએ તો મન પ્રસન્ન પ્રફુલ્લિત રહે છે. તરતમતા જોવામાં તો મન વ્યથામાં પડે.**

ઋષિદત્તાનું આ તત્ત્વજ્ઞાન આજના વિષમ કાળમાં મનને પ્રસન્ન રાખવા બહુ ઉપયોગી છે. 'આજ મોંઘવારી બહુ, પૂર્વે કેટલું બધું સસ્તું હતું ?' આમ વિચારી વિચારી માણસ ફોગટ દુઃખી થાય છે શું કામ આવી તરતમતાનો વિચાર કરવો ? એ વિચારવાથી શું પરિસ્થિતિ સુધરી જાય છે ? ના, એ તો આપણાં કર્માનુસાર ચાલવાની. માટે એવી તરતમતાના બદલે જો આજના *કાળનું–પરિસ્થિતિનું કશું મહત્ત્વ શોધી કાઢી એના* પર દૃષ્ટિ રાખીએ તો મન પ્રસન્ન રહે.

**શું આજની પરિસ્થિતિમાં કશું મહત્ત્વ છુપાયેલું નથી ?**

જરાક ઠરીને વિચારશો તો દેખાશે કે આજની પરિસ્થિતિમાં પણ આ મહત્ત્વ છે, કે–

(૧) સસ્તીવારીમાં જે બહુ રંગરાગની મનને છૂટ રહેતી હતી, તેના પર મોંઘવારીમાં કાપ પડે છે, મન પર અંકુશ આવે છે, સંયમ કરવાનું થાય છે. તો કાયાની સગવડ ખોઇને મનને સંયમનો લાભ થતો હોય એ શું વધાવી લેવા જેવું નથી ?

(૨) વળી આજની પરિસ્થિતિ ભલભલાના અભિમાનને નીચે ઉતારે એવી છે. મૂઢ માણસની વાત જુદી; પણ સમજદાર માણસ તો જોઇ શકે છે કે પહેલા કરતાં આજે ચારે કોર એવી

સ્થિતિ ઊભી થઈ છે કે ભલભલાના હાથ હેઠા પડે. ન ગમતા કેટલાય નિયંત્રણ છે! ગુમાન ક્યાં રહે ?

(૩) વળી જુઓ કે આજની પરિસ્થિયિ પર ધર્મી જીવને સાવધાની આવે છે કે માઝા બહાર વણસતા આજના સંયોગોમાં તને કશું શરણ બચાવ મળે એમ નથી. શરણ એકમાત્ર દેવ-ગુરુ-ધર્મનું માટે એ શરણું લે; વિચાર કે, 'પ્રભુ! આજે કાંઈ સૂઝ પડે એવું નથી. તેથી હું તો આપનો જ આધાર માનું છું. આપ જ તારણહાર છો. મારી મતિ કામ નથી કરતી. મારે આપનો જ સહારો છે. મને સદ્બુદ્ધિ આપ્યા કરો.' આમ દેવાધિદેવનું સદ્ગુરુનું અને ધર્મનું જ શરણું સુઝાડે એવી આજની પરિસ્થિતિનું મહત્ત્વ નહિ ?

'**પોઝીટીવ આઉટલુક**' વિધેયાત્મક દૃષ્ટિથી જોવાની જરૂર છે. તરતમતા જોઈ જોઈ હૈયું બાળવાથી શો લાભ? આજના સંયોગોમાં છૂપાયેલાં મહત્ત્વ તરફ દૃષ્ટિ રાખીએ તો મન નિરાશ ન થાય, પ્રસન્ન રહે. એવું આપણાં જીવનને સ્પર્શતી અનેક બાબતોમાં તેનું મહત્ત્વ જોતા રહેવાથી મન પ્રસન્ન રહે છે. દા. ત. ઘરવાળાનો સ્વભાવ તીખો છે કે છોકરો અભિમાની છે, પણ એનામાં બીજુ કાંઈ સારું નથી? મહત્ત્વ નથી ? એની કદર કરો ને, તો સુખે જીવી શકશો.

ઋષિદત્તા આ કહી રહી છે કે રુકિમણી અને મારામાં અંતર જોઈને શું કરશો ? એમાં મન હતાશ થશે. અને એના કરતાં એનામાં ય જે મહત્ત્વ છે એ શોધી કાઢો, અને એના પર દૃષ્ટિ રાખી પ્રસન્ન રહો. એનામાં કાંઈક મહત્ત્વ જોવાથી મારામાં જે મહત્ત્વ આપને દેખાતું હશે એ કાંઇ ઊડી જવાનું નથી.

રાજકુમાર કનકરથ કબૂલ કરે છે. 'તમારી વાત સાચી છે. ખરું તત્ત્વજ્ઞાન તમે આપ્યું! હવે એમ કરો, તમે જ એના પિતા પાસે જઇ વાત કરીને એને બોલાવી લાવો. મારી પૂર્ણ ખુશી છે, એમ કહેજો.'

ઋષિદત્તાને આનંદ થઇ ગયો. એ ઊપડી રુકિમણીના પિતા રાજા પાસે; પ્રણામ કરીને કહે છે–

'બાપુ! આપને અમારી એક વિનંતિ છે,–રુક્મિણીને મોકલો અમારી સાથે રહેવા. અમે બંનેએ મંત્રણા કરીને નક્કી કર્યું છે કે એને પણ અમારી સાથે પ્રેમથી રાખવી.'

રાજા આ સાંભળી સ્તબ્ધ થઈ જાય છે કે, 'આ શું કહે છે! આવી મારી દુષ્ટ દીકરીને આમંત્રે છે? તે પણ મારા તરફથી કશી વિનંતિ વિના?'

ઋષિદત્તાને કહે, 'દીકરી! આ તું શું બોલે છે? એટલી બધી દુષ્ટતા કરનારીને તમારી સાથે રાખવી છે?'

ઋષિદત્તા કહે, 'કેમ? વારુ એમાં શો વાંધો? માણસ છે, તે કોઈવાર ભૂલ પણ થઈ જાય. પણ તેથી શું એ જીવ હંમેશ માટે નાલાયક બની જાય છે? ના ભૂલ થયાથી તો હવે એને નક્કર સારું જીવવાનો નિર્ધાર થયો હોય–'

રાજા કહે, 'પણ એને એના ગોઝરા દુષ્કૃત્યની સજા મળી?'

● ● ●

## ૨૫. ઋષિદત્તાની અમૃતવાણી :-

આ જવાબ કરે છે,–"બાપુ! સજા ઓછી મળી છે? દેવ-વાણીએ આટલું દુષ્કૃત્ય જાહેર થયું, લોકમાં એની બિચારીની ભારે હીલના થઈ, બહાર દુનિયાને મોઢું બતાવવા જેવું ન રહ્યું, આ ક્યાં ઓછી સજા છે? અને મહારાજા! સજા એ તો આપણે શી કરીએ? સજા તો કર્મસત્તા ભારે કરે છે. કર્મના દંડ જેવા ભારે દંડ કોણ દઈ શકે છે? નરકમાં દુષ્ટ પરમાધામી પણ જે ત્રાસ નથી આપી શકતા એવા ત્રાસ કર્મ જીવને ત્યાં ભયંકર ગરમી, અસ્ત્રા જેવી ભૂમિ, ભયંકર ભૂખની વેદના, ભૂખ પર ખાવાની ઇચ્છા થતાં શરીરમાં સંક્રમતા પુદ્ગલોથી ઊભી થતી અવર્ણનીય લ્હાયો,.... વગેરે વગેરે આપે છે. બેફામ રિબામણ કર્મ આપે છે.

આવા કર્મના જાલિમ દંડની સામે આપણે તો એ જાલિમ કર્મપીડાથી પીડિત જીવની દયા કરવા જેવી છે.

આવા ઉચ્ચ માનવ ભવમાં આપણું એ અહોભાગ્ય હોય કે આપણને દયા કરવાની સુંદર તક મળે, ને આપણે કર્મ-પીડિત જીવોની દયા કરીએ. આપણે પોતે પણ કર્મથી બંધાયેલા જ છીએ ને? એમાં આપણને તેવી જાલિમ કર્મપીડા વખતે શું દયાની અપેક્ષા નથી રહેતી કે, 'આપણા પર કોઈ દયા કરે?'

પરંતુ બીજાને આપણે દયાથી ઠાર્યા વિના આપણે ઠરવાનું ક્યાંથી મળે? માટે બાપુ! **કર્મપીડિત એવા આપણું કામ**

**બીજા કર્મપીડિત જીવોને દંડવાનું નહિ પણ દયાથી તારવાનું છે.**

તેથી આપ જરાય હવે શંકા ન રાખો કે રુકિમણી વળી કાંઈક અજુગતું કરે.

આપને તો ખરેખર ધન્યવાદ ઘટે છે કે આપ આપની પોતાની દીકરીના ખોટા મોહમાં ને ખોટા પક્ષપાતમાં નથી પડયા. હવે અમો બંનેની આપના ચરણે નમ્ર વિનંતિ છે કે આપ રુકિમણી પર દયા કરો, અને અમને એને અપનાવી લઇ એના પર હેત વરસાવવાની તક આપો.

ઋષિદત્તાની આ હૃદયની અમૃતવાણી સાંભળી રાજા ગદ્‌ગદ થઈ ગયો. ' અહો ! કેવું ઊંચું ને ઉમદા આ તત્ત્વજ્ઞાન !

**-દંડ તો કર્મ દે છે, આપણે દંડ શું દઇએ ? આપણે તો દયા જ કરવાની. દયા કરીએ તો ભવિષ્યમાં આપણને પોતાને કર્મપીડા વખતે દયા મળે.**

કેવું સુંદર તત્ત્વવિજ્ઞાન ! ઘોર અપરાધીને પણ એના અપરાધ ભૂલી વહાલથી અપનાવી લેવાની કેવી જબરદસ્ત ઉદારતા ! એક સ્ત્રીજાત ઋષિદત્તા, એના પોતાના પર ઘોર જુલ્મ ગુજરાવનારી રુકિમણી ઉપર એની આટલી બધી ઉદારતા ?' એ વિચારતાં વિચારતાં રાજાની આંખમાં પાણી આવી ગયાં. ઋષિદત્તાને કહે છે,–

' અહો ! અહો ! અહીં તમો બંનેનું અને એમાંય વિશેષ

તમારું કેટલું બધું ઊંચું ઉદાર ઉમદા દિલ ! તમે તો મને પણ જીવન–પાઠ ભણાવ્યો ! ધન્ય ભાગ્ય મારાં કે આવા તમારા જેવા સગા મળ્યા, જાઓ ખુશીથી રુકિમણીને લઈ જાઓ.'

**રુક્મિણી ગદ્ગદ બને છે. :-**

એમ કહીને રાજાએ રુકિમણીને બોલાવી, અને એને ઋષિદત્તાએ કહેલી બધી વાત સંભળાવી.

રુકિમણી પણ એ તત્ત્વવિજ્ઞાન અને ઋષિદત્તાની એટલી બધી ઉદારતા જોઈ સ્તબ્ધ થઈ ગઈ! ઊભી થઈને એ ઋષિદત્તાના ચરણમાં માથું મૂકીને હાથ જોડી ગદ્ગદ સ્વરે કહે છે-

'મોટી બેન ! મારા જેવી ભારે અધમાધમ પર આટલી બધી તમારી દયા ? આટલું બધું હેત ? આટલી બધી ક્ષમા ? રે મારાં પાપ તો એટલા બધા નીચ નરકગતિદાયી છે કે મારા સામે જોવાનું પણ ન હોય; છતાં એની જગ્યાએ મને સાથે રાખવાની મહાન દયા કરો છો આપનો કેટલો ઉપકાર માનું ?' બોલતી બોલતી આંખમાંથી આંસુ સારે છે.

ઋષિદત્તા એને ઉઠાડીને છાતી સાથે ભેટી કહે છે, 'મારી વહાલી બેન ! તુ મનમાં કશું લાવીશ નહિ. ગઇ ગુજરી તું ભૂલી જા. નવેસરથી મહાન જીવન જીવવાનો સંકલ્પ કર.

**આપણે હજી જીવંત છીએ તે મહાન બનવા માટે જીવતા છીએ એ હંમેશા ધ્યાનમાં રાખ.**

**મહાન બનવા માટે સારૂં કરવાનું રહી ગયાનો ખેદ ન કરતાં હવે મહાનતાના ઉપાયમાં લાગવું જોઇએ.**

પડ, પિતાજીના પગમાં પડ, એમનો અતુલ ઉપકાર માન કે તને એમણે ઉત્તમ સંસ્કારધન આપ્યું છે, અને હવે તને ક્ષમા આપી મહાન બનવાની તક આપે છે.'

રુક્મિણી પિતાના પગમાં પડી ઉપકાર માને છે.

રાજા એને આશીર્વાદ આપે છે કે 'તારું ભાગ્ય ચડિયાતું છે કે તને આવા ઉદારમનસ્ક મહાન પતિ કનકરથ રાજકુમાર અને આવી મહામના ગુણિયલ બેન ઋષિદત્તા મળ્યા છે. તું એમની કૃપાથી ઉત્તમ જીવન જીવ અને મહાન થજે.'

રુક્મિણીને લઇને ઋષિદત્તા મુકામે આવી. રુક્મિણી પતિ કુમારના પગમાં પડી આંખમાં આંસુ સાથે ક્ષમા માગે છે, અને ખૂબ જ ઉપકાર માને છે કે 'મારા જેવી અધમાધમ સ્ત્રી ઉપર આપ આટલી બધી દયા કરો છો!'

કુમાર એને કહે છે, 'આ બધો પ્રતાપ આ તારી મોટી બેનનો છે કે જે જંગલમાં ઊછરેલી છતાં શહેરીને ટપી જાય એવા વિવેક-વિનય-સત્ત્વ અને ઉદારતાદિ મહાન ગુણોને ધરનારી છે. તું એના જીવનને આદર્શ બનાવી જીવન જીવજે.'

ઋષિદત્તાની ઉચ્ચકોટિની વિચારસરણી અને ઉમદા વર્તાવ ઉપર આખું વાતાવરણ પલટાઈ ગયું. બંને સાથે થોડો વખત ત્યાં રહી કુમાર હવે દેશ તરફ જવા તૈયારી કરે છે. સસરાએ રોકવા ખૂબ આગ્રહ કર્યો, પણ કુમાર 'પોતાના પિતાજી હવે ચિંતા કરતા હશે માટે જવું જોઇએ' એમ સમજાવીને ઋષિદત્તા રુક્મિણી અને રસાલા સાથે દેશ ભણી પ્રયાણ કરે છે.

સસરાએ પોતાની દીકરી પરણાવી છે. ઉપરાંત એને જમાઈ કનકરથ અને ઋષિદત્તાની અદ્દભુત મહાન વિશેષતાઓ જોઈ એમના પર અત્યંત આદરભાવ જાગ્યો છે, તેથી લગ્ન દાયજામાં, આગ્રહથી મોટો સરંજામ ભેટ કરે છે તેમજ મોટું લહાવ–લશ્કર વળાવામાં ઠેઠ ઘરે સુધી કુમારને પહોંચાડવા મોકલે છે. ! એટલે હવે કાફલો ને વૈભવ વધી ગયા છે.

**ગુણનાં સત્કાર-સન્માન ગજબનાં હોય છેઃ માયાનાં સન્માન તો કુદરતનાં ગણિતમાં લાંબા ન પહોંચે :–**

માણસ ગુણ વિના માયાજાળથી સારું સન્માન લેવા જાય છે, ત્યાં કદાચ પૂર્વનું સારું પુણ્ય હોય તો ઘડીભર દેખાય કે સારાં સન્માન મળ્યાં, પરંતુ કુદરતના ચોક્કસ ગણિતમાં એ લાંબુ ક્યાં પહોંચે ? એવા માયાવી માણસ લોકના દિલની અંદર સારું સદ્ધર સ્થાન નથી પામી શકતા કે જે સરળ ગુણસંપન્ન પુરુષો પામી શકે છે. ફટાટોપિયો માયાવી છોકરો માબાપના દિલમાં જે સ્થાન નહિ પામે, એ સરળ ગુણસંપન્ન પુત્ર પામશે. સેવાભાવી પણ માયાવી નોકર સમજુ શેઠનું દિલ નહિ આવર્જે, જે ગુણિયલ નોકર આવર્જશે. વાચાળ અને અસંયમી સાધુ લોકના હૃદયનાં અંતસ્તલમાં નહિ બિરાજે, જે સંયમી સાધુ બિરાજશે. કોરા ભાષણ કરનાર નેતાઓનું આજે લોકના દિલમાં કેટલું ને કયું સારું સ્થાન છે? ત્યારે ઓછું બોલનાર પણ ગુણસંપન્ન નેકી નિસ્પૃહી કાર્યકર લોક–દિલના ઉંડાણમાં ઊતરી જાય છે. જુઓ કનકરથ અને ઋષિદત્તા સારી ગુણસમૃદ્ધિના લીધે લોકના અને ઠેઠ રાજાના દિલમાં ઊંડે અંકાઈ ગયા છે. તો હજી આગળ જુઓ કે હવે એ પોતાના

પિતાના-સસરાના તથા પ્રજાના દિલમાં કેવું સ્થાન પામે છે.

કાફલો ઉપડયો કનકરથની નગરી તરફ. રસ્તામાં જ્યાં જ્યાં જિનમંદિરો આવે છે, ત્યાં ત્યાં પ્રભુની ધામધુમથી ભક્તિ કરે છે. પૂજાના ઊંચા સામાન, સારા ગવૈયા-વાજિંત્રકારો વગેરે સાથે છે, એટલે જિનભક્તિમાં શી કમીના રહે ? એથી જનતામાં સુંદર શાસનપ્રભાવના થતી જાય છે. ગામગામ ધર્મસ્થાનોના ઉદ્ધારની જોગવાઈ, ગરીબોને દાન, સાધર્મિકોનાં સન્માન વગેરે પણ ચાલુ છે.

**સંપત્તિનો જિનભક્તિ અને આવા બધા સુકૃતો સિવાય બીજો શો સદુપયોગ છે ?**

● ● ●

## ૨૬. કનકરથ પોતાના નગરમાં :-

અંતે કનકરથ રાજપુત્ર મોટા રસાલા સાથે પોતાના નગરની નજીક પહોંચ્યો. ત્યાં આગળથી જ માણસોએ જઈને એના પિતા રાજાને કુમાર પધારવાની ઝટ વધામણી આપી છે; એટલે રાજા એનું મોટું સામૈયું સજાવી સામે આવે છે. અહીં તો રાજાએ પોતે પૂર્વે પ્રમાણમાં કુમારની સાથે ગણતરીનું લહાવ-લશ્કર મોકલેલ, એની જગાએ હવે બહુ મોટા લહાવ-લશ્કરની સાથે કુમારને આવતો જોઇ રાજા હર્ષઘેલો થઈ જાય છે, મનને

આશ્ચર્ય સાથે થાય છે કે 'વાહ! શું કુમારનું પરાક્રમ!' કુમાર નજીક આવતાં પિતાના ચરણમાં ભક્તિથી ઝૂકી પડી નમસ્કાર કરે છે. પિતા તરત એને ઉઠાડી છાતીસરસો ચાંપી માથે ચુંબન કરે છે. ઊછળતા હેતથી આંખ ભીની થાય છે, કહે છે,–

'કુમાર! ભારે પરાક્રમ કરી આવ્યા?'

કુમાર કહે,–'બાપુ! એ બધો આપનો પ્રતાપ છે.'

કુમારને એની બે પત્ની સાથે મોટા હાથીના હોદ્દે બેસાડી નગરમાં પ્રવેશ કરાવે છે. સામૈયું મોટું ચડ્યું છે. માનવ–મહેરામણ ઊલટ્યો છે. નગર આખાને લોકોએ તથા રાજપુરુષોએ શણગારી દીધું છે. અટારીએ અટારીએ ચડી ચડીને લોક સામૈયું જુએ છે. એમાં ખાસ કરીને કુમાર અને એની પત્નીઓને જોવા માટે તલપાપડ, તે એ દૃષ્ટિએ ચડતાં ચકિત થઈ જાય છે કે આ તે માનવલોકના વાસી કે દેવલોકના? જે પ્રસંગોમાંથી એ ત્રણ જે રીતે પસાર થઈને આવ્યા છે, એણે એમનાં નૂર વધારી દીધાં છે.

## આફતમાં કેવા રહેવું? :-

માણસ આફત વખતે

(૧) નિખાલસ પવિત્ર દિલ રાખે,

(૨) કશું અજુગતું ન કરી બેસાય એ માટે ધૈર્ય રાખે,

(૩) બીજાને બિલકુલ દોષ ન દેતાં, બીજાની લેશ માત્ર હલકાઈ ન જુએ, પણ

(૪) પોતાના ગત જન્મનાં કે આ જન્મનાં દોષ–ભૂલ–દુષ્કૃત્યનો જ વાંક જુએ, હલકાઈ જુએ; અને

(૫) એકમાત્ર પરમાત્માનું શરણું રાખે,

તો ભારે આફતમાંથી બહાર નીકળતાં, ભઠ્ઠીમાંથી જેમ સોનું શુદ્ધ સો ટચના નૂરવાળું થઈને નીકળે, એમ માણસ પણ શુદ્ધ નૂરવાળો થઈને નીકળે. કહો,– આ પરિણામ તરફ જોઈએ તો આફતમાં શી ગભરામણ થાય ?

લોકોના અપૂર્વ હરખ ઉત્સાહ અને સ્વાગત–વધામણાં પૂર્વક નગરમાં લહાવ–લશ્કર સાથે ફરીને હવે કુમાર મહેલમાં આવી પહોંચે છે. ત્યાં પિતા હેમરથરાજા પુત્ર કનકરથને એકાંતમાં પૂછે,–'કુમાર ! ઋષિદત્તા જીવંત શી રીતે ?'

## રુક્મિણિનો સસરા આગળ ઈકરાર :–

ત્યાં રુકિમણિએ તરત અવસર જોયો તે ઊઠીને સસરાના પગમાં પડી પ્રણામ કરીને પછી હાથ જોડીને કહે છે, 'બાપુ ઋષિદત્તાબેન તો તદ્દન નિર્દોષ હતા, તે નિર્દોષતાના પ્રભાવે મૃત્યુ પામેલા નહિ, પણ માત્ર મૂર્છિત થઈ નીચે પડેલા, ને મારાઓ એમને મરેલા સમજી છોડી ગયેલા ! એટલે એ જીવંત જ હોય ને ?' એમ કહી પછી રુકિમણીએ પોતે સુલસા જોગણી દ્વારા કરાવેલ પ્રપંચથી માંડીને પોતાની અને કુમાર પાસેથી જાણેલી અત્યાર સુધીની બધી વિગત કહી સંભળાવી.

આ સાંભળીને રાજા ક્યાં ઉભો રહે ? કેમકે આમાં તો ઋષિદત્તાનું મોટા ધૈર્યથી યોગિરાજ બનવું. કુમારનું એના તરફ આકર્ષાવું, પછી રુક્મિણી સાથેના લગ્ન બાદ રુક્મિણીએ કુમાર આગળ ખુલ્લા કરેલા પ્રપંચ પર કુમારનું ઋષિદત્તાના વિયોગે ચિતામાં પડી બળી મરવા માટે જવું, યોગિરાજે એને બચાવી

લેવો, પછીથી ઋષિદત્તાના પ્રગટ થવા પર દેવતાઈ પુષ્પવૃષ્ટિ થવી, આકાશવાણીથી રુક્મિણી અને સુલસાજોગણીના પ્રપંચનો ભેદ ખુલ્લો થવો, રુક્મિણીનો એના પિતા તરફથી તિરસ્કાર થવો, અને જોગણીને દેશનિકાલ મળવો, ઋષિદત્તાએ રુક્મિણીને અપનાવી લેવાની કરેલી ઉદારતા,....વગેરે અવનવી હકીકતો રાજાને સાંભળવા મળી.

એમાં ખાસ કરીને ઋષિદત્તાનું મહાસતીત્વ મહાગુણ સંપત્તિ; ભવ્ય નિર્દોષતા ને દેવસન્માન જાણી રાજાનું ઋષિદત્તા પર હૈયું ભારે ઓવારી જવા સાથે પોતે એને કલંકિત જાહેર કરી કરેલ મૃત્યુદંડ સુધીની ભયંકર ભૂલ પર એ ભારે ખેદ અનુભવવા લાગ્યો. તરત ઊઠીને ઋષિદત્તાની ક્ષમા માગે છે.

ઋષિદત્તા હાથ જોડીને કહે, 'બાપુ ! આપને ક્ષમા માગવાની હોય નહિ. આપે મારું કશું બગાડયું નથી, મારું તો મારા પૂર્વભવના કર્મે બગાડેલું. મારાં કોઇ એવા પૂર્વજન્મનાં દુષ્કૃત્ય હશે કે જેથી ઊભા થયેલ અશુભ કર્મના ઉદયે આવી પીડા આવી ! માટે આપે કશી ક્ષમા માગવાની હોય નહિ. આપે તો મને આશીર્વાદ આપવા જોઇએ.'

રાજા કહે, 'વાત સાચી, પણ મેં ઉતાવળાપણાથી જે ભયંકર સાહસ કર્યું અને તમને ખોટા બેઆબરૂ કર્યા અને ખોટો મૃત્યુ સુધીનો દંડ દેવાની બુદ્ધિ કરી, એ મારી ભયંકર ભૂલ હતી. ખેર ! તમે તમારા મહાન ગુણોની સમૃદ્ધિ અને સતીત્વપણાથી ઝળકી રહ્યા છો એથી, અને કુમારને ચિતામાં પડી બળી જતો અટકાવી કિંમતી જીવતદાન આપ્યું એથી, તમારા જેવા

પુત્રવધુ મને મળવા પર હું મહાગૌરવ અનુભવું છું. તમે અખંડ સૌભાગ્યવંતા રહી મહાસુખસમૃદ્ધિ અને ઉન્નતિ પામો એમ હું હૃદયથી ઈચ્છું છું.'

રુક્મિણી કહે 'બાપુ! અમને પણ આશીર્વાદ આપો,'

રાજા એને પણ કહે છે,–'ભાગ્યવતી! તમારી ય ઉત્તમતા કેવી કે અહીં તમે જાતે તમારી દુર્ઘટના મને કહી સંભળાવી, તેમ હવે તમે નવેસરથી સુંદર જીવન જીવવાના ભારે ઉલ્લાસ ઉત્સાહને ધરાવો છો.! તમે પણ અખંડ સૌભાગ્ય સાથે મહાસુખસમૃદ્ધિ અનુભવતાં મહાન ઉન્નતિ પામો, એમ હું ઈચ્છું છું,

બંને જણ 'તથાસ્તુ. આપનો મહાન ઉપકાર' કહી આશીર્વાદ ઝીલતાં રાજાને પ્રણામ કરે છે. ત્યારે રાજા એમને 'સુખી થાઓ, સુખી થાઓ' એમ કહી વાત્સલ્ય વરસાવે છે. એમને પછી વિદાય કર્યા.

અહીં સુધી બધું સુખરૂપ પતી ગયું, પરંતુ હવે રાજા હેમરથ વિચારમાં ચડે છે કે, 'અહો! સંસારની કેવી અવનવી વિચિત્ર ઘટનાઓ! ને કેવી એ અણુચિંતી આવે! કેવા એ કલ્પના બહારના પ્રસંગો ઊભા કરે! આ સંસાર? ત્યારે જીવે શું જોઈને આવા ચિત્રવિચિત્ર સર્જનારા કુટિલ સંસારના ભરોસે રહેવું? આમાં આત્માનું શું ભલું થાય? સંસારની ગડમથલ તો જગતના અનંતાનંત જીવો કરી જ રહ્યા છે. પણ એમાં એમનું શું ભલું થાય છે? જનમ–મરણ જનમ–મરણ ચાલ્યા જ કરે છે! એમાં બીજી કેટકેટલી ખરાબીઓ ચાલ્યા કરે છે! કેવો આ સંસાર!

## ૨૭. સંસારવનમાં કષાયોની આગ :-

સંસારમાં બે મોટાં પાપ, વિષય અને કષાય; અર્થ અને કામ. એમાં લોભાદિ કષાયોની આગો સળગતી જ રહે છે. એ દિલમાં ખળભળાટ કરી જ મૂકે છે. માણસને લોભ નથી જાગ્યો ત્યાં સુધી એ સ્વસ્થ હોય; પરંતુ જ્યાં અર્થનો એટલે કે સુખ-સાધન–પૈસાટકા પરિવાર માન સન્માનનો લોભ જાગ્યો કે હૈયામાં સળવળાટ થવા માંડે છે. વનમાં દાવાનળ લાગે એટલે તડફડાટ, ધુમાડો, તાપ વગેરે શરુ થાય, એમ દિલમાં લોભ જાગે ત્યાં 'આમ કરું ? તેમ કરું ?....' વગેરે તડફડાટ શરુ થાય છે; 'કેમ મળશે ? ક્યાંથી મળશે ? મળશે કે નહિ ?....' વગેરે ચિંતા આશા–નિરાશાનો ભારે ધુમાડો પ્રસરવા માંડે છે. દિલમાં ખેદ સંતાપનો તાપ ઊભો થાય છે. મળવા પહેલાં ય સંતાપ, ને મળ્યા પછી ય 'એ બરાબર સચવાય, ને એમાં ઓછાશ ન થાય તો સારું, બગડે નહિ તો સારું....'વગેરે વગેરે રાગના ઘરના સંતાપ થવા લાગે છે.

જેવું લોભકષાયમાં, એવું કામ–ક્રોધ અભિમાન વગેરે કષાયોમાં તડફડાટ ધુંવો તાપ વગેરે જાગી પડે છે. કોઈના પર ક્રોધ જાગ્યો એટલી જ વાર, કોઈ વસ્તુ પર દ્વેષઅરુચિ જાગી એટલી જ વાર, દિલ ખળભળવા માંડે છે; સંતાપ સળગે છે, મગજ તપે છે. સહેજ અહંત્વ, અભિમાન, બીજાની ન્યૂનતા-હલકાઈ–દોષ દેખવા પર એના પ્રત્યે ધૃણા–તિરસ્કાર વગેરે માન–

કષાયનાં રૂપક જાગ્યાં એટલી વાર, દિલ ખળભળ્યું સમજો-પછી જાતવડાઈ, પર-નિંદા, નસકોરાં ફુલવાં,....એવું એવું કેટલુંય સળવળવા માંડે છે.

**નોકષાયની આગ :-**

ત્યારે કામવાસના કે હાસ્યની લાગણી, ભયની કે હરખ -ઉદ્વેગની લાગણી વગેરે પણ નોકષાય યાને કષાયોના ભાઈ છે. એય દિલમાં સળગવા માંડ્યા એટલે દિલની સ્વસ્થતા ગઈ, ખળભળાટ ચાલુ થયો જ છે. એની પાછળ ધુમાડાનું અંધારું પ્રસરવા માંડે. એ ધુમાડામાં શુદ્ધ તત્ત્વદૃષ્ટિ જ્ઞાનપ્રકાશ, શાસ્ત્ર-સમજ, જ્ઞાનીઓની વાણી પરની શ્રદ્ધા,....વગેરેનાં અજવાળાં બાજુએ ફેંકાઈ જાય છે.

**હાસ્યમાં તત્ત્વદૃષ્ટિ ડૂલ -:**

દા. ત. કોઈની ભૂલભાલ પર હસવું ઊભું થયું, તો એ તત્ત્વદૃષ્ટિ ગઈ કે, 'મારી જેમ આ જીવ પણ એક બીજા પ્રકારના કર્મની પીડા ભોગવે છે. એમાં સહેજે ભૂલભાલ થાય.' આ તત્ત્વ-દૃષ્ટિ, હાસ્ય ઊઠતાં ડૂલ થઈ જાય છે. એમ જડ પદાર્થની નવાઈ લાગવા પર હાસ્યની લાગણી જો ઊઠી, તો 'પુદ્‌ગલના અવનવા ખેલ અનંતા કાળથી આ જગતમાં ચાલુ છે; પુદ્‌ગલની વિચિત્રતા જ એવી છે,' આ તત્ત્વદૃષ્ટિ ગાયબ થઈ જાય છે. તેથી એ વિચિત્રતાની ઉપર વૈરાગ્ય ઝળકવાનું તો દૂર; ઉલ્ટું હાસ્ય-નવાઈ-આશ્ચર્યનો આનંદ થઈ આવે છે.

**વાસનામાં તત્ત્વદૃષ્ટિએ ડૂલ :-**

ત્યારે વાસનામાં પણ શું બને છે ? સ્ત્રી પર સહેજ દૃષ્ટિ ગઈ

કે એના રૂપરંગનો સહેજ વિચાર સ્ફુર્યો કે તત્ત્વદૃષ્ટિ ગુમ! તત્વદૃષ્ટિ તો એમ દેખાડે કે સ્ત્રીના શરીરમાં ઉપરના અસ્તરની કોઈ વડાઈ નથી, જ્યાં એ શરીરમાં અંદરમાં ખદબદ ગંદવાડ ભર્યો છે, અને દિલમાં ભોગની આગ સળગી રહી છે. સ્ત્રીને એમ થાય કે, 'મારું રૂપ કોઇ જુએ મારાં ગાત્ર કોઈ જુએ. આંખનો કટાક્ષ સામો દેખે!' આ જે ભાવ દિલમાં રહે એ ગંદવાડ છે, અપવિત્ર ભાવ છે. પુરુષ એ ગંદવાડને ધ્યાન પર ન લેતાં એના ઉપરના ગોરા રૂપરંગ કે ઉપરના ગોરા મીઠા બોલ પર ઓવારી જાય, એ તત્ત્વદૃષ્ટિનો લોપ અને વાસનાનો ઓપ છે. ત્યાં જ્ઞાનીઓના ઉપદેશ વિસરાઇ જાય છે.

ત્યારે 'ભય'ની લાગણીમાં ય શું છે? ખળભળાટ, ધુમાડો, સંતાપ. દિલની સ્વસ્થતા ગુમ, જ્ઞાનીના ઉપદેશ ગુમ, તત્ત્વની દૃષ્ટિ અલોપ; ને સંકલ્પ–વિકલ્પોની સતામણી ચાલુ.

**લાભથી લોભાદિ શમે નહિ પણ વધે :–**

તાત્પર્ય, લોભ–ક્રોધ–માનાદિ કષાયો કે હાસ્ય–વેદાદિ નોકષાયો એ દાવાનળ છે. સંસારરૂપી જંગલમાં આ ચાલુ જ રહે છે. પાછું, એ લોભને શાંત કરવા માણસ લોભની ચીજ મેળવવા જાય, મળે, લાભ થાય, ત્યાં હવે નવો નવો લોભ ઊભો થાય છે! એટલે ? એ જ કે આ લાભના વરસાદ એવા વિલક્ષણ છે કે એના છંટકાવ પર લોભકષાયની આગ શાંત થવાને બદલે વધે છે. એમ ક્રોધકષાયની ચળ ઉતારવા સામાની તરફ લાલ આંખ, કઠોર બોલ વગેરે અજમાવે, સામો દબાય, એટલે માનકષાય શરુ! જાતવડાઇની લાગણી ઊભી થાય છે; ને સામો જો ન દબાયો,

એણે સામનો કર્યો તો અહીં ક્રોધકષાય વધુ સળગવા માંડે છે. મતલબ, લોભાદિ કષાયોને એના પાત્ર વિષયથી શાંત કરવા જતાં કષાય પુષ્ટ થાય છે !

વિચારજો, જીવ અનંતાનંત કાળથી જુદા જુદા જનમમાં કષાયો જગાવવા–વધારવા સિવાય શું કરતો આવ્યો છે ? એના જ સંસ્કારોનો પ્રભાવ આ જીવનમાં દેખાઈ રહ્યો છે કે અહીં પણ જન્મીને જ્યાં જ્યાં જેવો મોકો મળ્યો ત્યાં ત્યાં તે પ્રમાણે ગુસ્સો, અભિમાન, માયા–પ્રપંચ, લોભ રાગ દ્વેષ વગેરે કરવાનું ચાલુ છે; એની આગ સળગતી જ રહે છે. સંસારવનમાં એ કષાયોની દુર્લભતા શાની હોય ? સંસારમાં એ સહજ જેવી વસ્તુ છે. માટે તો જીવને કષાયોનું શિક્ષણ લેવું નથી પડતું. જનમથી એ આવડે છે ! માતાના ગર્ભમાંથી આવડે છે.

**ગર્ભનોજીવને ય લોભ :–**

જાણો છો ને પેલી એક ગર્ભવતી બાઈનો પ્રસંગ ? ગર્ભિણીબાઈને રસ્તામાં તોફાને ચડેલી ગાયે પેટમાં શિંગડું માર્યું. શિંગડાની અણી પેટમાં ઊંડાણ સુધી ઘુસી તે ગર્ભાશયને કાણું પડી ગયું. ગાય તો શિંગડું ખેંચીને ચાલી ગઈ પણ ગર્ભાશયના કાણામાંથી ગર્ભના જીવની આંગળી બહાર નીકળી ! આ બાઈને ઈસ્પિતાલમાં લઈ ગયા. ડાકટરો મુંઝાયા કે એ આંગળી હવે અંદર શી રીતે નાખવી ? ગર્ભાશયનું ઓપરેશન થાય નહિ, નહિતર અપકવ ગર્ભને બહારની હવા મળતાં ખત્મ થઈ જાય.

કુદરતની કેવી કરામત છે ! પેક ગર્ભાશયમાં જ નવ મહિના ગર્ભ રહે ત્યારે જ એ પરિપકવ થાય. પરંતુ એમાં જીવને

ગોંધાઈ રહેવું પડે એ દુઃખ કેવું ? એ પાપોદય છે, છતાં એમાં જ જીવી શકાય છે એ પુણ્યોદય છે.

**વિચિત્ર સંસાર જ આનું નામ કે જ્યાં પુણ્ય પાપના મિશ્રિત ઉદય ચાલે છે.**

એથી જીવને સુઃખના દુઃખમિશ્રિત અનુભવ મળે છે. એમાં ય સુખ થોડું અને દુઃખ ઘણું. તમે મોટા શ્રીમંતને પણ જોશો તો એને સુખ કરતાં ઘણી વાતનું દુઃખ દેખાશે. કુવલયમાલા શાસ્ત્રમાં દેવગતિનાં દુઃખ વર્ણવતાં દેવતાનાં માનસિક ઈર્ષ્યાદિ દુઃખો એવા બતાવ્યાં છે કે જે સુખને ખાઈ જાય ! સુખ તો એની આગળ ફિક્કા અને અકિંચિત્કર બની જાય છે.

તમે જ તમારા જીવનમાં જુઓ તો દેખાશે કે જ્યારે કોઈ માનસિક ચિંતા–સંતાપ–ઈર્ષ્યા ખેદ વગેરે ઊપડે છે ત્યારે બિચારા બાહ્ય સુખ તમારા જીવને શાન્તિ–શાતા નથી આપી શકતા. પકવાનના મીઠા રસનું સુખ તો ક્ષણભર, પણ પેલી કોક હૈયામાં ઘુસેલી ચિંતા કલાકો અને કદાચ દિવસો સુધી હૈયાને કોરી ખાતી હશે.

ત્યારે, જીવનમાં અનેક ચિંતાઓ ક્યાં લેવા જવી પડે એવી છે ? જીવને જેટલી બહારની ઉપાધિ વધારે, એટલી ચિંતા વધુ. એટલે જ કુદરતે જુઓ કેવું રાખ્યું છે ? ઉપરના ઇંદ્રને ચિંતા ઓછી રખાવી વધુ સુખમાં મગ્ન રાખવા છે માટે એની હકુમતના વિમાનમાં સંખ્યા ઓછી ! પહેલા દેવલોકના ઈન્દ્રને ૩૨ લાખ વિમાનની માલિકી, પણ બીજા દેવલોકનાં ઈન્દ્રને ૨૮ લાખ વિમાનની માલિકી, ત્રીજાને વળી બાર જ લાખ ! ને ચોથાના ઇન્દ્રને માત્ર આઠ લાખ વિમાન ! શું આ ?

## ઉપાધિ ઓછી તેમ ચિંતા ઓછી, ને સુખ વધારે.

તમે આ સમજતા નથી એટલે એકને બદલે પાંચ બંગલાના માલિકને વધારે સુખી સમજો છો. વધારે મિલો મોટરો હોય એ વધારે સુખી, એમ તમને લાગે છે. પરંતુ ખરી રીતે એવાને માનસિક દુઃખો વધુ હોય છે. ઉપાધિનો સ્વભાવ જ એવો કે ચિંતા કરાવે. એક સવાલ થશે.

પ્ર૦– તો પછી ભિખારી પાસે કોઇ ખાસ ઉપાધિ નથી તો એ શું સુખી છે?

ઉ૦– ના, એના મનમાં ઉપાધિ ઘણી બેઠી છે, એટલે એ સુખી ક્યાંથી હોય? આ ઉપાધિ ચીજ જ એવી કે એ મનમાં પણ પેસે તો દુઃખ–સંતાપ ઊભાં કરે. મધ્યમ સ્થિતિના માણસો શ્રીમંત કરતાં ખરી રીતે વધારે સુખી હોય; પરંતુ એમના મનમાં ઉપાધિ બહુ બેઠેલી હોય છે એટલે દુઃખી થાય છે; 'વધુ પૈસા, વધુ દુકાનો, વધુ કારખાના, વધુ મોટર–બંગલા વગેરે ઉપાધિમાં વધારે સુખ' એવી અજ્ઞાનદશાની માન્યતામાં અટવાય છે, એ પછી દુઃખથી દુબળા કેમ ન બનાવે? હાલતાં ચાલતાં મનને લાગ્યા કરે છે કે, 'હાય! આપણી પાસે આ અનુકૂળતાઓ નહિ! આપણે હીનભાગી! આવું લાગ્યા કરે ત્યાં દુઃખ જ વધ્યું.

**જીવને બાહ્ય ચીજ સુખ આપે એના કરતાં પોતાના આવા માનસિક ખરાબ વિકલ્પોથી એ વધારે દુઃખી થાય છે.**

**એથી, ઉલ્ટું, માનસિક સારા વિકલ્પ બાહ્ય દુઃખને નહિવત્ કરી દે છે.**

## શાલિભદ્ર શ્રીમંત સુખી ? કે શાલિભદ્ર મુનિ સુખી ?

બોલો, શાલિભદ્ર અને સનત્કુમાર ચક્રવર્તી ચારિત્ર લઈ મહામુનિ બન્યા ત્યાં એમણે મુનિપણામાં વધારે સુખનો અનુભવ કર્યો હશે ? કે એ પહેલાં ગૃહસ્થપણામાં વધારે સુખનો અનુભવ કર્યો હશે ? તમારી અજ્ઞાન દશાના હિસાબે હિસાબ માંડતા નહિ. એમની ઉભય અવસ્થાનું સ્વરૂપ જોજો. મુનિ બનીને જો દુઃખે દુબળા પડચા હોત ને ? તો કાં એમાં આગળ વધી કે ટકી શકયા ન હોત, યા ટકચા તો સંકલ્પ–વિકલ્પ–હાયવોયમાં જીવન હારી જઈ દુર્ગતિમાં ઘસડાઈ ગયા હોત. દુઃખે દુબળા પડચા હોત ને ? તો બીજાને સલાહ આપતે કે, 'ભાઈ ! જો જો અમારી જેમ આંધળિયા કરી સંસાર છોડતા નહિ; નહિતર અમારી માફક દુઃખી થઈ જશો.' પણ કહો એવું કશું હતું જ નહિ. એ પૂર્વની શ્રીમંતાઈ કે ચક્રવર્તીપણા કરતાં ખરેખર સુખી હતા, લાખો–કરોડો ગુણા સુખને અનુભવતા હતા; તેથી નિત્ય પ્રસન્ન–પ્રફુલ્લિત રહી અધિકાધિક તપ-સંયમની કષ્ટમય આરાધના કર્યે જતા.

**આરાધનાના બાહ્ય કષ્ટનાં દુઃખને આંતરિક માનસિક શુભ વિકલ્પનું સુખ ખાઈ જાય છે. અકિંચિત્કર બનાવી દે છે.**

**વાત આ છે, ઉપાધિ વધારે તેથી ચિંતા અને દુઃખ વધારે.**

મુનિપણામાં ઉપાધિની લપ ગઈ, માટે દુઃખ ગયાં. બાકી સંસારમાં એ ઉપાધિઓથી સુખ કરતાં દુઃખ વધારે. સંસારમાં

આઘમાં પણ પુણ્ય–પાપના મિશ્રિત ઉદય; એટલે ચોકખાં સુખ મળે નહિ, દુઃખમિશ્રિત સુખ મળે. એમાં ય બહુ થોડા જીવોને દુઃખમિશ્રિત સુખ વધુ; બાકી ઘણાને તો સુખ મિશ્રિત દુઃખ ઘણું. સુખ નામનું, ને દુઃખનાં પોટલાં! સંસાર આ છે. એવા સંસાર પર તમને ગ્લાનિ નહિ ને?

## ગર્ભની આંગળીનું શું ?:–

પેલી બાઈના ગર્ભના જીવને પેક ગર્ભાશયમાં જીવંત રહી મોટા થવાનું સુખ ખરું, પણ ગોંધામણનાં દુઃખ ઘણાં. પેક ગર્ભાશયમાં જ જીવી શકે તેથી અપકવઅવસ્થામાં ગર્ભાશયનું ઓપરેશન કરાય નહિ; તો ગાયના શિંગડાની અણી લાગવાથી પડેલા કાણામાંથી ઠેઠ બહાર નીકળી આવેલી આંગળીને અંદર કેમ ઘાલવી એ ડોકટરોને પ્રશ્ન થઈ પડયો.

ત્યાં એક બુદ્ધિમાન કિમિયાગર આવી કહે છે, ‘તમે તમારાં ટેભાં મારવાનાં સાધન હાથમાં તૈયાર લઇ ઊભા રહો હું આંગળી અંદર ઘાલી આપું છું. આંગળી અંદર જાય કે તરત ટેભાં મારી દેજો.’ ડાકટરો તૈયાર થઈ ઊભા.

બસ એણે હવે શો કિમિયો કર્યો? એણે જીવનો જન્મસિદ્ધ સુખનો લોભ અને દુઃખનો દ્વેષ, લક્ષમાં લીધો. એણે દિવાસળી સળગાવી એની ઝાળ એ આંગળી પાસે લઈ ગયો તરત ગર્ભની અંદરના બાળકે ‘હાય! આંગળી બળશે !’ એ બળવાના

દુઃખના દ્વેષ અને ઠંડકમાં રહેવાના સુખના લોભથી આંગળી ઝટ અંદર ખેંચી લીધી. ડાકટરોએ તરત જ ટેભાં મારી દીધા.

● ● ●

## ૨૮. લોભની આગ

જીવને લોભકષાય ક્યારનો? કોણ શિખવાડે? કશું જ નહિ. કહો, જન્મસિદ્ધ શું, અનાદિનો લોભ છે. સંસાર એટલે આ લોભાદિ કષાયોના સતત સળગતા દાવાનળનું વન. એમાં ય જીવ પાછો એ જાગેલા લોભને વસ્તુ મેળવવા જાય, ને વસ્તુ મળે; તો શું લોભની આગ શમી જાય? ના, એમ જો એ શમતી હોય તો તો ઘણી નિરાંત થઈ ગઈ હોત.

પરંતુ અનંતા કાળ વહી ગયા, જીવે અનંતીવાર વસ્તુઓ મેળવી, એટલે કે લોભની આગપર વસ્તુ-પ્રાપ્તિના અનંતા વરસાદ વરસાવ્યા! છતાં હજી લોભની આગ બુઝાઇ ગઇ નથી

લોભની આગ કેમ બુઝાય?

લોભની આગ વિલક્ષણ છે. એ વસ્તુ-પ્રાપ્તિના વરસાદથી

કેમે ય ન બુઝાય. એ તો ત્યાગ, વૈરાગ્ય, વિરતિ, નિસ્પૃહતાથી, બુઝાય. સંસારને બરાબર તપાસી જુઓ, ઓળખી લો, તો આ સ્પષ્ટ દેખાઇ આવશે કે વૈરાગ્યમાં ઝીલનારાને લોભ કાબુમાં આવે છે; ત્યાગ કરતા જનારને, વ્રત નિયમ સેવનારને, અને નિસ્પૃહવૃત્તિ વધારનારને લોભ સંકોચાય છે, ઓછો થતો આવે છે. આવો કોઇ અનુભવ કરવો નથી, પ્રયોગ આદરવો નથી, પછી લાખો શું કરોડો રૂપિયા મેળવો ને, ભાણામાં પાંચ શું પચ્ચીસ ચીજ લો ને, મોટર એક નહિ પાંચ વસાવો ને, લોભની આગ શમાવી રહ્યા. એટલું જ નહિ પણ લોભ એ ત્યાગ–વૈરાગ્ય–વ્રતનિયમાદિથી શમે છે, એ સત્ય પણ દિલમાં નહિ જચે !

સંસારવનમાં માત્ર લોભાદિ કષાયોની આગ જ નથી, કિન્તુ પાંચે ઇન્દ્રિયોની એના વિષયોની તૃષ્ણા-લગન-લત જીવ–મરગલાને સતાવ્યા જ કરે છે. મૃગલો વૈશાખ-જેઠના તડકામાં પાણીની આશાએ દોડતો જાય, દૂરથી મૃગજળ જુએ, ખુશી થાય કે 'હાશ! હવે આ પાણી મળ્યું સમજ;' પરંતુ દોડીને પાસે જતાં જુએ તો ખાલી જમીન છે, પાણીનું એક બિંદુ નથી. પણ ત્યાંથી આગળ જુએ તો વળી દૂર ઝાંઝવાનું જળ દેખાય, એટલે મરગલું પાછું દોડે ! પણ શું મળવાનુ ? નિષ્ફળ દોડયા કરવાનું, તૃષા મટે નહિ. એમ જીવ સંસારવનમાં ઇન્દ્રિયોની તૃષ્ણા પાછળ વિષયોમાં ભટકયા કરે, એક વિષય, પછી બીજો વિષય, હમણાં એક સ્ત્રીનું રૂપ જોયું, પછી બીજીનું જોયું, પછી ત્રીજીનું જોયું, આ રૂપદર્શનની દોટમાં કયાંય તૃષ્ણા શાંત થાય ? ના રે ના, તૃષ્ણા તો ઉભી ને

ઊભીજ. ઇન્દ્રિયોની વિષયોમાં તૃષ્ણા એમ કાંઇ મટે નહિ. કહો,

**હરણિયાને ઝાંઝવાના નીરથી તૃષા મટે તો ઇંદ્રિયોને વિષયોથી તૃષ્ણા મટે.**

તો પછી વિષયોમાં ઈન્દ્રિયોની દોટથી શું વળ્યું ? કશું નહિ. હરણિયાને આગળ આગળ મૃગજળ તરફની દોટથી તૃષા વધતી વધતી અંતે એ લોથ થઈ મરે છે. એમ ઈન્દ્રિયોની વિષયો તરફની દોટથી તૃષ્ણા વધતી ચાલતાં, અંતે જીવ ઘડપણમાં લોથ થઈ મરે છે. પણ હરણિયાને તો મોતે તૃષ્ણાનો અંત આવ્યો; ત્યારે જીવને મોત પછી ય ઈન્દ્રિયતૃષ્ણાને અંત કયાં છે? બીજા ભવમાં એ તૃષ્ણા લઈ સિધાવે છે. ત્યાં ફેર નવી ઈન્દ્રિયોની તૃષ્ણા ચાલુ, તે શમાવવા વિષયો તરફ દોટ શરુ કરી દે છે. આમ અનંતા કાળ વીત્યા આ ગડમથલમાં તૃષ્ણાનો અંત આવ્યો નહિ, તે અહીં પણ જનમથી જ વિષયતૃષ્ણાનો અનુભવ કરીએ છીએ

**વિષયદોટ શાથી ? :-**

**સંસાર જ આનું નામ કે જ્યાં ઈંદ્રિયોની વિષયતૃષ્ણા વિષયોથી મટે જ નહિ.**

વિષયો પોતે જ સંસાર છે; એનો સ્વભાવ જ નહિ કે એ તૃષ્ણાને મટાડે. ઝાંઝવાના નીરનો સ્વભાવ જ નહિ એ તૃષા મટાડે. પૂછો,

પ્ર૦– તો પછી શું જોઈને જીવ હજી પણ વિષયોની પૂઠે પડતો હશે ?

૭૦– આનાં બે કારણ, એક અવિરતિ અને બીજું મિથ્યાત્વ. વિષયો તરફથી દોટમાં થોડું ચાટવા મળે છે ને ? એથી ક્ષણભર આનંદ મળે છે ને ? એ આનંદ એ અવિરતિ. એમાં પાછું એ ભાવ નહિ કે, "જેમ ખરજવું ખણવાના ક્ષણભર આનંદની પાછળ ચળનો અંત નહિ આવે, લ્હાય ને રોગ વધશે; એમ વિષયો ચાટવાના ક્ષણિક આનંદ પછી ઈન્દ્રિયોની તૃષ્ણાની લ્હાય વધવાની, કર્મના રોગ વધવાના."–આ ભાન નહિ. ઉલ્ટું, ભાન એ કે, "વિષયોથી આનંદ મળે છે માટે એ વિષયો માલદાર, જીવન-સર્વસ્વ, જીવન એની પૂંઠે જ ગાળવા જેવું" આવું ઊંધું ભાન એ મિથ્યાત્વ.

## જીવની પામર દશા કેવી ? :-

આ મિથ્યાત્વ અને અવિરતિ ઊભા હોય એટલે ધરાર તૃષ્ણાનો રોગ વધતો ચાલતો હોય, છતાં જીવ તુચ્છ ને ક્ષણિક વિષયોના આનંદમાં વિષયોની દોટ છોડી દેવા તૈયાર નથી. જીવની પામર દશા તો એ છે કે આવા વિષયમય સંસારની ભયંકરતા સમજાવનારું જિનશાસન મળ્યું છતાં 'વિષયો સુખકારી' એ મિથ્યાબુદ્ધિ મિથ્યાત્વ છોડવા તૈયાર નથી !

બોલો, હૈયે આ સચોટ લાગ્યું છે કે, 'વિષયો દુઃખ ભર્યા, તૃષ્ણા ઝાંઝવાના નીર જેવા વિષયોથી કદી ન મટે. માટે એવા વિષયો પૂંઠે દોટ એ મૂર્ખતા.' આવું લાગ્યું છે ? અરેરે ! હજી મારે ક્યાં આ તૃષ્ણા રોગ ? મારે ક્યાં આ ગોઝારા વિષયો સેવવા પડે છે ? એમ દુબળા પડો છો ? જો એ હૈયે લાગે ને દુબળા

પડાય તો (૧) વિષયત્યાગના વ્રત-નિયમોમાં હોંશે હોંશે અવાય, (૨) પર્વતિથિ હોંશે હોંશે વ્રત-તપજપ-પ્રતિક્રમણાદિથી સુંદર., આરાધાય., (૩) આશ્રિતોને પણ આના બોધપાઠ ભણાવતા રહેવાય, (૪) રોજ ભાવના રહે કે, 'ક્યારે આ વિષયોની લોથથી ભરેલા સંસારને છોડું ! ને તૃષ્ણાનો રોગ મટાડું !....'

**રાજા હેમરથને વૈરાગ્ય :-**

પરંતુ ગોઝારા વિષયોની સેવામાં મનથી દુબળા પડવાનું ક્યાં છે ?

પેલા રાજા હેમરથે પોતાના પુત્ર કનકરથ અને એની બે પુત્રવધુ ઋષિદત્તા અને રુકિમણીના વૃત્તાન્ત સાંભળ્યા, એના પર એના મનને એમ થયું કે, અહો ! આ સંસારની કેવી દુર્ઘટનાઓ ! જીવની એમાં કેવી પામર કંગાળ અને પરાધીન દશા !! તો હું શા સારુ હજી સુધી આવા વિષયસંસારને વળગી બેઠો છું ? શા સારુ ગોઝારા વિષયોની તૃષ્ણા અને સેવા રાખી રહ્યો છું ?' રાજાનું મન વિષયો-રાજ્યપાટ વગેરેમાં દુબળું પડે છે.

● ● ●

## ૨૯. કનકરથ રાજા બને છે

**માણસને પૈસા જાય તો એ દુબળો પડે છે, શરીર માંદુ પડે તો દુબળો પડે છે, કુટુંબી આડો ફાટે તો દુબળો પડે છે...બધે દુબળો પડે, પણ વિષયોની લોથ અનંતા કાળથી કરવી પડી, તે અહીં પણ એ જ વેઠ? એમ દુબળા પડવાનું ક્યાં છે?**

રાજા હેમરથ આમાં દુબળો પડે છે મનને ભારે ખેદ ગ્લાનિ થાય છે. એમ રાજા હેમરથને વૈરાગ્ય સારો જાગ્રત્ થઈ ગયો. એણે પછીથી કનકરથને બોલાવી કહ્યું.–

### પાપભર્યો સંસાર જ કરીને ક્યાં જવાનું?:

'જો ભાઈ! હવે મારી ઉંમર થઇ, સંસારમાં આમ ને આમ અનંતો કાળ વહી ગયો. આ જીવનના પણ વરસોના વરસો ગોઝારા વિષયોની લોથમાં વહી ગયા. હવે હું મારા આત્માનું કલ્યાણ સાધવા સંસાર–ત્યાગ કરી ચારિત્રમાર્ગે જઈશ માટે તું આ રાજ્ય સ્વીકારી લે, જેથી મારા માથેથી એનો ભાર ઊતરી જાય.'

કુમાર કહે 'પિતાજી! આ શું કહો છો? આપના વિના મારે શી રીતે જીવવું? આપ માથે છો તો હું નિશ્ચિન્ત છું.'

રાજા કહે,-' ભાગ્યવાન! હું ક્યાં સુધી બેસી રહેવાનો

હતો ? જન્મેલાને મૃત્યુ તો આવે જ છે. તો ઠેઠ જિંદગીના છેડા સુધી જો મારે સંસારનું સાંભાળવાનું હોય તો પછી મારા આત્માનું ક્યારે સંભાળવું ? અને તું જાણે છે કે સંસાર તો પાપભર્યો જ છે. તો એ જ કરીને જીવન પૂરુ કર્યા પછી જીવે ક્યાં જવાનું ? તું તારી નિશ્ચિન્તતા જુએ, પણ મારી પરલોક–ચિંતા કેમ નથી કરતો ? માટે આગ્રહ રહેવા દે. હવે મને મારા આત્માનું સાધવા દે. તું રાજ્યભાર ઉપાડી લે.,

## કનકરથનો રાજ્યાભિષેક પિતાની દિક્ષા :—

એમ કરીને રાજાએ કનકરથને સમજાવ્યો. કુમારમાં પણ દાક્ષિણ્યગુણ છે, પિતાની પરલોકચિંતા સમજે છે, તેથી હૃદય દુઃખિત છે છતાં, વાત સ્વીકારી લે છે. સારા મુહુર્તે કનકરથનો ધામધુમથી રાજ્યાભિષેક કરવામાં આવ્યો. પછી તો પિતા રાજાને સંસારત્યાગની તૈયારી છે એટલે કનકરથ પોતે જ આખા નગરમાં જિનમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ મંડાવે છે; ને બીજી બાજુ પિતાના હસ્તે મહાદાન દેવરાવે છે. નગરમાં જિનભક્તિની ધામધુમ મચી ગઈ, વળી દાનનો પ્રવાહ ચાલ્યો; એટલે સહેજે લોકોમાં એક નવો ઉત્સાહ આવી ગયો. બીજી બાજુ મંદિરોમાં ભક્તિસંગીત, તેમજ બહારમાં ગાયકમંડળીઓનાં ભજનગીતોના કાર્યક્રમો, મંદિરોમાં વિશિષ્ટ કોટિની ભવ્ય અંગરચનાઓ તથા બીજા અનેક પ્રકારના દર્શનીય શોભા–શણગાર....એ બધાથી નગરવાસીઓમાં આનંદોત્સવની રંગરેલ જામી પડી. નવમે દિવસે ધામધુમથી દીક્ષાનો વરઘોડો કાઢવામાં આવ્યો.

પછી હેમરથ રાજાએ શ્રી ભદ્રંકરસૂરિ પાસે ચારિત્રગ્રહણ કર્યું. આવા મોટા રાજાએ છતી રાજ્યસંપત્તિ વગેરેનો ત્યાગ કરી ચારિત્રમાર્ગે સિધાવ્યું, એટલે એની સાથે કેટલાય શ્રીમંત મધ્યમ- સામાન્ય નગર-વાસીઓએ પણ રાજાની સાથે જ સંયમ-માર્ગ સ્વીકાર્યો. એક મહાશ્રીમંત કે રાજાના સંસારત્યાગની બલિહારી છે, એ મહાન શાસનપ્રભાવક બને છે, કેઈ આત્માનો હૈયાં હચમચાવી મૂકે, કેઈના દિલમાં વૈરાગ્ય જગાડી દે, કેઈને ત્યાગના શૂરાતન પ્રગટાવી દે.

**પાશ્ચાત્ય દેશો પાસે ઈન્દ્રિયતૃષ્ણા મટવાનું કયાં છે ?:-**

આ બધો આર્ય ભૂમિનો આર્ય સંસ્કૃતિનો પ્રભાવ છે. અનાર્ય દેશોમાં આ વૈરાગ્ય ત્યાગ કયાં જોવા મળે ? ત્યાં રાજાઓ કે મહાશ્રીમંતોના સંસારત્યાગ શાના ? અતિ પ્રાચીન કાળથી આર્ય ભૂમિ પર આ થતું આવ્યું છે માટે આર્યસંસ્કૃતિ જગતમાં ઉન્નતિના શિખરે રહી છે. આનો તમને વિચાર નથી એટલે પાશ્ચાત્ય દેશોની નરી ભૌતિક લીલાઓ પર અને ભૌતિક સંપત્તિ પર ઓટા ઓવારી જાઓ છો, ને દુબળા પડો છો કે, 'હાય આપણને આવી લીલા નહિ! આવી સંપત્તિ નહિ!'

વિચાર તો એ કરો કે એ લોકોએ ગમે તેવી શોધો કરી, ગમે તેવા રેડિયો-ટેલીવિઝન-વિમાન-મશીનરી વગેરે ઊભું કર્યું પણ એમાં ઝાંઝાવાના નીરની તૃષ્ણા જેવી વિષયોની તૃષ્ણા વધી કે ઘટી ?

**વિજ્ઞાને બધું શોધ્યું, પણ ઇન્દ્રિયોની તૃષ્ણા મટવાનું શોધ્યું ?**

ઇન્દ્રિયોને નવી નવી ખણુજ જાગે, તૃષ્ણા જાગે એને પોષવા તૃપ્ત કરવા વિજ્ઞાને નવનવાં સાધન ઊભાં કર્યા, પરંતુ એ ખણુજ એ તૃષ્ણા તદ્દન શાંત થઇ જાય ઇન્દ્રિયો સ્વસ્થ–શીતલ બની જાય એવી કઈ ચીજ આજના વિજ્ઞાન પાસે છે? જડ વિજ્ઞાન પાસે એ હોય નહિ. એ તો ચેતન આત્માનાં તત્ત્વજ્ઞાનની પાસે જ હોય. પણ પાશ્ચાત્ય દેશો પાસે એ તત્ત્વજ્ઞાન નહિ. ત્યારે આર્યદેશમાં એ લાખો ક્રોડો વરસોથી ચાલી આવે છે. માટે એ ઇન્દ્રિયતૃષ્ણા મિટાવનારા તત્ત્વજ્ઞાન ઉપર મોટા રાજા જેવા પણ સંસાર ત્યજી ચારિત્ર લે છે, ને આર્ય જનતા પર એનો ગજબ પ્રભાવ પડી એમાંથી કેટલાયને એને અનુસરતા કરાવે છે. રાજા હેમરથને એમ ચારિત્રમાં કેટલાય અનુસર્યા. ભવ્ય આર્ય-સંસ્કૃતિનો આ પ્રભાવ.

હવે રાજા હેમરથ મુનિ–મહર્ષિ બન્યા પછી શું કામ બાકી રાખે? એ ચડ્યા તપ તપવામાં પોતાની કાયા પર એ કેર વર્તાવે છે. ચાર ને આઠ, આઠ ને પંદર...એમ ઉપવાસ કર્યે રાખે છે! કાયા સુકાતી જાય એમ આનંદ માને છે કે 'હાશ! કાયા સારી આત્મ–લાભમાં ઊતરી રહી છે આનાથી બીજો શો સારો ઉપયોગ હોય?' હવે રાજાની દૃષ્ટિ ફરી ગઈ છે. સંસારનું વિચિત્ર સ્વરૂપ જોઈ દિલ એ વિચિત્રતાથી સંસાર પરથી ઊભગી ગયું છે.

**વિચિત્ર સંસારને હવે પોષવો નથી, તો સંસારની ચીજ જ રૂપ કાયાનાં હવે લાલનપાલન શા ? એને તો આત્માના મહાન લાભમાં ઉતારવાની.**

**તૃષ્ણાનો પગદંડો જો ઊભો, તો ચારિત્ર શા કામનું ? :—**

આ દૃષ્ટિ રાજમુનિની બની ગઈ છે. તેથી ચારિત્ર–જીવનમાં એ શું કામ કાયાની માયા રાખે ? એ તો એક જ જુએ છે કે 'શું કાયાને અનુકૂળ અનુકૂળ આપતા રહેવામાં કાયાની અને ઇન્દ્રિયોની તૃષ્ણા મટે ? ના, તો પછી ચારિત્ર પામવા છતાં ય જો તૃષ્ણાનો પગદંડો ઊભો રહેતો હોય, તો ચારિત્ર શા કામનું ? તૃષ્ણા ઊભી એટલે સંસાર ઊભો.'

બસ આ હિસાબ પર તૃષ્ણાને કાપવા માટે કાયાનાં લાલનપાલન પડતાં મૂકી રાજા હેમરથમુનિ મોટા તપ–આચરણ પર ચડી ગયા. સાથે સંયમનું વિશુદ્ધ પાલન છે, અને શાસ્ત્રસ્વાધ્યાય તથા તત્ત્વચિંતન અને ઉચ્ચ ભાવનાનો સતત વ્યવસાય છે. એથી મહાકર્મનિર્જરા સાધી રહેલ છે. એમ કરતાં એક બાજુ કાયા કૃશ થતી ચાલી, બીજી બાજુ કર્મ ક્ષીણ થતાં ચાલ્યાં. અંતે કેવળજ્ઞાન પામી સર્વ કર્મનો ક્ષય થતાં એ મોક્ષ પામ્યા.

**માનવજીવન જીવ્યા, ને શ્રેષ્ઠ સાર ન પામી જઈએ તો જીવ્યાની આવડત શી ?**

હવે જુઓ કનકરથ રાજા બન્યો છે; પણ તત્ત્વવેત્તા પુરુષ છે, એટલે રાજાપણાની ઠકુરાઈનો એને રસ નથી., રસ છે માત્ર એ જોવાનો કે પ્રજાનું હિત કેમ થાય, અને એ અનર્થથી કેમ બચે ? તેથી એ પ્રમાણે જ એ તંત્ર ચલાવે છે. મંત્રીઓ પણ એને ઓળખી

ગયા છે, એટલે એની વૃત્તિ પ્રમાણે કાર્યભાર સંભાળે છે. આમ ન્યાય અને પરોપકાર-ભર્યું તંત્ર ચાલી રહ્યું છે. મૂળ કારણ રાજાની તત્ત્વદૃષ્ટિ છે, અને સત્તા–વિલાસનો રસ નથી, એ છે. માણસ ન્યાય પરોપકાર અને પવિત્ર સુકૃતો કેમ ભૂલે છે ? કારણ આ જ કે તત્ત્વદૃષ્ટિને બદલે એ મોહદૃષ્ટિમાં ડૂબે છે, અને એને સત્તા-સન્માન તથા વિષયવિલાસનાં ઝેર પીવાનો રસ હોય છે.

## સિંહરથપુત્ર-જન્મ :-

કનકરથ રાજાને મોહદૃષ્ટિ નથી, સત્તા–સન્માન સંપત્તિના ઝેરી રસ નથી, તેથી ન્યાય–પરોપકાર સુકૃત કરતો રહે છે એમાં એને ઋષિદત્તાથી એક પુત્ર થાય છે. પુત્ર ગર્ભમાં આવતાં માતાને સિંહનું સ્વપ્ન આવેલ; જાણે સિંહ આકાશમાંથી ઊતરીને અને મુખમાં સીધો દાખલ થઈ પેટમાં જઈને સ્થિર થાય છે ! આવા સ્વપ્નને લીધે પુત્ર જનમતાં એનું નામ સિંહરથ પાડવામાં આવે છે. તે પણ રાજ્યમાં મોટો જન્મોત્સવ મનાવીને અને એમાં રાજાએ અઢળક દાન કરીને ! તથા પ્રજાને નિર્દોષ ભારે મનોરંજન કરાવીને ! એટલે પ્રજામાં આનંદ–મંગળ વર્તાઈ જાય છે.

## રુકિમણી પાપનું વારણ કેવી કેવી રીતે કરે છે :—

પુત્ર સિંહરથને ઋષિદત્તાના જેટલા લાડ મળે છે એના કરતાં રુકિમણીના વધુ લાડ મળે છે. કારણ, રુકિમણીને પોતાના પાપનો ખ્યાલ છે, ભારે પશ્ચાતાપ છે, એટલે એ અહીં આવ્યા પછી પાપનાં વારણ કરવા માટે ઋષિદત્તાની ભારે સેવા ઉઠાવી રહી છે, એમાં આ પુત્ર જનમ્યો એટલે આને પ્રેમથી નવરાવી દેવામાં એને

વળી વધારે પાપવારણ દેખાય છે. એમાં પણ સિંહસ્થ ઉંમરે વધતાં રુકિમણી એકલા લાડ જ નહિ, પણ સુંદર ગુણોના સંસ્કાર આપે છે. કળાનાં શિક્ષણ આપે છે. બધું (૧) પાપ ખાતાંને સાફ કરવા માટે અને (૨) પાપના ભયંકર જાત–અનુભવ પર પાપથી બાળકને બચાવી લેવા માટે.

**જીવનમાં સેવાઈ ગયેલ ભારે પાપના સાચા પ્રશ્ચાત્તાપ થાય છે? તો**

**(૧) એની પાછળ પાપનાં વારણ કરવા સારું બહુ કરી છૂટવાનું મન રાખો, ને**

**(૨) બીજાઓમાં પાપની અટકાયતની મૈત્રી ભાવના કરો.**

પાપનાં વારણ માટે ખૂબ સુકૃત કરવાનું મન રહે. દૃઢપ્રહારીએ પોતે કરેલ ઘોર હત્યાઓમાં પાપના વારણમાં પાપભર્યા સંસારનો સર્વથા ત્યાગ કર્યો! ઉપરાંત નક્કી કર્યું કે, 'પાપ યાદ આવે તે દિવસે ઉપવાસ કરવો.' વધારામાં એ નગરના દરવાજા બહાર કાઉસ્સગ ધ્યાનમાં રહેતા, કે જ્યાં એમના પર લોકો તરફથી ટોણાં-મેણાં-તાડન તિરસ્કાર વરસતા, પાપ કરેલા પર નજર સામે પોતાને પોતાની ભયંકર અધમતા તરવરતી, તેથી આ લોકફિટકાર નહિવત્ લાગતો, એ દિલમાં ખરેખરા પશ્ચાત્તાપની આગ હતી ને એવી રીતે પાપનાં વારણ કરવાનું કરાય ત્યાં પાપની જડ ઊખડી જાય એમાં નવાઈ નથી.

**અહીંની પાપબુદ્ધિ પૂર્વના પાપશલ્યનું પરિણામ છે.**

નહિતર તો પાપનાં શલ્ય દિલમાં બેઠા રહ્યા પછી એ અનેક

જન્મારા સુધી પીડ્યા કરે, જીવને પાપિષ્ઠ બન્યો રાખે. અહીં જો આપણા જીવનમાં પાપબુદ્ધિ, પાપની લેશ્યા, સતાવ્યા કરતી હોય તો સમજવું જોઈએ કે એ પૂર્વ જીવનનાં પાપશલ્યોનું પરિણામ છે. પૂર્વે પાપના એવા પશ્ચાત્તાપ અને આલોચનાદિથી વારણ નહિ કરેલા તેથી એનાં શલ્ય આત્મામાં ખૂંચેલા રહી ગયા. તે અહીં પાપલેશ્યાને સુલભ બનાવે છે. પાપબુદ્ધિ જ સહેજે જાગે, ધર્મબુદ્ધિ નહિ. માટે પાપલેશ્યાનાં પણ વારણ કરવાની જરૂર છે. એ ખૂબ ખૂબ ધર્મશ્રવણ–ધર્મવાંચન–ધર્મભાવના–ધર્મબોલ અને ધર્મપ્રવૃત્તિથી થાય.

### પાપવારણની તક અહીંજ :—

પાપનાં વારણ માટે મૈત્રીભાવના આ કરવાની કે મારા આશ્રિતો પાપથી બચો. એમનાં જીવન પાપથી સહેજ પણ ખરડાઓ નહિ ને એ રીતે એમનું ભલું થાઓ. જાતનાં પાપનો સળગતો પશ્ચાત્તાપ છે તો સહેજે પોતાના આશ્રિત પાપથી બચે એવી એમના ભલાની ભાવના રહે. એવું બીજા જીવોના પણ ભલાની ભાવના રહે; પણ વધારામાં આશ્રિતને પાપથી બચાવી લેવાની કરુણા થાય; કેમકે એ પોતાના હાથની વસ્તુ છે.

આ જીવનમાં જ આ બધું સારું કરી લેવાની ઉત્તમ તક સમજી રાખવાની છે. 'અહીંથી પશ્ચાત્તાપ–પ્રાયશ્ચિત્તાદિ દ્વારા પાપ હેઠાં ઉતારી દિલ જેટલું હળવું લઇ જવું હશે એટલું લઈ જવાશે....' એ બરાબર રોજ યાદ કરતા રહેવાનું આર્ય મનુષ્ય સિવાયના બીજા કયા ભવમાં આ તક હોય ?

થોડો ઘણો ધર્મ કરીને દેવલોકમાં ગયા, પણ પાપનાં શલ્ય સાથે લેતા ગયા તો ત્યાં ધર્મ નહિ સૂઝે, રંગરાગ લોભ–ઈર્ષ્યા વગેરેમાં મન ખૂંચેલું રહેશે. ત્યાં પાપશલ્યનો ઉદ્ધાર અને પાપવારણની બુદ્ધિ ક્યાંથી લાવે ? ત્યારે જો અહીં પાપનાં ભારે વારણ કરી પાપનાં શલ્ય ઊખેડી દિલ ફોરું કરીને દેવ-લોકમાં ગયા તો ત્યાં ધર્મ સૂઝે, વૈરાગ્યનો રંગ રહે, એટલે શરુઆત તો અહીં જ કરવાની રહી.

રુક્મિણીને પોતાનાં જાલિમ પાપ નજર સામે તરવરે છે, એટલે એનાં વારણમાં ઋષિદત્તાની ખૂબ સેવાભક્તિ કરે છે, ભારે વિનય–સન્માન કરે છે; અને હવે એના પુત્ર સિંહરથને ખૂબ પ્રેમથી અપનાવવા સાથે એનામાં સારા સંસ્કાર નાખવાનું કરે છે. એમ કરતાં સિંહરથ સારો ઘડાતો મોટો થાય છે.

● ● ●

## ૩૦. કનકરથ વૈરાગ્ય :—

### વિખરતા વાદળા પર તત્ત્વવિચારણા :-

એક વાર એવું બન્યું કે રાજા કનકરથ ઋષિદત્તા સાથે મહેલના ઝરુખામાં બેઠો છે. ત્યાં જુએ છે તો આકાશમાં

વાદળ ચડી આવ્યાં અને એણે આકાશને ઘમઘોર ઢાંકી દીધું. પરંતુ થોડી જ વારમાં જે પવન છૂટયો કે એણે વાદળોને વેરવિખેર કરી નાખ્યા. એ જોઈ રાજા વિચારમાં પડયો કે-

'આ શું ? હમણાં વાદળોની ઘનઘોર ઘટા, ને ક્ષણવારમાં વાદળો વેરવિખેર ! ત્યારે સંસારમાં આયુષ્ય, સંપત્તિ અને પરિવારની ય શી દશા છે ? આ જ કે હમણાં એ બધા આવી મળેલા દેખાય ને જોતજોતામાં ઊડી જાય છે ! ત્યારે જીવ શું જોઈ એના પર આસ્થા રાખીને બેસી રહેતો હશે ?'

રાજાનું મન વૈરાગ્યમાં ચડયું, મન સંસાર પરથી ઊભગી ગયું. રાતના ઋષિદત્તાની સાથે આની વિચારણા કરે છે. ઋષિદત્તાને રાજા કહે છે,-

**સામાને વૈરાગ્ય ઠસાવવાની ખૂબી :—**

'આજે પેલી વાદળની ઘનઘોર ઘટા જોઈ ને? કેવી એ એકાએક વિખરી ગઈ ?'

ઋષિદત્તા કહે, 'હા, પણ પવનનો સપાટો ચડે એટલે તો વાદળને વિખેરી જ નાખે ને ?'

'વિખેરી નાખે એ સાચું. પરંતુ ઘટા ચડી ત્યારે આપણને કલ્પના હતી કે આવું બનશે ?'

'તે આપણી કલ્પના બહારનું તો જગતમાં ઘણું ય બને છે. એમાંની આ વસ્તુ પણ ગણાય.'

રાજા પૂછે છે, 'તો પછી આપણાં જીવન પર પણ કલ્પના બહાર યમરાજનું આક્રમણ આવી શકે ને ? આપણે ધારી બેઠા

હોઈએ કે હજી તો જીવતા છીએ, ને જીવન હજી પણ આગળ ચાલ્યા કરશે. આવું ધારી બેઠા છતાં અચાનક ન ધાર્યું ન કલ્પ્યું મૃત્યુ આવીને ઊભું રહે ને ?'

ઋષિદત્તા કહે 'હા, એમેય બને.'

'તો પછી એના અંગે આપણે કશું વિચારવાનું નહિ ? મૂંગે મોંઢે મૃત્યુને શરણે થઈ જવાનું ?'

'એ તો ભલભલા ઇંદ્રને ય મૃત્યુવશ તો થવું જ પડે છે ને ? એમાં મૂંગે મોંઢે શું ?'

રાજા કહે 'મૂંગે મોંઢે એ કે મૃત્યુની તૈયારી વિના' સવાલ આટલો જ છે કે

**જીવન જીવવું તે અણધાર્યા મૃત્યુની તૈયારી વિના જીવવું ? યા તૈયારી રાખીને જીવવું કે 'આવજે તું અણધાર્યું, હું તૈયાર છું ?' ડહાપણ શેમાં ?**

ઋષિદત્તા સરળ સ્વભાવની છે. એ કહે છે, 'ડહાપણ તો તૈયારી રાખીને જીવવામાં. કેમકે એવી અણધાર્યા મૃત્યુની તૈયારી રાખી હોય, ને એ આવીને ઊભું રહે તો મનને કશો વિખવાદ નહિ કે 'હાય ! આ ક્યાં એકાએક આવ્યું !' ત્યાં તો મન કહે કે 'આ તો મેં ધારી જ રાખ્યું હતું કે આ અણધાર્યું આવવાનું. ઉલ્ટું એક રીતે જોઉં તો આ પહેલાં ન આવ્યું એ આશ્ચર્ય છે. બાકી મેં તો પહેલેથી ધારેલું જ હતું કે આજ આવે કાલ આવે.'

કનકરથ કહે, 'તો પછી એ કહો કે એવી તૈયારી શી રીતે થાય ? શું ચાલુ જીવન જીવીએ છીએ એમાં તૈયારી છે

ખરી કે ભલે ક્ષણ પછી મૃત્યુ આવે, મારે કશી ચિંતા નથી ? મરીને ક્યાં જઈશું એની તો મોટી ફિકર હોય.'

'પણ ફિકર રાખીને શું કરવાનું ? અહીંથી ક્યાંક જવું તો પડવાનું જ.'

'એમ નહિ.

**મૃત્યુ પછીની ફિકર કાં નઘરોળ નાસ્તિક જેવાને ન હોય, યા પરલોકની સારી તૈયારીવાળાને ન હોય.**

સારી ત્યારી એ કે જીવન નિષ્પાપ અને તપસંવરના ઉત્તમ સુકૃતોથી ભર્યુંભર્યું જીવાય. જીવન આવું જીવતા રહીએ એટલે મોક્ષ યા સદ્‌ગતિ નિશ્ચિત; પછી મૃત્યુ ગમે ત્યારે આવો તો ય ચિંતા નહિ, અને આવીને ઊભું રહે તો પણ ચિંતા નહિ કે હું ક્યાં જઈશ ?'

ઋષિદત્તા કહે 'તો પછી અત્યારે આપણે જે રીતે જીવી રહ્યા છીએ એમાં તો મૃત્યુની ને પરલોકની કશી તૈયારી ન ગણાય.'

રાજા કહે, 'તો મારે એ જ કહેવું છે કે વાદળની ઘનઘોર ઘટા એકાએક અણધારી વિખરાવાની જેમ આ જીવન એકાએક અણધાર્યું પડી જવાનું છે. માટે એ પડે એ પહેલાં આપણે જીવનને પાપરહિત બનાવી દેવું જોઈએ અને એકાંતે સુકૃતોની આરાધનામાં લાગી જવું જોઈએ. સંસારમાં બેઠા રહીને પાપથી નહિ બચાય. એ તો સંસાર-ઘરવાસનો ત્યાગ કરાય સંયમજીવન અપનાવાય, તો જ પાપથી બચાય. ઘરવાસમાં તો ડગલે ને પગલે પહેલું તો ષટ્‌કાયજીવ-સંહારનું જ મોટું પાપ. સાથે કેઈ પ્રકારના પરિગ્રહ, વિષયસંગ અને રાગ-દ્વેષ

અહંત્વાદિનાં પાપ ચાલુ. મુનિજીવનમાં એમાંનું કશું નહિ, ને પછી તપ–સંવરના ભરચક એકલાં સુકૃત જ સુકૃત સેવવાના મળે. બોલો એવું જીવન જીવતા રહીએ પછી ચિંતા હોય કે 'હાય ! મૃત્યુ અણધાર્યું આવ્યું ? અરે ! તો હવે મારે ક્યાં જવાનું ?' ના, આવી કશી ચિંતા નહિ બસ, આનું નામ મૃત્યુની સાચી તૈયારી કહેવાય.'

ઋષિદત્તા કહે છે, 'આપ કહો છો એ તદ્દન સાચું છે. આ જોતાં ચાલુ જીવન તો બેકાર જીવન છે. એમાંથી કશું સારું નીપજવાનું નહિ.'

આમ વાતો કરતાં અને પછી વૈરાગ્યની બીજી કેટલી ય વિચારણાની આપ–લે કરતાં રાત્રિ પસાર કરી. સરળ હૃદયના જીવો, ઘનઘોર મેઘઘટાના એકાએક વિખરાવામાં સંસારની વિચિત્રતા અને જીવનની અનિત્યતાનું સહેજ તત્ત્વ મળવા પર, ચાલ્યા વૈરાગ્યની વિચારધારામાં.

તમને ય આજે આવા એક યા બીજા પ્રકારના અચાનક અણધાર્યા પ્રસંગ બનતા જોવા કે સાંભળવા નથી મળતા ? શું એમાં સંસારની વિચિત્રતા અને જીવનની અનિત્યતાનું તત્ત્વ નથી દેખાતું ? તો બોલો, એના પર વૈરાગ્યની એવી વિચારધારા ચાલે છે ? ના; કેમ નહિ ? કહો, દિલની એવી સરળતા નથી.

**જીવ સરળ હોય તો વિષયોથી ન બંધાયેલા મુક્ત મને તત્ત્વ પર વિચાર કરે.**

મનને જો વિષયોની સંસારના તુચ્છ સુખોની ભારે આસક્તિ છે, તો એ તત્ત્વ પર વિચાર કરવાની વાતમાં વાંકું

આલવાનું. વિષયો સાથે ને ધન-માલ-પરિવાર સાથે ગંઠાઈ રહેલું મન તત્ત્વવિચારણામાં ગતિ કયાંથી કરી શકે ? પાણીમાં રહેલ નાવડાનું લંગર-નાંગરું જ્યાં સુધી કિનારાના કીચડમાં ગંઠાયેલું હોય ત્યાંસુધી એ નાવડાને પાણીમાં ગમે તેટલાં હલેસાં પણ મારો, છતાં એ આગળ શાનું ચાલે ?

જ્ઞાનીઓનાં વચન કે જગતના અણધાર્યા પ્રસંગો એ હલેસાં છે, મનને તત્ત્વવિચારણામાં આગળ ને આગળ લઈ જાય. પરંતુ જીવની વક્રતા એવી કે પોતાને મનની વિષયો સાથેની ગાંઠ છોડવી નથી. પછી એ તત્ત્વ-વિચારણામાં આગળ શી રીતે ધપે ? બાકી જો વિચારવું હોય તો તો સંસારની વિચિત્રતા અને દુઃખદાયિતા પર બહુ વિચારી શકાય એમ છે.

સવારે પ્રાતઃકૃત્યથી પરવારી સભામાં આવતાં ઉદ્યાનપાલક આવીને કહે છે, 'અન્નદાતા ! કુસુમાકર ઉદ્યાનમાં આચાર્ય મહારાજ શ્રી ભદ્રયશસૂરિજી સપરિવાર પધાર્યા છે. એમને સેવીને શિષ્ટ પુરૂષો સારું પામી રહ્યા છે, પણ દુષ્ટ પુરુષોને કશી અસર નથી થતી. કેમકે શિષ્ટોનો તો સ્વભાવ સરળ હોય છે. જેવા વિચાર તેવી વાણી, અને જેવી વાણી તેવી ક્રિયા. વિચાર-વાણી-, વર્તાવ ત્રણેયમાં જેમને વિસંવાદ નથી, એક બીજાથી ફેરફાર નથી એવા આત્માને ધન્ય છે. એ સરળ સ્વભાવના લીધે આચાર્યભગવતની વાણી જો દિલમાં બેઠી, તો પછી જેવા વિચાર તેવો વર્તાવ, એટલે એમને ધર્મ પામી જવાનું થાય. એ સહજ છે. ત્યારે દુષ્ટોને તો, જેમ પત્થર પર ગમે તેટલું પાણી રેડે છતાં કોઈ અસર નહિ, એમ સૂરિદેવના ગમે તેટલા શાંતિવચનો

એમના પર વરસવા છતાં કશી અસર નહિ. કહે છે ને કે સ્વભાવ કેમ છૂટે ?'

ઉદ્યાનપાલક માળીએ રાજાને ગર્ભિત સૂચવ્યું કે તમારે શિષ્ટ સ્વભાવ હોય તો પધારો ઉદ્યાનમાં, પામી જશો.

ઉદ્યાનપાળકો દ્વારપાળો વગેરે હોશિયાર રાખવામાં આવતા, અને એમને અવસર-યોગ્ય બોલવાની છૂટ રહેતી. તેથી આટલું કહી શકે છે. એમાં સમજદાર રાજાઓ કશું એનું દોઢડહાપણ માનતા નહિ, કે મનને ખોટું લગાડતા નહિ.

મોટા રાજાઓને આવા હિતૈષીની જરૂર, તો આપણે કેટલી જરૂર ?

રાજા કનકરથે માળી પાસેથી આચાર્ય મહારાજ પધાર્યાની ખબર મળવા પર માળીને વધામણી દાન આપ્યું; અને પછી પોતે પરિવાર સાથે ઉદ્યાનમાં જાય છે. ત્યાં આચાર્ય મહારાજને નમસ્કાર કરીને એમની દેશના સાંભળે છે. દેશના પૂરી થતાં ઋષિદત્તા હાથજોડીને આચાર્ય ભગવાનને પૂછે છે,-

ઋષિદત્તાનો પ્રશ્ન-

'પ્રભુ ! પૂર્વ જન્મમાં મેં એવું શું કર્મ કરેલું કે જેથી મારે આ ભાવે રાક્ષસીપણાનું કલંક માથે ચડ્યું ?'

ભદ્રયશ આચાર્ય મહારાજ વિશિષ્ટ જ્ઞાની છે, એટલે તો ઋષિદત્તાએ આવી પૂર્વ જન્મની અતીન્દ્રિય બાબત પૂછી છે. આવા જ્ઞાની ગુરુ મળ્યા પછી શું કામ ન પૂછે ? શા માટે એ પૂછે છે, જાણો છો ? ખાલી જાણવા ખાતર નહિ. પરંતુ એમાં

ચોક્કસ ભૂલ જાણવા મળે, તો હવે એ ભૂલના શલ્ય અને સંસ્કારના મૂળ ઊખેડી નાખવા કટીબદ્ધ થવાય.

**જ્ઞાન આટલા માટે મેળવવાનું કે જ્ઞાનથી આપણી ભૂલો જાણીને ભૂલનાં મૂળ શલ્ય અને સંસ્કાર ઊખેડી નાખવા ભગીરથ પુરુષાર્થ શરૂ કરી દઈએ.**

**દીધેલ સહાયનાં દુન્યવી ફળની અનુમોદના ન થાય :-**

શાસ્ત્રના વિસ્તૃત બોધ વિના તો અંધારામાં કૂટાઈએ છીએ, આપણે ક્યાં ક્યાં ભૂલીએ છીએ એની જ ગમ નથી પડતી.

દા.ત. આપણે કોઈને ગરીબીમાં રૂપિયા બસો પાંચસોની સહાય કરી, ને એનાથી એ નાનો વેપાર કરતાં કમાયો ભાગ્ય ખૂલી ગયું ને આગળ વધતાં સારું ભેગું કર્યું. એથી કન્યા મળી પરણ્યો, બે બચ્ચાનો બાપ બન્યો. હવે આપણે એને સુખ વિલાસમાં મહાલતો જોઈ મનમાં એમ લાવીએ કે, 'ચાલો ઠીક થયું. રૂપિયા આપેલા લેખે લાગી ગયા, બિચારો સુખી થઈ ગયો.' પાછું અવરનવર એ યાદ આવતાં એ જ વિચાર આવ્યા કર્યો. શાસ્ત્ર ન જાણવાને લીધે આમાં વિચારવામાં આપણને કશું ખોટું લાગતું નથી, ઉલ્ટું એમ લાગે છે કે, 'આમાં તો આપણને પ્રમોદભાવના કરીએ છીએ, શુભ વિચારણા કરીએ છીએ.' પરંતુ આ ખોટું છે.

**આપણે ક્યાં ભૂલીએ છીએ ? :-**

શાસ્ત્ર કહે છે કે પહેલે પ્રાણાતિપાત, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, નવમે લોભ, દશમે રાગ, પંદરમે રતિ-અરતિ એ

મોટાં પાપસ્થાનક છે. આપણે એ સેવીએ તે ખોટું, સેવરાવીએ તે ખોટું, અને સેવતાનું અનુમોદીએ એ પણ ખોટું. હવે જુઓ ચાલે પૈસા લેખે લાગ્યા, બિચારો સુખી થઈ ગયો સારું થયું', એ વિચારમાં શું શું અનુમોદ્યુ ? આજીવિકા ઉપરાંત વેપાર ખેડ્યો એમાં આરંભ-સમારંભ કર્યા. તે પહેલે પ્રાણાતિપાત પાપસ્થાનક સેવ્યું. સારા પૈસા કમાયો એ પરિગ્રહ નામનું પાપસ્થાનક સેવ્યું. કન્યા પરણી વિલાસમાં પડ્યો એ મૈથુન પાપસ્થાનક સેવ્યું. વેપાર અને સારી કમાઈની તૃષ્ણા સેવી એ લોભ પાપસ્થાનક સેવ્યું. એ અને સારું ઘર, રાચરચીલું, પત્ની વગેરે પર રાગ પાપસ્થાનક આવ્યું. એમાં એ ખુશી ખુશી છે એ રતિ પાપસ્થાનક આવ્યું.

હવે બોલો, ભલે એણે એ બધાં પાપસ્થાનક સેવ્યાં, પણ શું આપણે એ પાપસ્થાનકોની અનુમોદના કરવાની જરૂર છે ? કે 'ચાલો આપણે પાંચસો રૂપિયા આપેલા લેખે લાગી ગયા. એ સુખી થયો.' આ વિચારમાં આપણા રૂપિયાની સફળતા એના સુખી થવામાં એટલે કે સારો વેપાર-કમાઈ-લગ્ન-વિલાસ-રાગ-રતિ વગેરેમાં માની. એ બધામાં આપણો રાજીપો પહોંચ્યો. એમાં વળી જો એણે અસત્ય અનીતિ ઘરાક સાથે નિર્દયતા વગેરે આચર્યું હોય, તો એમાં ય આપણો રાજીપો પહોંચ્યો ! રાજીપો એટલે અનુમોદના. તો કેટકેટલાં પાપસ્થાનકોની અનુમોદના. આપણે વહોરી ? તે પણ એક વાર નહિ, વારે વારે 'રૂપિયા લેખે લાગ્યા, એ સુખી થયો,' એવું વિચારી વિચારીને આપણે વારંવાર પાપસ્થાનકોની અનુમોદના વહોરી. ત્યારે પૂછો,-

પ્ર૦-તો તો પછી રૂપિયા આપ્યા તે જ ખોટું કર્યું ? અધર્મ કર્યો ? એનાથી એ પાપસ્થાનક જ સેવવાનો હતો ને ?

ઉ૦-અહીં શાસ્ત્ર વિવેક બતાવે છે. આપણે રૂપિયા, એ એ પાપસ્થાનકો સેવે એવી બુદ્ધિથી નહિ, પરંતુ એને ચિત્તની સમાધિ-સ્વસ્થતા થાઓ એ ભાવનાથી આપ્યા. એ ભૂખે મરતો હતો, યા ભારે તંગી અનુભવતો હતો, એમાં એને અસમાધિ બહુ રહેતી એ ભૂખ-તંગીના દુઃખની અસમાધિ ટાળવા માટે આપણે સહાય કરી. તેથી એ સુકૃત થયું, પાપકાર્ય નહિ. પછીથી એણે જે કર્યું એની સાથે આપણને નિસબત નહિ.

## સહાય કરીને માનવું શું ?:-

પ્ર૦-તો એને સુખી જોઈને પૈસા લેખે લાગ્યા એમ આનંદ નહિ માનવો ? તો શું વિચારવું ?

ઉ૦-આપણે વિચાર એ કરવો કે ચાલો આજની સ્થિતિ કહે છે કે એને એ વખતે સમાધિ મળી ગઈ એમાં આપણા આપેલા પૈસા લેખે લાગી ગયા. બાકી હવે એ ધર્મ પામે તો સારું. નહિતર બિચારાને એકલા આ વૈભવ-વિલાસ-રાગ-રતિ વગેરે એકલા પાપથી ખરડશે ને એમાં એનો પરલોક બગડી જશે. ધર્મ કરશે એટલું અંતે પામશે.'

સાવધાન રહેવાનું છે. એને વૈભવ-વિલાસમાં જોઈ જેમ ખુશી નથી માનવાની, એમ એના પર ઝેર પણ નથી વરસાવવાનું. કરવાનુ છે આ આપણા હૈયે સાચી મૈત્રી ઊભરાવવાની છે કે 'એ બિચારો ધર્મ પામે ધર્મ સેવે તો સારું.'

ખૂબી જુઓ કે આપણા હૈયે આ મૈત્રીભાવ હશે દિલ દાઝતું હશે તો અવસર પામીને પેલાને ધર્મની પ્રેરણા આપવાનું મન થશે. પરંતુ જો 'સારું થયું એ સુખી થયો,' એ જ વિચાર હશે તો એમાં તો એના પાપ પર દિલ દાઝવાનું રહ્યું જ ક્યાં? દિલ દાઝતું નથી. પછી શું કામ ધર્મની પ્રેરણા આપવાનું કરાય? એ તો એકલા પાપસ્થાનકોમાં એ રુલ્યો દેખી આપણું દિલ દાઝે, તો જ એને એ ઓછાં કરવાનું ને ધર્મમાં લાગવાનું કહેવાય.

**એકલી સુખની અનુમોદનામાં ધર્મના અભાવ પર દિલ દાઝે નહિ; તો ધર્મપ્રેરણા શે અપાય?**

એટલે હવે સમજાયું હશે કે રૂપિયાનું સુકૃત કર્યા પછી પણ કઈ વિચારણા પાપરૂપ છે, ને કઈ વિચારણા ધર્મની વિચારણા કહેવાય? આ સમજ ક્યાંથી આવે? શાસ્ત્રથી કંઈક વિસ્તૃત બોધ મેળવીએ, તો એના આધારે સારી નરસી વિચારણાનો ભેદ સમજાય; પછી આપણે ક્યાં ભૂલીએ છીએ એ સમજાય.

એટલે આ વાત છે કે જ્ઞાન મેળવવાનું છે તે આપણી ભૂલ સમજવા; ને પછી થઈ ગયેલ ભૂલોનાં શલ્ય તથા સંસ્કાર ઊખેડી નાખવા માટે ભગીરથ પુરુષાર્થ કરવા. ઋષિદત્તાને પોતાના પૂર્વ ભવની ભૂલ જ્ઞાની પાસેથી આટલા માટે જાણવી છે. હવે જુઓ જ્ઞાની આચાર્ય ભગવંત શું કહે છે.

## ૩૧. ઋષિદત્તાનો પૂર્વભવ :

### ગંગસેના રાજપુત્રી

શ્રી ભદ્રયશ આચાર્ય ભગવંત ઋષિદત્તાને અહીં રાક્ષસી તરાકેનું કલંક પૂર્વના કયા કર્મથી ચડયું એ બતાવવા એના પૂર્વભવનો અધિકાર કહે છે,-

પૂર્વના કાળે આ ભરતક્ષેત્રના ભૂષણરૂપ ગંગાપુર નામનું એક નગર હતું. એમાં રાજા ગંગદત્ત રાજ્ય કરતો હતો. એને સુશીલ રાણી ગંગાથી ગંગસેના નામની એક પુત્રી થઈ. રાજપુત્રી એટલે રાજશાહી સુખોમાં ઊછરનારી, એ મોટી થયે શું કરે ? જીવને અનંત અનંત કાળની આહાર–વિષય–પરિગ્રહ–નિદ્રાની સંજ્ઞાઓ તો સારી રીતે અભ્યાસ કરેલી હોય જ છે. એના સંસ્કાર એની વાસના અહીં જાગતા શી વાર ? એમાં વળી રાજશાહી સુખસાહ્યબીમાં ઉછેર, એટલે ઉંમરમાં આવતાં વિષય-સંજ્ઞા કેવી ઊઠે ?

તો રાજપુંત્રી ગંગસેના યુવાવસ્થા પામતાં એના માબાપ પણ શું કરે ? એના માટે કોઈ સારો રાજકુમારજ મૂરતિયા તરીકે શોધાય ને ? પરંતુ સત્સંગનો ચમત્કારિક પ્રભાવ જુઓ કે એવું બન્યું કે એ ગંગપુર નગરમાં એકવાર ચંદ્રયશા નામે એક સાધ્વીજી મહારાજ પોતાના પરિવાર સાથે પધાર્યા. એમની

ગુણિયલતા, વિદ્વત્તા તથા તપ–સંયમાદિ સાધનાનું વર્ણન સાંભળી ગંગસેનાને ઉત્કંઠા થઈ કે લાવ ત્યારે એમના દર્શને જાઉં.'

માતાને કહે છે, 'મા ! આપણા નગરમાં એક વિદુષી અને મહાગુણિયલ સાધ્વીજી શ્રી ચંદ્રયશા નામે પધાર્યા છે. તો હું જાઉં એમના દર્શને ?'

માતા રાણી ગંગા સુશીલ અને ધાર્મિક દિલવાળી છે. તે પુત્રીની આવી ઈચ્છા જાણી ખુશી થાય છે કે, 'વાહ ! આને યુવાની દિવાની વિષયના ઉન્માદ જગાડે, એની જગાએ આવી ધર્મભાવના થાય છે ? બહુ સરસ' તરત એની માગણી વધાવી લેતાં કહે છે,–

'બેટી ! ભાગ્યશાળી તું કે તને આવી ભાવના થાય છે. જાઓ ખુશીથી સાધ્વીજી મહાસતીનાં દર્શને જાઓ.' એમ પ્રોત્સાહન આપી સખીઓ, દાસીઓ અને નોકરો સાથે જવાની ગોઠવણ કરી આપે છે,

### ગંગસેનાને સાધ્વી સમાગમ :–'

ગંગસેના પહોંચી ચંદ્રયશા સાધ્વીજી પાસે જઈને નમસ્કાર કરી, તથા બીજી સાધ્વીઓને પણ વંદના કરીને પછી ચંદ્રયશા સાધ્વીજી પાસે બેસે છે. હાથ જોડી પૂછે છે,–

'મહારાજ ! તમે આવા સુંદર રૂપરંગવાળા; ને આવા કઠોર વ્રત કેમ લઈ લીધા ?'

સાધ્વીજી કહે, 'ન લઈએ તો બીજું શું કરવાનું ?'

'કેમ વળી શું કરવાનું? આખી દુનિયા કરે છે એ, કે રંગરાગમાં મહાલવાનું?

સાધ્વીજી કહે, 'પણ પછી શું?'

'કેમ વળી પછી? જે બધાનું તે આપણું, છેવટે મૃત્યુ આવે એટલે જીવન પૂરું.'

'પણ પછી આ રંગરાગ મળે?'

'પછી કોને જોવું જ છે? મર્યા એટલે બધું પતી ગયું ને?'

સાધ્વીજી કહે, 'એમ ન કહે. આપણે પછી પરલોક દેખવાનો છે, આપણે એટલે આ કાયા નહિ, પણ આત્મા છીએ. તે સનાતન કાળના છીએ આ જીવનમાં તો આ એક કાયાના મુકામમાં આવી વસ્યા. મૃત્યુ પછી પાછા બીજા કાયમુકામે ચાલ્યા જવાનું.'

રાજપુત્રી કહે, 'પણ કાયામાં આપણે કોઈક જુદા તરીકે વસ્યા ક્યાં દેખાય છે?'

## લાગણીઓથી આત્મા સિદ્ધ થાય :-

ગુરુણી કહે, 'જો, આપણને લાગણીઓ થાય છે એ લાગણીઓ કોનો ગુણ છે? કાયાનો નહિ, કેમકે (૧) એ લાગણીઓ જો એની હોય તો મૃત્યુ થતાં કાયા તો હજી અહીં ઊભી જ છે, તો એમાં કેમ લાગણીઓ નથી થતી? એક દીવાસળીની ઝાળ લાગતાં કંપનારું શરીર ચેહ ઉપર ચારે બાજુથી ભડકા લાગવા છતાં કેમ કંપતું કે ઊઠતું નથી? (૨) બીજી પણ એક વાત છે કે લાગણી જો શરીરનો જ ધર્મ હોય તો શરીરે જુદી જુદી લાગણી કેમ? (૩) તેમજ આપણને પોતાને પણ

ઘડીએ ઘડીએ લાગણીમાં તફાવત કેમ ? (૪) તેમ એ પણ વિચારવા જેવું છે કે તરતના જન્મેલા બાળકમાં લાગણીના કશા અભ્યાસ વિના પોતાના શરીર પર મમતા, કડવા પર અરુચિ, રમકડાનો રસ, વગેરે ક્યાંથી આવ્યું ? આ બધાનો જવાબ એ જ કહેવો પડે કે લાગણીઓ, સ્વભાવ, રુચિ-અરુચિ-રસ વગેરે જે આ કાયામાં દેખાય છે તે કાયાની અંદર રહેલા સનાતન આત્માના છે. ને આત્મા એ પૂર્વ જીવનોના અભ્યાસથી અહીં લઈ આવેલ છે.

### અમૂર્ત જ્ઞાન કોનો ધર્મ:-

સાધ્વીજી એને આગળ કહે છે કે, 'ભાગ્યવતી તું જો કે આપણને જે જ્ઞાનનો અનુભવ થાય છે, એ જ્ઞાનના કોઈ રૂપ-રંગ નથી દેખાતા. એ અરૂપી-અમૂર્ત છે. આકૃતિ વિનાનું છે. તો એ જ્ઞાન કોનો ધર્મ કોની ખાસિયત હોય ? શું જડ કાયાની ? કાયાની ખાસિયત તો રૂપરંગ-આકૃતિ-ગરમાશ-ટાઢાશ વગેરે અનુભવીએ છીએ. જ્ઞાન તો એ બધાથી તદ્દન જુદી જ ખાસિયત છે. હમણાં કોઈક જ્ઞાન કોઈક ઈચ્છા થઈ, ને ક્ષણ પછી એ અદૃશ્ય થાય છે. શરીર તો એનું એ ઊભું જ છે, તો એટલામાં જ શરીરમાં શો ફરક પડી ગયો તે જ્ઞાન ઈચ્છા અદૃશ્ય ?

સામાન્ય બુદ્ધિ લગાવીએ તો ય ભાસે છે કે આ જ્ઞાન-ઈચ્છા-રાગ-સુખ-દુઃખ જડ કાયાના નહિ. માટે એ તો અરૂપી આત્માની ચીજ છે. અમૂર્ત આત્માના જ ગુણ અમૂર્ત હોય. તેમ, હે સુબુદ્ધિમતી ! તું એ જો, કે-,

**અવસરે આપણે જ આપણી જાતથી આપણા શરીરને જુદું પાડીએ છીએ, એ આત્માના પુરાવો છે.**

કોઈના મેમાન બની જમવા બેઠા, પેટ ભરાઈ ગયું છે, છતાં સામો આગ્રહ કરી ભાણામાં પકૂવાન્ન નાખવા જાય છે, તો તરત કહેવું પડે છે કે, 'રહો રહો, નાખશો નહિ, હવે ખાઉં તો મારું શરીર બગડે' આવું કેમ બોલાય ? શરીર જ આત્મા હોત તો શરીરે પોતાના માટે એમ કહેવું જોઈતું કે, 'હવે હું ખાઉં તો હું બગડું' પરંતું એમ નથી બોલાતું. ખ્યાલ છે કે બગડનાર હું નહિ પણ મારું શરીર, એ કયારે બને ? બોલનાર કોઈ જુદો હોય, કે જેનું આ શરીર છે, એટલે જ જે આમ કહે છે કે, 'વધુ ખાઉં તો મારું શરીર બગડે.

**શરીરનો ભોકતા કોણ ?:-**

સાધ્વીજી કહે છે, 'જો બેન ! શરીર પણ ભોગ્ય વસ્તુ છે, તો એનો ભોક્તા અંદરનો આત્મા માનવો જ જોઈએ. જેમ વસ્ત્ર ભોગ્ય વસ્તુ છે તો ભોક્તા આપણે એને સ્વચ્છ સુંદર રાખી એના પર મોહીએ છીએ એમ શરીરને પણ આપણે સ્વચ્છ સુંદર રાખી એના પર મોહીએ છીએ મોહનાર શરીરનો માલિક આત્મા છે. એટલું જ નહિ, પણ

**ઇંદ્રિય-ગાત્ર-વાણી-મનનો પ્રવર્તક-નિવર્તક કોણ ?-**

શરીર અંગોપાંગ ઇન્દ્રિયો વાણી અને મન બધાને ધારી પ્રવૃત્તિ કરાવનાર આત્મા છે. વળી ઇચ્છા બદલાતાં એને ફેરવી બીજે પ્રવૃત્તિ કરાવનાર પણ એ જ છે; તેમ ઇચ્છા થઈ તો

સદંતર પ્રવૃત્તિને અટકાવનાર પણ એ જ છે. 'વાણિયા! વાણિયા!' ફેરવી તોળ' અર્થાત્ બોલેલું બદલી નાખી બીજી રીતે બોલવાનું! કોણ કહે છે? વાણી પોતે નહિ, પણ આત્મા જ. અરે! એક જાતના વિચાર ચાલતા હતા ત્યાં 'ના, ના, આ શા માટે વિચારું છું? હમણાં પેલાનો વિચાર કરવા દે,' આવું કોણ ધારે છે? મન પોતે નહિ, કેમકે જેમ બોલવાનું સાધન વાણી, એમ વિચારવાનું સાધન મન છે. એને વાપરનાર જુદો આત્મા છે, એ પોતાની ઇચ્છા પ્રમાણે મનને એક રીતે વિચારતું અટકાવી બીજી રીતે વિચારવા વાપરે છે.

**સ્વાત્માનું વર્ચસ્વ સમજવા પર લાભ :-**

એટલે આ આવ્યું કે કાયા-ગાત્ર-ઇન્દ્રિયો-વાણી અને મન સુદ્ધાં ઉપર વર્ચસ્વ ધરાવનાર આત્મા છે. આપણે આપણું વર્ચસ્વ સમજતા નથી, આપણા આત્માને વર્ચસ્વ ધરાવનાર તરીકે ઓળખતા નથી, તેથી જ ઇન્દ્રિયોની ખોટી પ્રવૃત્તિ, વાણીનો ખોટો વિલાસ, અને મનની ખોટી વિચારણામાં તણાઈએ છીએ. આપણને જો એ ખ્યાલ હોય કે, 'હું આત્મા તો આ બધાનો માલિક છું,' ને ઇચ્છા મુજબ એ બધાને પ્રવર્તાવી શકું છું, તો શા માટે ખોટું પ્રવર્તવા દઈએ? કહી દઈએ કે 'આંખ! વાણી! મન! બેસો આમ નહિ પ્રવર્તાય ચાલો, ખોટું મૂકી આ સારામાં પ્રવર્તો. આંખ! ચાલ જા ભગવાનના મુખ પર; જીભ! ચાલ આવા સત્ય અને મધુર તથા પ્રભુ-ગુણગાનના શબ્દ બોલ. મન! ચાલ ખોટા વિચાર પડતા મૂકી નવકારના પદનો વિચાર કર.'

આમ સારો વર્તાવ, સારી વાણી, સારા વિચાર આપણા ધાર્યા પ્રમાણે શક્ય છે, પરંતુ આવો પાકો ખ્યાલ હોય કે, 'હું આ શરીરમાં રહેલો આ બધા ઉપર વર્ચસ્વ ધરાવનાર આત્મારામ સોવરેન રાજા છું,' તો જ એ શક્ય છે. માટે આત્માની પાકી શ્રદ્ધા કરી, મહા ભાગ્યવંતી બેન ! એને આ કાયા–માયાની અસત્ પ્રવૃત્તિમાંથી બચાવી લે અને વારંવારના જનમ–મરણના ફાંસલામાંથી એને ઉગારી લે.

### ગંગસેનાનો આત્મવિચાર :–

સાધ્વીજીનો આ સમજુતી ઉપર ગંગસેના રાજપુત્રી ઊંડા વિચારમાં ઊતરી ગઈ. એના મનને હવે ચોક્કસ લાગી ગયું કે પોતાનો આત્મા કાયાથી એક જુદી વ્યક્તિ છે, અને એ જ જુની જુની કાયા મૂકી નવી નવી કાયામાં પૂરાતો આવ્યો છે. એટલે જ ભૂતકાળની વાઘ–વરુ–કૂતરા–બિલાડા જેવી કાયાએ ક્રૂરતા, મિજાસ, ઈર્ષ્યા, ને માયાકપટ વગેરે કરી કરી એના સંસ્કાર લઈને અહીં આ કાયામાં આવ્યો છે, તેથી જ અહીં એ બધા દુર્ગણ સહજ ઊઠે છે, ને સારા ફાલેફૂલે છે. પાછું અહીંથી, મરી નવા જનમમાં જવું પડશે, ત્યાં આ જ વારસા લઈને જયે, જનમ પણ કેવો હલકો પશુનો ! ને એમાં આ દુર્ગુણો પણ કેવા ફાલવા ફૂલવાના ! તો શું મારા આત્માએ આમ જ હજી પણ નવી નવી કાયામાં ભટકયા કરવાનું ? પાછું વળી ગુરુણીએ ઈન્દ્રિયો–વાણી–મન ઉપર આત્માનું વર્ચસ્વ બતાવ્યું એ તો હું અજમાવી શકું એમ છું. તો પછી જનમ–મરણની વેઠ કેમ નભાવવી ?

રાજપુત્રી આત્માની શ્રદ્ધાવાળી બની જનમમરણની વેઠ ઉપર ચોંકી ઊઠી, એથી છૂટવા ઇચ્છે છે. ગુરુણીને એ કહે, "ભગવતી ! તો પછી આ જનમ-મરણની જંજાળમાંથી કેમ છુટાય ?"

**મોક્ષનો ઉપાય :-**

ચંદ્રયશા સાધ્વીજી કહે, "બેન ! એ માટે તો જીવન, પહેલું તો, સર્વ પાપથી મુક્ત કરવું જોઈએ. પ્રતિજ્ઞા પૂર્વક સમસ્ત હિંસાદિ દુષ્કૃત્યોનો ત્યાગ કરી, ચારિત્ર જીવન સ્વીકારી લઈ, પછી એમાં સંયમ-તપ-સ્વાધ્યાય-ધ્યાન વગેરે પવિત્ર પ્રવૃત્તિઓમાં જ રક્ત રહેવું પડે. એથી જરૂર આત્માનો મોક્ષ થાય; એને જરૂર જન્મ-મરણથી છુટકારો મળે."

ગંગસેનાને એ વાત મનમાં જચી ગઈ. ગુરુણીનો ભારે ઉપકાર માનતાં એણે કહ્યું 'ગુરુણી સાહેબ ! આપે તો આજે દિવ્ય પ્રકાશ આપ્યો. અનંત અનંત કાળથી દેવાઈ ગયેલી મારી આંખ ખોલી નાખી ! હવે આના પર હું વિચાર કરીશ. આપનો ફરી ફરી ઉપકાર માનું છું. આપે તો આત્માનું વર્ચસ્વ ઓળખાવી વાસના-વિકારો પર અંકુશ મૂકી દેવાની મહાન ચાવી બતાવી દીધી ! આત્માનું અથાગ બળ સૂઝાડી દીધું.'

બસ, ગંગસેના સાધ્વીજીને પગે પડી રાજમહેલમાં પાછી ફરી. ભારે વૈરાગ્યથી એનું મન સંસાર પરથી ઊઠી ગયું છે, તેથી હવે એ પોતાના માતાપિતાને પગે પડીને કહે છે, 'મને દીક્ષા અપાવો. મને હવે સંસારમાં જરાય રસ નથી.' એમ કહીને પોતાને સાધ્વીજી સાથે થયેલો વાર્તાલાપ અને સાધ્વીજીએ આપેલ આત્મતત્ત્વની સમજ બધી કહી બતાવે છે.

## ઘરે માગણી :-

રાજપુત્રી કહે છે, 'બા ! બાપુજી ! મારો મહાન ભાગ્યોદય કે આપના ઘરમાં જન્મીને મને આજે આ ગુરુણીનો યોગ અને તત્ત્વનો પ્રકાશ મળ્યો ! હવે મારે આ સંસાર જોઈતો નથી, મારે ચારિત્ર લેવું છે. તેથી મારા પર કૃપા કરી મને રજા આપો !'

રાજા-રાણી કહે છે, ' બેન ! તું રાજશાહી સુખમાં ઊછરી છે, અને સાધ્વીજીવન કપરું છે, તો પૂરો વિચાર કરજે. વળી તારે નવી યુવાની છે, એનો પણ ખ્યાલ કરજે. અમારે તો આમે ય તને પારકે ઘેર જ વરાવવાની છે, તેથી તારામાં અમને કશો સ્વાર્થ નથી. અમારે તો તું પરણીને ક્યાંક જાય, કે ચારિત્ર લઈ ને ગુરુણી મહારાજ સાથે જાય, સરખું છે. પરંતુ ત્યાગી જીવનનાં કઠોર વ્રતપાલનનો તારે વિચાર કરવાનો છે કે પળી શકે કે કેમ ?'

ગંગસેના કહે, ' એમાં વિચાર શો કરવાનો રહે છે ? જીવને આ તો એક જીવનના મામુલી કષ્ટની વાત છે. પરંતુ પૂર્વના અનેકાનેક જીવનોમાં જીવે કયાં જાલિમ ત્રાસ-કષ્ટ-પીડા નથી જોઇ! અને અહીં વળી સુંવાળાશ કરી તો આગળ પર કેવા ય ત્રાસ-કષ્ટ-રીબામણ આવે? એ બધાની અપેક્ષાએ અહીં શું ભારે સહવાનું છે? માટે મારો તો પાકો નિર્ધાર છે કે ત્યાગમાર્ગે જવું. હવે મહેરબાની કરી મને ચારિત્ર અપાવી દો.

**જંગલમાં આંખ ખૂલ્યા પછી પણ જો નગરનો માર્ગ ન લેવો હોય અને જંગલમાં ભટકતા રહેવું હોય તો આંખ ખૂલ્યાનો શો અર્થ રહે?**

હવે મને સ્પષ્ટ ભાસી રહ્યું છે કે "રાજશાહી સુખો એ સુખ

જ નથી; એ તો ખરજવાની ખણુજને ચળવા જેવું છે. ભારે તરસ લાગ્યે દરિયાનાં પાણી પીવા મળે એમાં સુખ શું? ઉલ્ટું તરસ વધે. એમ રાજશાહી સુખોના ભોગવટા પણ જીવની તૃષ્ણા વધારનારા છે. માટે મારે હવે એનાથી સર્યું."

ગંગસેના રાજકુમારીના એકેક બોલ તમારે વિચારવા જેવા છે. સંસારમાં કયું સુખ એવું છે કે જે ભોગવીને (૧) જીવને કાયમી શાંતિ મળતી હોય? ને (૨) તૃષ્ણા મરી જતી હોય?

**દરિયાનું પાણી પીને જો તરસ મટે, તો આ જગતના સુખ ભોગવીને તૃષ્ણા હંમેશ માટે મટે.**

પણ બને નહિ એ. એક કેરીના સુખમાં એ અનુભવો છો ને? આગલે દિવસે પેટ ભરીને કેરીના ટૂકડા ખાધા કે રસ પીધો હતો, પણ બીજે દિવસે જીવને પાછી એની એ જ કેરીની ઝંખના! અરે! ઠેઠ આર્દ્રા નક્ષત્ર આવ્યું, કેરીની ઋતુ ઊતરી ગઈ, છતાં જીવની કેરીની તૃષ્ણા કયાં ઊતરી જાય છે?

ફેન્સી કપડાં વસાવ્યા, પહેરીને બની ઠનીને ફર્યા, લોકે વખાણ્યા એટલે ખુશી ખુશી થઈ ગયા. પણ પછી બીજે દિવસે કે બીજે ટાણે એ જ પહેરવાની તૃષ્ણા નહિ? ખરી જ, પાછું એનું એ જ પહેરી બનીઠનીને ફરવાનું મન. તૃષ્ણા કયા મટી?

લગ્ન કર્યા, એક દિવસ પેટ ભરીને સંસાર સુખ ભોગવ્યા. એ વખતે જાણે તૃપ્ત થઈ ગયા લાગ્યું. પણ પછી બીજે દિવસે વાસના નહિ? ખરી જ. ફેર વેઠ, ફરી વિટંબણા; ફરી વેઠ, ફરી વિટંબણા....આવું કેટલા દિવસ કર્યા પછી વાસના બંધ?

કહો, હજારો દિવસ પછી પણ નહિ. બાવીસે પરણ્યા તે બહો-તેરમે વરસે પહોંચ્યા તો ય વાસના શાંત નહિ, બંધ નહિ! સમુદ્રના પાણીએ તૃષા શે મીટે?

## તૃષ્ણા કેમ મીટે? ત્યાગમાર્ગથી :-

તો મિટાવવાનો રસ્તો છે? હા છે, ત્યાગમાર્ગે જાઓતો તૃષ્ણા ધીમે ધીમે ભૂંસાતી જાય. દા.ત. મન મારીને કેરીનો ત્યાગ એક વરસ માટે કરો, સમજ પૂર્વક ત્યાગ કર્યો હશે, તો મનના ઉકળાટ કેરીના ઉમળકા શાંત થતા આવશે. વળી બીજી-સાલ ત્યાગ કરો એટલે વધુ શાંતિનો અનુભવ થતો આવશે. કેરીત્યાગવાળાને પૂછો તો આ અનુભવ બતાવશે, એ કહેશે કે ત્યાગ નહોતો ત્યારે તો હું કેરી પાછળ પાગલ હતો. કેરીગાળામાં કેરી વિના રોટલી ન ભાવે. કેરીના ટૂંકડા કે રસ મોંમાં જતાં પાણી પાણી છૂટે. એટલી બધી કેરીની લંપટતા છતાં ત્યાગ પછી આજે આ અનુભવ છે કે કેરી દેખી મોંમાં કશું પાણી છૂટતું નથી. કેરી ખાવાની ઈચ્છાસરખી થતી નથી. આ સ્થિતિ બ્રહ્મચર્યાદિના અભ્યાસમાં પણ છે. આ સૂચવે છે કે,

**તૃષ્ણાની શાંતિ ત્યાગથી થાય છે. ભોગથી નહિ.**

**ભોગથી તો ભોગવેલા વિષયની આસક્તિના સંસ્કારનો આંતરિક રોગ વધે છે.**

## પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગથી આસકિત-અવિરતિ કપાય :-

ભોગથી સંસ્કારરોગ વધે છે માટે તો આજે એક બીડી પીનાર પછીથી બે પીએ છે. એમ કરતાં સંસ્કાર વધતા રહે-

વાથી દિવસની ૨૦-૩૦-૪૦ સુધી પહોંચી જાય છે. એમાં ય આગળ આગળ એની વૃદ્ધિ આસક્તિ તીવ્ર બને છે. કારણ? ભોગવટાથી એની લાલસાના સંસ્કાર વધ્યા.

જીવનમાં શાંતિ ચાહો છો? તો વિષય-વિષયમાં ત્યાગ અપનાવો. ભલે નાનેથી શરુ કરો. ત્યાગ પણ પ્રતિજ્ઞા પૂર્વક કરતા ચાલો, જેથી મન ખરેખર એની લાલસાથી મુક્ત થાય. અને જોજો ત્યાગની પ્રતિજ્ઞાનો ચમત્કારિક લાભ અનુભવમાં આવશે. ત્યાગ રખાવા છતાં જો પ્રતિજ્ઞા નહિ લેવાતી હોય તો અંદરમાં પૂછજો,–'કેમ પ્રતિજ્ઞા નથી લેતો?' જવાબ આ જ મળશે કે 'પ્રતિજ્ઞાથી તો બંધનમાં આવી પડીએ. પછી કયારેક રેક સેવવું હોય તો સેવાંય નહિ. આનો અર્થ શો? આ જ કે હાલ ત્યાગ છતાં એની આસક્તિ અંદરખાને બેઠી છે. 'આજે ઉપવાસ કરવો છે, પણ પચ્ચક્ખાણ નહિ લઉં,' એવું જો કર્યું તો સમજવું કે અંદરખાને છૂપી ખાવાની આસક્તિ બેઠી છે. પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ હોય તો જ મનમાંથી છૂપી આસક્તિ ઊડે, આસક્તિ કપાય.

આમ પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગથી જ આસક્તિ-તૃષ્ણા-લાલસા કપાતી આવે, ને મન પરમ શાંતિ અનુભવતું જાય. ત્યાગથી તૃષ્ણા મટે, ભોગથી નહિ. જીવનના સરવાળે આસક્તિઓ કાપી-ને જવું હોય તો વિષય-વિષયના ત્યાગ કરતા ચાલો. લાંબા સમયના નહિ, તો ટૂંકા સમયના; ઘર અંગે નહિ, તો બહાર અંગે; અથવા બહાર અંગે નહિ તો ઘર અંગે.

દા. ત. સવારે ઊઠીને નિયમ કરાય કે 'આજે મારે મિઠાઈ ત્યાગ;' 'આજે ભાણામાંથી એક ચીજ કાઢી નાખી એનો ત્યાગ રાખવો,' ગુસ્સાનો સ્વભાવ છે, તો નિયમ થાય કે, 'આજે પાંચ વાર ગુસ્સો રોકવો.' યા 'આજે ગુસ્સો થાય તો ૧૨ નવકાર ગણી લેવા.' આ ટૂંકા સમયના ત્યાગ કહેવાય.

એમ, 'મારે બહારની મિઠાઇ ત્યાગ.' બહાર મારે હોટલની ચાહ નહિ પીવી;' 'બહાર રાત્રે ન ખાવું,' આ બહાર અંગે ત્યાગ થયો. એમ 'મારે ઘરમાં કાચું પાણી ન પીવું; ઘરમાં રોફ નહિ મારવો,' 'ઘરમાં કલાકે એક નવકાર અવશ્ય ગણવો'....આ ઘર અંગે નિયમ થયા. એમ પોતાને જે જે દોષ નડતા હોય એના ત્યાગના ભલે સહેલા અને ટૂંક સમયના પણ નિયમથી અભ્યાસ થાય.

વિષયરાગનાં ભયંકર ઝેર ઊતારવાનું કામ આવા આવા ત્યાગના પ્રયોગથી થઈ શકે. બાકી કોઈ નિયમ નથી, ત્યાગ નથી રાખવો, તો વિષયોની આસક્તિ અને વિષયોના ભોગવટાની અમર્યાદિત પૂરી છૂટના લીધે પુષ્ટ જ થવાની છે.

ગંગસેના માબાપને કહી રહી છે કે, 'આપ જે રાજશાહી વિષયોમાં, સુખ કહો છો, એ તો વિષય-રાગને ભારે પોષી જીવને મહાદુઃખોનો શિકાર બનાવનારા છે, મારે એ ન જોઇએ. આપ મને ચારિત્ર માર્ગે વળાવો. આપનો મહાઉપકર માનીશ.'

## ગંગસેનાની ભવ્ય દીક્ષા :-

રાજા ગંગદત્ત અને ગંગારાણીએ જોયુ કે, 'દીકરીને વૈરાગ્ય-

નો રંગ પાકો લાગ્યો છે, ને તે ય તત્ત્વની સમજપૂર્વકનો લાગ્યો છે,' એટલે એમણે ધામધુમથી સાધ્વીજી શ્રી ચંદ્રયશાશ્રીજી પાસે એને દીક્ષા અપાવવાનું કર્યું. પુત્રીનો લગ્નોત્સવ કરે તો ક્યાં ખર્ચ નથી લાગતો? તો આ તો આત્મકલ્યાણના માર્ગે જઈ રહી છે, એમાં વળી જ્યારે લગ્નોત્સવનો ખરચ પાપ-ખર્ચરૂપ હોય છે, ત્યારે આ તો આત્મકલ્યાણના ઉત્સવ નિમિત્તનો ખરચ એટલે તો ધર્મ ખર્ચ કહેવાય, પુણ્યનું કાર્ય કહેવાય, જેથી ખરચેલા પૈસા લેખે લાગે છે; પછી રાજા આ દીક્ષાના ઉત્સવ ખર્ચમાં શું કામ બાકી રાખે? તેથી ગંગસેના પાસે ભારે દાન દેવરાવ્યું, તેમજ શ્રી જિનમંદિરોમાં મોટા અઠ્ઠાઇ મહોત્સવ મંડાવ્યા. પછી લશ્કરી સરંજામ સાથે દીક્ષાનો ભવ્ય વરઘોડો કાઢયો. એ બધાથી જૈનશાસનની મહાન પ્રભાવના થઇ. આવા મોટા વૈભવ છોડી રાજકુમારી દીક્ષા લે છે એ વસ્તુએ ઘણાનાં હૈયાં હચમચાવી નાખ્યાં. બાદ ગંગસેનાએ ચારિત્ર-ગ્રહણની વિધિ કરતાં, હજારો પ્રેક્ષકોનાં હૃદય અને નયન ભીનાં થઈ ગયાં.

જૈનશાસનનો ચારિત્રદીક્ષા-પ્રસંગ જૈનેતરોને પણ ગજબનો લાગે છે. એમાં વળી રાજશાહી સુખ-વૈભવ છોડીને ચારિત્ર લેવાનું લોક જુએ એટલે તો હૈયે ચમકારો જ પામી જાય. ત્યારે શાસનની કેવી બલિહારી! આવું અલૌકિક શાસન આપણા હાથમાં આવ્યા પછી આપણને એની કદર કેટલી? મોટા ચક્રવર્તીઓએ એની કદર કરી છ ખંડના રાજ્ય છોડયાં તો એ એની કેવી કદર?

## શાસન કિંમતી? કે છ ખંડ કિંમતી?

(૧) મૃત્યુ વખતે છ ખંડની ઠકુરાઈ શાન્તિ સમાધિ ન આપી શકે; શાસન, શાસનનો ચારિત્રમાર્ગ આ આપી શકે. (૨) દિલમાં 'મારા છ ખંડ' એવી મમતા પાપક્ષય અને પુણ્ય ન આપે પણ દિલમાં 'મારું ચારિત્ર, મારું સંયમ,' એ મમત્વ અઢળક કર્મક્ષય સાથે ભારે પુણ્યનો લાભ આપે. (૩) મોટા સામ્રાજ્યની મમતા પર દિલમાં કષાયનો ઉપશમ ન થાય, ચારિત્રની મમતા પર ઉપશમ થાય. ચક્રવર્તીઓએ શાસનની આ કિંમત આંકીને જોયું કે,

**ચક્રવર્તીની ભાવના :–**

'વાહ કેવું ઉત્તમોત્તમ જિનશાસન, કે એ ચારિત્ર આપી એ જીવન જીવતાં કષાયોનો ઉપશમ, જડ પુદ્ગલ સામે સ્વાતંત્ર્ય, ચારિત્ર-સંયમની મમતાથી અઢળક પાપક્ષય અને પુણ્યોપાર્જન, અંતે શાન્તિ-સમાધિ તથા પરભવને મહાન સદ્ગતિ અપાવે. ત્યારે ચક્રવર્તીપણું હૈયે વસેલું હોય કષાયોનો ઉકળાટ આવે, પુદ્ગલની ગુલામી અનુભવાવે, મહાઆરંભ-મહાપરિગ્રહની બુદ્ધિ દ્વારા નરકનાં પાપ ઉપાર્જાવે, પૂર્વ પાપનોક્ષય તથા નવીન પુણ્યની કમાઇ થવાની તો વાતે ય શી? અંતકાળે હૈયે ચક્રવર્તીપણું છતે અશાંતિ-અસમાધિનો પાર નહિ, ને પરભવે નરક જેવી ભયંકર દુર્ગતિમાં પ્રયાણ મળે. ત્યારે આની સામે જિનશાસન અને એના ચારિત્રમાર્ગની કેટલી બધી ઉત્તમોત્તમતા! આવું ઉત્તમોત્તમ શાસન મળ્યા પછી શું હું આ ગોઝારા

ચક્રવર્તીપણાને વળગી રહું ? મારે અનંત કલ્યાણકર શાસન જ ખપે, શાસનનો ત્યાગમાર્ગ સંયમમાર્ગ જ ખપે.'

મોટા ચક્રવર્તીઓએ શાસનની આ કદર કરી ચારિત્ર જીવન અપનાવ્યાં, અને કોઇ સ્વર્ગે, તો કોઈ મોક્ષે ચાલી ગયા. ત્યારે, ચક્રવર્તીપણાની કદર કરી એને વળગી રહેનારા મરી મરીને નરકમાં ચાલ્યા ગયા.

**શાસનની કદર કરી તો ફળ કેવાં ? ને કદર ન કરી તો ફળ કેવાં ?**

આ ધ્યાન પર લો તો જે શાસન પામવામાં આજની દુનિયાના ૨૯ાા ક્રોડ મનુષ્યો બાદ છે, અને માત્ર ૦ાા ક્રોડ પૈકી તમે જે આ શાસન પામવા મહાન ભાગ્યશાળી બન્યા છો, એ શાસનની કદર થાય. એ કદર કરવા પર આ વિચાર આવે કે મોટમોટા ચક્રવર્તીએ શાસન પામ્યાની કદર કરી સર્વત્યાગ આદર્યા, તો હું શાસનની કદર કરીને થોડા પણ ત્યાગને સંયમને આરાધનાને ન આદરું ?

શું ચક્રવર્તીઓ મૂરખા હતા તે કલ્પનામાં ન આવે એવા વૈભવ છોડયા ? મહાન સત્તા-ઠકુરાઇ છોડી ? અથાગ વિષયવિલાસ છોડયા ? ના, ઉત્તમોત્તમ જિન–શાસનની કદરદાન મહાબુદ્ધિ હતી, માટે સર્વસ્વત્યાગ કર્યા. તો મને તે એવું શું મળ્યું છે કે મારે થોડો પણ ત્યાગ ખપતો નથી, ને એ ઠીકરાં ચાટવા જોઇએ છે ? ઉત્તમોત્તમ શાસન મળવા છતાં કેવી એની બેકદર ! બુદ્ધિનું કેવું દેવાળું ! કેવી મહામૂર્ખતા !

શું ઠીકરે ઠીકરું ચાટવાને બદલે થોડાં ઠીકરાં ચાટવાના મૂકી દો, અર્થાત્ થોડો ત્યાગ કરો તો શું દુબળા પડી જાઓ? બધું ચાટો તો જ શરીરબળ ટકી રહે? તો જ આયુષ્ય પુરૂં જીવાય? ને નહિતર થોડા ત્યાગથી વહેલું મોત આવે? ના, એવું કશું જ નહિ, ઉલ્ટું, બધું ચાટવા બેઠેલા દુબળા પડયા છે. જાઓ જુઓ જઇને આજના દવાખાના અને હોસ્પિટલો, તપાસ કરો એમાં કોની ભરતી મોટી છે? થોડો પણ ત્યાગ કરનારની? કે સર્વભોગીની?

## જીવનમાં કશો ત્યાગ નહિ, ને ઠીકરે-ઠીકરાનો માલ ચાટવો એ ભિખારડાવેડા છે.

આજે પાંચતિથિ પાળવી કઠણ બની ગઇ છે. મોટા શ્રીમંતને પણ ૨૫ દિવસ તો ઠીકરાં ચાટવા મળ્યાં, પરંતુ કેમ જાણે પાંચ દિવસ ચાટવાના રહી જાય તો? એવું ભૂખારવાપણું! ત્યારે મધ્યમ કે સામાન્ય સુખીની ય એ દશા. ગરીબને વળી પૂરાં ઠીકરાં ય મળ્યા નથી, તો ય ત્યાગ નહિ! પણ ઉપરથી અભખરામાં શોષાવાનું કે, 'હાય! આપણે કમભાગી આપણને સારું સારું મળ્યું નહિ!' શું સારું સારું? ખરેખર તો ચક્રવર્તીને મળેલ કરતાં ઠીકરાં! જ્યાં આ ન મળ્યામાં ય સુકાઈ મરવાનું હોય ત્યાં થોડો પણ સ્વેચ્છાએ ત્યાગ કરવાનું શે આવે?

શાસન મળ્યાની કદર નથી એટલી ઠીકરાં મળ્યાની કદર છે. એટલે શાસન નથી આરાધી લેવું, ને ઠીકરાં આરાધી લેવા છે? રાતના ખાસા છ કલાક ઊંઘવા મળ્યા પછી પણ હવે

નિદ્રાનો ત્યાગ કરી સવારે પ્રતિક્રમણ કરવાનું સૂઝતું નથી. કેવો ઠીકરાના માલનો મોહ! પાંચ વિગઈ પૂરી ઉડાવવા મળે છે છતાં એક વિગઈનો ય ત્યાગ નથી પાલવતો. 'મારે ઠીકરે ઠીકરાનો માલ ચાટવા જોઈએ,' આ જ ઘેલછા ને ભિખારડાપણું ને? મોટા ચક્રવર્તીઓ શાસનની કદર કરી ઝવેરાતના માલનો પણ ત્યાગ કરી ગયા, ત્યારે અહીં એવી શાસનની કદર નથી એટલે થોડા પણ ઠીકરાના કચરાપટ્ટી માલ છોડતા નથી.

ભૂલશો નહિ, તમને મળેલ પૈસા, વિષયો, પત્ની પુત્રાદિ પરિવાર, ખાનપાન, આરામી, માન–સન્માન વગેરે બધું જ ચક્રવર્તીઓને જે મળ્યું હતું એની આગળ તો ભિખારીનાં ઠીકરાના માલ જેવું છે. એ ય હજી તો બધું છોડવાની આ વાત નથી, માત્ર શ્રાવકપણાના થોડા પણ ત્યાગમય આચાર પાળવાની વાત છે. ચોવીસે કલાક તો ધર્મસાધના નહિ, પણ ૨–૪ કલાક પણ ધર્મસાધનાની વાત છે. એનાં પણ ઠેકાણાં કેમ નહિ? કહો, મોટા ચક્રવર્તીઓએ શાસનની જે કદર કરી, એનાથી અડધી કદર, ચોથા ભાગની, દસમા વીસમા ભાગની ય કદર નહિ, તેથી શું કામ ત્યાગમાં સુખ સ્વતંત્રતા માને?

ગંગસેના સાધ્વી બનેલી, એણે ગુરુણી મળ્યે શાસન સમજી અને એની કદર કરી રાજ્યશાહી ઠાઠ છોડ્યા. છોડ્યા પછી પણ ચારિત્રજીવનમાં, જગતને એકમાત્ર બંધુભૂત ધર્મમાં જોરદાર મતિ લગાડી દીધી. તે સુકોમળ શરીરે પણ ભારે તપસ્યાઓ કરે છે! ત્યાગ કરે છે! સાધુચર્યાનાં ભગીરથ કષ્ટ ઉઠાવે છે.

**અનુમોદનની સાચી ભૂમિકા રચો :**

જો જો આ મહાસતી ઋષિદત્તા થવાની છે. તો એની વિશિષ્ટ ગુણિયલતાની ભૂમિકા એટલે આગળથી રચાય છે! આપણે, મહાન પુરુષના ઉચ્ચ ગુણ ઉચ્ચ સુકૃત, ઉચ્ચ આત્મ-પરાક્રમની વાત આવે એટલે, કાંતો કોરી અનુમોદના કરી માંડવાળ કરીએ છીએ કે 'વાહ! ધન્ય જીવન! આપણું ગજું નહિ;' અથવા ખાલી ભાવના–મનોરથ કરીએ છીએ કે 'આ મારામાં આવે તો સારું,' પરંતુ આગળ કાંઈ કરવાનું ખરું? કોરી ધાકોર અનુમોદના અને બુંદીકોટાની ભાવના કરતે કરતે જન્મારા વીતી ગયા અને આ જનમના હજારો દિવસ વીત્યા, કેમ હજી આત્મામાં એવી તેજી કે ઊજમાળતા નથી દેખાતી? શું નથી લાગતું કે કાંઇક નક્કર વસ્તુ ખૂટે છે? આ ખૂટે છે,–

**મહાન પુરૂષના ઉચ્ચ ગુણ સુકૃત–સાધના–પરાક્રમની નક્કર અનુમોદના આ, કે જેમ એમણે એ ઉચ્ચતાની ભૂમિકા પૂર્વે રચેલી ત્યારે એ એવી ઉચ્ચતાએ પહોંચ્યા, તેમ આપણે ઉચ્ચતાની ભૂમિકા રચીએ.**

ગુણની અનુમોદના કરીએ છીએ તે ગુણને સારા પ્રાપ્ત કરવા જેવા માનીને ને? તો શું દિલ એમ બોલે છે કે એ મારે પ્રાપ્ત કરવા છે? જો એ પ્રાપ્ત કરવા હોય તો પછી એની દિશામાં કશો પ્રયત્ન જોઈએ કે નહિ? મહાપુરુષના એવા પ્રયત્ન હતા તો જ એ ગુણ–સુકૃત–સાધનાની કક્ષામાંથી ઊંચી કક્ષાના ખીલી ઊઠયા. જગતનો આ સામાન્ય કાયદો કે બાળ-પોથી–પહેલી–બીજી...ભણતા ભણતા આગળ વધો એટલે મેટ્રિક

બી.એ.ની કક્ષામાં આગળ વધાશે. તો શું આપણે આ કાયદાથી પર છીએ કે બાળપોથી-પહેલી માંડ્યા વિના એક દિવસ સીધા મેટ્રિક-બી. એ. પાસ કરી દઈશું ? ભૂમિકા રચ્યા વિના જ સીધા ઉચ્ચ કક્ષાએ ?

### વીરપ્રભુનો ભવોનો ભૂમિકાયત્ન :-

ભૂલો પડતા નહિ, ખુદ તીર્થંકર ભગવાન પણ પૂર્વ ભવોમાં ગુણોની ભૂમિકા રચીને આગળ વધ્યા છે. શ્રી મહાવીર પ્રભુએ નયસારના ભવમાં મુનિને દાનથી શરૂઆત કરી. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા જમાવી. ત્રીજા મરીચિના ભવમાં પ્રભુનાં સમવસરણની અવર્ણનીય શોભા જોઈ વૈરાગ્ય ઝળકાવ્યો. ચારિત્ર લીધું. અલબત્ પછી ભૂલ્યા એટલે આગળ ઉત્થાનનો કાળ લંબાઈ ગયો ખરો. પરંતુ પૂર્વે ભૂમિકા રચેલી એણે, પેલી ભૂલનું પરિમાર્જન થઇ ગયા પછી, એમને પાછા સોળમા વિશ્વભૂતિના ભવમાં મહાન સંયમ અને તપની સાધનામાં ચડાવ્યા. ત્યાંય અલબત્ અંતે નિયાણું કરવાથી ભૂલ્યા, એટલે ઉત્થાન વિલંબે પડ્યું, નરક-તિર્યંચના ભવોમાં ભટક્યા, છતાં એમ એ ભૂલના સંસ્કાર ઠેકાણે પડયા પછી, પૂર્વે સાધેલી ભૂમિકાના સંસ્કારે એમને બાવીસમા ભવે ઊંચી સાધનામાં ચડાવ્યા, ત્રેવીસમા ચક્રવર્તી-ભવે ઉચ્ચ ચારિત્રસાધનામાં મૂકયા. આમ ભૂમિકા વધતી ચાલી, એણે પચીસમા નંદનમુનિભવે લાખ વરસ ચારિત્રસાધના અને તે પણ માસખમણના પારણે માસખમણની ઉચ્ચ તપસ્યા અપાવી!

### 'આપણું ગજું નહિ, એ ખોટું :-

તાત્પર્ય, ભૂમિકાની સાધના માંડી, અને એના પર આગળ

ને આગળ સાધના વધારતા ગયા, તો આવી ઉચ્ચ સાધનાએ પહોંચ્યા. ત્યાં એ ઉચ્ચ સાધનાની આપણે અનુમોદના કરીએ કે 'ધન્ય ચારિત્ર ! ધન્ય તપ !' અને સાથે માંડવાળ કરીએ કે 'આપણું આ ગજુ નહિ,' એ કેટલું વ્યાજબી ? અલ્યા ભાઈ! એમનું ય પહેલાં ગજુ કયાં હતું ? પરંતુ પહેલાં ભૂમિકામાં સામાન્ય સાધના શરુ કરેલી, ને એના પર આગળ વિકાસ સાધેલો, તો આ ઉચ્ચ સાધનાએ ચડેલા ને ? તો પછી આપણે અહીં ગજુ નહિ કહી માંડવાળ કરીએ અને એમની માફક પૂર્વની ભૂમિકાની સામાન્ય સાધનામાં ય ન લાગીએ, તો શું કોઈ કાળે ય ઉચ્ચ સાધના આવે એમ છે ?

વાત આ છે, કે ઉચ્ચકોટિના ગુણ, ઉચ્ચકોટિના સુકૃત, અને ઉચ્ચ કોટિની સાધનાના પરાક્રમ આપણને ગમે છે માટે એની અનુમોદના કરતાં હોઈએ, તો એ ગમવાની પાછળ એની પ્રારંભિક ભૂમિકાના સામાન્ય ગુણ–સુકૃત–સાધના પણ ગમવા જોઈએ, અને એ તો આરાધવા આપણે શકય છે તેથી એની આરાધનામાં લાગીશું તો જ ઊંચે ચડી ઉચ્ચ ગુણ, ઉચ્ચ સુકૃત ઉચ્ચ સાધના પામી શકવાના છીએ. પણ જો પ્રારંભિક કક્ષાના ય ગુણ–સુકૃત–સાધનાઓમાં ય લાગવાની પરવા નથી. તો એ ઉચ્ચ ગુણાદિ ગમ્યા શાના? ને ભવિષ્યમાં ય ઊંચે ચડવાનું કયાંથી બનવાનું હતું ?

બસ, મહાન આત્માઓનાં જીવન-વાંચીએ-સાંભળીએ એ આ માટે છે કે એમના જીવનમાંથી એમની પૂર્વભૂમિકાની માફક ભૂમિકાની પ્રારંભિક સાધનાઓ, પારંભિક ગુણો અને

પ્રારંભિક સુકૃતોની પ્રેરણા લઇએ, અને એનો પુરુષાર્થ આદરી દઈએ, કારણ કે એમનું જીવનચરિત્ર કહે છે કે એમણે પણ પહેલાં એવી ભૂમિકા માંડી હતી, તો જ એ ઊંચે ચડી શક્યા.

ઋષિદત્તાના ભવની ઉચ્ચ શીલ-સહિષ્ણુતા વગેરેની સાધનાની ભૂમિકા પૂર્વે ગંગસેનાના ભવમાં રચાઇ છે. ત્યાં જોયું કે એ સાધ્વી બનીને કડક ચારિત્ર અને ઉગ્ર તપ આરાધે છે. સંભવ છે એની પણ ભૂમિકા પૂર્વના ભવમાં સાધી હોય.

પ્ર૦-જ્ઞાની ભગવંતે કેમ એ ન બતાવી ?

ઉ૦-કારણ આ, કે અહીં ઋષિદત્તાનો પ્રશ્ન આટલો જ હતો કે 'હું અહીં રાક્ષસી તરીકેનું જે કલંક પામી તે પૂર્વના કયા કર્મથી ?' એના ખુલાસામાં જ્ઞાની ભગવંત પૂર્વના ગંગસેનાના ભવમાં થયેલ ભૂલ બતાવી રહ્યા છે.

## ઋષિદત્તાની પૂર્વ ભવની કઇ ભૂલ ?-

જ્ઞાની ભગવંત કહે છે,-બન્યું એવું કે એ ગુરુણી ચંદ્રયશા સાધ્વી પાસે એક નિઃસંગા નામની તાપસી તપની આરાધના કરવા માટે આવી. મહાન તપની સાધના કરે છે, અને ભગવાન જિનેશ્વરદેવના મંદિરોમાં પ્રભુની સ્તુતિ-ગુણગાન-નમસ્કાર કરે છે, નામ તેવા એનામાં ગુણ છે. નામ 'નિઃસંગા' તો સંસારના કોઈ સંગ એને મુંઝવતા નથી. સંગરહિત જીવન જીવી નિરાશંસ ભાવે તપ તપી રહી છે. તપસ્યાની સાથે જિનેશ્વરદેવના સ્તોત્ર સ્તવન ભણવામાં તત્પર રહે છે. આ તપસ્યા કેવી ? કે એ

જોરદાર કરાતી તપસ્યા કાયાનો કસ ખેંચી રહી છે. એક જ ગણતરી રાખી છે કે–

**તપ દ્વારા કાયાનો જેટલો કસ ખેંચાય એટલો આત્મામાં કસ પૂરાય છે; જડ પુદ્ગલ ઘસાવાની સામે આત્માનું ઓજસ્, વર્ચસ્વ અને સ્વતંત્રતા વધે છે.**

## ગંગસેના ભૂલી પડે છે :–

તાપસી સારો તપ તપી રહી છે એની સાધ્વીઓ મુક્ત દિલે પ્રશંસા કરે છે. ત્યારે અહીં ઋષિદત્તાનો જીવ ગંગસેના સાધ્વી ભૂલી પડે છે. એ પણ સંયમ અને તપની સારી આરાધના કરે છે, કિન્તુ તાપસીની આ પ્રશંસા સાંભળીને એને મનમાં ઈર્ષ્યા ઊઠે છે, અસૂયા થઈ આવે છે કે આ વળી શાની આટલી બધી પંકાય? અને મનમાં આ અસૂયા–અસહિષ્ણુતા–બળતરા ઊઠી એ અંદર ને અંદર શાની છીપી રહે?

મન સારું રાખીએ તો સારું, નહિતર એ બહુ ખરાબ ચીજ છે. મનમાં એક ખરાબ વિચાર ઘાલ્યો, પછી (૧) એનો વિકાસ થતો જાય છે, એ નાનો પણ ખરાબ વિચાર ફાલીફૂલી મોટો થતો જાય છે, એ અર્થાત્ વધુ ખરાબ વિચારણા આવવા માંડે છે, અને (૨) બીજી બાજુ એ વાણી અને વર્તાવમાં પણ ઊતરવાનું કરે છે.

## ખરાબ વિચારની એ ભયંકરતા; (૧) વધુ ખરાબ વિચારધારા, (૨) ખરાબ વર્તાવ.

(૧) મનની આ ખરાબી બહુ ધ્યાનમાં લેવા જેવી છે.

ખરાબ વિચાર, જેવો કે કામ-ક્રોધ-લોભનો વિચાર, ઈર્ષ્યા-અસૂયાનો વિચાર, વિષયના રાગથી વિષયનો વિચાર, ઊઠતો જ દાબો, નહિતર એ દિલમાં પેસી પગ પહોળા કરશે. દા. ત. આજની મોટી ઉંમરની અને સ્કર્ટ પહેરેલી અડધી નગ્ન છોકરીને જો જોઈ સહેજ પણ મનમાં આવ્યું કે 'આના પગ કેવા ભરાવદાર!' તો મુઆ પડયા સમજો. શ્રીમંતને જોઈ સહેજ મનમાં આવ્યું કે 'આની પાસે પૈસા બહુ, ધીખતી આવક!' તો એ વિચાર પછી મોટા પાપના વિચારમાં મરવાનું થશે. માટે જ એવાં પરસ્ત્રીદર્શન-પરધનદર્શન ખોટાં; તરત એ ખરાબ વિચારને જગાડનારા. પછી મનમાં કાંઇ જગાનો સવાલ નથી કે કેટલો ખરાબ વિચાર માય? મન જાણે મહાસાગર, તે એમાં ખરાબ વિચારના મોટા મગરમચ્છ સમાય. તે એક નહિ અનેકાનેક! એક ખરાબ વિચારના પાપે પછી અનેક પ્રકારના ખરાબ વિચારો સ્ફુરવા માંડે છે.

વાતોચીતો-વિકથા-કુથલીમાં આ અનુભવ છે ને સામાની વાતો સાંભળી કેટકેટલા રાગ-દ્વેષના ને કષાયના વિચારોનું મનમાં આંદોલન ચાલે ને? પછી ભલું હોય તો ઉઠીને ગયા પછી એ વિચાર મનને પકડી લે છે, મનમાં ખરાબ વિચારધારા ચાલી પડે છે. સિનેમાદર્શન, નોવેલ-નવલિકાવાંચન પણ આ દાવાનળ સળગાવે છે, મનમાં ખરાબ વિચારની મોટી આગો લાગે છે. એમાં અનાદિના સૂતેલા કામરાગ-વિષયરાગના સાપ જાગતા થઈ લાંબા-પહોળા વધે છે.

આવી ખરાબ વિચારોની આગોનું પરિણામ તત્કાળમાં ઘોર

તિર્યંચાદિ ગતિનાં પાપકર્મ બંધાય. મન બંધમોક્ષનું કારણ હોઈ ખરાબ વિચાર પાપકર્મ બંધાવ્યા વિના રહે? સાથે એના કુસંસ્કાર દૃઢ થાય છે! એ આગળ જઈને શું કરવાના? ખરાબ વિચારોની હારમાળા ચલાવવાના; જીવને પાપિષ્ઠ બનાવવાના! અહીં જ જુઓ ને કે આપણને ખરાબ વિચારો કેમ જલ્દી સ્ફૂરે છે! બહારથી ધર્મિષ્ઠ પણ અંદરથી પાપિષ્ઠ કેમ બનાય છે? કહો, પૂર્વના ઊંધા વેતરણને લીધે. પૂર્વે ખરાબ વિચારો અને ખરાબ કૃત્યો કરી કરી એના કુસંસ્કારોનું મોટું ગોડાઉન મોટી વખાર ભરીને આવ્યા છીએ માટે.

તો શું હજી પણ એ કુસંસ્કારોની વખારમાં વધારો કરતા રહેવું છે? હજી ય પાછા નથી ફરવું? પાછા ફરવું હોય તો ખરાબ વિચારોને બંધ કરો. એમ પૂછતા નહિ કે,

પ્ર૦–પૂર્વના થોકબંધ કુસંસ્કારો હોય એટલે ખરાબ વિચાર તો આવે જ ને?

ઉ૦– ના, શાસ્ત્રવાણી જિનવચનોનાં આલંબને એને અટકાવીને સારા વિચારો લાવી શકાય છે. શાસન–સ્થાપનાનો મર્મ આ છે કે એ વિચારશુદ્ધિ કરે.

**પ્રભુએ શાસન સ્થાપ્યું તે આટલા જ માટે કે એનું આલંબન જાગતું રાખી ખરાબ વિચારો અટકાવી સારા વિચાર કરી શકાય.**

શાસ્ત્રોમાં આપેલ તત્ત્વની સમજ, તત્ત્વોનો વિસ્તાર, અને શાસ્ત્રે કરેલ મહાપુરુષોનાં જીવનનાં વર્ણન આપણે મન પર લઈને

એટલે એની વિચારસરણી ચલાવી શકીએ. એ પાછી વારંવાર કરી શકીએ. એમ સારા ને સારા જ વિચારોમાં રમતા રહીએ એટલે ખરાબ વિચારો મુઆ પડ્યા છે. બાકી જો એ કરવું નથી, તો તો સમજી રાખો કે એક પણ ખરાબ વિચાર મનમાં ઘાલ્યો કે એના પર એની ઉગ્રતા વધતી જશે, વધુ ઉગ્રખરાબ વિચાર ખડા થતા જશે. એની વળી કુટેવ–આદત પડી જાય છે. તેથી હાલતાં ને ચાલતાં ખરાબ વિચારો કરતા જ રહેવાય છે. તે ઠેઠ જીવનના અંત સુધી કેડો જ ન મૂકે. ખરાબ વિચારની આ એક ભયંકરતા.

### (૨) ખરાબ વિચારની બીજી ભયંકરતા આ છે, કે

મનમાં પહેલો ખરાબ વિચાર વાણી અને વર્તાવમાં ઊતરે છે. કહેવાય છે ને કે હૈયે તેવું હોઠે? હૈયામાં–મનમાં ખરાબ વિચાર ચાલતા હોય એ હોઠ પર યાને વાણીમાં–શબ્દમાં ઊતરે છે. એવા અસત્ બોલ, પાપ–વાણી, કષાયભર્યા વિષયાસક્તિભર્યા શબ્દ બોલાવા માંડે છે. દા. ત. કોઈની મજાક-મશ્કરીનો વિચાર મનમાં સ્ફૂર્યો, પછી મજાક–મશ્કરીનો શબ્દ મોંમાંથી નીકળી પડે છે. હૈયે તેવું હોઠે એનું ફળ જાણો છો! એવા મજાક–મશ્કરીના અને બીજાના દિલ તોડી નાખનારા બીજાનું હૈયું ભાંગી નાખનારા વારંવારના વિચાર અને બોલ ઉપર પરમાધામી બનવા સુધીનાં પાપ ઊભાં થાય છે, ક્રૂર–નિર્દય મ્લેચ્છ બનવાનાં પાપ ઊભાં થાય છે. મશ્કરીનો ખરાબ વિચાર મનમાં ઘાલી શો સાર કાઢ્યો? પછી,

'હસતાં તે બાંધ્યા કર્મ, નવિ ઓળખ્યો જિનધર્મ,
રોતાં ન છૂટે પ્રાણિયાજી.'

ખરાબ વિચારનો વાણી પર પડઘો ખોટો પડે છે. આજના મોટા છોકરા છોકરીઓ છાપાં-સિનેમા-નોવેલો તથા પરસ્પરની વાતો પરથી મનમાં એવા ખરાબ વિચારોને રમતા કરી દે છે, એટલે પછી જુઓ કે એ સરખે સરખા મળ્યા, કેવા બોલે છે? કેવી નાગી વાતો કરે છે? એ બિચારાઓ પાસે પછી સારી વાતો કરવાને મસાલો જ નથી. જેને મનમાં વિચાર જ વિલાસના ચાલતા હોય એ વાણીથી બીજું શું બોલવાના હતા? માનવ મન માનવ બુદ્ધિ અને માનવ જીભનો આ કેવો અને કેટકેટલો ગોઝારો ઉપયોગ? એ પછી કેટલા ભવો સુધી ભયંકર પીડાવાનો એનો કશો વિચાર ખરો? કશી અફસોસી-અરેરાટી ખરી? જે આ ઉત્તમ ભવ મન-વાણી-વર્તાવને ઉચ્ચ ઉમદા શુભ ભાવ-ભર્યા બનાવવા માટે મળ્યો, એવા આ ભવથી મન-વચન-કાયાને મલિન-ક્ષુદ્ર-અધમ ભાવથી રંગાયેલા કરવાના?

જીવને પૂછો,-'તું શેની ખાતર આ મેલા-ગંદા-અપવિત્ર ભાવ તારા જ મહા કિંમતી મન-વચન-કાયામાં ઘાલી રહ્યો છે? જેની ખાતર આ બગાડો પોષી રહ્યો છે, એ માન-પાન પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા કેટલા ટકવાના? ક્યાં એ બધો સરંજામ ગયા ભવમાંથી લઈ આવ્યો હતો? તેમ ક્યાં એ અહીંથી આગળ સાથે લઈ જઈ શકવાનો છે? ત્યારે આ અધમ-ક્ષુદ્ર મલિનભાવો તો જડબેસલાક આત્મામાં સીલપેક થઈ દીર્ઘાતિ-

દીર્ઘ કાળ સુધી સાથે ચાલશે. આ લપ તો અનંતીવાર કરી, થાક, થાક એનાથી, ને હવે મેલ એ લપ. જગતનું કશું તારું નથી. શા સારુ એની ખાતર તારા જ મનના ભાવ બગાડે ?' આમ વારંવાર જીવને સમજાવતા રહેવાની જરૂર છે.

● ● ●

## ૩૨. ગંગસેના ભૂલી: ધર્મસૂઝ-ધર્મજાગૃતિ

મહાન વિરાગી સંયમી તપસ્વી સાધ્વી ગંગસેના ભૂલી પડી 'મારી નહિ એટલી બધી આ તાપસીની કેમ પ્રશંસા થાય ?' અથવા 'મને ભલે માન મળતું હોય, પણ આ અમારાથી ઊતરતી તાપસીને માન શાનું મળવું જોઈએ ? ' એવી ઈર્ષ્યાના ભાવમાં પડી. ઈર્ષ્યાથી મન બગડે કે સુધરે ? ઈર્ષ્યાનો ભાવ કષાયના ઘરનો ? કે ઉપશમના ઘરનો ? બીજાના ગુણાનુરાગના ઘરનો ? કે એના પ્રત્યે દ્વેષના ઘરનો ? ઈર્ષ્યા એ ભાવ સારો કહેવાય જ નહિ; એનાથી મન સારું ન થાય પણ બગડે. પરંતુ ગંગસેનાને આ ક્યાં જોવું છે કે હું લેવા-દેવા વિના મારા હાથે જ મારું જ મન બગાડી રહી છું ? તાપસીની પ્રશંસા કરનારા તો કરવાના જ છે, હું શું કામ બળું ? ના, આ કશું જોવું નથી.

ઈર્ષ્યાથી બગડેલા મનવાળી ગંગસેના સાધ્વી એક વાર જુએ છે, બીજી વાર જુએ છે, ત્રીજી વાર જુએ છે કે તાપસીની

પ્રશંસા ચાલ્યા કરે છે; તેથી હવે એ બગડેલું મન જપ્યું નહિ. મનને થયું કે આનું એવું કાંઇક કરું કે બીજાઓ એની પ્રશંસા કરતાં એકદમ જ બંધ થઈ જાય. થયું, મનમાંની ઈર્ષ્યા હવે વાણીમાં ઊતરે છે.

## ગંગસેના આળ ચડાવે છે:-

તાપસીના ગુણ ગાતી સાધ્વીઓને ગંગસેના કહે, 'અરે! તમે આની પ્રશંસા શું કરો? આને તમે ઓળખતા નથી. આ તો દંભી તાપસી દહાડે તપસ્વિની અને રાતે મડદાનું માંસ ખાનારી રાક્ષસી છે.'

અહીં આચાર્ય મહારાજ ઋષિદત્તાને કહે છે.- 'હે વત્સા! તેં આ અસત્ આરોપ ચડાવવાથી નાનોસૂનો કર્મબંધ નહિ, પણ મોટો કર્મબંધ ઉપાર્જ્યો. આ કર્મબંધ એવો ભારે હતો કે તારા ઉપશમભાવને નષ્ટ કરી નાખે.'

સુંદર ચારિત્રના પાલનમાં તો ગંગસેનાને ઉપશમની મહાન કમાણી થઈ હતી. છતાં ભયંકર અસત્ આળ ચડાવવામાં જે દ્વેષભાવ આવ્યો એણે એ કમાયેલા ઉપશમભાવને નામશેષ કરી નાખ્યો.

## 'ક્રોધે ક્રોડ પૂર્વતણું સંજમફળ જાય'

મોટી ઘાસની ગંજીને સળગાવી નાખવા માટે અગ્નિની એક ચિનગારી બસ છે. આ આરોપ કાંઈ અજાણ્યે નથી ચડાવ્યો કે મનનો ઉપશમભાવ સલામત હોવા છતાં અજ્ઞાનતાથી કશુંક એવું બોલાઈ ગયું હોય. આ તો જાણી જોઈને

જ આરોપ ચડાવ્યો છે, એટલે એ ભયંકર આરોપની પાછળ મનમાં ઊગ્ર દ્વેષ રમી રહ્યો. એ પછી પૂર્વે કમાયેલ ઉપશમભાવને શાને ઠહેરવા દે?

અગ્નિશર્માને લાખો પૂર્વના માસખમણથી કેટલો બધો ઉપશમભાવ આવ્યો હતો કે એની નાનપણમાં મશ્કરી કરનાર અને એને સંતાપનાર ગુણસેન હવે પહેલપહેલો જ્યાં આવી મળે છે અને પોતાની ઓળખ પાપી અ–ગુણસેન તરીકે કરાવે છે, ત્યાં અગ્નિશર્માએ શું કહ્યું, જાણો છો? અગ્નિશર્મા કહે,–

'મહાનુભાવ! જે તેં મને આટલી મોટી તપની સમૃદ્ધિ પમાડી, એ તું અ–ગુણસેન શાનો?'

આ કહેવાની પાછળ, વિચારો, હૃદયમાં કેટલો બધો શાંતભાવ ઉપશમભાવ વહેતો હશે? ખરેખર તો ગુણસેનથી ત્રાસીને એને ગામ છોડી ભાગવું પડેલું છતાં એ માને છે કે 'જે આ મહાતાપસ બનવાનું મળ્યું, મોટી માસખમણના પારણે માસખમણની તપસ્યા કરવાની મળી, એમાં નિમિત્ત બનનાર ગુણસેન તો મારે કલ્યાણ–મિત્ર થયો. લાખો પૂર્વોના અબજોના અબજો વરસો સુધી દિલમાં ક્યારે ય 'ગુણસેન મારો દુશ્મન મને ત્રાસ આપીને ભગાડનારો' એવો ભાવ નહિ આવવા દીધો હોય, ત્યારે તો લાખો પૂર્વોબાદ ભેગો થનારા ગુણસેનને 'તું તો મને આવો તપવૈભવ પમાડનાર મહાગુણસેન કલ્યાણમિત્ર છે,' એમ એને ઉપરથી આશ્વાસન આપે છે! આ હિસાબે લાખો પૂર્વો સુધી એણે ઉપશમભાવ રાખ્યો હશે! છતાં એ લાખો પૂર્વોના ઉપ-

શમભાવ ઉપર ગુણુસેન પ્રત્યે અંતે પ્રગટેલા રોષ અને વૈરભાવે લેલો ફેરવી નાખ્યો, અંત વખતના ધમધમતા દ્વેષે એ અબજોના અબજો વરસના ઉપશમભાવને બાળી સાફ કરી નાખ્યો!

આનું કારણ સ્પષ્ટ છે. ઉપશમભાવ તો દિલને સમજાવી સમજાવીને સાચવેલો હોય છે, ત્યારે દ્વેષભાવ કરતી વખતે દિલને કાંઈ સમજાવવું પડતું નથી કે, 'કર કર તું દ્વેષ કર; શું સુસ્ત શાંત થઈને બેસી રહ્યું છે?' ના, સમજાવવું તો ઉપશમ માટે પડે છે કે, 'રાખ રાખ દિલ! શાન્તિ રાખ, ઉપશમભાવ રાખ. શું કામ દ્વેષમાં તણાય?' આમ જ્યારે દ્વેષભાવ બહુ સહેલાઇથી થાય છે, અને તે પણ જાણી જોઇને તાપસભાવના નિયમો તથા ગુણો ઓળંઘીને જ દ્વેષ તથા ગાઢ વૈરભાવ કરવો છે, પછી આવા માંધાતા દ્વેષની આગળ પેલો ઉપશમભાવ, ભલે ને લાખો પૂર્વોનો, પણ શી વિસાતમાં? એવા દ્વેષથી તો એના કુરચા જ ઊડી જાય; એમાં નવાઇ નથી.

માટે આ ખૂબ ધ્યાન રાખવા જેવું છે કે,

**આત્માના ઉપશમ–ક્ષમા–નિસ્પૃહતા, બ્રહ્મચર્ય–સદાચાર, નિરભિમાન–ગંભીરતા–સહિષ્ણુતા વગેરે ગુણો અણીશુદ્ધ સાચવવા છે? તો એના પ્રતિપક્ષી દ્વેષ–ક્રોધ–લોભ–દુરાચાર, મદ–ક્ષુદ્રતા–વ્યાકુળતા વગેરે દોષોમાંના એકને પણ જિંદગીના છેડા સુધી મચક નહિ આપવાની.**

ગંગસેના રાજશાહી સુખોને છોડીને સાધ્વી બનેલી; સાધ્વી બનીને સંયમ પાળી પણ સુંદર રહી છે, દિલમાં કેટલોય

ઉપશમભાવ કેળવતી રહી હશે, પરંતુ અહીં ગફલતમાં પડી તો એના દિલમાં ઈર્ષ્યા પેસી ગઈ, અને ઇર્ષ્યાથી એણે નિર્દોષ તાપસી પર વચનથી આળ ચડાવ્યું ....

## તારક નિઃસંગદશા

ગુરુ ઋષિદત્તાને કહી રહ્યા છે કે આ આળ ચડાવવાથી તેં એવો સાનુબંધ કર્મબંધ કર્યો કે એણે હવે ભવિષ્ય માટે ઉપશમ-ભાવનો નાશ કરી નાખ્યો, અને દ્વેષાદિ દોષોની પરંપરા ઊભી કરી. એ આળ ચડાવવામાં અહીં વળ્યું શું ? પેલી નિઃસંગા તાપસી પ્રશમ–અમૃતની વાવડી જેવી, તે એને પોતાની ઉપરના આળથી જરાય દ્વેષ થયો નહિ. એને એક જ વિચાર હતો કે,–

'મારે મારા દિલમાં મારો પ્રશમ–ઉપશમભાવ બરાબર છે. એ જ અંતે મારી ખરી ચીજ છે; ખરી મૂડી છે. એને જ હું સાચવું.

બીજાના શબ્દ કે પ્રવૃત્તિ સામે મારે જોવાનું શું કામ? એ ગમે તે કહે–કરે એ કાંઇ મારા આત્માને ચોંટતું નથી... મારે મારી મૂડી બગાડવાની નહિ.–'

બસ, આ વિચાર ઉપર તાપસીએ બહારનો કશો સંગ જ રાખ્યો નહિ. એ તો નિઃસંગતાથી ભવભંગ–ભવનાશના તરફ દોડી રહી હતી.

ગંગસેના તો એક સાધ્વી; ત્યારે નિઃસંગા એક તાપસી; છતાં એ ગંગસેના કરતાં કેટલે આગળ વધી ગઈ ! કહેવાય છે ને કે બુદ્ધિ કોઇના બાપની નહિ? એમ અહીં.

**ઉપશમભાવ અને નિઃસંગતા કોઈ બાહ્ય હોદ્દાના ઘરની ચીજ નહિ. જે એનો ખપ રાખે એની ગરજ રાખે એની એ ચીજ.**

'મોટો સાધુ છે કે આચાર્યપણાનો હોદ્દો છે માટે ઉપશમ અને નિઃસંગતા હોય જ, અને નાનો સાધુ, તાપસ કે સંન્યાસી છે અથવા ઘરવાસમાં બેઠેલો છે એટલે એને ઉપશમ અને નિઃસંગભાવનું નાનું ઝરણુંય ન હોય,' એવો નિયમ નહિ.

**અઈમુત્તા મુનિ** નાના બાળ હતા છતાં એવા ઉપશભાવ અને નિઃસંગતામાં ચડ્યા કે એમની મશ્કરી કરનાર મોટા મુનિઓને પ્રભુશ્રી મહાવીરસ્વામીએ ઠપકો આપ્યો કે 'આ નાના મહામુનિની આશાતના ન કરો. આ ચરમ શરીરી છે.'

**તામલિ તાપસ** એવા નિઃસંગભાવમાં રમતો હતો કે ભવનપતિ દેવલોકની દેવીઓએ પોતાના સ્વામી બનવા એને નિયાણું કરવા કહ્યું. દેવતાઈ ગીત–નૃત્ય–હાવભાવ વગેરેનાં પ્રલોભનો દેખાડ્યાં, છતાં તામલિ–તાપસે એને અકિંચિત્કર લેખ્યા, એને તુચ્છ અને આત્મઘાતક લેખી સહેજ પણ એના પ્રત્યે આસક્ત–આકર્ષિત ન બન્યો. એવા એના નિઃસંગભાવમાં મરીને એ ઊંચા ઈશાનદેવલોકનો ઇંદ્ર બન્યો.

જુઓ કાર્તિકશેઠે ચારિત્ર લઈ જૈન મુનિપણું અજવાળેલું. વળી એમણે ગૃહસ્થપણે ય શ્રાવકની કઠોર ૧૧ પડિમા સો વાર વહન કરેલી, છતાં એ મુનિપણાના અંતે કાળ કરીને પહેલા દેવલોકના ઈંદ્ર સુધર્મા ઈન્દ્ર બન્યા. ત્યારે આ મિથ્યા

માર્ગમાં પડેલો તામલિ બીજા દેવલોકનો સ્વામી ઈશાનેન્દ્ર બને છે. કેમ આવો ફરક? કહેવું જ પડે કે આયુષ્ય બાંધતી વખતે બંનેના નિઃસંગભાવમાં ફરક. તો એ માટે હોદ્દાનો ક્યાં હિસાબ રહ્યો? પણ

પ્ર૦–તો શું હોદ્દો નકામો?

ઉ૦–ના; નકામો નથી, આધ્યાત્મિક ઊંચા હોદ્દાથી ઊંચા શુભ ભાવ આવી શકે છે. તામલિ તાપસ મિથ્યામાર્ગમાં હોઈ પહેલા ગુણસ્થાનકે ગણાય, કાર્તિકમુનિ ચારિત્રધારી હોઈ, છઠ્ઠા ગુણસ્થાનકે કહેવાય. પણ આ બાહ્યથી; આભ્યન્તર રીતે તો પોતપોતાના આત્મપરિણામ પર આધાર છે. એ આંતર પરિણામ જ્ઞાનીથી ગમ્ય છે. કેવળજ્ઞાની એને જાણી શકે. એ પરિણામ પર હોદ્દાની અસર પડી શકે. ઊંચા પરિણામ લાવી શકાય. સગવડ છે, પણ એનો ઉપયોગ કરવાનો આધાર જીવની જાગૃતિ અને આભ્યન્તર પુરુષાર્થ ઉપર છે.

**જાગૃતિ જેટલી ઊંચી અને આંતર પુરુષાર્થ જેટલો બળવાન એટલા ચિત્તપરિણામ વિશેષ વિશુદ્ધ બને.**

**જીરણશેઠ** શ્રી મહાવીર ભગવાન વહોરવા આવવાની રાહ જોઈ ઊભા છે. પ્રભુ એમને ત્યાં પધારતા નથી. પ્રભુ અભિનવ શેઠને ત્યાં પધારે છે. છતાં જીરણશેઠને જ્યાં સુધી આ ખબર નથી ત્યાં સુધી જાગૃતિ અને પુરુષાર્થ વિકસાવી રહ્યા છે, વિચારી રહ્યા છે કે, 'અહો! પ્રભુ વહોરવા પધારશે. શેરીમાં લઈ આવવા હું પ્રભુની સામે જઈશ, વિનંતિ કરી અહીં લઈ આવીશ,

વંદન નમસ્કાર કરી પાવન થઇશ, પછી પ્રભુને વહોરાવીશ. વાહ મારા વહાલા તપસ્વી નાથ! અહીં મારે ત્યાં પારણું કરશે! કેવાં મારાં અહોભાગ્ય!....'

જાગૃતિ એવી છે કે અત્યારે કોઈ દુન્યવી બાબતનો ખ્યાલ નથી, ખ્યાલ માત્ર પ્રભુભકિતનો છે હા, જો એમાં એવો વિચાર આવી જાય કે 'મારે ત્યાં પ્રભુ પધારશે, એટલે મારી નામના થશે' તો એ માન–કષાયનો ભાવ આવ્યો. ત્યાં જાગૃતિ ઊપડી ગઇ. અથવા 'મને એથી સારું પુણ્ય સારાં સુખ મળશે' તો એ લોભકષાયનો ભાવ આવ્યો; જાગૃતિ નષ્ટ. ત્યારે અહીં જીરણશેઠને તો શુદ્ધ પ્રભુભકિતનો ભાવ છે.

**માન-લોભાદિ કષાય સળવળતાં આત્મા મોહનિદ્રામાં ઊંઘતો ગણાય; શુદ્ધ પ્રભુભકિત આદિના ભાવ ખીલતાં ધર્મ જાગૃતિ ગણાય.**

જાગૃતિની વડાઈ છે. જીવ સાંસારિક ક્રિયામાં પરોવાયો હોય છતાં આવી જાગૃતિ આવે તો નફામાં બેઠો; ને ધર્મસાધનામાં પરોવાયા છતાં જો કષાય–વિષયાસકિતની મોહનિદ્રામાં પડયો તો ખોટમાં પડયો. ગુણસાગર અને એને વરનારી આઠ કન્યાઓ લગ્નની ચોરીમાં બેઠા છે. પાપક્રિયામાં છે' છતાં જાગૃતિની બલિહારી કે એ સર્વત્યાગના ભાવમાં ચડયા છે, તો કેવા નફામાં? ત્યાં જ અનાસક્ત યોગ સાધી ઠેઠ કેવળજ્ઞાન પામી ગયા.

દુન્યવી સંયોગો ને કર્મસંયોગો આપણને પાપક્રિયામાં ઘસડે; છતાં, સૂઝ-જાગૃતિ આપણા હાથની વાત છે. આપણી સૂઝ પર આધારિત છે. એ સૂઝ અને જાગૃતિ પર બાહ્ય સંયોગોનું

દબાણુ નથી કે આપણુને એ સૂઝ જાગૃતિ ન જ પામવા દે, સૂઝ-જાગૃતિ ન જ આવવા દે. તેમ ધર્મસંયોગોનો નિયમ નથી કે એ સૂઝ-જાગૃતિ લાવે જ. હા,

**દુન્યવી સંયોગ કરતાં ધર્મસંયોગો સારી સૂઝ અને જાગૃતિ માટે અનુકુળ છે; ધર્મસંયોગો મળ્યા હોય તો સારી સૂઝ અને જાગૃતિ આવી શકે. પરંતુ એ સૂઝ-જાગૃતિ આવવાનો આધાર આપણી ગરજ ઉપર છે. આપણે એ લાવવાની ગરજ હોય તો જ આવે.**

સૂઝ ધર્મની જોઈએ. માણુસને જો સારાં ખાન-પાનની સૂઝ હોય છે, તો જ્યાં જમણુનું નામ પડે કે તરત મન સજાગ થઈ જાય છે, જમણુના વિચાર કરવા માંડે છે. જમણુમાં કેવા આસ્વાદ કેવો આનંદ આવશે એનો ઉમળકો અત્યારથી સેવવા માંડે છે. જમણુમાં તો એ સાંજે બેસશે, પણુ અત્યારે સવારના ચાલુ ભોજન વખતે ય એની હોંશ ને એના ઉમળકા ! કારણુ ? સૂઝ સારાં ખાનપાનની છે. એમ સૂઝ ધર્મની હોય તો સાંસારિક કાર્ય વખતે ય ધર્મની હોંશ આવે; ઉમળકા ધર્મના ચાલે. ધર્મની સૂઝ પર ધર્મની જાગૃતિ આવે.

ધર્મસૂઝ ને ધર્મજાગૃતિ ઉપરાંત આભ્યન્તર પુરુષાર્થની જરૂર છે. એ જેટલો વધારે, જેટલો તેજસ્વી, એટલા પ્રમાણુમાં આન્તર પરિણામ ઊંચા ઉજ્જવળ. ધર્મ જાગૃતિથી ચિત્ત ધર્મમાં રહ્યું, પરંતુ જો તે એટલું સ્ફૂર્તિવાળું ન હોય, તો એવા ઉચ્ચ પરિણામ ઉચ્ચ અધ્યવસાય ન જાગે.

## ધર્મ જાગૃતિ છતાં પુરુષાર્થ મંદનો દાખલો :-

મહારાજા કુમારપાળ આમ તો ધર્મ પામ્યા પછી સુંદર ધર્મની સૂઝવાળા અને ધર્મની જાગૃતિવાળા બની ગયેલા. તો પછી એ મરીને કેમ વૈમાનિક દેવલોકમાં નહિ, ને વ્યંતર દેવલોક-વ્યંતર નિકાયમાં ગયા ? કહો, જ્યારે અહીં પરભવનું આયુષ્ય કર્મ બંધાઈ રહ્યું હશે ત્યારે અલબત દેવલોકનું આયુષ્ય બંધાઈ રહ્યું છે, એટલે પાપજાગૃતિ નહિ, પણ ધર્મ-જાગૃતિ તો હશે જ, છતાં પણ એ જાગૃતિ પર એ ક્ષણે આભ્યન્તર ભાવનો પુરુષાર્થ એવો સ્ફૂર્તિવાળો નહિ હોય, સમ્યક્ત્વના ઘરનો ભાવોલ્લાસ નહિ હોય. નહિતર તો સમકિત છતે વૈમાનિક દેવલોકથી નીચેનું આયુષ્ય ન જ બાંધે, એ નિયમ.

**એટલે સમજાશે કે, માનવ જીવનની લ્હાણ આ, કે સતત ધર્મની ગરજ, ધર્મની સૂઝ, ધર્મની જાગૃતિ પણ જોઈએ, અને આંતર ભાવોલ્લાસનો ધીખતો પુરુષાર્થ પણ જોઈએ.**

મંદિરે ગયા, ચિત્ત પ્રભુદર્શન-પ્રભુપૂજનમાં રાખ્યું એટલેથી બસ નથી, પરંતુ પેલા જમણના રસિયાની જેમ મંદિરે જવા પહેલેથી જ ચિત્ત એમાં રમતું અને ભાવોલ્લાસ ઊછળતા કરવામાં જોઈએ. જેથી દર્શન-પૂજન વખતે તો ભાવોલ્લાસના ભારે ઉછાળા આવતા હોય. તામલિ તાપસ એ કરી રહ્યો હતો; તેથી એ આંતર ભાવોલ્લાસના ઉછાળામાં દેવીઓથી લોભાયો નહિ; દેવીઓએ ગીતગાન-હાવભાવ સાથે એને સ્વામી થવાની જે કરગરીને પ્રાર્થના કરી એને તુચ્છ ગણી કાઢી !

ખુદ દેવીઓ આવીને રંગરાગ જમાવી પ્રાર્થના કરતી હોય

કે, 'તમે અમારા સ્વામી થાઓ, અમે તમને પૂર્ણ આજ્ઞાંકિત રહી દિવ્ય સુખ આપીશું,' ત્યારે લલચાવું સહેલું છે? પરંતુ વૈરાગ્ય અને મોક્ષકાંક્ષાના ભાવોલ્લાસમાં એ સહેલું બને છે.

**કામ-ક્રોધાદિ રોકવાને માટે આમાંથી એક મહાન ચાવી જડે છે.** પ્રસંગ મળતાં કામ કે ક્રોધ કે રૂપ-રસમાં લપટાઈ જવાનું થતું હોય ત્યાં જો એની પહેલેથી આત્માની નિર્વિકાર દશાનો કે પરમાત્માની ભક્તિનો યા શાસ્ત્રતત્ત્વોના ચિંતનનો ભાવોલ્લાસ જગાવ્યે રાખ્યો હોય, ખીલમીલતો રાખ્યો હોય, તો સંગ છતાં ક્રોધનો આવેશ નહિ આવે, કામવાસના જોર નહિ કરી શકે, રૂપ-રસ આદિની લાલસા નહિ ઝગમગે. આ તો એવા ભાવોલ્લાસ દિલમાં ઝગમગ્યા રહેતા નથી એટલે જ પ્રસંગે કામ-ક્રોધાદિ ચડી બેસે છે.

તામલિ તાપસના હૃદયમાં વૈરાગ્યનો ભાવોલ્લાસ ને આત્માને માયાના બંધનથી તદ્દન મુક્ત કરવાનો ભાવોલ્લાસ ઝગમગતો ચાલતો હતો; એટલે દેવીઓના ગીત-ગાન-હાવભાવ અને કાલા-વાલાના પ્રસંગે પણ એને તુચ્છ અતિ તુચ્છ લેખી એ પર માયાનો રંગ જરાય ન ઊઠવા દેતાં પોતાના ધ્યાનમાં જ સ્થિર રહ્યો. આગળ પણ એ જ આંતર ભાવોલ્લાસના પુરુષાર્થને વધારતો રહ્યો.

એમાં વળી છેલ્લે છેલ્લે એ તામલિને જંગલમાંથી મુનિ ઈર્યાસમિતિ જોતાં જોતાં જતા દેખાયા. આકર્ષણ થયું, અહો! આ મુનિઓનો માર્ગ કેવો ઉત્તમ! એમ અહોભાવ વધતાં

એ સમ્યક્ત્વ પામ્યો. સ્થિતિ એ આવીને ઊભી રહી કે એમાં એણે બીજા વૈમાનિક ઈશાન–દેવલોકના ઈન્દ્રપણાનું પુણ્ય અને આયુષ્ય ઉપાર્જ્યું.

● ● ●

## ૩૩. નિઃસંગતા

અહીં પેલી નિઃસંગ તાપસી નિઃસંગપણે તપ તપતી જિન-ભક્તિ અને જિનસ્તોત્ર–ગુણગાનમાં રક્ત રહી છે. એમાં એણે એવી ધર્મજાગૃતિ અને ભાવોલ્લાસ વધતા રાખ્યા છે, કે ગંગ-સેના સાધ્વીએ એના પર રાત્રે મડદાનું માંસ ખાનારી રાક્ષસી તરીકે તહોમત ચડાવ્યું, છતાં એણે એ મન પર લીધું નહિ.

પ્ર૦–આવો ભયંકર આક્ષેપ આવે, ને મનને ન લાગે?

ઉ૦–ના, કારણ સ્પષ્ટ છે,–તાપસી નામ પ્રમાણે ગુણવાળી; તે ખરેખર નિઃસંગ છે, સંગરહિત છે.

સંગરહિત યાને 'નિઃસંગ' એટલે બાહ્ય અનુકુળ–પ્રતિકુળ વસ્તુ, માન–અપમાન, જશ–અપજશ વગેરેનું મનને કશું મહત્ત્વ નહિ. મહત્ત્વ માત્ર આત્મહિત–સાધનાનું.

એ બાહ્ય કષ્ટ મનને અડી ન જાય? મન ન બગડે ના, કારણ આ છે, કે બાહ્ય એ આપણી પરલોકની મૂડી

**નથી. આપણી મૂડી આપણું નિઃસંગ મન છે. બાહ્યની ખાતર એને શું કામ બગાડીએ? બાહ્યને શું કામ લેખામાં લઈએ?**

**મનનો હિસાબ એક જ કે 'મારા આત્માનું હિત ક્યાં છે? એ મારે જોવાનું, એ જ વિચારવાનું, એ જ આચરવાનું.'**

આમાં પછી બીજો કોઈ નિંદા કરે છે તો એની દયા ચિંતવવામાં કે એના પ્રત્યે ઉદાસીન રહેવામાં આત્મહિત દેખાય, ને દ્વેષ કરવામાં અહિત દેખાય. નિઃસંગ બન્યા રહેવામાં સામાની ગુણગાવાની લાયકી કે નિંદા કરવાની નાલાયકીનું પોતાના આત્મહિતની દૃષ્ટિએ કશું મહત્ત્વ ન લાગે. ઉલ્ટું એમ લાગે કે આ મારી નિંદા કરીને મારાં અશુભ કર્મનો ક્ષય કરાવવામાં સહાયક થઇ રહ્યો છે, ઉપકારી થઈ રહ્યો છે.

**ગજસુકુમાળ** પોતે આત્મહિત જોતાં મુનિ બનીને શ્મશાને કાઉસ્સગ્ગ કરી રહ્યા છે; એમાં સોમિલ સસરાએ આવી, 'મારી દીકરીનો ભવ બગાડયો?' એમ ગુસ્સે ભરાઇને મુનિના માથા પર માટીની પાળ બાંધી, ને એમાં ખેરના અંગારા ભર્યા! પરંતુ મહાત્મા ગજસુકુમાળ નિઃસંગ બન્યા હતા, તેથી એમને આમાં પોતાનું આત્મહિત કશું બગડતું લાગતું નથી; ઉલટું એમ લાગે છે કે 'સસરાએ આ તો મોક્ષની પાઘડી બંધાવી મારું આત્મહિત સુધારી આપ્યું, પછી એને દોષ શાનો દેવાય? શ્રી વિનયવિજયજી મહારાજ સજ્ઝાયમાં આ ભાવ મૂકે છે,–

**"મોક્ષ પાઘ બંધાવી, સસરાને દોષ નવિ દીધો રે,**
**વેદના અનંત સહી, સમતા રસ પીધો રે,**
**ચિરંજીવો કુંવર મારા! ગજસુકુમાળ રે.'**

## માથે અગ્નિભરી પાળ એ મોક્ષની પાઘ શી રીતે?

**ગજસુકુમાળના મસ્તકને સસરાએ બાળી નાખવાનું કર્યું. એમાં મોક્ષની પાઘડી બંધાવી, એમ શી રીતે માન્યું ?**

માન્યું આ રીતે, કે 'મારું મસ્તક બળવાની પીડાનાં અશાતા વેદનીય કર્મ વિના તો આ પીડા આવે જ નહિ. પણ કર્મ (૧) એવાં જટિલ-ખંધા કે આ પીડા આપ્યા વિના આત્મા પરથી ખસે નહિ તેમ (૨) એવા સીધાં કે એકવાર એ પીડા આપીને પછી આત્મા પર ઊભાં રહે નહિ, આત્મા પરથી ખરી જ જાય. તો સારું થયું જાતે તો મસ્તક બાળવાનું બનતે નહિ, પણ સસરાએ મસ્તક બળવાની સગવડ કરી આપી; ને એમાં સમતાભાવ રાખવાથી બીજા બધાં કર્મને સાથે લઈ, એ કર્મ બળીને સાફ થઈ ગયે મોક્ષ થઈ જશે. એટલે આ મસ્તક ઉપરની અંગારાયુક્ત માટીની પાળ તો મોક્ષની પાઘડી જેવી થઈ. એ બંધાવનાર સસરાને તો ધન્યવાદ! એને દોષ શો દેવાનો?'

વાત આ છે-ગજસુકુમાળ નિઃસંગ બનેલા હતા, તેથી પોતાની માટીની કાયા પર પણ અનુકૂળ-પ્રતિકૂળનું એમને મન મહત્ત્વ નહોતું. ચિંતા હતી માત્ર સ્વાત્મહિતની, ને એ આત્મહિત કાયાનું બગાડનારથી બગડતું દેખાતું ન હોતું; પછી શું કામ સામા પર જરાય રોષ આવે?

પેલી નિઃસંગા તાપસીને પણ પોતાના રાક્ષસીપણાનો આરોપ કરનારી ગંગસેના સાધ્વી પર જરાય રોષ ન થયો.

**કેવી ખૂબી ?**

**તાપસીની માત્ર પ્રશંસા સાંભળીને ગંગસેનાને રોષ ! અને તાપસીને મોટો આરોપ ચડાવનાર પર પણ રોષ નહિ !**

સસંગતા–નિઃસંગતાનો આ તફાવત છે. સંગવાળાની આ દુર્દશા છે કે બીજાની પ્રશંસા થાય છે એ ય એને ખટકે છે. જાતે ગુણિયલની પ્રશંસા-ગુણાનુવાદ કરવા તો દૂર રહ્યા, પણ કોઈ એ પ્રશંસા-ગુણાનુવાદ કરે છે, એ ય ખમાય નહિ !

**સંગ ભૂંડો છે. એ બાહ્યનું બહુ મહત્ત્વ અંકાવી આત્મહિત ભૂલાવે છે, ને જીવને દુઃખી ને પાપી બનાવે છે.**

**ધર્મ પામ્યાનું ફળ આ છે કે આવા સંગથી મુક્ત થતા આવીએ; નિઃસંગ બનતા આવીએ.**

**નિઃસંગતા એટલે મનને બાહ્યનું મહત્ત્વ નહિ. સંગ એટલે બાહ્યનું મહત્ત્વ.**

દેવદર્શનાદિધર્મ કરીએ છતાં સંગ યાને બાહ્યનું મહત્વ એમ જ ઊભું રહે છે? અરે ! વધે છે ? તો એમાં ભગવાન જિનેશ્વર દેવના લાખ રૂપિયાના ધર્મને આપણે નિષ્ફળ કરી રહ્યા છીએ. એ ધર્મ પુણ્ય તો આપશે પરંતુ એથી દાળદર શું ફિટવાનું ? મનને બાહ્યનું મહત્ત્વ જોરદાર રાખીને અહીંથી જતાં, પરભવે પેલા પુણ્યના ઉદયથી બાહ્ય સારું સારું મળવા પર જીવ એનું મહત્ત્વ આંકી આંકીને મરવાનો, પાગલ થઈ જવાનો.

આજે જુઓને કે કેટલાય સુખી શેઠિયાઓ બાહ્યને મહત્ત્વ આપી આપી મરી રહ્યા છે ! પાગલ જેવા બની ગયા છે ! એમને એક જ લત એક જ ધૂન છે કે ‘વાહ કેવા મારા પૈસા ! કેવો

બંગલો! કેવી મારી પેઢી! કેવો ધીખતો વેપાર! કેવી મારી વટઆબરુ!' આસક્તિ અને અભિમાનના એવા ઉન્માદમાં છે કે જૈન ધર્મ હાથમાં છતાં એનું મહત્ત્વ લાગતું નથી! કશું આત્મહિત સૂઝતું નથી! પોતાનો પ્યારો આત્મા બિચારો આસક્તિ અને અભિમાનમાં ઘોર કર્મબંધ અને પાપસંસ્કાર પોષી રહ્યા છે એનો વિચાર શાનો?

પાગલના લાવનાર સંગ છે, બાહ્યનું મહત્ત્વ-મૂલ્યાંકન છે. વીતરાગ પ્રભુને જ નાથ કર્યા તો સંગ ઘટાડતા આવો. મહત્ત્વ બાહ્યનું આંકવું મૂકી દઈ નિજનાં આત્માનાં હિતનું મહત્ત્વ આંકો. નહિતર વીતરાગને નાથ શાના ધર્યા કહેવાય?

## રાવણનો સંગ પર નિગ્રહ :-

ઇન્દ્ર રાજાએ રાવણના પિતા-કાકાનું રાજ્ય પડાવી લઈ એમની હકાલપટ્ટી કરી હતી, તેમજ વાલિના પૂર્વજને નરકની જેમ પીડેલા, પરંતુ પછીથી રાવણ સત્તાધીશ બનતાં ઇન્દ્ર સામે લડીને જ્યાં ઇન્દ્ર હાથમાં આવ્યો એટલે એનું અભિમાન ઉતારવા એને લંકાની સફાઈ વગેરે સોંપેલી. પરંતુ ઇન્દ્રના પિતાએ ઇન્દ્ર સાથે ક્ષમા માગી, એટલે રાવણે એને છોડી મૂકી એનું રાજય એને પાછું આપ્યું. કેમ એવા ગુનેગારને બદલામાં એનું રાજય પડાવી લઈ એને જીવનભર કેદમાં ન રાખ્યો?

કહો, રાવણ સમકિતી હતો, વીતરાગદેવને એણે માથે ધર્યા હતા. તેથી સંગ ઓછો કરેલો; દુશ્મન નમતો આવે છતાં એને કચડવો એ વસ્તુને મહત્ત્વ આપેલું નહિ. આ મહત્ત્વ

આપવું એટલે સંગ રાખવો. એ નહિ રાખેલ તેથી ઇન્દ્રે જે પોતાનું બગાડેલું, એનું એવું એણે મહત્ત્વ ન આંક્યું કે એનો પૂરો બદલો લેવાનું દિલ રહે. ના, એ તો મનને એવો હિસાબ રાખ્યો કે 'પૂર્વે ઇન્દ્રે શું કર્યું હતું એ, હવે જ્યારે એ નમી પડે છે, ભૂલ સમજે છે, પછી કશું મહત્ત્વનું રહેતું નથી, હું વીતરાગ નિઃસંગ પરમાત્માનો સેવક; મારે એવા ભૂતકાળની વસ્તુના હવે સંગ રખાય નહિ, એવા મહત્ત્વ અંકાય નહિ, કે જેથી દિલમાં એની ગોઝારી ગાંઠ વળી રહે, ને ભવના ફેરા વધી જાય.

## સીતાએ સંગ કેવો છોડયો ?–

સીતાજીને દિવ્ય કર્યા પછી, પૂર્વે થયેલા અપયશને બદલે હવે મહાયશ મળ્યો, ને હવે રામ વગેરે કરગરી પડયા; છતાં પૂર્વે જંગલમાં ધકેલાઇ ગયેલા ત્યારથી સીતાજીને સંગ ઓછો થઇ ગયેલો, બાહ્યનું મહત્ત્વ એમણે મન પરથી સારું ઉતારી નાખેલું, એટલે અંશે નિઃસંગતાથી હવે અહીં બાહ્યમાં શાના લોભાય ? હવે મળનાર મહાસન્માન અને મોટા યશસ્વી પટ્ટરાણીપણારૂપી બાહ્યને શાનું મહત્ત્વ આપે ? એ તો ઊઠીને ચારિત્ર લેવા ત્યાંથી જ ચાલી નીકળ્યા !

લાવ હવે ચારિત્ર લેવું છે તો મોટો ઓચ્છવ મંડાવી મોટાં દાન દઇ મોટો વરઘોડો કઢાવીને ચારિત્ર લઉં, જેથી લોકો પણ જોઈ રહે કે, 'અહો અહો આવા અગ્નિને પાણી બનાવનાર શકિતવાળા ચારિત્ર લે છે ?'–આવા કશા કોડ સીતાજીને ન થયા; કેમ ? એટલા જ માટે કે જેમ ચારિત્ર લેતાં સંસારના

સંગ છોડવા છે, રાખવા નથી, એમ લોકવાહવાહના ય સંગ નહિ જોઇએ.

**લોકવાહવાહના ય પોતાના આત્મહિતની દૃષ્ટિએ કશાં મહત્વ નથી.**

એમ વાહવાહનો ય સંગ નહિ એટલો ઉત્કટ વૈરાગ્ય જળહળે છે, ઠેઠ જંગલમાંથી નિઃસંગભાવ કેળવતા આવ્યા છે. પૂછો,–

પ્ર૦– નિઃસંગ હતા તો પછી દિવ્ય કરવાનો જશ શું કામ લીધો?

ઉ૦–જાતે એ જશ લેવા દિવ્ય ઊભું કર્યું નહોતું, પરંતુ રામચંદ્રજીએ સામેથી સીતાજી પાસે માગ્યું હતું કે 'તમે દિવ્ય કરી બતાવો જેથી લોક ફરીથી સતીત્વ- વિરુદ્ધ બોલે નહિ' એમ રામના દાક્ષિણ્યથી અને લોક પાપ ન બાંધે એવી લોકની દયા ખાતર સતીત્વના આત્મવિશ્વાસ પર દિવ્ય કરેલું. દાક્ષિણ્ય અને દયાની પ્રવૃત્તિમાં 'સંગ'–સસંગતા શાની કહેવાય?

**હવે મદનરેખાના જીવનમાં કેટલાય દુઃખ પછી સુખ આવ્યું.** ત્યારે સંગ ઊઠી ગયો એ વિચારો. પહેલું મોટું દુઃખ,

(૧) મદનરેખા મહાસતીમાં લોભાઈ એના જેઠ રાજાએ એના પતિનું ખૂન કર્યું.

(૨) પોતાને ગર્ભિણી અવસ્થામાં ભાગવું પડયું.

(૩) જંગલમાં બચ્ચાનો જન્મ થયા પછી એને ઝાડ નીચે મૂકી તળાવમાં સ્નાન કરવા ગઈ. તો ત્યાં એને જંગલી હાથીએ સૂંઢમાં ઉછાળી.

જોજો કેવા જાલિમ દુઃખની હારમાળા ચાલી!

(૪) હાથીએ ઉછાળાયેલીને આકાશમાં જ વિદ્યાધરે પોતાના વિમાનમાં ઝીલી. પણ કહે છે 'હું તને મારી રાણી બનાવું, તું રાણી થવા કબૂલ થા, તો તારું બાળક લાવી આપું.' આમાં હા કહે તો શીલભંગ, ના કહે તો બાળક ઝાડ નીચે મૂકાયેલું કોઈ જંગલી પશુથી ચવાઈ જાય.

બોલો મહાસતીને કેટકેટલા દુઃખ!

મહાસતી કહે 'મારું બાળક લાવ, મને નંદીશ્વર-તીર્થની યાત્રા કરાવ, પછી વિચાર કરીશ.' વિદ્યાધરે પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જોઈ કહ્યું,–'બાળકને મિથિલાનો રાજા પોતાના પુત્ર તરીકે લઈ ગયો છે. તો હમણાં એની ચિંતા ન કર.' એમ કહી એ એને નંદીશ્વર દ્વીપે લઈ ગયો. ત્યાં મહાસતીએ પોતાના મરતા પતિને નિર્યામણા કરાવેલી, ભાઈ પરનો ગુસ્સો દૂર કરાવી સમાધિ પમાડી અરિહંતાદિ ચારશરણ-સ્વીકારાદિ આરાધના અને નમસ્કાર-મંત્રસ્મરણમાં જોડેલો, તે મરીને દેવ થઈ અહીં હવે નંદીશ્વરે વૈભવ સાથે આવ્યો.

દેવતા મદનરેખાને પ્રદક્ષિણા દઈ પગે પડી કહે છે. 'તમે તો નરક-સન્મુખ થયેલા મને અટકાવી ઊંચા વૈમાનિકના પાંચમા દેવલોકમાં ચડાવવાનો ગજબ ઉપકાર કર્યો! માટે બોલો હવે હું તમારું શું પ્રિય કરું? તમને ગમતું જે કહો તે કરવા તૈયાર છું.'

વિચારો, અહીં હવે મદનરેખાને કેવી સુખની ઘડી આવી? પેલો ઉપાડી લાવનાર વિદ્યાધર તો બિચારો થીજી જ ગયો, ઠંડો જ પડી ગયો, શરમાયો છે કે 'હું આ કોને રાણી

બનાવા કહી રહ્યો છું ? આ બાઈ તે કેવી મહાસતી ! અને કપાઈ મરેલા પતિને કેવી દેવલોકે પહોંચાડનારી !'

અહીં મદનરેખાને શું માગ્યે ન મળે ? એટલા બધા અનહદ ઉપકારના ભાર નીચે દબાયેલો દેવતા ઉપકારી અને પૂર્વની મહાશીલવંતી પ્રાણપ્રિયા માટે શું શું ન કરે ?

ત્યારે શું મદનરેખાએ મહાસામ્રાજ્ઞી થવાનું માગ્યું ? અબજોનો ખજાનો માગ્યો ? પોતાનો બાળપુત્ર મેળવી આપવાનું માગ્યું ? કોઈ દેવતાઈ વિમાનમાં ફરી જગતને ચમત્કાર પમાડવાનું અને મહાશીલવંતી તરીકેની વિશ્વમાં કીર્તિ મેળવવાનું માગ્યું ?

ના, કશું જ નહિ, એ બધું માગવાનું તો જેને સંગ હોય, સસંગ દશા હોય, એ માગે. મદનરેખા તો નિઃસંગ બની ગઇ છે. એણે જગતનું જીવન જોઈ લીધું.

**જગતનું જીવન કેવું ? સુખની મોટી સંભાવનાઓ દેખાડી જીવને ઉલ્લુ બનાવીને દુઃખના ડુંગરાઓમાં ધકેલે છે !**

આ જોઇ લીધા પર એને મન હવે જગતનાં એવા દુઃખદ અને વિશ્વાસઘાતી જીવનનું કશું મહત્ત્વ રહ્યું નથી. એને મન જો જગતનાં જીવનનું જ કાંઈ મહત્ત્વ નહિ, તો પછી એ જીવનને મહેકાવનારા રાજ્ય–ખજાના–પુત્ર–પ્રતિષ્ઠા વગેરેનું એને મન શું મહત્ત્વ રહે ? પોતાના રૂપ–સૌંદર્યના પાપે નિર્દોષ પતિ સગા ભાઈથી જ મરાયો, એ જોતાં જ રૂપ–સૌંદર્યનું મહત્ત્વ ઊડી એ ગોઝારું લાગેલું. એ પછીના દુઃખની હારમાળાએ જગતના બીજા સુખકારી લાગતા પદાર્થોનું પણ

મહત્ત્વ ઉશડી મૂકેલું. મન પરથી મહત્ત્વ ઊડયું એટલે કે સંગ છૂટી ગયો. હવે દેવતા બધી વાતની ઓફર કરે, પરંતુ મનને એનું જ્યાં મહત્ત્વ જ નહિ, સંગ જ નહિ, ત્યાં એમાંનું એ શું માગે ?

મદનરેખાએ જોયું છે કે,

(૧) જેઠ રાજા પાસે રાજ્ય હતું. ખજાના હતા. છતાં એને દુરાચારની ભાવના થઈ! ને એણે પોતાના સગાભાઇની હત્યા કરી! ત્યારે એ રાજ્ય-ખજાના કેવા ગોઝારા ?

(૨) એમ, પતિ પાસે યુવરાજપણું અને રૂપ-રૂપના અંબાર-સમી પત્ની હતી છતાં વગર ગુનાએ કમોત આવ્યું. તો એ મોટા રાજાનું ભાઈપણું અને સુંદર પત્નીનું પતિપણું કેવું ગોઝારું ?

(૩) એમ પોતાને યુવરાજનું પત્નીપણું મળેલું, એમાં આ બધી મોંકાણ ઊભી થઈ, તો એ સંસાર કેવો ગોઝારો ? તાત્પર્ય,

**જગતના જીવનની બધી જ બાબતો સરવાળે દુઃખદાયી અને બુદ્ધિ બગાડનારી છે.**

જગતના પદાર્થો પ્રત્યેના ગાંડિયા હઠિલા રાગદ્વેષને બાજુએ હટાવી દઇ શાંત સ્વસ્થ ચિત્તે જગતના એકેક પદાર્થ અને પ્રસંગ પર દીર્ઘ અને વ્યાપક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, તો એમાં સરવાળે પરિણામે દુઃખ અને બુદ્ધિનો બગાડો જ દેખાશે. હૈયાને એ પરિણામ ખરેખર અડી ગયા પછી જગતની બાબતોનું કશું મહત્ત્વ ન લાગે, એનો કશો સંગ ન રહે; તારક નિઃસંગ દશા આવે.

મદનરેખા આમ નિઃસંગ બની ગઈ છે. એટલે દેવતાને કહે છે, 'મને તો હવે એકવાર સ્વસ્થ બાળકનું મુખ દેખાડી સારા સાધ્વીજી મેળવી આપો, જેથી એમની પાસે ચારિત્ર લઈ મારું આત્મહિત સાધું, પાપક્ષય અને સુકૃત સેવનનું જ જીવન જીવું.'

મોતના પ્રસંગમાંથી ઊગરી જીવતી રહી છું તો હવે માનવ તરીકે જીવવાનું આ જ ફળ હોય કે પાપક્ષય અને સુકૃત–આસેવન સધાય.

'હવે મારું આ જ પ્રિય છે. એ કરી શકતા હો તો કરો મને બીજી કશી ઇચ્છા નથી.'

મદનરેખાના આ બોલ ઉપર દેવતાને હવે કશું એને લલચાવવાનું રહ્યું જ નહિ. પોતે પોતાના પૂર્વ–જીવનમાં જ જોયું છે કે જીવનની છેલ્લી ક્ષણ પણ પાપત્યાગ અને નમસ્કારાદિ સુકૃત–સેવનમાં જીવાઈ તો એનું કેવું ઊંચું ફળ મળ્યું ? દેવતાએ તરત એને મિથિલામાં મૂકી ત્યાં એક મંદિરે દર્શન કરી બાજુના મકાનમાં રહેલ સાધ્વીજી જોયા, વાંદ્યા, વાત કરી. અને બહાર આવી દેવતાને કહે, 'બસ, હવે પુત્રનું મુખ કાંઈ જોવું નથી. એવા સહેજ પણ સંગ પોષનારા પુત્રદર્શનથી સર્યું. હવે આપ પધારો, હું અહીં ચારિત્ર લઈશ. સાધ્વીજી સારા છે'

મદનરેખામાં વિકસેલી નિઃસંગતા જોવા જેવી છે. પતિ મર્યા પછી પોતે તરત જ ગુપ્તપણે ભાગેલી, ત્યારે દુનિયામાં એના માટે શું કહેવાતું હશે, એની ય હવે એને કશી પરવા રહી નહિ. જગતના સંગ છૂટી ગયા પછી જગતમાં આબરુ કે બે–આબરૂની યશ કે અપયશની પોતાને મન કશી મહત્તા ન હોય.

**પેલી નિઃસંગા તાપસી** પણ સંગરહિત બનેલી તે ગંગસેના સાધ્વીએ એના પર રાક્ષસીપણાનો આરોપ ચડાવ્યો એની કશી મહત્તા એને લાગી નહિ. મહાજ્ઞાની આચાર્ય મહારાજ શ્રી ભદ્રયશસૂરિજી ઋષિદત્તાને કહી રહ્યા છે કે 'હે ભાગ્યવતી! તેં એ ગંગસેના સાધ્વી અવતારે એ ભયંકર મિથ્યા આરોપનું પ્રશ્ચાત્તાપપૂર્વક મિચ્છામિ દુક્કડં કર્યું નહિ, ગુરુ આગળ પ્રાયશ્ચિત્તવિધિ કરી નહિ, તેથી તેં ભવોભવ ભટકાવે એવાં ઘોર પાપ બાંધ્યા!'

જીવને રાજશાહી વૈભવ-વિલાસ પર પણ વૈરાગ્ય અને એના ત્યાગપૂર્વક સંયમજીવન આવ્યા પછી પણ ઈર્ષ્યા સ્વમાનહાનિનો ભય, માનાકાંક્ષા, વગેરે ખતરનાક દોષો કેવા નડે છે! આ પણ સંગનું પરિણામ છે. બાહ્ય સંસાર છોડી ચારિત્ર લીધું એટલે નિઃસંગ બન્યા દેખાય. પરંતુ અહીં ચારિત્રજીવનમાં પણ મનને જો સ્વમાન સ્વોત્કર્ષ, બીજાનું નીચાપણું, વગેરેનું મહત્ત્વ છે તો એ સંગ જ છે. ત્યાં નિઃસંગતા ઊડી જાય છે. આ પણ સંગ કેવો ભયાનક કે એ આવા અસત્ આરોપ નિંદા વગેરે ઘોર પાપ આચરાવે!

તો ઘોર પાપથી ડરો છો? એથી બચવા ઇચ્છો છો? તો જીવનમાંથી સંગ ઓછા કરો. માનહાનિનું ય મહત્ત્વ ન આંકો.

**સંગ-આકર્ષણ-મહત્ત્વ કોનું?**

જગતની જ બાબતનું ને? કે આત્મહિતકર સંયમ-ક્ષમાદિ ધર્મનું?

**આવા ક્ષમાદિ ધર્મનું જ આકર્ષણ હોય તો તો જગતની બાબતનું આકર્ષણ મહત્ત્વ ઊભું ન રહે.**

પરંતુ જીવને અનંત કાળની જગતની બાબતની મોહિની, તે એનો સંગ જ છૂટતો નથી. ત્યાં ધર્મ હાથમાં છતાં નાકામિયાબ અકિંચિત્કર બની જાય છે. ત્યારે એ છોડવા માટે મદનરેખાની અંતિમ ભાવનામાં જોયું એ ધ્યાનમાં લેવા જેવું છે કે,–

જગતની બાબત ખાતર આપણે ગમે તેટલા ધમ–પછાડા કરીએ, પણ એ સરવાળે તો બુદ્ધિ બગાડનારી અને દુઃખ દેનારી છે. પછી શા સારુ એનો સંગ રાખવો ? શા સારુ એનું મહત્ત્વ આંકવું ? શા સારુ એનાં આકર્ષણમાં મરવું ? ખુવાર થવું ?

**જગતની બાબતના સંગ–આકર્ષણમાં ખુવાર થવાનું છે.**

ગંગસેના, જુઓ કેવી ખુવાર થઈ ! તાપસીની પ્રશંસા થઈ એમાં ગંગસેના સાધ્વીએ પોતાના માનની ઓછાશ જોઈ; માનહાનિ એ એક જગતની બાબત ગણાય. જગત તરફથી બીજાને વધારે અને આપણને ઓછું માન મળે છે, એ જગતની બાબત થઈ. એનું મહત્ત્વ આંક્યું, હૈયે એની રાગ દ્વેષ ભરી અસર લીધી, ને પછી ખોટો આરોપ ચડાવ્યો, તો પછીથી એ પાપથી પાછા વળી પશ્ચાત્તાપ–પ્રાયશ્ચિત કરવાની બુદ્ધિ જ ન આવી.

**જગતની બાબત કેવી લલચાવનારી ! કેવી ઘોર પાપ કરાવનારી, અને ઉપરથી પાપને કેવી છાવરનારી ! પરિણામ? ભયંકર ખુવારી.**

આમ જગતનાં માન–અપમાન વગેરે એ જગતની બાબત;

એણે ગાંગસેના સાધ્વીને ગોઝારું પાપ કરાવી પાપના પશ્ચાત્તાપ ભુલાવી ખુવાર કરી! ઘોર પાપાનુબંધી કર્મો બંધાવી ભવોમાં ભટકતી કરી. જગતની નાની બાબતના પણ સંગમાં કેટકેટલી ભયંકર ખુવારી!

મગજમાં કાંઈ ઊતરે છે? જગતની બાબતના સંગ, આકર્ષણ અને મનને એનું મહત્ત્વ કેવા ઘોર ખુવાર કરનારા છે! એની હૈયે ભડક ચોંકામણ થાય છે ખરી કે,–હાય બાપ! સંગની આ ભયંકરતા?'

જો સંગની ભયંકરતા મનને અડી જાય તો સંગ ટાળવા માટે ધીખતી જાગૃતિ અને ભગીરથ પુરુષાર્થ રહે.

ઉત્તમ આર્ય જીવન પામ્યા છો, મહાન જિનશાસન પામ્યા છો, તો જીવનમાં પગલે પગલે આ ગોઝારા સંગને ઓછા કરતા જવાનું કરો. આ માટે એક જ વિચાર વારંવાર કરવા જેવો છે કે, 'જે આ સંગ–આકર્ષણ મહત્ત્વાંકન મારી બુદ્ધિ બગાડે એને શા માટે પોષ્યા કરું? શા માટે એને દૃઢ રાખ્યા કરું?'

જીવનમાં જોઈએ તો દેખાશે કે ઘણી એવી બાબતો છે ઘણા એવા પદાર્થ છે, ને ઘણા એવા પ્રસંગ બને છે કે જેમાં આપણે સંગ કરવાની અર્થાત્ એમાં આકર્ષિત થવાની, એમાં માથું મારવાની, ને એનું મહત્ત્વ આંકવાની આપણે કશી જરૂર નથી. છતાં એમાં મન ઘાલીને આપણે ફોગટ રાગ યા દ્વેષમાં પડીએ છીએ.

## લેવાદેવા વિનાના આજે કેટલા સંગ?

દા.ત. પાડોશીના ઘરમાં ઝગડો થયો., આપણે આપણા ઘરમાં

રહ્યા એની ચર્ચા માંડીએ, એની શી જરૂર ? ઝગડાની પછળ બંને પાર્ટીમાં ઊંડા કારણો હોય. એની ખબર વિના એના ઘરમાં જઇ એકનો પક્ષ કરી બીજાને ધમકાવવા જઈએ, એ કેટલું વ્યાજબી ? આજે તો છાપા-રેડિયોથી દુનિયાભરની ઢગલો બાબતો જાણવી સુલભ થઇ ગઈ. છાપા વાંચનારા કે રેડિયો–સમાચાર સાંભળનારાને એ કેટલા બધા સંગ કરાવે ? એ કેટલા રાગ–દ્વેષ કરાવે ? એમને એ બાબતો સાથે કાંઈ લાગેવળગે છે ? 'વિલાયતની રાણી ઈલિઝાબેથ માંદી પડી, ડોકટરની સારવાર હેઠળ છે,' આ વાંચીને શો ફાયદો ? કોરટમાં કોઇ કેસ આવ્યો એની આવી આવી બીના છે, સામસામા વકિલ આવી આવી દલીલ કરે છે, કે જજે અંતે આવું જજમેન્ટ આપ્યું, બીજાએ ઉપલી કોરટમાં અપીલ કરી,.... આમાંની કોઈ બાબત સાથે તમારે છે કશી લેવાદેવા ? ના, છતાં એ વાંચી એમાં મન ઘાલવાનું ને એક પક્ષમાં રાગ, ને બીજા પર દ્વેષ કરવાનો ? આ કેટલી ભયંકર મૂર્ખાઈ ? આવું તો ઢગલાબંધ બાબતોમાં.

એમ, દા.ત. બજારમાંથી ચાલ્યા જતા હો, દુકાનોમાં કેટલુંય દેખાય, પણ જો એના પર આંખ નાખી, તો લેવાદેવા વિના રાગદ્વેષ સંકલ્પ–વિકલ્પ વગેરે કેટલા કચરા દિલમાં ઊઠે ? એમ સરકાર કાંઇ ને કાંઈ કરતી હોય, રાજ્યપાર્ટીઓ સામસામે કેટલુંય કરતી હોય, કેવાં કેવાં ભાષણો ઠોકાતા જતા હોય, જાણી એમાં માથું ઘાલીને તમે શું કરી શકવાના ? શું સુધારી શકવાના ? તમારા આત્મહિતમાં શું ઉતારી શકવાના ? કશું જ નહિ. તમારાથી શેકયો પાપડ પણ ભાગી શકે એમ ન હોય, છતાં

**મગજમાં જગતની બાબતો ઘાલીને ઘોર રાગ દ્વેષ દુર્ધ્યાન કુવિકલ્પોથી મનને બગાડવાના, ને સુમાર વિનાના પાપકર્મ બાંધવાના. આ બધું સંગના પાપે બને છે.**

તે તે બાબતો પદાર્થ કે પ્રસંગ તરફ આકર્ષણ અને એનું મહત્ત્વ આંકવાને લીધે મન એમાં ઉતરીને નકરું બગડે છે. હિસાબ સીધો તો આ માંડવા જેવો છે કે,

**જગતની બાબતમાં મન ઘાલી, આંખ-કાન ઘાલી, અને ડહાપણ ડહોળી, (૧) હું એને કયું સુધારી શકવાનો ? તેમ (૨) એને મારા આત્મહિતના લાભમાં શું ઉતારી શકવાનો ?**

સંગ-આકર્ષણમાં તણાઇ આ બંનેમાંથી એકે ય વસ્તુ આપણે કરી શકતા નથી; નથી તો જગતના આત્મહિતના લાભ-માં ઉતારી શકતા, કે નથી તો આપણા આત્મહિતના લાભમાં ઉતારી શકતા., પછી સંગ કરી માથું ઘાલ્યાનો શો અર્થ ?

**પગલે પગલે સાવધાન બનો, તો ઘણા બચી જશો;**

ગંગસેના સાધ્વીએ તાપસીના તપ જિનભક્તિની પ્રશંસામાં મન ઘાલ્યું, સંગ કર્યો, તો ચિત્તમાં એની બળતરા ઊભી થઇ. હા, અનુમોદના કરી હોત તો તો એ પોતાના આત્મહિતના લાભમાં ઊતરત. પરંતુ એ જયારે ગજુ નથી, એ ત્રેવડ નથી, ને એમાં મન લઇ જતાં બળતરાનો અનુભવ થાય છે, તો તો ડહાપણનું કામ એ હતું કે ત્યાં જ અટકી જવું. મનવાળી લેવું 'કે

**જ્યાં મારું નિઃસત્ત્વ તુચ્છ તામસી મન બળે છે, એને મારે શી લેવા દેવા ? જગત છે તે એમાં બધું ય ચાલે. બધે કેટલું મન ઘાલીશ ? મારે મારું સંભાળવા દે.'**

ગંગસેના સાધ્વીને આ આવડ્યું નહિ, બળતરામાં આગળ વધતાં બહાર બાફ્યું પણ ખરું, તાપસીને રાતે મડદાનું માંસ ખાનારી રાક્ષસી તરીકે વર્ણવી, ભયંકર અભ્યાખ્યાન પાપ કર્યું, પાછું મરતાં સુધી એનો પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત કર્યું નહિ, ઘોર પાપ ઉપાર્જ્યાં, મરીને ભવસાગરમાં રુલી ગઈ.

### ગંગસેનાના ભવ પછી,-

### ઋષિદત્તાને જ્ઞાની આચાર્ય ભગવંત કહે છે,-

'એ અનેક દુઃખદ ભવોમાં ભટકતી, મહાદુઃખોમાં રીબાતી, તેં હે ઋષિદત્તા! બહુ ભવો કર્યા. ત્યાં પરાધીનપણે કર્મનો બહુ માર ખાતાં ખાતાં ઘણી અકામનિર્જરા થવા બાદ તું રાજપુત્રી થઇ. વચલા ઇર્ષ્યાના આરોપના સંસ્કાર અને અનુબંધવાળાં કર્મ ઠેકાણે પડી ગયેલા એટલે હવે ગંગસેનાના ભવમાં કરેલી તપ-સંયમની સારી એવી સાધનાના સંસ્કાર ઉદયમાં આવ્યા, અને અહીં રાજપુત્રીપણે શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની સેવાથી કઠોર તપસ્યામાં ચડી.

### આત્મનિરીક્ષણ કરો, નહિતર માર્યા જશો :-

કોઈ ગંભીર ભૂલના લીધે ધર્મનો આરાધક આત્મા પણ કેવો ગબડે છે! એ ગંગસેનાના દુઃખદ ભવોની પરંપરા પરથી સમજવા મળે છે. માણસ ગુરુની આગળ શાબાશી લેવા કહે છે, 'સાહેબ! હું શક્તિ અનુસાર દેવદર્શન-પૂજાદિ ધર્મ કરું છું.' આમ શાબાશી તો લીધી, પરંતુ એ નથી જોતો કે, 'મારા જીવનમાં કોઇ ગંભીર ભૂલ તો નથી કરતો ને? કોઈ

એવાં રાચીમાચીને પાપ તો નથી કરતો ને ? એવી કોઈના પ્રત્યે ગાઢ અદાવત-ઈર્ષ્યા-વૈરવિરોધ તો નથી રાખતો ને ઈન્દ્રિય વિષયના રંગરાગમાં ભારે લુબ્ધ તો બનતો નથી ને ?' ના, આ કશું જોવું નથી, કશું આત્મ-નિરીક્ષણ કરવું નથી, દિલ બગાડે એવું એવું તો બધું કર્યે જવું છે. ત્યારે વિચારો, એનાં કેવાં ફળ આવવાનાં ?

ગંગસેના આમ તો જૈન ધર્મમાં ભારે રક્ત બનેલી ચારિત્ર લઈ એને ત્યાગ-તપથી અજવાળતીય હતી. પરંતુ તાપસી પર ભારે ઈર્ષ્યામાં તણાઈ, એના માથે આરોપ ચડાવ્યો, તો પછી પેલા તપ-સંયમ જેવા ધર્મે એને બચાવ ન આપ્યો અને એને બહુ ભવોમાં ભટકવું પડ્યું.

**જૈન શાસ્ત્રોનાં નિષ્પક્ષપાત આલેખન કેવાં** કે અહીં જુઓ શાસ્ત્રે તાપસીને પોતાના પર આ ભારે આરોપ ચઢયા છતાં નિઃસંગ બતાવી; અને જૈન ધર્મનું ચારિત્ર પામેલી સાધ્વી ગંગસેનાને ઈર્ષ્યામાં તણાયેલી બતાવી. જૈન શાસ્ત્રોને 'પોતાના ગણાતા ગમે તેવા તો ય સારા, અને પારકા ગુણિયલ તો ય ખોટા', એવું નથી. જૈન શાસ્ત્રો તો બનેલ હકીકત બતાવે છે. જૈન ધર્મ પામેલા પણ જો ભૂલ્યા તો એ એમજ બતાવવાનું; અને તાપસ વગેરે મિથ્યા વેશમાં પડેલા પણ જો કોઈ ગુણની વિશેષતાવાળા હતા, તો એ એમજ બતાવવાનું.

શાસ્ત્રે અહીં તફાવત આ બતાવ્યો કે તાપસી ભવ-ભંગ યાને સંસારક્ષય તરફ દોડતી હતી. કેમકે એ નિઃસંગ બની રહી હતી, ત્યારે ગંગસેના પોતે સાધ્વી છતાં સંગમાં તણાઈ!

તાપસીની પ્રશંસાનો સંગ એનાથી સહાયો નહિ. ત્યારે જે
દુ:ખદ ભવોમાં ભટકી એ શાસ્ત્રે જ્ઞાનીએ એમજ બતાવ્યું.

આવા નિષ્પક્ષપાત શાસ્ત્રોની ખરેખરી સત્યતાને સમજી
શાસ્ત્રોની વાતો બરાબર મન પર લેવા જેવી છે. એ જ્યારે બત
છે કે ગંગસેના ધર્મની આરાધક છતાં ઈર્ષ્યા અને આરોપદાન
ભવોમાં ભટકી, ભટકણને ધર્મની શરમ ન નડી, તો પ
આપણા કોઈ એવા દોષ-દુષ્કૃત્ય આપણને કેવા નીવડશે?

**કોઈ ભારી દોષ-દુષ્કૃત્ય એનાં દુ:ખદ ફળ આપવા બેસ
ત્યારે બીજી બાજુ સેવેલા ધર્મની શરમ કયાં પડવાની?**

ધર્મ કરીએ તો સારો છે, કરવા જેવો જ છે; પરંતુ સા
આ સાવધાની રાખવાની છે કે બીજી બાજુ કોઈ એવાં માયા
મૃષા- વિશ્વાસઘાત, અસદ્ આરોપદાન વગેરે પાપ, કોઈ વિષય
કર્ષણ, કોઈ-કામ-ક્રોધ અભિમાન આદિ કષાયસેવન ન ક
બેસીએ. નહિતર ભારે પછાડ ખાવાનું થશે. અહીં પ્રશ્ન થાય

પ્ર૦- તો પછી શું પેલો સેવેલો ધર્મ નકામો?

ઉ૦- ના, નકામો નહિ, મજરે મળશે; પરંતુ ભૂલનો માર
લગભગ પતી ગયા પછી. જુઓ અહીં ગંગસેનાને બહુ ભવોમાં
માર ખાઈ ભૂલની અસર ઘસારે પડયા પછી હવે રાજપુત્રીના ભવમાં
પૂર્વે કરેલા ધર્મની અસર ઉદયમાં આવી; તે કઠોર તપસ્યામાં લાગી
પડી. પૂર્વનો ધર્મ નકામો ન ગયો; અહીં મજરે મળ્યો.

**માટે શ્રદ્ધા રાખીને ધર્મ સેવ્યે જાઓ. એ મજરે મળવાને
છે. સાથે બીજી ભૂલ નહિ કરીએ તો બીજા જ ભવે મજરે
મળે; ને ભૂલ કરીએ તો વિલંબે મજરે મળે. નિરાશ સભાવે
ધર્મ સેવેલો નકામો નહિ જાય.**

આચાર્ય મહારાજ રાણી ઋષિદત્તાને કહી રહ્યા છે કે, 'હે
યવતી! તું રાજપુત્રીના ભવે કઠોર તપસ્યા કરવા તો લાગી,
તુ સ્ત્રીસ્વભાવવશ ક્યાંક માયાકપટમાં પડી, અને તેથી મરીને
જા ઈશાન દેવલોકના ઇન્દ્રની ઈંદ્રાણીનો અવતાર પામી. આવો
ો દેવલોક તો તપધર્મે દેખાડયો, પરંતુ સોનાની થાળીમાં
ાની મેખતુલ્યા માયાકપટે સ્ત્રીપણું આપ્યું. માટે,

**ધર્મ કરવો તે વિશુદ્ધ ધર્મ કરવો, અને સાથે જીવન
ાત્ર અને બહુ સ્પૃહા વિનાનું જીવવું.**

ત્યાંથી તું મરીને અહીં હરિષેણ રાજાની પ્રિયમતી પત્નીની
ી ઋષિદત્તા તરીકે જન્મ પામી એમાં બહુ પૂર્વના પેલા
ાસી પર ચડાવેલા રાક્ષસીપણાના આરોપના પાપકર્મનો થોડો
રહેલો શેષભાગ અહીં ઉદયમાં આવ્યો, તેથી તારા પર
ી રાક્ષસી તરીકેનું ભયંકર આળ કલંક ચડયું. બસ, તારા
કનું આ કારણ છે. બાંધેલાં કર્મ ક્યાં મિથ્યા થાય?"

● ● ●

## ૩૪. ઋષિદત્તાને જાતિસ્મરણ અને વૈરાગ્ય

ઋષિદત્તાને આ સાંભળીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના
માના પૂર્વભવ યાદ આવી પોતાની પ્રત્યે ભારે તિરસ્કાર છૂટયો
ષે હું આવું ગોઝારું કૃત્ય કરનારી?' એના મનને એમ
કે 'આટલું થોડું પણ કર્મ રહી ગયેલું એણે આ ભાવ
ો તો પછી આત્માના ખજાને તો બીજાં કેટલાંય એવાં

કર્મ પડ્યા હશે તો પછી શું એ ભવિષ્યમાં ભોગવવા ઊભા રાખ
વાનાં ? એના બદલે શા માટે તપથી એનો અહીં જ નાશ ન કર
દઉં ? જ્ઞાનીઓ કહે છે કે 'પૂર્વનાં કર્મનો કાં ભોગવીને કે
તપથી ખપાવીને છૂટકારો થાય.' બસ એ વિચારોમાં ઋષિદત્તાને
વૈરાગ્ય અને ત્યાગભાવના વધી ગઈ.

રાજા કનકરથને પણ ભારે વૈરાગ્ય પ્રગટયો. એ અને ઋષિ
દત્તા બંનેય ત્યાં ગુરુની પાસે ચારિત્ર માગે છે.

ફરક જુઓ, ઋષિદત્તાને અનેક જન્મોનું સ્મરણ થયું, એમ
પોતાની થયેલી ભયંકર વિટંબણા યાદ આવીને જાણે અત્યારે
સાક્ષાત્ અનુભવતી હોય એમ એ નજર સામે આવી. એક ભૂલને
કેટલો ભયંકર ભોગ આપ્યો ? એ વિચારતાં કમ-કમી આવ
ગઈ, ભારે વૈરાગ્ય જળહળી ઊઠયો. ત્યારે રાજા કનકરથ પહેલેથ
તત્ત્વદૃષ્ટિવાળો તો હતો જ; એમાં આ સાંભળવા મળ્યું, એ
ભવની મોહવશ કરાયેલ ભૂલ પાછળ અનેક ભવોમાં પોતાની ક
જેવા કારમા દુઃખ સાંભળ્યા, તેથી રાજાને વૈરાગ્ય જળહળી ઊઠયો

આ જોતાં વિચારો, તમારા પૂર્વ ભવોમાં આવું કાંઈ બન્યું
હશે કે નહિ ? તો એના પર હવે આજે વૈરાગ્ય થાય ? અથ
જેમ કનકરથે ઋષિદત્તાનું સાંભળ્યું, અને ભૂલના કર્મના બા
રહેલ સહેજ અંશમાં પણ જે અહીં ઋષિદત્તાને કલંક ચડ
એ જોયું. અમે તમે પણ એ બધું સાંભળ્યું, તો હવે તમ
કનકરથની જેમ વૈરાગ્ય થાય ? ન થતો હોય તો શું તપાસ
જેવું નથી લાગતુ કે કેમ નથી થતો ?

વૈરાગ્યના વિશિષ્ટ પ્રસંગ જોવા-સાંભળવા મળે

**વૈરાગ્ય ન જાગે એ આત્માનો ભવાભિનંદી પણાનો મહાન દોષ સૂચવે છે.**

**સંસારના સુખો પ્રત્યે નફરત થાય, ગ્લાનિ થાય એ વૈરાગ્ય છે. મોક્ષાભિલાષીપણું છે, એ અંશે આરોગ્ય છે.**

જે સંસારનાં સુખનાં જાલિમ પરિણામ જોવા મળે છતાં એ સુખો અકારા ન લાગે, એ એની ગાઢ આસક્તિ, ગાઢ લગની-લંપટતા સૂચવે છે. એવી લગની-લંપટતાના લીધે વૈરાગ્યના ફાંફા છે.

તો સવાલ આ રહે છે કે

પ્ર૦-કેમ એવી વિષયલગની-વિષયલંપટતા મોળી નથી પડતી ?

ઉ૦-એનું કારણ આ છે કે તત્ત્વદૃષ્ટિ નથી ઊભી કરાતી, ને એ માટે મોહદૃષ્ટિ નથી દબાવાતી.

કનકરથના જીવનમાંથી આ જોવાનું મળી રહે છે કે કનકરથના જીવનમાં મોહદૃષ્ટિના બદલે તત્ત્વદૃષ્ટિ જાગતી હતી. એમાં ઋષિદત્તાના પૂર્વભવની દુઃખદ હકીકત જાણવા મળી. તત્ત્વદૃષ્ટિએ દેખાડ્યું કે ઇર્ષ્યા એક ભયંકર ઝેર છે. ગુણિયલને પણ 'પોતાને માન મળે એના કરતાં બીજાને વધારે મળે છે, અથવા કોઈ એટલા ગુણિયલ નહિ એવાને માન મળે છે' એ જોયું જો સહન નથી થતું ને ઇર્ષ્યા થાય છે, ત્યારે એ પોતાની માનાકાંક્ષા કેટલી? અને મનને માનનો સંગ, માનનું મહત્ત્વ કેટલું બધું? એની હયાતીમાં ગુણોને પણ બિચારાને કેવા ઠંડા થઈને બેસી રહેવું પડે! ગુણો એને રોકી ન શકે!

**તત્ત્વદૃષ્ટિ આ માનાકાંક્ષા અને માનના મહત્ત્વને ઝેરરૂપ લેખે છે,**

કનકરથને આ ને બીજી તત્ત્વદૃષ્ટિઓ હતી તેથી અહીં મોકો મળતાં વૈરાગ્ય જળહળી ઊઠયો.

વાલી રાજામાં તત્ત્વદૃષ્ટિ હતી, તેથી એનાથી રાવણ હાર્યો એના પર પોતાને વૈરાગ્ય જળહળી ઊઠયો. એણે તત્ત્વદૃષ્ટિથી આ જોયું કે રાવણ બિચારો માનાકાંક્ષાથી લડવા આવ્યો. માનની આકાંક્ષામાં માનની ભૂખમાં એણે સામાની શક્તિનો વિચાર ન કર્યો.

**માનાકાંક્ષા જીવને કેવો અંધ બનાવે છે કે સામાની તાકાત ન જોવા દે !**

**એમ જીવને માન પામવાનું એટલું બધું મહત્વ લાગે છે કે ઝેરી મહત્ત્વ જીવને જીવનમાં બીજું કેટલુંય સારું કરવાનું શક્ય છતાં એ કરવા તરફ મૂર્છિત બેભાન નિશ્ચેષ્ટ બનાવી દે છે.**

વાલી રાજાએ આ જોયું કે ‘ જો આ માનાકાંક્ષા જીવને આવી અંધ બનાવનારી હોય, અને જાત માટે માનનું મહત્વ લાગે એ જો ઝેરી હોય, તો પછી મારે એક મહાબળવાન તરીકેનું માન રાખીને શું કામ છે ? માનને ઝેરી મહત્ત્વ આપીને શું કરવું છે ? સંસારી જીવન આ અંધતા અને ઝેર સુલભ કરી આપે છે માટે એનાથી સર્યું ’ આમ સંસારી જીવન પર વૈરાગ્ય જળહળી ઊઠયો, અને વાલી રાજા ત્યાગમાર્ગે વળી ગયા.

**તત્ત્વદૃષ્ટિનાં દર્શનથી વૈરાગ્ય-ગુણપ્રેરણા ને દોષઘૃણા:-**

આપણી આસપાસ બનતા અને આજે કે પૂર્વે જગતમાં બનેલા સંભળાતા બનાવો પર તત્ત્વદૃષ્ટિથી નિહાળતાં આવડવું જોઈએ. તો આપણને ઘણો ઘણો વૈરાગ્ય મળે એમ છે, ઘણી ઘણી ગુણો અને સુકૃતોની પ્રેરણા તથા દોષ દુષ્કૃત્યોની ઘૃણા મળે એમ છે. જગતનું જોઈએ જોઈએ અને શું એ જોયેલું નિષ્ફળ જાય ? અથવા ઉલટું આપણા રાગ દ્વેષને વધારનાર બને ? પણ તત્ત્વદૃષ્ટિ ન હોય એટલે બીજું શું સારું પરિણામ આવે ?

જગતનું જોવા પર રાગ યા દ્વેષ સહેલાઈથી જાગી ઊઠે છે. માટે તો જગતનું ખરેખર જોવા જેવું નથી.

દિવાળી જોવા બજારમાં નીકળ્યા, શું મળવાનું ?

કહે છે, ' મનોરંજન મળે એટલે મનનો થાક ઉતરી જઈ સ્ફૂર્તિ મળે. '

**પણ આ મનોરંજનમાં શો માલ છે કે જ્યાં ચીજે ચીજ જોતાં રાગ રાગ ને રાગનાં જ ઝેર પીવાનાં હોય ?**

મનને રાગનું ઝેર ચડે એ મનની સ્ફૂર્તિ છે કે સુસ્તી ? સભાન અવસ્થા કહેવાય ? કે ભાનભૂલી અવસ્થા ? અનંતા કાળથી રાગમાં મરી રહ્યા છીએ એમાં આવો સુંદર બુદ્ધિનો અવતાર મળ્યે ત્યાં પણ જગતનું જોઈ જોઈ રાગનાં ઝેર પીવાનાં ? બસ કરો, બંધ કરો ચાહીને જગતનું જોવાનું; અને જગતનું જ્યાં દેખાઈ જ જાય ત્યાં ઝટ તત્ત્વદૃષ્ટિ લગાવો. રાગનું ઉત્થાન થતા પહેલાં તત્ત્વદૃષ્ટિએ વિચારવું કે આમાં માલ શો ? આત્મા પર એના કેવા પ્રત્યાઘાત ? કેવી અસર ? એ દૃશ્યો આત્માને વધુ યાદ રખાવે ? કે વધુ ભુલાવે ? ભગવાનને ભુલાવે ? કે ખાસ યાદ કરાવે ?

**પાસે તત્ત્વદૃષ્ટિ ન હોય એનો આ જગતમાં મરો છે. રાગ દ્વેષનાં ઝેર જ પીવાનું થાય.**

જગત વિચિત્ર છે. એમાં કાંઇ ને કાંઇ બનતું જ રહેવાનું, અને આપણી સામે જગતનું એક યા બીજું આવ્યા જ કરવાનું. એકાંત ગુફામાં ગોંધાઓ તો ય માનસ જગત મોટું છે. પૂર્વે સાંભળેલું કે અનુભવેલું મનમાં ઊઠવાનું. હવે એ બહારનું જોઇ જોઇને કે મનનું વિચારી વિચારીને રાગ–દ્વેષ કર્યે જવાના હોય તો જીવનના છેડા સુધી એથી બચવાનું ક્યારે ?

ચિંતા તો આ જોઇએ કે જો ઠેઠ જીવનના અંત સુધી જગતનું જોઈ જોઈ કે વિચારી વિચારી રાગ દ્વેષના ઉકળાટ જ અનુભવવાના હોય તો ઉકળાટની શાંતિ, ઉપશમ–ઉદાસીનભાવ–સમતાભાવ ક્યારે અનુભવવાનો ? જગત તો એનું કાંઈ ને કાંઈ દેખાડ્યા જ કરશે, તો શું મારે એની પાછળ રાગ દ્વેષના ઝેર પીધા જ કરવાના ? તો પછી જો બહારમાં જ ઠરવાનું હોય તો આત્મામાં ઠરવાનું ક્યારે ? ઉપશમભાવનો અભ્યાસ ક્યારે કરવાનો ?'

આ ચિંતા બહુ મહત્ત્વની છે. જો હૃદયથી આ ચિંતા કરવામાં આવે, તો જગતનું જોવા વિચારવા તરફ નફરત જાગે, અને એમાં ઓછું કરવાનો પ્રયત્ન થાય.

**ક્રોધાદિ કેમ રોકાય ? :–**

ક્રોધિલો સ્વભાવ હોય, અભિમાનનો સ્વભાવ હોય, માયા–પોલિસીની આદત કે ઈર્ષ્યાની કુટેવ હોય, યા કામવાસનાના વિચારોની યા સ્ત્રીઓ સામે દૃષ્ટિ નાખવાની ભયંકર લગન હોય,

એવા માણસોએ આ ચિંતા ખાસ કરવા જેવી છે કે મારી સામે કોઈ ને કોઈ મને અણગમતું બોલનારા કે કરનારા તો ઠેઠ જીવનના અંત સુધી મળયા કરવાના, તો શું મારે અંત સુધી ગુસ્સો ને અભિમાન જ કર્યા કરવો છે? તો પછી આ જિંદગીમાં ક્ષમા–સમતા–નમ્રતા ક્યારે કેળવાનો? એમ જીવનના અંત સુધી માયા–પોલિસી સફાઈ જ કરવાની હોય તો નિખાલસતા–ન્યાયિતા–સરળતા ક્યારે કેળવવાની?' આ ચિંતાથી પછી ક્રોધાદિ પર અંકુશ મૂકવાનું મન થાય.

એમ, 'વાસનાના જ વિચાર કરવાના હોય, કે સ્ત્રીઓનાં દર્શન જ કર્યે જવાના હોય, તો પરમાત્માના વિચાર, આત્મસ્વરૂપના વિચાર, કે સ્ત્રીઓને બદલે પરમાત્માનું સ્મરણ ક્યારે કરવાનું? જીવનના છેડા સુધી એ પાપ ધંધો?

એમ જિંદગીના છેડા સુધી બધું દુન્યવી દૃષ્ટિથી જ જોયા કરવાનું કે વિચાર્યા કરવાનું હોય તો તત્ત્વદૃષ્ટિથી જિનવચનની દૃષ્ટિથી ક્યારે જોવા–વિચારવાનો અભ્યાસ પાડવાનો?

રાજા કનકરથે ઋષિદત્તાના પૂર્વ ભવના અધિકાર ઉપર તત્ત્વદૃષ્ટિથી વિચાર્યું, પોતાના આત્માને એ કેવો લાગુ પડે એ દૃષ્ટિએ જોયું, અને એથી એનો વૈરાગ્ય વધી ગયો. પછી એ અને ઋષિદત્તા બંને આચાર્ય મહારાજને કહે છે,–

'ભગવંત! જો એક જનમના દુષ્કૃતથી બંધાયેલ કર્મે અનેક ભવોમાં ભટકવાનું અને જાલિમ દુઃખ ભોગવવાનું હોય તો હવે અમારી ઈચ્છા જનમ–જનમના કર્મ તોડવાની છે. તો અમારે શું કરવું?'

ગુરુ કહે છે તો પછી તમે ચારિત્ર લઈને તપ કરવામાં લાગી જાઓ. હવે વિલંબ ન કરો.

'असारेऽमुत्र संसारे सारेयं हि तपःक्रिया ।
विलम्बो युज्यते नात्र जीविते स्वल्पके सति ॥'

**'આ અસાર સંસારમાં સારભૂત તપક્રિયા છે. કેમકે એ કર્મોને તોડવાનું અપ્રતીમ સાધન છે. આમાં હવે વિલંબ કરવો યોગ્ય નથી, કેમકે જીવિત આયુષ્ય બહુ અલ્પ છે, અને કર્મો તોડવાના ઘણાં જન્મોનાં છે.**

ગુરુએ મોટા રાજા–રાણીને પણ સીધો રસ્તો બતાવી દીધો; અને જરાય વિલંબ ન કરવાની ભલામણ કરી. મોટા રાજાને ઉપાધિ ઓછી હોય? એની વ્યવસ્થા કરવામાં સમય ન જોઈએ? તેમજ મોટા રાજાને ચારિત્ર પહેલાં અભ્યાસ કરવાનો નહિ? છતાં એ કશું લક્ષમાં ન લેતાં વિના વિલંબે સીધું ચારિત્ર લેવાનું અને તપ આચરવાનું બતાવ્યું, તો તમારા માટે શું? મૂરખ જીવને અહીં જો બીજું ત્રીજું જ સંભાળવાનું હોય તો પોતાના આત્માનું ક્યારે કરવાનું? બીજા ત્રીજામાં ખપી ગયા તો?

એક ભાગ્યશાળીએ ચારિત્ર ન લેવાય ત્યાં સુધી છવિગઈનો ત્યાગ રાખ્યો. પછી અવરનવર ગુરુ મહારાજ પૂછતા કે 'ભાગ્યવાન! હવે ક્યારે નીકળવું છે?'

ત્યારે એ કહે, 'સાહેબ! મારે થોડી ઊઘરાણી પતાવવાની છે.'

સાહેબજી કહે, 'પણ આ જીવન તો વહી ચાલ્યું.

મુમુક્ષુ જવાબ કરે છે કે, 'સાહેબ! એ હું સમજું છું,

પરંતુ ગામડાની ઊઘરાણી, તે છોકરાને કોઈ દાદ દે નહિ એટલે હું જ પતાવી દઈને નીકળું.'

શું, પતાવી ઊઘરાણી ? રાખ પતાવે ? ઊઘરાણી પતાવતા પહેલાં પોતે જ પતી ગયા ! વર્ષો સુધી છ વિગઇનો ત્યાગ પાળ્યો, પણ ચારિત્ર ન પામ્યા. ઠાંસમાં રહ્યા કે 'હું આમ ઊઘરાણી પતાવી દઉં છું,' પણ મૃત્યુ થતાં ઉઘરાણી ઊભી જ રહી ને ? જીવને એ ભાન આવે ખરું કે, 'મરીશ તો ઊઘરાણી ઊભી નહિ રહે ? માટે એ પતાવવાના વ્યામોહ શા ?'

**લાખ રૂપિયાનું ચારિત્ર તુચ્છ ઊઘરાણી ખાતર ગુમાવવું ?'**

આચાર્ય ભગવંત કહે છે,–'કર્મો જનમ જનમનાં છે, એ સઘળાનો નાશ કરવાના કાર્ય માટે આ એક જીવન કાંઈ એટલું બધું મોટું નથી. પેલા જનમ-જનમના કર્મની સામે તો આ જીવન બહુ અલ્પ ગણાય. માટે કર્મનાશ કરનારા સંયમ અને તપમાં જરાય વિલંબ કરવા જેવો નથી.

રાજા કનકરથ અને રાણી ઋષિદત્તાએ ગુરુવચન તરત સ્વીકારી લીધું, અને પોતાના પુત્ર સિંહરથને રાજ્યગાદી સોંપી ઉચિત દાન તથા જિનભક્તિ મહોત્સવ કરીને ઘણી શાસન પ્રભાવના કરી ચારિત્રમાર્ગ સ્વીકારી લીધો. ચારિત્ર લઈને તપ-સાધનામાં ચડી ગયા. શીતલનાથ ભગવાનના જન્મથી પવિત્ર કરાયેલ ભદ્રિલપુરી-નગરીમાં તપમાં તપના હુતાશનમાં કર્મ-સમૂહને ઘાસના પૂળા જેવો કરી નાખ્યો, અર્થાત્ તપ-અગ્નિથી કર્મોને બાળી નાખ્યા, અને કેવળજ્ઞાન પામ્યા.

મહાસતી ઋષિદત્તાનું ચરિત્ર પૂર્ણ થાય છે એ ઘણો ઘણો બોધ આપી જાય છે. વારંવાર એનું સ્મરણ-ચિંતન-ભાવન થવું જોઈએ. 'ભાવન' એટલે હૈયાને એના એકેક પ્રસંગના બોધથી ભાવિત કરવું તે. હૈયું બોધથી ભાવિત થાય, અર્થાત્ રંગાઈ જાય એવું કરવાનું. ચરિત્રની વચ્ચે વચ્ચે આવેલી અનેક કથા દૃષ્ટાન્તો તથા ઉપદેશોથી પણ હૈયું ભાવિત કરવાનું.

— સમાપ્ત —

# નવેદ્ય

## [ મહાસતી ઋષિદત્તા ભા. ૧માંથી ]

- પ્રભુના દર્શને વિચાર આવે, કે અહો ભાગ્ય છે મારાં કે એ કિંમતી ગાત્રો મળ્યાને સફળ કરવાનાર આ દયાળુ પ્રભુ મળ્યા, પ્રભુના દર્શનાદિ મળ્યા ! બાકી તો ગમે તેવી સારી આંખ વગેરે મળેલાં પણ ગટરકલાસ કાર્યોમાં વેડફાઈ રહ્યા છે,

  બીજો વિચાર આ આવે કે, આવું દર્શન પૂજન આદિ આપવામાં પ્રભુનો કેવો અનન્ય ઉપકાર.
- દર્શનાદિ પ્રવૃત્તિમાં પ્રભાવ પુરષાર્થ કરનારા જીવ કરતાં દર્શનાદિના અલંબનરૂપ પ્રભુનો મોટો, ને તેય આત ભારી પ્રભાવ.
- વીતરાગમાં જ મન લગાડ્યાથી સાચી માર્ગ સમજ આવે, બોધિરત્ન આવે.
- બાહ્ય દુ:ખમાં મનને બીજાની પ્રત્યે દ્વેષ તિરસ્કાર ભર્યું દુ:ખ લાગે એ ભારે અસમાધિ, અને મનને જાતની દુષ્ટતા લાગી જાતના દુષ્કૃત્યનું દુ:ખ લાગે એ સમાધિ.
- સમ્યગ્દર્શનનો આ પ્રભાવ છે કે બહારના સુખ વખતે અંતરમાં ભાવી અનર્થને નોતરનારા રાગાદિ પાપોનું ભારે દુ:ખ લાગે.
- સંસારના એક દુ:ખે બધા મોજુદ પણ સુખ ડૂલ થયા લાગે છે માટે સંસાર અસાર છે.
- રૂપિયાના ઢેર અને સત્તા–ઠકુરાઈમાંથી મહાસંપત્તિઓ અને પરમશાંતિ નથી વહેતી. એમાંથી તો ભિખારપણું

અને ચિંતા સંતાપ અશાંતિ જ વધ્યા કરે છે

- નીતરતા સ્વાર્થ અને મોટી તૃષ્ણાથી મન ક્ષુદ્ર તુચ્છ સાંકડું બને છે એવાં સાંકડા મનને શાંતિ હોય નહિ. ભવ મહાન માનવનો, છતાં મન ક્ષુદ્ર–તુચ્છ–સાંકડું ! કેવી કમનસીબી ?
- સામાના મનને શાંતિ આપવી, શાતા ઉપજાવવી, પ્રફુલ્લિતતા–પ્રસન્નતા રહેવામાં સહાયક થવું એ મોટી સેવા છે.
- પાપની સતત અફસોસીમાંથી જ પાપનો ત્યાગ પ્રગટે, અને જિનવચનના સર્વ સ્વીકારમાંથી જ નાના પણ પાપની અફસોસી જન્મે.
- પ્રભુના જ્ઞાનમાં સારા દેખાવું એ એમની સાચી સેવા.
- જો ધર્મ તારણહાર માની મેં વધાવ્યો છે, સ્વીકાર્યો છે, તો મારે હવે અનાદિના ક્ષુદ્ર અને દ્વેષીલા દિલને પલટાવું જોઈશે, નહિતર મેં ધર્મને સ્વીકારા એનો શો ભાર માથે રાખ્યો ?
- રાગ ઈર્ષ્યા કરાવે છે, ને ઈર્ષ્યા નિર્દય બનાવે છે.
- પ્રભુના દર્શન પ્રભુના સતત સ્મરણ માટે છે.
- ગુના વિના સજા નહિ, તો પછી ગુનો અહીંનો નહિ, તો પૂર્વનો.
- કર્મ છે તો જ સહવાનું આવે છે, પણ જેટલું સહીએ એટલાં કર્મ ઓછાં જ થાય છે, વધતાં નથી, કે એટલાં પડી રહેતાં નથી. પછી ચિંતા શી ?

न्यायविशारद विजय भुवनभानुसूरीश्वरजी महाराजनुं

*** प्रेरक, बोधक, तार्किक अने तात्त्विक साहित्य ***

| પુસ્તકનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|
| પરમતેજ ભાગ ૧ | ગુજરાતી | ૯-૦૦ |
| પરમતેજ ભાગ ૨ | ,, | ૧૫-૦૦ |
| પ્રતિક્રમણ સૂત્રચિત્ર આલ્બમ | ,, | ૧૨-૦૦ |
| ધ્યાન અને જીવન ભા. ૧-૨ દરેકના | ,, | ૭-૫૦ |
| ઉચ્ચ પ્રકાશને પંથે | ,, | ૬-૦૦ |
| ધ્યાન શતક | ,, | ૫-૦૦ |
| જૈન ધર્મનો પરિચય | ,, | ૫-૦૦ |
| આરાધના | ,, | ૫-૦૦ |
| ભાવભર્યાં સ્તવન-સજ્ઝાય | ,, | ૧-૫૦ |
| રૂક્મીરાજાનું પતન અને ઉત્થાન ભાગ ૧ | ,, | ૫-૦૦ |
| ,, ,, ભાગ ૨ | ,, | ૭-૫૦ |
| નવપદ પ્રકાશ—૧ અરિહંત પદ | ,, | ૧૦-૦૦ |
| નવપદ પ્રકાશ—૨ સિદ્ધપદ | ,, | ૫-૦૦ |
| પ્રતિક્રમણ સૂત્રચિત્ર આલ્બમ | હિન્દી | ૧૨-૦૦ |
| શાસ્ત્રવાર્તા સમુચ્ચય ભાગ ૧ | ,, | ૨૫-૦૦ |
| ,, ,, ભાગ ૨-૩ | ,, | ૩૦-૦૦ |
| મદનરેખા | ,, | ૨-૦૦ |
| સીતાજીના પગલે પગલે ભાગ ૧-૨ દરેકના | ગુજરાતી | ૭-૫૦ |
| પરમાત્મભક્તિના રહસ્ય | | ૫-૦૦ |
| બાર ભાવનાની સજ્ઝાય ભાવાર્થ | | ૫-૦૦ |

પુસ્તક મંગાવનારને પોસ્ટેજ ખર્ચ અલગ લાગશે,
પુસ્તકની રકમ મનીઑર્ડર દ્વારા મોકલવી.

## દિવ્યદર્શન કાર્યાલય

કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલ વાડી, ત્રીજે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૪

મહાવીર પ્રીન્ટર્સ, ગાંધીચોક-સુરત.